દ્વારા

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર

ભાગ-૫

અધ્યાય ૮૫ થી ૧૦૩

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

દત્તનામસ્મરણ

નકી શ્રેષ્ઠ દત્ત કનિષ્ઠેય દત્ત
વળી ભિક્ષુ દત્ત મજૂરેય દત્ત ।
અહા બાળ દત્ત નર-સ્ત્રીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૧॥

ખરે દત્ત દંડી અદંડીય દત્ત
અને દત્ત મુંડી જટી તેમ દત્ત ।
નકી દત્ત જ્ઞાની તથા મૂર્ખ દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૨॥

વળી દત્ત ક્રોધી અને શાન્ત દત્ત
તથા પુણ્યશાળી અને પાપી દત્ત ।
અહા ચોર એ દત્ત દાનીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૩॥

અરે દત્ત રોગી અરોગીય દત્ત
વળી દત્ત ભોગી અભોગીય દત્ત ।
નકી સંગ્રહી દત્ત ત્યાગીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૪॥

વળી દત્ત રાગી અરાગીય દત્ત
અને દત્ત સંગી અસંગીય દત્ત ।
અહા દત્ત વર્ણી અવર્ણીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૫॥

અરે દત્ત રાજા ભિખારીય દત્ત
વળી દત્ત સ્વામી ગુલામેય દત્ત ।
અહા દત્ત મૌની વદંતોય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૬॥

નકી દેવ દત્ત મનુષ્યેય દત્ત
ખરે નીચ પ્રાણી અને કીટ[1] દત્ત ।
વળી સ્થાવરે જંગમે દત્ત દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૭॥

કરે બદ્ધ માયા અમાયી જ દત્ત
અને જન્મદાતા અજન્મા જ દત્ત ।
કરે ના કરે સર્વ જીવેશ તાત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૮॥

૧ કીડો

રંગ અવધૂત મહારાજ
(નારેશ્વર)

દ્વારા

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર

ભાગ-૫

અધ્યાય ૮૫ થી ૧૦૩

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'RAHH' RANG-PREM NI
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ-૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
બી-૪૦૧, પરિશ્રમ ટાવર્સ, આકાશ ફ્લેટ સામે,
અંકુરથી ભાવિન જવાના રસ્તે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
મો. : ૯૮૨૪૫૦૪૨૦૬

આવૃત્તિ : પાંચમી
પોષ સુદ ચોથ, સંવત ૨૦૬૫
ગુરુવાર તા. ૧-૧-૨૦૦૯

પ્રત : ૫૦૦ (ભાગ-૫)

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી

ત્રીસ રૂપિયા

આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઓપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભકતો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણાં દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણાં ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભકતો મુશ્કેલી અનુભવતાં હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આ જ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભકતો તેમનાં કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાનાં-મોટાં ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં ગઇ સાલ પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દૃષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ. એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવાં કાર્યો કરવાની મતિ, શકિત અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્‌કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથ શ્રી દિલીપભાઇ ભટ્ટ (અમેરિકા) તથા શ્રી મહેશચંદ્ર જ. દવે (વડોદરા)એ એમનાં માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડીને અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઊતરો તેવી મનીષા સહ.

ૐ
પ્રેમ

અવધૂત કુટિર
લીંચ (૩૮૪ ૪૩૫)
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છે. કારણ કે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણી વાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા, પરંતુ તે બધાએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા. કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ. પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્‌ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **गद्यं कवीनां निकषं वदन्ति** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રી કુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદું છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

વડોદરા

- ધીરુભાઇ જોષી

ગદ્યરૂપાંતરકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યરૂપાંતરનો પાંચમો ભાગ અધ્યાય ૮૫ થી ૧૦૩ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્‌ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર-ભાગ ૧, ૨, ૩ અને ૪ ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગે છે.

આ ગ્રંથમાં અધ્યાય ૮૫ થી ૧૦૩નું ગદ્યરૂપાંતર, પાદટીપ ઉપરાંત શ્રીગુરુલીલામૃતમાં ઉલ્લેખ કરેલા મંત્રોનું પૂરું લખાણ આપી બને ત્યાં અર્થ પણ આપ્યો છે.

આ મંત્રોનું લખાણ તૈયાર કરવામાં મદદ કરનાર મુ.વિશ્વનાથભાઇ દેસાઇ (લીલોડ), શ્રી સર્વદમનભાઇ દેસાઇ અને મુ.નવનીતભાઇ પાઠકનો ખૂબ જ આભારી છું.

નિત્યકર્મ અને સંધ્યોપાસનને લગતી સમજમાં મદદરૂપ થવા બદલ શ્રીવાસુદેવ નંદુરબારકરનો પણ આભારી છું. દ્વિજાચારનું રહસ્ય અમર આદેશમાંથી લીધું છે. એનું વાંચન પૂ.શ્રીની સૂક્ષ્મ દૃષ્ટિ વિશેની સમજણ સ્પષ્ટ કરશે. આ લખાણ શાંતિથી વાંચવા ખાસ ભલામણ છે.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ. ધીરુભાઇએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે. એમના અતિ વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય કાઢીને એમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે. એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

ગદ્યરૂપાંતર ભાગ ૧ માટે શ્રી ધીરુભાઇએ લખેલો આવકાર આ ભાગ માટે પણ સ્વીકાર્યો છે. આ માટે એમનો આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીએ ભાગ ૧ માટે આપેલું આશીર્વચન આ ભાગ માટે પણ સ્વીકાર્યું છે. એમનો તો ઋણ સ્વીકાર કરતા પણ સંકોચ અનુભવુ છું. આ સમગ્ર કાર્યનું પ્રેરણાબળ અને ચાલકબળ તેઓશ્રી જ છે.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું અંકે કરવામાં મદદ કરનાર મુ.શ્રી ટી. આર. જોષી સાહેબનો અને મુ. નવનીતભાઇ પાઠકનો ઋણી છું. રેડીરેકનર તરીકે જેનો ઉપયોગ કરતાં મેં કદી ખચકાટ અનુભવ્યો નથી એવા ડૉ.શ્રી સુભાષભાઇ દવે અને ડૉ.શ્રી જયેન્દ્રભાઇ દવેનો હું ઋણી છું. મુ. અનિલભાઇના સાથ, સહકાર અને હૂંફને યાદ કર્યા વિના કેમ ચાલે? સૌ. અંજનીની તથા કુટુંબીજનોની મદદને પણ બિરદાવું છું. આ કાર્યને ઉપાસના માનીને મહેનત કરનાર મારા નાના ભાઇ શ્રી રાજેન્દ્રનું શ્રેય ઇચ્છું છું. ગ્રાફિકસનું કામ કરનાર મારા ભત્રીજા રવીશ ઉપાધ્યાયનો તથા મુદ્રણકાર્ય કરાવી એને પુસ્તક આકારે વ્યવસ્થિત મૂકવામાં મદદરૂપ બનનાર પ્રેસના માલિક શ્રી ઇન્દ્રવદનભાઇ પટેલનો પણ આભારી છું.

આ ગ્રંથનું પ્રકાશન જેઠ સુદ- એકમ-ને દશહરાના રોજ થાય છે તેને ભગવાનની મંગલ કૃપા જ સમજુ છું.

'વરેણ્યમ્'
૬/એ, કલ્પતરુ,
અંકુર, અ'વાદ. (૩૮૦ ૦૧૩)
(૦૭૯-૨૭૪૮૦૦૮૮).

કુલીન ગ. ઉપાધ્યાય.

વિશ્વગુરુ ભગવાન દત્તાત્રેય



નારેશ્વરના
પૂ. શ્રી રંગઅવધૂત મહારાજશ્રીને થયેલું શ્રી દત્તદર્શન

દત્તાત્રેય કૃષ્ણા હરે, પાહિ પાહિ મામ્ (૨) ધ્રુ.

તત્પદેપિ ત્વમસિ વ્યાપ્ત, ત્વંપદેપિ ત્વમિહ આપ્ત, તત્ત્વમસિ-જોર્ધ્વાપ્ત, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા

જટાશીર્ષે શંખકરે, શૂલહસ્ત મોગિવરા, દયાદાનદમનપરા, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા

દત્તદત્ત-જાપપરં ગોકુલત્પદાબ્જયેરમ્, રંકુરંગનામધરં પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા



મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥

મંત્રો

(૧) અ. ૬૨ દો. ૩૦ :

ગુરું હુંકૃત્ય તુંકૃત્ય જ્ઞાનતોઽજ્ઞાનતોઽપિ વા |
અરણ્યે નિર્જલે દેશે બ્રહ્મરક્ષો ભવિષ્યતિ ||

(જાણે અજાણે પણ ગુરુને હુંકારો, તુંકારો કરનારો જંગલમાં પાણી વિનાના સ્થાનમાં બ્રહ્મરાક્ષસ થાય છે.)

(૨) અ. ૬૩ દો. ૫ તથા અ. ૯૫ દો. ૧૯ :

ચરણં પવિત્રં વિતતં પુરાણમ્ યેન પૂતશ્ચરતિ દુષ્કૃતાનિ |
તેન પવિત્રેણ શુદ્ધેન પૂનાઽહ્યતિ પાપ્માનમરાતિં તેરમ ||

(૩) અ. ૬૬ દો. ૯૦ :

ૐ અગ્નિમીળે પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્ |
હોતારં રત્નધાતમમ્ || (ઋગ્વેદ. ૧/૧/૧)

(અમે અગ્નિદેવની સ્તુતિ કરીએ છીએ જે યજ્ઞના પુરોહિત, દેવતા, ઋત્વિજ, હોતા અને યાજકોને રત્નોથી વિભૂષિત કરનારા છે.)

(૪) અ. ૬૬ દો. ૯૧ :

ૐ ઈષે ત્વોર્જે ત્વા વાયવ સ્થ દેવો વ: સવિતા પ્રાર્પયતુ શ્રેષ્ઠતમાય
કર્મણઽ આપ્યાયધ્વ મઘન્યાઽ ઇન્દ્રાય ભાગં પ્રજાવતીરનમીવાઽ અયક્ષ્મા મા
વ સ્તેન ઈશત માઘશ્ ગૂં સો ધ્રુવાઽ અસ્મિન ગોપતૌ સ્યાત્ બહ્વીર્યજમાનસ્ય પશૂન્ પાહિ |
(યજુર્વેદ ૧/૧)

(હે યજ્ઞ સાધનો ! અન્નની પ્રાપ્તિ માટે સવિતાદેવ તમને આગળ વધારે. સૃજનકર્તા પરમાત્મા તમને તેજસ્વી બનવા માટે પ્રેરિત કરે. તમે બધા પ્રાણસ્વરૂપ હો. સૃજનકર્તા પરમેશ્વર શ્રેષ્ઠ કર્મ કરવા માટે તમને આગળ વધારે. તમારી શક્તિઓ વિનાશક ન હોય, પરન્તુ ઉન્નતિશીલ હોય. ઇન્દ્ર (દેવ-પ્રવૃત્તિઓ)ને માટે પોતાના ઉત્પાદનનો એક ભાગ પ્રદાન કરો. સુસંતતિ યુકત અને આરોગ્યસંપન્ન બનીને ક્ષય વગેરે રોગોથી મુક્તિ મેળવો. ચોરી કરનારા તમારા નિર્ધારક ન બને. દુષ્ટ પુરુષના સંરક્ષણમાં ન રહો. માતૃભૂમિના રક્ષકની છત્રછાયામાં સ્થિર બનીને નિવાસ કરો. સજ્જનોની સંખ્યામાં વધારો કરો તેમજ યાજકોના પશુધનની રક્ષા કરો.)

(૫) અ. ૬૬ દો. ૯૨ :

ૐ અગ્નઽ આયાહિ વીતયે ગૃણાનો હવ્યદાતયે |
નિહોતા સત્સિ બર્હિષિ || (સામવેદ)

(હે અગ્નિદેવ ! આપ સ્તુતિ પછી આહુતિઓને ગ્રહણ કરીને, એને દેવો સુધી પહોંચાડવા માટે, દેવોના પ્રતિનિધિના રૂપમાં આસન ગ્રહણ કરો.)

(૬) અ. ૬૬ દો. ૧૨૦ :

ઉદ્વાહ્ય સદૃશીં પત્નીં પુત્રાનુત્પાદ્ય તન્તવે |
યજ્ઞૈરિષ્ટ્વેશ્વરં શુદ્ધો મતિમાનન્સંન્યસેત્તત: ||

(યોગ્ય પત્નીની સાથે લગ્ન કરી પ્રજાતંતુના રક્ષણ માટે પુત્રોત્પાદન કરી, યજ્ઞોથી ઈશ્વરનું યજન કરી પછી બુદ્ધિમાને સંન્યાસ લેવો.)

(૭) અ. ૮૨ દો. ૧૦૭ :

ઇન્દ્રં મિત્રં વરુણમગ્નિમાહુસ્થો દિવ્ય: સસુપર્ણો ગરુત્માન્ |
એકં સદ્વિપ્રા બહુધા વદન્ત્યગ્નિં યમં માતરિશ્વાનમાહુ: ||

(ઋગ્વેદ ૧/૧૬૪/૪૬)

(એક જ સત્‌રૂપ પરમેશ્વરનું વિદ્વજ્જન વિવિધ પ્રકારે વર્ણન કરે છે. એને ઇંદ્ર, મિત્ર, વરુણ તથા અગ્નિ કહેવામાં આવેલ છે. એ (પરમાત્મા) સારી રીતે પાલનકર્તા હોવાથી સુપર્ણ તથા ગરુત્માન છે.)

(૮) અ. ૮૨ દો.૧૨૦ :

વસિષ્ઠ ઋષિ, ત્રિષ્ટુપ છંદ, વિષ્ણુ દેવતા, ધૈવત સ્વર :

ઇરાવતી ધેનુમતી હિ ભૂતગું સૂયવસિની મનને દશસ્યા |
વ્યસ્કમ્ના રોદસી વિષ્ણવેતે દાધર્ત્થં પૃથિવીમભિતો મયૂખે: સ્વાહા ||

(યજુર્વેદ ૫/૧૬)

(જેવી રીતે સૂર્ય પોતાનાં કિરણો દ્વારા બધી પૃથ્વી અને જગતને પ્રકાશ-આકર્ષણ અને વિભાગ કરીને ધારણ કરે છે તેવી રીતે પરમેશ્વર અને પ્રાણે પોતાના સામર્થ્યથી સૂર્ય વગેરે જગતને ધારણ કરી સારી રીતે સ્થાપન કર્યું છે.)

(૯) અ. ૮૨ દો. ૧૨૦ અને અ. ૯૦ દો. ૨૬૬:

મેધાતિથિ ઋષિ, વિષ્ણુ દેવતા, ભૂરી ગાર્ષિ ગાયત્રી છંદ, ષડજ સ્વર :

ઇદં વિષ્ણુર્વિચક્રમે ત્રેધા નિદધે પદમ્ |
સમૂઢમસ્ય પાગું સુરે સ્વાહા || (યજુર્વેદ ૫/૧૫)

(વિષ્ણુએ આ જગત ઓળંગ્યું. તેણે ત્રણ પ્રકારે પગલાં મૂક્યાં. એનું (આ પગલું) ધૂળવાળા સ્થળમાં સારી રીતે સંતાયેલું છે. તે વિષ્ણુને આહુતિ હોમીએ છીએ.)

(૧૦) અ. ૮૨ દો. ૧૨૦ :

કુત્સ ઋષિ, રુદ્ર દેવતા, નિચૃદાર્ષિ, જગતી છંદ, નિષાદ સ્વર :

મા નસ્તોકે તનયે મા ન S આયુષિ મા નો S ગોષુ મા નોS અશ્વેષુરીરિષ: |
મા નો વિરાન્ રુદ્ર ભામિનો વધીર્હ વિષ્મન્ત: સદમિત્ ત્વા હવામહે ||

(યજુર્વેદ ૧૬/૧૬)

(હે રુદ્રદેવ ! અમારી પુત્ર-પુત્રાદિ સંતતિ અમારા જીવનને, ગાયો અને અશ્વોને આઘાત

ન પહોંચાડે. આપ અમારા શૂરવીરોના વિનાશને માટે ક્રોધિત ન થાવ. હવિષ્યાન્ન પ્રદાન કરવા માટે યજ્ઞસ્થળમાં અમે આપનું આવાહન કરીએ છીએ.)

(૧૧) અ. ૮૨ દો. ૧૨૦ :

પ્રજાપતે ન ત્વદેતાન્યન્યો વિશ્વા રૂપાણિ પરિ તા બભૂવ |
યત્કામાસ્તે જુહુમસ્તન્નો અસ્તુ વય સ્યામ્ પતયો શ્યીષામ્ ||

(યજુર્વેદ ૧૦/૨૦, ૨૩/૬૫, ૨૯/૧૧)

(૧૨) અ. ૮૨ દો. ૧૨૨ :

યત્ત્વગસ્થિ ગતં પાપં દેહે તિષ્ઠતિ મામકે |
પ્રાશનાત્ પંચગવ્યસ્ય દહત્વગ્નિરિવેન્ધનમ્ ||

(૧૩) અ. ૮૩ દો. ૨૦૩ :

ૐ સદ્યોજાતં પ્રપદ્યામિ સદ્યો જાતાય વૈ નમો નમ: |
ભવે ભવે નાતિભવે ભવસ્ય માં ભવોદ્ ભવાય નમ: ||

(૧૪) અ. ૮૩ દો. ૨૦૩ :

ૐ અગ્નિરિતિ ભસ્મ | ૐ વાયુરિતિ ભસ્મ |
ૐ જલમિતિ ભસ્મ | ૐ સ્થલમિતિ ભસ્મ |
ૐ વ્યોમેતિ ભસ્મ | ૐ સર્વં ગું હ વા ઇદં ભસ્મ |
ૐ મન એતાનિ ચક્ષૂંષિ ભસ્માનીતિ | તસ્માદ્ વ્રત મે તત્પાશુપતં
યદ્ ભસ્મનાઙ્ગાનિ સંસ્પૃશેત્તસ્માત્ વ્રતમેતત્ પાશુપતં પશુપાશવિમોક્ષાય ||

(૧૫) અ. ૮૩ દો. ૨૦૫ :

વસિષ્ઠ ઋષિ, રુદ્ર દેવતા, વિરાડ્ બ્રાહ્મી, ત્રિષ્ટુપ છંદ, ધૈવત સ્વર :

ત્ર્યંબકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ |
ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ || (યજુર્વેદ ૩/૬૦)

(ભકતોનું રક્ષણ કરવારૂપ સુવાસવાળા અને બળ વધારનારાં શ્રીત્ર્યંબકને અમે પૂજીએ છીએ જેથી અમે કાકડીની જેમ મૃત્યુના બંધનથી મુકત થઇએ, અમૃતથી નહિ.)

(૧૬) અ. ૮૩ દો. ૨૦૫ :

નારાયણ ઋષિ, રુદ્ર દેવતા, ઉષ્ણિહ્ છંદ, ઋષભ સ્વર :

ત્ર્યાયુષં જમદગ્ને: કશ્યપસ્ય ત્ર્યાયુષમ્ |
ય દેવેષુ ત્ર્યાયુષં તન્નોઽઅસ્તુ ત્ર્યાયુષમ્ || (યજુર્વેદ ૩/૬૨)

(૧૭) અ. ૯૦ દો. ૧૫૪ :

આયુર્બલં યશો વર્ચ: પ્રજા: પશુવસૂનિ ચ |
બ્રહ્મ પ્રજ્ઞાં ચ મેધાં ચ ત્વં નો દેહિ વનસ્પતે ||

(કાત્યાયન સ્મૃ. ૧૦/૪, ગર્ગ સંહિતા, વિજ્ઞાનખંડ, અ.૭)

(હે વનસ્પતિ ! તમે આયુષ્ય, બળ, યશ, તેજસ્વિતા, પ્રજા, પશુ અને ધન તેમજ બ્રહ્મને જાણવાની અને સમજવાની ઊંચી, તેજસ્વી બુદ્ધિ અમને આપો.)

(૧૮) અ. ૯૦ દો. ૧૫૫ :

મુખદુર્ગન્ધિનાશાય દન્તાનાં ચ વિશુદ્ધયે |
ષ્ઠીવનાય ચ ગાત્રાણાં કુર્વેઽહં દન્ત ધાવનમ્ ||

(મુખની દુર્ગંધીનો નાશ કરવા માટે અને દાંત સાફ કરવા માટે તેમજ ગાત્રોને શુદ્ધ કરવા હું દાતણ કરું છું.)

(૧૯) અ. ૯૦ દો. ૧૬૧, ૧૬૯ :

સિન્ધુદ્વિપ ઋષિ, આપ દેવતા, ગાયત્રી છંદ, ષડજ સ્વર :

આપો હિ ષ્ઠા મયો ભુવસ્તાનઽઉર્જે દધાતન | મહેરણાય ચક્ષસે ||
જો વ: શિવતમો રસસ્તસ્ય ભાજયતે હ ન: | ઉશતીરીવ માતર: ||
તસ્મા અરંગમામવો જસ્ય ક્ષયાય જિન્વથ | આપો જન યથા ચ ન: ||
(યજુર્વેદ ૧૧/૫૦, ૩૬/૧૪)

(જેવી રીતે સ્ત્રી પોતાના પતિને રાખે તેવી જ રીતે પતિએ પણ પોતાની સ્ત્રીને હંમેશાં સુખ આપવું જોઇએ. એ બંને યુદ્ધ વેળાએ પણ અલગ અલગ ન રહે. એટલે કે હંમેશાં એકઠો જ વ્યવહાર કરે.)

(૨૦) અ. ૯૦ દો. ૧૭૪ :

ૐ અપવિત્ર: પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા |
ય: સ્મરેત્ પુંડરીકાક્ષં સ બાહ્યાભ્યંતર: શુચિ: ||

(અપવિત્ર કે પવિત્ર એવી હરેક અવસ્થામાં રહેલી જે કોઇ વ્યક્તિ ભગવાન વિષ્ણુનું સ્મરણ કરે છે તે બહારથી અને અંદરથી પવિત્ર થઇ જાય છે.)

(૨૧) અ. ૯૦ દો. ૨૨૨ :

મેધાતિથિ ઋષિ, વિષ્ણુ દેવતા, નિચૃદાર્ષિ ગાયત્રો છંદ, ષડજ સ્વર :

અસાવાદિત્યો બ્રહ્મ |

(આ (આત્મા) આદિત્યરૂપ બ્રહ્મ છે.) (મહાવાક્યોપનિષદ - ૬)

(૨૨) અ. ૯૦ દો. ૨૬૩ :

તદ્વિષ્ણો: પરમમ્પદગું સદા પશ્યન્તિ સૂરય: |
દિવીવ ચક્ષુરાતતમ્ || (યજુર્વેદ ૬/૫)

(આકાશમાં વિસ્તરેલી પહોળી આંખ જેવા વિષ્ણુના તે પરમ પદને ઋષિઓ-વિદ્વાનો હંમેશાં જુએ છે.)

(૨૩) અ. ૯૦ દો. ૨૮૪ :

નમો બ્રહ્મણે નમો અસવગ્નયે નમ: પૃથિવ્યૈ નમ ઓષધીભ્ય: |
નમો વાચે નમો વાચસ્પતયે નમો વિષ્ણવે મહતે કરોમિ ||
(બ્રહ્મયજ્ઞના પ્રકરણ મંત્ર)

(૨૪) અ. ૯૦ દો. ૨૮૫ :

વૃષ્ટિરસિ વૃશ્ચમે પાપ્માન્ ગૂં |
સત્યેન વ્રતમુપૈમ્યાય: સત્યમયીવ્રતમ્ || (બ્રહ્મયજ્ઞના પ્રકરણ મંત્ર)

(૨૫) અ. ૯૧ દો. ૨૫ :

ત્રયપ્લાત ઋષિ, વિશ્વેદેવા દેવતા, જગતી છંદ :

ચેભ્યો માતા મધુ મત્પિન્વતે
પય: પીયૂષં દ્યૌરદિતિરદ્રી બર્હા: |
ઉકથ શુષ્માન્ વૃષભરાન્સ્વપ્નંસસ્તાં
આદિત્યાં અનુમદા સ્વસ્તયે ||

(૨૬) અ. ૯૧ દો. ૧૧૦ :

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિત: |
પ્રાણાપાન સમાયુકત: પચામ્યન્નં ચતુર્વિધમ્ || (ગીતા અ. ૧૫/શ્લોક ૧૪)

(સર્વ પ્રાણીઓના શરીરમાં સ્થિત રહેલો હું જ પ્રાણ અને અપાનથી સંયોજાયેલ વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારના (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય) અન્નને પચાવું છું.)

(૨૭) અ. ૯૧ દો. ૧૧૦ :

અન્નં બ્રહ્મ રસો વિષ્ણુર્ભોકતા દેવો મહેશ્વર: |
એવં ધ્યાત્વા દ્વિજો ભુંકતે સોઽન્ન દોષૈર્ન લીપ્યતે ||

(અન્ન બ્રહ્મ છે, રસ વિષ્ણુ છે અને ખાનાર ભગવાન મહેશ છે એવું ધ્યાન ધરીને જે બ્રાહ્મણ જમે છે તે અન્નદોષથી લેપાતો નથી.)

(૨૮) અ. ૯૩ દો. ૮૭ :

કોણસ્થ: પિઙ્ગલો બભ્રુ: કૃષ્ણો રૌદ્રોઽન્તકો યમ: |
સૌરિ: શનૈશ્ચરો મન્દ: પિપ્પલાદેન સંસ્તુત: ||

પુરુષસૂકતમ્

ષોડશોપચાર પૂજન

ઉપચાર

૧. આવાહન

હરિ: ૐ સહસ્રશીરિખા પુરુખ: સહસ્રાક્ષ: સહસ્રપાત્ |
સ ભૂમિગ્ગૂં સર્વત સ્પૃત્વાત્યતિષ્ઠદ્ દશાંગુલમ્ || ૧ ||

૨. આસન

પુરુખડએવેદગ્ગૂં સર્વં જદ્ભૂતં જચ્ચ ભાવ્યમ્ |
ઉતામૃતત્ત્વસ્યેશાનો જદન્નેનાતિ રોહતિ || ૨ ||

૩. પાદ્ય

એતાવાનસ્ય મહિમાતો જજ્યાયાંશ્ચ પૂરુખ: |
પાદોસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતન્દિવિ || ૩ ||

૪. અર્ઘ્ય

ત્રિપાદૂર્ધ્વડઉદૈત્પુરુખ: પાદોસ્યેહાભવત્પુન: |
તતો વિખ્વઙ્ વ્યક્રામત્સાશનાનશનેડઅભિ || ૪ ||

૫. આચમન

તતો વ્વિરાડજાયત વ્વિરાજોડઅધિપૂરુખ: |
સ જાતોડઅત્યરિચ્યત પશ્ચાદ્ ભૂમિમથો પુર: || ૫ ||

૬. સ્નાન

તસ્માદ્યજ્ઞાત્ સર્વહુત: સંભૃતમ્ પૃખદાજ્યમ્ |
પશૂંસ્તાંશ્ચક્રે વાયવ્યાનારણ્યા ગ્રામ્યાશ્ચ જે || ૬ ||

૭. વસ્ત્ર

તસ્માદ્યજ્ઞાત્ સર્વહુતડ ઋચ: સામાનિ જજ્ઞિરે |
છંદાગ્ગું સિ જજ્ઞિરે તસ્માદ્યજુસ્તસ્માદજાયત || ૭ ||

૮. યજ્ઞોપવીત

તસ્માદશ્વાડઅજાયન્ત જે કે ચોભયાદત: |
ગાવો હ જજ્ઞિરે તસ્માત્ તસ્માજ્ જાતા અજાવય: || ૮ ||

૯. ગંધાક્ષત

તં જજ્ઞં બરેહિખિ પ્રૌક્ષન્પ્પુરુખં જાતમગ્રત: |
તેન દેવાડઅયજન્ત સાદ્ધ્યાડ ઋખયશ્ચ જે || ૯ ||

૧૦. પુષ્પ

જત્પુરુખં વ્યદધુ: કતિધાવ્ય કલ્પયન્ |
મુખં કિમસ્યાસીત્ કિં બાહુ કિમૂરૂપાદાડઉચ્યેતે || ૧૦ ||

૧૧. ધૂપ

બ્રાહ્મણોસ્ય મુખમાસીદ્ બાહૂ રાજન્ય: કૃત: |
ઊરૂ તદસ્ય જદ્ વૈશ્ય: પદ્ભ્યાગ્ગું શૂદ્રોડઅજાયત || ૧૧ ||

૧૨. દીપ

ચન્દ્રમા મનસો જાતશ્ચક્ષો: સૂર્જોડઅજાયત |
શ્રોત્રાદ્ વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત || ૧૨ ||

૧૩. નૈવેદ્ય

નાભ્યા આસીદન્તરિક્ષગ્ગું શિર્ષ્ણોદ્યૌ: સમવર્ત્તત |
પદ્ભ્યામ્ભૂમિર્દિશ: શ્રોત્રાત્ તથા લોકાઁ૨ અકલ્પયન્ || ૧૩ ||

૧૪. તાંબૂલ-ફળ-દક્ષિણા

ૐ જત્પુરુખેણ હવિખા દેવા જજ્ઞમતન્વત |
વ્યસન્તોસ્યાસીદાજ્યં ગ્રીખ્મડઇદ્ધ્મ: શરદ્ધવિ: || ૧૪ ||

૧૫. આરતી

સપ્તાસ્યાસન્પરિધયસ્ત્રિ: સપ્ત સમિધ: કૃતા: |
દેવા જધ્નજ્ઞન્તન્વાના S અબધ્નન્ પુરુખમ્ પશુમ્ || ૧૫ ||

૧૬. પુષ્પાંજલિ

યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ |
તે હ નાકં મહિમાનઃ સચન્ત જત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ || ૧૬ ||

❖

અર્થ

હજાર મસ્તક, હજાર આંખ (અને) હજાર પગ વાળા (જે) વિરાટ પુરુષ (છે) તે વિશ્વ ને ચારે બાજુથી વ્યાપીને દશ આંગળ ઉપર વિદ્યમાન છે. (૧).

આ સર્વ (જે વર્તમાનમાં છે) જે ભૂતકાળમાં થઇ ગયું છે અને જે ભવિષ્યમાં થવાનું છે (તે) સર્વ આ વિરાટ પુરુષ જ છે. વળી (તે જ) દેવતાઓનો સ્વામી છે જે (સર્વ જીવોને કર્મફળ ભોગવવા માટે)ભોગ્ય પદાર્થ (જગત)રૂપે અભિવ્યકત થાય છે. (૨).

આવો (ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપે જે કાંઇ છે તે), આ (પુરુષ)નો જ મહિમા છે, અને (વાસ્તવમાં તો) પુરુષ એનાથી પણ અધિક છે. સર્વ જીવો (એ) આ (પુરુષ)નો એક પાદ છે. (જ્યારે) એના ત્રણ પાદ તો અવિનાશી છે અને પ્રકાશમય સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. (૩).

કાર્યરૂપી સંસારથી અલિપ્ત ત્રિપાદ પુરુષ ઉત્કૃષ્ટ સ્વરૂપે સ્થિત છે એનો એક પાદ (અંશ) કલ્પને અંતે ફરીથી જગતરૂપે પ્રગટ થયો. પછી તે સજીવ અને નિર્જીવ પદાર્થોરૂપે વિવિધરૂપે વ્યાપી રહ્યો. (૪).

તે (એક પાદ)માંથી સમષ્ટિ ઉપાધિ ઉત્પન્ન થઇ. સમષ્ટિને અધિષ્ઠાન બનાવીને વિરાટ પુરુષ (ઇશ્વર)નો જન્મ થયો. તે ઉત્પન્ન થયેલો (પુરુષ) વિવિધ જીવોના રૂપે વૃદ્ધિ પામ્યો (જીવભાવે ઉપાધિમાં પ્રવેશ કર્યો). પછી (ચૌદ ભુવનરૂપી) બ્રહ્માંડનું સર્જન કર્યું (અને) પછી (ભોગ સાધનરૂપ) શરીરોનું સર્જન કર્યું. (૫).

તે સર્વહુત યજ્ઞમાંથી દહીં મિશ્રિત ઘી અને પશુઓ થયાં. તેમાંથી વાયુમાં ગતિ કરનાર (ખેચર) જંગલમાં રહેનાર, અને ગામમાં રહેનારને ઉત્પન્ન કર્યા. (૬).

તે સર્વહુત યજ્ઞમાંથી ઋગવેદ (અને) સામવેદ ઉત્પન્ન થયા, તે (યજ્ઞ)માંથી છંદો ઉત્પન્ન થયા. તે (યજ્ઞ)માંથી યજુર્વેદ ઉત્પન્ન થયો. (૭).

તે (યજ્ઞ)માંથી ઘોડા ઉત્પન્ન થયાં. તે (યજ્ઞ)માંથી ઉપર નીચે દાંતની બે હારમાળાવાળાં જે કેટલાક પશુઓ છે તે અને ગાયો પણ ઉત્પન્ન થઇ. તે (યજ્ઞ)માંથી ઘેટાં-બકરાં ઉત્પન્ન થયાં. (૮).

તે (માનસ) યજ્ઞમાં (દેવતાઓએ) સૃષ્ટિના આરંભમાં ઉત્પન્ન થયેલા તે યજ્ઞ (ના સાધનરૂપ) પુરુષનું પ્રોક્ષણ કર્યું. તે (પુરુષરૂપ પશુથી) દેવતાઓએ, પ્રજાપતિ સમકક્ષ દેવતાઓએ અને ઋષિઓએ-યજ્ઞ કર્યો. (૯).

જે પુરુષને (દેવ તાઓ તથા ઋષિઓએ) કલ્પનાથી ઉત્પન્ન કર્યો (તેની) કેટલા પ્રકારે વિવિધ કલ્પના કરી? એનું મુખ શું હતું, હાથ કયા (હતા), સાથળ અને પગ કયા કહેવાય છે? (૧૦).

બ્રાહ્મણ એ (વિરાટ પુરુષ)નું મુખ હતો (મુખમાંથી ઉત્પન્ન થયો). ક્ષત્રિય હાથ (તરીકે) કલ્પવામાં આવ્યો હતો. (હસ્તમાંથી ઉત્પન્ન થયો), જે વૈશ્ય (છે) તે એનો ઊરૂ (હતો) (ઊરૂમાંથી ઉત્પન્ન થયો) અને ચરણમાંથી શૂદ્ર ઉત્પન્ન થયો.(૧૧).

ચંદ્રમાં મનમાંથી ઉત્પન્ન થયો, સૂર્ય ચક્ષુમાંથી ઉત્પન્ન થયો, વાયુ અને પ્રાણ કાનમાંથી અને અગ્નિ મુખમાંથી ઉત્પન્ન થયો.(૧૨).

નાભિમાંથી અંતરિક્ષ ઉત્પન્ન થયું, મસ્તકમાંથી સ્વર્ગલોક ઉત્પન્ન થયો, ચરણમાંથી પૃથ્વી, કર્ણમાંથી દિશાઓ, આ રીતે સર્વ લોકની કલ્પના કરી. (૧૩).

ત્યારપછી દેવતાઓએ તે વિરાટ પુરુષને હવિ કલ્પીને સૃષ્ટિરૂપ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. તેમાં વસંતઋતુ ઘી, ગ્રીષ્મઋતુ સમિધ અને શરદઋતુ હવિરૂપ હતાં. (૧૪).

સાત (છંદ અથવા સમુદ્ર) આ યજ્ઞમાં પરિધિ (રૂપે) થયા હતા. એકવીસ સમિધ કરાઇ હતી. દેવતાઓએ જે યજ્ઞ કર્યો (તેમાં) (હોમવાનાં) પશુ તરીકે પુરુષને બાંધ્યો હતો. (૧૫).

દેવતાઓએ યજ્ઞથી યજ્ઞ (રૂપ વિષ્ણુ)નું યજન કર્યું. પૂજનના તે ધર્મો પ્રથમ (ધર્મો) હતા. (આ ધર્મના) મહિમાને જાણનાર (ઉપાસના કરનાર) ઉપાસકો તે સ્વર્ગને જરૂર પ્રાપ્ત કરે છે જ્યાં સૃષ્ટિની પૂર્વેના સાધ્ય વગેરે દેવો તથા (સૃષ્ટિ સમયે ઉત્પન્ન થયેલા) દેવતાઓ છે. (૧૬).

નિત્યકર્મ

નિત્યકર્મમાં સ્નાન, સંધ્યા, જપ, દેવપૂજન, વૈશ્વદેવ અને અતિથિપૂજન- એ છ કર્મ રોજ કરવાનાં હોય છે. આ વિશે શ્લોક છે :

સંધ્યા સ્નાનં જપશ્ચૈવ દેવતાનાં ચ પૂજનમ્ |
વૈશ્વદેવં તથાતિથ્યં ષટ્ કર્માણિ દિને દિને ||

(૧) સ્નાન : સ્નાન સંધ્યાદિ ઈશ્વર પ્રીત્યર્થે નિયમિત કરવાથી અંત:કરણની શુદ્ધિ થાય છે અને તે દ્વારા પરમાત્માની ભક્તિ અને આત્મજ્ઞાન મેળવવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

સ્નાન કરવાથી બાહ્ય શુદ્ધિ થાય છે. સ્નાન વગર જપ-હોમ વગેરે કાંઇ પણ કર્મ કરવું ન જોઇએ. શરીર સ્વભાવે મલિન છે અને હજારો છિદ્રવાળું શરીર દિનરાત સ્રવતું જ રહે છે. નિદ્રામાં ઊંચે નીચેનાં અંગોનો સ્પર્શ થવાથી પણ શરીર મલિન થાય છે. આ મલિન શરીરને શુદ્ધ કરનારું સવારનું સ્નાન જ છે. માટે પ્રભુ તથા દેવતાઓ પણ તેની પ્રશંસા કરે છે અને સ્નાનથી ઉત્સાહ (સ્ફૂર્તિ), તૃપ્તિ, ચિત્તની શાંતિ, શક્તિની વૃદ્ધિ, કાંતિ, દેહની પુષ્ટિ, સૌભાગ્ય, આયુની વૃદ્ધિ આદિ ગુણ ધર્મશાસ્ત્રમાં બતાવ્યા છે. સ્નાન કરતી વખતે મૌન રાખવું જોઇએ, નહિ તો સ્નાનનું પુણ્ય વરુણદેવ લઇ લે છે. સ્નાન વિષેના નિયમો ધર્મશાસ્ત્રમાં વિગતે બતાવ્યા છે. (અ. ૯૦ દો.૧૫૬ થી ૧૭૩)

(૨) સંધ્યા : ઋષિલોક લાંબા સમય સુધી સંધ્યાવંદન સહિત જપ કરવાથી લાંબા આયુષ્યને પ્રાપ્ત થયા છે અને બુદ્ધિ, યશ, કીર્તિ તથા અધ્યયન આદિ નિમિત્તે બ્રહ્મતેજને પણ પ્રાપ્ત થયા છે. માટે આયુ વગેરેની કામનાવાળાએ લાંબા સમય સુધી સંધ્યોપાસના કરવી જોઇએ.

સંધ્યા નહિ કરનાર મનુષ્ય હંમેશાં અપવિત્ર રહે છે અને સર્વ કર્મમાં અનધિકારી રહે છે. સંધ્યાવંદનને છોડીને અન્ય જે કોઇ કર્મ કરવામાં આવે તો તેના ફળનો તે ભાગી થતો નથી. સંધ્યાવંદન અને ગાયત્રીજપ રહિત બ્રાહ્મણ શૂદ્ર કરતાં પણ વધારે અપવિત્ર છે. માટે સંધ્યાવંદન અને ગાયત્રીજપ અવશ્ય કરવાં જોઇએ.

(૩) જપ: સંધ્યા પછી ઇષ્ટદેવના મંત્રનો જપ કરવો જોઇએ. જન્મનો (જ) અને પાપનો (પ) નાશ કરે તે જપ કહેવાય. ગાયત્રીમંત્રનો જપ શ્રેષ્ઠ ગણાયો છે. જપના ત્રણ પ્રકાર છે જેમાં માનસિક જપ ઉત્તમ છે. હોઠ ફફડાવીને જપ કરવો (ઉપાંશુ) તે મધ્યમ છે અને મોટેથી બોલીને જપ કરવો (વૈખરી) તે કનિષ્ઠ છે. (અ. ૯૦ દો.૨૩૧ થી ૨૬૬)

પ્રાત:સંધ્યા તારા અને નક્ષત્ર આકાશમાં દૃશ્યમાન હોય ત્યારે કરવામાં આવે તો ઉત્તમ ગણાય. તારા આથમી જાય પરંતુ સૂર્યોદય થાય તે પહેલાં કરવામાં આવે તો મધ્યમ ગણાય અને સૂર્યોદય પછીની સંધ્યા અધમ ગણાય. ટૂંકમાં બ્રાહ્મ મુહૂર્તમાં સંધ્યા થવી જોઇએ.

સાયંસંધ્યા સૂર્યાસ્ત પહેલાં થાય તો ઉત્તમ, સૂર્યાસ્ત પછી પણ તારા ઊગે તે પહેલાંની સંધ્યા મધ્યમ ગણાય અને તારા ઊગ્યા પછીની સંધ્યા અધમ ગણાય.

મધ્યાહ્ન સંધ્યા મધ્યાહ્નથી દોઢ કલાક સુધીમાં (અર્ધયામ) થાય તો ઉત્તમ, ત્રણ કલાક સુધીમાં થાય તો મધ્યમ અને સાડાચાર કલાકમાં થાય તો અધમ ગણાય છે.

જણાવેલા સમય બહારની સંધ્યા નિષ્ફળ છે અને તેથી સમજુ અને વિદ્વાનો સમય સાચવે છે. (અ.૯૦ દો. ૨૦૮ થી ૨૧૧)

(૪) દેવપૂજન : જપ આદિની પેઠે દેવપૂજન પણ કરવા યોગ્ય છે. પંચદેવતાઓ (ગણપતિ, વિષ્ણુ, શંકર, દેવી અને સૂર્ય)નાં નામ વડે દેવતાઓનું પણ પૂજન કરવું જોઇએ. જળ, અગ્નિ, હૃદય, સૂર્ય, વેદી અને પાષાણાદિ પ્રતિમાઓની ઇશ્વરબુદ્ધિથી પૂજા કરાય છે. સૂર્યાદિ નવગ્રહો અને ગ્રામદેવતા આદિ સર્વ જનોથી પૂજાય છે.

પંચોપચાર અને ષોડશોપચાર વિધિથી દેવપૂજન થઇ શકે. દેવપૂજનની વિધિ અને કયા દેવને કયાં ફૂલ ચઢાવવાં અને કયાં ફૂલ નહીં ચઢાવવાં તેમજ દૂર્વા, તુલસી, બીલીપત્ર કોને ચઢાવવાં અને કોને નહીં ચઢાવવાં તે અંગે ધર્મશાસ્ત્રમાં વિગતે સમજૂતી આપેલી છે. (અ. ૯૧ દો. ૧૨ થી ૪૯)

(૫) વૈશ્વદેવ : દ્વિજાતિના લોકોએ ગૃહ્યસૂત્રમાં કહેલી વિધિથી વૈશ્વદેવ કરવો જોઇએ. જો હોમવા યોગ્ય વસ્તુ ન મળે તો દૂધ આદિથી પકાવેલી જે પ્રકારની વસ્તુ મળે તેનાથી અને તે પણ ન મળે તો ફળફૂલ, દૂર્વા વગેરે જે કાંઇ મળી આવે તે વડે દ્વિજાતિએ વિધિપૂર્વક હવન કરવો જોઇએ. વૈશ્વદેવ કર્યા વગર જે ભોજન કરે છે તે નરકમાં જાય છે. મીઠાં (નિમક)વાળાં શાક વગેરે છોડીને બાકી બીજાં હવિષ્યાન્ન (ચોખા, ઘઉં, ઘી વગેરે)નો અગ્નિમાં હોમ કરવો. ગૃહસ્થના ઘરમાં સાંબેલું, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી વગેરેના વપરાશથી જીવની હિંસા થાય છે. એની નિવૃત્તિ માટે બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ તથા મનુષ્યયજ્ઞ એવા પાંચ યજ્ઞો કરવા જોઇએ. (અ. ૯૧ દો. ૬૦ થી ૬૬)

(૬) અતિથિપૂજન : ભોજન સમયે જે કોઇ અજ્ઞાત અતિથિ આવે, જેને કદાપિ જોયો પણ ન હોય, જેનું ગોત્ર અને શાખા કદાપિ જાણમાં ન હોય અને જેનો આચાર તથા વિદ્યા પણ અજ્ઞાત હોય, જે રાત્રિ માત્ર વાસ કરે છે તેને અતિથિ કહે છે. તિથિ એક દિવસની કહેવાય છે. એક દિવસથી વધુ રહે નહિ તેથી તેનું નામ અતિથિ કહેવાય છે. આમંત્રણ આપવા આવ્યો હોય તેને અતિથિ કહેવાય નહિ. પરંતુ પરગામથી આવ્યો હોય અને વૈશ્વદેવને વખતે એટલે કે ભોજન સમયે આવ્યો હોય તેને અતિથિ જાણવો.

મનુસ્મૃતિમાં કહે છે કે :

ચૌરો વા યદિ ચાણ્ડાલો શત્રુર્વા પિતૃઘાતક: |
વૈશ્વદેવે તુ સમ્પ્રાપ્તે સોઽતિથિ સર્વસમ્મત: ||

ચોર હોય કે ચાંડાલ હોય, શત્રુ હોય કે પિતાનો હત્યારો હોય, પણ જે કોઇ વૈશ્વદેવ સમયે આવી ચઢે છે તે અતિથિ સર્વ માન્ય છે. અતિથિની સેવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. જો મનુષ્ય ગરીબ હોય અને તેના ઘરમાં અન્નાદિ ન હોય તો પણ પાથરવાનું ઘાસ, પૃથ્વી, જળ અને મધુર વાણી એ સજ્જનોના ઘરમાંથી કદાપિ નષ્ટ થતાં નથી. તેથી આટલી વસ્તુથી તો તેનો સત્કાર કરવો જોઇએ. અતિથિ વિષ્ણુરૂપ છે, તે મને તારવા માટે આવ્યો છે, એવું સમજીને ભક્તિપૂર્વક ભોજનને માટે તેને પ્રાર્થના કરવી જોઇએ. જેને ઘરેથી અતિથિ નિરાશ થઇને પાછો ચાલ્યો જાય છે તે ગૃહસ્થને પોતાનું પાપ આપીને તેના પુણ્યને લઇને જાય છે. મહારાષ્ટ્રના સંત તુકારામ મહારાજ પોતાના અભંગમાં લખે છે કે:

"આપણે આપણા ઘરમાં દેવપૂજન કરવા બેઠા હોઇએ અને તેવે વખતે કોઇ સંતપુરુષ આંગણે આવી ચડે તો તેમનો તરત જ આદર સત્કાર ન કરતાં દેવપૂજન જ કર્યા કરીએ તો તે ભારે અધર્મ કહેવાય. આવો અપરાધ કરનાર વ્યક્તિ દેવના પર ચંદન, પુષ્પ ઇત્યાદિ ચઢાવે અથવા તે ચઢાવતી વખતે જે જે મંત્રો ભણે તે બધા જ દેવના મસ્તક ઉપર પથ્થરના પ્રહાર કર્યા બરાબર હોય છે.

પોતાને બારણે આવેલા અતિથિનો અનાદર કરવો અને ભગવાનને પૂરણપોળી (વેડમી)નો થાળ ધરાવવો ! મનમાં આવી ભેદબુદ્ધિ રાખીને તે દેવપૂજન નથી કરતો, પણ ઊલટો દેવના ઉપર પ્રહાર કરે છે."

(અ. ૯૧ દો. ૬૫ થી ૮૦)

(પ.પૂ.સ્વામી પ્રકાશાનંદજી મહારાજના વાર્તાલાપમાંથી)

સંધ્યા (સંધ્યોપાસના)

(અ. ૯૦ દો. ૨૦૮ થી ૨૭૦)

દિવસ અને રાત્રિના સંધિકાળમાં કરવામાં આવતી દેવ ઉપાસનાને સંધ્યા કે સંધ્યોપાસના કહેવામાં આવે છે. રાત્રિ પૂરી થાય અને સવાર શરૂ થાય એ વખતના સંધિકાળની ઉપાસનાને પ્રાત:સંધ્યા કહેવામાં આવે છે અને સાંજના સંધિકાળની દેવ ઉપાસનાને સાયં સંધ્યા કહેવામાં આવે છે.

સંધ્યોપાસનાનાં મુખ્ય છ અંગો છે.

૧. આચમન ૨. પ્રાણાયામ ૩. માર્જન ૪. મંત્રાચમન ૫. અર્ઘ્યપ્રદાન અને ૬. ઉપસ્થાન.

૧. **આચમન** : આચમન કરવાથી અંતર ઇંદ્રિયો તુષ્ટ થાય છે. આચમની દ્વારા એક આચમની જેટલું જળદેવતાનો ઉચ્ચાર કરી પ્રાશન કરવાનું (પી જવાનું) હોય છે. બે વાર આચમન કરવું. (અ. ૯૦/દો. ૨૧૨)

૨. **પ્રાણાયામ** : શ્વાસોચ્છવાસ પરના નિયંત્રણ દ્વારા પ્રાણશક્તિને યોગ્યરીતે પ્રબળ બનાવવાની વિધિને જ પ્રાણાયામ કહે છે. પ્રાણાયામને લીધે હૃદય અને ફેફસાં કાર્યક્ષમ રહે છે. (અ. ૯૦ દો. ૨૧૨-૨૧૩)

૩. **માર્જન** : આચમનીમાં જળ લઈ જમણા હાથની આંગળીઓ દ્વારા પોતાના શરીર પર (જળ દેવતાના મંત્રો બોલતાં) પ્રોક્ષણ કે છાંટવાની ક્રિયાને માર્જન કહે છે. માર્જનથી જળદેવતાનો કૃપા પ્રસાદ પ્રાપ્ત થઈ આરોગ્યનો લાભ પ્રાપ્ત થાય છે અને શરીર શુદ્ધ થાય છે. (અ. ૯૦ દો. ૨૧૪)

૪. **મંત્રાચમન** : મંત્રાચમન દ્વારા સર્વ ઇંદ્રિયો દ્વારા થયેલાં પાપનો નાશ થાય છે. **અઘમર્ષણ** દ્વારા પાપવાસના શરીરમાંથી બહાર નીકળે છે. અઘમર્ષણમાં જમણા હાથમાં પાણી લઈ, અઘમર્ષણનો મંત્ર બોલી જમણા નસકોરાથી શ્વાસ બહાર કાઢવો અને પાપપુરુષ બહાર નીકળી રહ્યો છે તેવી ભાવના કરી એ પાણીને જોયા વગર ડાબી બાજુએ જોરથી ફેંકી દેવું. (અ. ૯૦ દો. ૨૧૪)

૫. **અર્ઘ્યપ્રદાન** : અર્ઘ્ય આપીને બ્રહ્મસ્વરૂપ સૂર્યદેવતાનો સત્કાર થાય છે અને મંદેહ રાક્ષસોનો નાશ થાય છે. (અ. ૯૦ દો. ૨૧૬ થી ૨૨૦) આસનવિધિ, ન્યાસ અને જપનું પણ સંધ્યોપાસનામાં સ્થાન છે. (અ. ૯૦ દો. ૨૨૮ થી ૨૬૬)

૬. **ઉપસ્થાન** : ઉપસ્થાન એટલે ઊભા રહીને અગ્નિ ઇત્યાદિ દેવતાની કરવામાં આવતી સ્તુતિ. ઉપસ્થાન પછી દસ દિશા, દિશા અધિપતિ (દિકપાલ) અને સંધ્યાદિ દેવતાઓને વંદન

કરવાનું હોય છે. દેવતાની સ્તુતિ કરવાથી અને વંદન કરવાથી તે તે દેવતાઓનો કૃપાપ્રસાદ પ્રાપ્ત થાય છે. (અ. ૯૦ દો. ૨૬૭ થી ૨૬૯)

પ્રાત:સંધ્યા પ્રાત:કાળે સ્નાન કર્યા પછી કરવી જ્યારે સાયં સંધ્યા સાંજે હાથ પગ ધોઇને કરી શકાય. સંધ્યા વખતે સ્વચ્છ અને ધોયેલાં વસ્ત્રો પહેરવાં. ધોતિયું, પીતાંબર જેવું રેશમી વસ્ત્ર પહેરવું.

સંધ્યાનાં ઉપર જણાવેલાં છ અંગો વિશે વિગતવાર નિયમો આપેલા છે.

(સંપાદક: શ્રી વાસુદેવ નંદુરબારકર)

દ્વિજાચારનું રહસ્ય

('અમર આદેશ'માંથી, પ.પૂ.શ્રી રંગ અવધૂતજી)

૧. સંકલ્પ-વિચાર

લોકોને તિથિ, નક્ષત્રાદિ, વાર વગેરેની યાદ રહે અને કયા ધ્યેયની પ્રાપ્તિ માટે અમુક કાર્ય કરવામાં આવે છે એની સતત સ્મૃતિ રહે તે ખાતર દેશ (સ્થળ), કાળ (સમય) આદિ સંકલ્પની યોજના કરવામાં આવી છે. એ રીતે ધ્યેય અથવા ઉદ્દેશ નજર બહાર થતા નથી અને સંકલ્પશક્તિ વધે છે. એ જ રીતે રોજ-બ-રોજ તે જ સંકલ્પનો ઉચ્ચાર કરવાથી સંકલ્પ કરેલું ધ્યેય કેટલું પ્રાપ્ત થયું છે, પ્રગતિ થઇ છે કે નહીં વગેરે વગેરેનું સ્મરણ તાજું રહે છે અને આત્મનિરીક્ષણ (Introspection)ને તક મળે છે. અનુષ્ઠાન બરાબર થતું ન હોય તો નિશ્ચય પાકો કરી શકાય છે.

સામાન્ય માણસો માટે આ વિધિ કરતી વખતે દેશ-કાલાદિ સંકલ્પનો ઉચ્ચાર કરીને પાણી મૂકવું ઉપકારક જ છે. **'પાણી મૂકવું'** એ પ્રતિજ્ઞા કરવાની પ્રાચીન રીત છે. કારણ કે જળ એ ઇશ્વરનું પ્રતિક છે. વૈદિક કાળમાં જળદેવતાની ઉપાસના પ્રચલિત હતી એ તો જાણીતું છે. સંકલ્પેલું કર્મ કર્યા વગર ઊઠીશ નહીં, 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' (કાર્ય પાર પાડીશ અથવા દેહનો અંત લાવીશ.) એવો તે સંકલ્પની પાછળ વજ્ર નિશ્ચય હોવાથી **'પાણી મૂકવું'** એ સંકલ્પ કરવાની નિશાની છે. આગળ ઉપર, વધુ પ્રગતિ થયા બાદ કેવળ માનસિક સંકલ્પ કરીને અથવા તે પણ ન કરી કાર્યો કરીએ તો હરકત નથી.

મન એ હરાયું ઢોર છે. એ ગમે ત્યાં મરજી મુજબ દોડે નહીં એટલા માટે તેના ગળામાં સંકલ્પનું આ સ્થૂળ જોતરું હોવું સારું. માટે જ સામાન્ય માણસો માટે તો એની જરુરત છે જ અને ભાવનાના સાતત્ય માટે એનું એક ચોક્કસ રૂપ પણ હોવું જોઇએ. તે માટે આ નહિ તો કોઇ બીજો વિધિ પ્રચલિત કરવામાં આવે તોય એ માટે આ 'આવું કેમ? એનું રહસ્ય શું છે?' એ પ્રશ્ન રહે જ છે.

આજના સમયમાં થતો રાષ્ટ્રીયધ્વજવંદનાદિ પ્રકારના જેવો જ આ વિધિ છે. ધ્વજવંદન અમુક રીતે કેમ કરવું? રાષ્ટ્રગીતનો ઉચ્ચાર ન કરીએ તો રાષ્ટ્રનિષ્ઠા સતત જાગૃત રાખી નહિ શકાય કે? ધ્વજવંદન ન કરીએ અને સતત રાષ્ટ્રસેવા કર્યા કરીએ તો પણ રાષ્ટ્રભક્તિમાં ઊણપ આવે છે કે? આ વિધિથી રાષ્ટ્રનિષ્ઠા મજબૂત બને છે અને એમાંય ત્રણ રંગ નજરે પડતાં જ રાષ્ટ્રએકયની ભાવના ઊછળીને દૃઢ બને છે એ અહીં વિચારવા જેવું છે. મહાત્મા ગાંધીજી જેવાઓને એની જરૂર ન હોય તો પણ સામાન્ય પ્રજાને ચોક્કસ જરૂર છે. ધાર્મિક

વિધિનું પણ એવું જ છે.

દરેક સ્થૂળ વિધિની પાછળ સૂક્ષ્મ રહસ્ય ભરેલું છે, કોઈને તેની જાણ હોય કે ન હોય ! બાકી 'પુણ્યાપુણ્યે પથિ વિહરત: કો વિધિ કો નિષેધ: |' (પુણ્યને માર્ગે જનારને કરવા જેવું શું અને ન કરવા જેવું શું?) એમ જે નૈષ્કર્મ્યનિષ્ઠ મહાત્માઓ હોય છે તેમને માટે તો તેઓ જે કાંઇ કરે તે વિધિ અને ન કરે તે જ નિષેધ (ન કરવા જેવું). તેઓ જ્યારે જાગે ત્યારે જ એમનો દિવસ અને સૂઇ જાય ત્યારે જ તેમની રાત. પણ આ તેમને માટે જ અથવા તેમના જેવી વ્યક્તિઓ માટે જ. બીજાઓએ તો કાંઇક નિયમબદ્ધ થવું જ પડે; દેશકાળને અનુસરીને તેમાં થોડું-ઘણું ઓછા-વત્તાપણું થાય તે ઠીક છે. ('અમર આદેશ'માંથી)

૨. અઘમર્ષણ-રહસ્ય

(અ.૯૦ દો.૧૭૩ અને ૨૧૬)

અઘમર્ષણ એટલે પાપનો નાશ કરવા માટેનો સંધ્યોપાસનાનો એક વિધિ.

આપણા આચારની બધી જ વિધિઓમાં આ સ્થૂળ વિધિને સ્થાન મળ્યું હોવાથી એની પાછળ પણ કંઇક આધ્યાત્મિક અર્થ હોવો જોઇએ. ભૌતિક વિધિની અસર શરીર ઉપર, એમાંની આધિદૈવિક ભાવનાની અસર હૃદય ઉપર અને આધ્યાત્મિકતાની બુદ્ધિ ઉપર અસર થઇ મનુષ્યના આ લોકનું તથા પરલોકનું કલ્યાણ સિદ્ધ થાય છે. એમાંના મંત્ર-તંત્રનો આરોગ્ય, માનસ અને યોગશાસ્ત્ર સાથે સીધો કે પરોક્ષ (આડકતરો) સંબંધ હોય છે. યોગશાસ્ત્રનું થોડું પણ જ્ઞાન ન હોય તો આ વિધિનો ખ્યાલ આવવો પણ શક્ય નથી.

અઘમર્ષણમાં ગોકર્ણ (ગાયના કાન) જેવી આકૃતિ કરેલા જમણા હાથમાં પાણી લઇને 'ૐ ઋતં ચ સત્યં ચ' ઇત્યાદિ ત્રણ મંત્રોથી* એ પાણી તરફ ન જોતાં નસકોરાં સુધી હથેલી ઊંચી કરી, જમણી બાજુના નસકોરામાંથી શ્વાસ કાઢીને અંત:કરણમાં રહેલા પાપપુરુષને બહાર કાઢવો. ડાબી તરફ એક ધગધગતો પ્રચંડ પથ્થર છે એવું વિચારીને, એવી નિશ્ચયપૂર્વકની ભાવના કરીને એ પથ્થર પર તે પાણી નાંખી પછી આચમન કરીને આગળનું અનુષ્ઠાન હાથમાં લેવું એવો વિધિ કહ્યો છે. એમાં મંત્રાર્થનો સારાંશ એ છે કે આ બધું જ કાંઇ બ્રહ્મદેવની તપશ્ચર્યામાંથી ઉત્પન્ન થયેલું છે.

---

* **ત્રણ મંત્રો :**

ઋતંચેતિતૃચસ્ય સૂક્તસ્ય માધુચ્છન્દસોઽઘમર્ષણો
ભાવાનુષ્ટુપ | અઘમર્ષણે વિનિયોગ: |

૧. ૐ ઋતં ચ સત્યં ચાભીદ્ધાત્તપસોધ્યજાયત |
તતો રાત્ર્યજાયત | તત: સમુદ્રો અર્ણવ: || ૧ ||

૨. સમુદ્રાદર્ણવાદધિ સંવત્સરો અજાયત |
અહોરાત્રાણિ વિદધદ્વિશ્વસ્ય મિષતો વશી || ૨ ||

૩. સૂર્યાચન્દ્રમસૌ ધાતા યથાપૂર્વમકલ્પયત્ |
દિવં ચ પૃથિવીં ચાન્તરિક્ષમથો સ્વ: || ૩ || (ઋગ્વેદ ૮.૮.૪૮)

આધ્યાત્મિક દૃષ્ટિએ (તપશ્ચાત્ર સૃષ્ટવ્ય પર્યાલોચન લક્ષણામ્) 'તપ' એટલે સૃષ્ટિરચના વિશે દૃઢ સંકલ્પ અને ભૌતિક દૃષ્ટિએ જે તપ્ત કરે છે, ગરમ કરે છે તે એટલે કે પરમાત્માના સૂર્યાદિ જ્યોતિમંડલની ગરમી.

હવે આપણે ખાધેલા ખોરાકનું જે સૂક્ષ્મતમ, છાંદોગ્ય ઉપનિષદ્‌ની ભાષામાં જેને અપિષ્ઠ પરમાણુ કહે છે, એનું જ મન બને છે અને શુદ્ધાશુદ્ધ પરમાણુની જેમ પુણ્યાપુણ્ય સંકલ્પ ઉત્પન્ન થઇ તે મુજબ કાર્ય થાય છે અને એને જ પાપ-પુણ્ય કહે છે. પાપના સંસ્કાર એટલે જ પાપ-પુરુષ (શરીર સંહિતા ઇત્યાદિ પ્રાચીન ગ્રંથોમાં મનુષ્યોની જેમ જુદા જુદા રોગોની આકૃતિઓ અને ધ્યાન વર્ણવેલાં છે.) એ જ પાપ-પુરુષ હૃદયમાં અવ્યકતરૂપે સંતાઇ બેઠેલો હોય છે. ડાબું નસકોરું ઇડા અથવા ચંદ્રનું સ્થાન છે. તેનો શ્વાસ શીતળ હોય છે. જમણા નસકોરાની નાડીને પિંગલા કે સૂર્યનાડી કહે છે. એમાંથી ગરમ શ્વાસ આવે છે. એ જ ગરમ શ્વાસ દૃઢ સંકલ્પ સાથે જમણા નસકોરામાંથી બહાર કાઢીએ એટલે એની સાથે જ અંત:કરણમાં છુપાઇને રહેલા પાપસંસ્કાર, નિષિદ્ધ અન્નના તે અપિષ્ઠ પરમાણુ ભસ્મવત્ થઇ બહાર પડે છે.એ વાતાવરણમાં 'રેડિયોએકિટવ રાખ'ની જેમ ફેલાઇને એની મારફત, વધુ અનિષ્ટ ન થાય તે માટે એ મંત્રપ્રભાવવાળાં પાણીમાં નાખવાનું અને હવામાં આમ તેમ ફેલાઇને પોતાના કે બીજાના શ્વાસ મારફત ફરી અંદર ન જાય અને વધુ અનિષ્ટ ન થાય તે ખાતર ડાબી બાજુએ એ પાણી બળતી વજ્ર શિલા ઉપર ફેંકવાનું, એટલે તે પાણી એ રાખની સાથે ત્યાં જ બળીને ખાખ થાય. આ બધો સૂર્યભેદન ભસ્ત્રિકા-પ્રાણાયામનો સંકેત અઘમર્ષણમાં અભિપ્રેત છે.

આ અઘમર્ષણ નિત્યની સંધ્યામાં ન કરે તો પણ ચાલે પણ ગાયત્રીપુરશ્ચરણ જેવા પ્રદીર્ઘ અનુષ્ઠાનમાં ખાસ કરવું જોઇએ એવો એક મત છે. બીજા મત મુજબ આ અઘમર્ષણ વિધિની બિલકુલ જરૂર નથી. સ્મૃત્યર્થસારમાં આને બદલે ત્રણ પ્રાણાયામ કરવા એવું વિધાન છે. સૂર્યભેદન પ્રાણાયામમાં પહેલાં જમણા નસકોરામાંથી શ્વાસ બહાર કાઢવો અને ત્યાં જ થોડો વખત થોભાવી રાખવાનો. આને જ બાહ્ય કુંભક કહે છે. ફરી એ જ નાડીમાંથી ઉપર લેવાનો એટલે પિંગલામાંનો ગરમ શ્વાસ વધુ ગરમ થાય છે અને એ પ્રવૃદ્ધ (ખૂબ) ગરમીથી પાપમૂલક પેલું 'અપિષ્ઠ' પાપાન્ન પરમાણુ દગ્ધ થાય છે. ઇત્યાદિ રહસ્ય વિશે આ અઘમર્ષણ વિધિમાં ચિંતન કરવાનું છે.

('અમર આદેશ'માંથી)

૩. વ્યાહૃતિ (ભૂ:, ભુવ: અને સ્વ:)

વ્યાહૃતિનો અર્થ, અક્ષરાર્થ (શબ્દાર્થ) ઉચ્ચારેલો શબ્દ એવો થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ સમયે ઇશ્વરે પોતાની રજોગુણાત્મક શકિતરૂપે પ્રજાપતિ બ્રહ્મદેવને ઉત્પન્ન કરી એને સૃષ્ટિની રચના કરવાની આજ્ઞા કરી. એણે

સ ભૂરિતિ વ્યાહરત્ | સ ભૂમિમસૃજત્ |
સ ભુવરિતિ વ્યાહરત્ | સોંઽતરિક્ષમસૃજત્ ||

ઇત્યાદિ તૈતરીય બ્રાહ્મણમાં વર્ણવ્યા મુજબ મનમાં ને મનમાં 'ભુવ:' નું ઉચ્ચારણ કર્યું અને અંતરિક્ષની ઉત્પત્તિ કરી. સુવ: અથવા સ્વ: એવું ઉચ્ચારણ કરતાંની સાથે જ સ્વર્લોક ઉત્પન્ન થયો ! આ ઉચ્ચારણોના

સંકલ્પમાં જ એવી વિલક્ષણ શક્તિ હતી કે તે દરેક શબ્દ ઉચ્ચારતાંની સાથે જ તે તે વૃત્તિને અનુરૂપ લોકો પેદા થયા. માટે જ આ ત્રણ શબ્દો (ભૂ:, ભુવ: અને સ્વ:) આગળ ઉપર જતાં અમોઘ મંત્રરૂપે દૃઢ થવા લાગ્યા.

અમુક શબ્દનું અમુક રીતે ઉચ્ચારણ કરીએ તો તેમાં અમોઘ સામર્થ્ય કેવી રીતે ઉત્પન્ન થાય છે એ મંત્રશાસ્ત્રનો વિષય છે. પ્રજાપતિએ ઉચ્ચારેલો એ ગૂઢ મંત્ર, શબ્દ (ભૂ:, ભુવ: અને સ્વ:) જ આગળ ઉપર જતાં વ્યાહૃતિરૂપે રૂઢ થયો.

ઋગ્વેદના ત્રીજા મંડળમાં ઇતર (બીજા) મંત્રોની સાથે ચોવીસ અક્ષરોનો ગાયત્રી મંત્ર પ્રથમ નજરે પડે છે તે વ્યાહૃતિ વગરનો છે. પછી તેનું મહત્ત્વ અખંડ નજરે સામે રહેવું જોઇએ એ હિસાબે જ કદાચ યજુર્વેદના અધ્યાય ૩૬-૩માં તેને ઉપર્યુકત વ્યાહૃતિ લગાડેલી નજરે પડે છે. એનું કારણ ઘણું ખરું એવું હશે કે સ્વર્લોક અથવા દ્યુલોક, અંતરિક્ષલોક અને ભૂલોક એનો પરસ્પર નિકટ સંબંધ છે. આ ત્રણેય લોકની ભૌતિક, આધ્યાત્મિક ઉન્નતિ પરસ્પર અવલંબે છે. એક લોકમાં ક્ષોભ કે અવ્યવસ્થા પેદા થાય તો ત્રણે લોકને સહન કરવું પડે છે.

સ્વર્લોકનો સૂર્ય તે જ ભૂર્લોકમાં અગ્નિરૂપે તે લોકના વાસીઓનું પોષણ અને સંવર્ધન કરે છે; આ બંનેને જોડનારો જે અંતરિક્ષ લોક છે તેમાં વાયુરૂપે તે જ સૂર્ય સંચરે છે અને મૂળ સૂર્યના અત્યુગ્ર તેજને પોતાની લહેરોથી ભૂલોક માટે સહી શકાય એવું બનાવે છે. શરીરમાં એ જ અગ્નિ જઠરાગ્નિરૂપે ગીતા (અ.૧૫/શ્લોક ૧૪)માં કહ્યા પ્રમાણે 'પચામ્યન્નં ચતુર્વિધમ્'નું કાર્ય કરે છે.

ઉપર કહ્યું તે મુજબ એક લોકમાં ક્ષોભ કે અવ્યવસ્થા થાય કે ત્રણે લોકમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે સ્વર્લોકના સૂર્યમંડળની ગરમીમાં ઓછાવત્તાપણું થાય તો તેનું પરિણામ અતિવૃષ્ટિ વગેરે રૂપે ભૂલોકમાં અનુભવાય છે અને અંતરિક્ષમાં રોગોત્પાદક સૂક્ષ્મ જંતુ પેદા થઇ તેનાં પરિણામ પૃથ્વી ઉપરના જીવોને સહન કરવાં પડે છે. ભૂલોકમાં કાંઇક ઓછીવત્તી ગડબડ પેદા થાય તો તેની અસર અંતરિક્ષમાં એટલે સ્વર્લોક પર થયા વિના રહેતી નથી. અત્યારના જમાનામાં અણુબોંબ વગેરેના સ્ફોટક ધડાકા થવાથી આવો ખળભળાટ થયો હોવાનું આપણે જોઇએ છીએ. માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં (અ.૩ /શ્લોક ૧૧)માં કહ્યું છે કે 'પરસ્પરં ભાવયન્ત: શ્રેય: પરમવાપ્સ્યથ' (નિ:સ્વાર્થભાવે એક બીજાંને ઉન્નત કરતાં રહીને તમે બધાં પરમ કલ્યાણને પામશો.) બધાના, વ્યકિતે અને સમષ્ટિના કલ્યાણનો રહસ્ય મંત્ર ગીતામાં ઉપદેશેલો છે. એકબીજાના કલ્યાણની ભાવના તથા તેને અનુરૂપ પ્રયત્ન કરવો એ જ શ્રેય પ્રાપ્તિનું મુખ્ય સાધન છે. પરસ્પર ત્રણે લોકનું જોડાયેલા હોવું તથા એક બીજા ઉપરના આધારનું તત્ત્વ હંમેશાં નજર સામે રહેવું જોઇએ.

આ દૃષ્ટિએ જ ગાયત્રીમંત્રના પ્રારંભમાં જ 'ભૂ: ભુવ: સ્વ:' એવી ત્રણ વ્યાહૃતિઓ જોડવાનો રિવાજ પડ્યો હશે. એટલે બ્રહ્માંડનું નાનું શું પ્રતીક એવું જે આપણું વ્યષ્ટિ શરીર (વ્યકિતનું શરીર) છે એમાં ભૂલોક એટલે સ્થૂળ શરીર (**hand**), ભુવર્લોક એટલે અંત:કરણ (**heart**) અને સ્વર્લોક એટલે મગજ (**head**) એમ ત્રણે લોક બતાવી શકાય અને આ ત્રણે પૈકી એકમાં ગડબડ થાય એટલે ત્રણેને સહન કરવું પડે છે. માટે જ સંપૂર્ણ વિકાસ માટે આ ત્રણેનો સમન્વિત વિકાસ નજર સામે રાખીને જ શિક્ષણનો ક્રમ નક્કી કરવો જોઇએ. એ ધ્યેય હંમેશાં ધ્યાનમાં રહે એ સૂક્ષ્મ હેતુથી જ ગાયત્રી મંત્રના પ્રકાશપૂર્ણ એવા એ સૂર્યમંત્રની શરૂઆતમાં ઉપર કહેલી ત્રણ વ્યાહૃતિઓ મૂકવામાં આવી.

આપણા ઋષિમુનિઓએ વ્યષ્ટિ (વ્યકિત) અને સમષ્ટિ (સમાજ)ને નજરમાં રાખીને દિવ્ય દૃષ્ટિએ નક્કી કરેલું આ તત્ત્વ હમણાં જ કયાંક આધુનિક દેશનાયકો તથા શિક્ષણ તજજ્ઞોના ધ્યાનમાં આવવા લાગ્યું

છે અને સહઅસ્તિત્વ વગેરેની બૂમાબૂમ અને તે દિશામાં થોડોક પ્રયત્ન થવા લાગ્યો છે. બધી વૈજ્ઞાનિક શોધો અને ભૌતિક શાસ્ત્રો- ભૂર્લોક (પાર્થિવ પરમાણુ તત્ત્વો), ભુવર્લોક (વાયવીય પરમાણુ તત્ત્વો) અને સ્વર્લોક (તેજોમય પરમાણુ તત્ત્વો) આ ત્રણ લોકથી જુદા નથી એ રહસ્ય ધ્યાનમાં રાખીએ એટલે ગાયત્રી મંત્રના, એ વૈદિક મૂળ રાષ્ટ્રમંત્રના પ્રારંભમાં તેનો નિર્દેશ કરનારી આ ત્રણ વ્યાહૃતિઓ જોડવામાં પ્રાચીન ઋષિમુનિઓની દિવ્ય અને દીર્ઘ દૃષ્ટિ જણાઇ આવશે ! પણ આ ભૌતિક બાજુ અહીં જ અટકાવીને હવે થોડા આધ્યાત્મિક બાજુ તરફ વળીએ.

આત્મસૂર્યના એટલે કે સ્વસ્વરૂપના સાક્ષાત્કાર માટે, અખંડ બ્રહ્માનંદનો અનુભવ લઇ બધાં બંધનોમાંથી મુકત એવી જીવન્મુક્તિની પ્રાપ્તિ કાજે પ્રજ્ઞા જાગૃત થાય તે ખાતર આ જ બ્રહ્મ-ગાયત્રીનું અનુષ્ઠાન એટલે કે લક્ષ્યાર્થનું ચિંતન કરવાનું છે અને તે માટે ભૂ એટલે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, ભુવ: એટલે વાસના ક્ષય માટે પ્રયત્ન અને સ્વ: એટલે મનોભંગ માટે યોગસમાધિનો અભ્યાસ. આ જ ત્રણ વ્યાહૃતિ મન:ચક્ષુ આગળ રાખવી જોઇએ. આ ત્રણ વ્યાહૃતિનાં સાધનો પણ પરસ્પરાવલંબી જ છે. તત્ત્વજ્ઞાન વગર વાસનાક્ષય થાય નહિ અને વાસનાક્ષય ન થાય ત્યાં સુધી મનોભંગ અશકય છે અને મનોભંગ વગર વાસનાક્ષય અસંભવ હોઇ સંપૂર્ણ વાસનાક્ષય વગર તત્ત્વનું, સ્વસ્વરૂપનું જ્ઞાન અથવા સાક્ષાત્કાર દૂરાપાસ્ત (થવો કઠણ) છે.

આ ત્રણ વ્યાહૃતિની પછી મહ:, જન:, તપ: અને સત્ય એવા એક પછી એક ઉચ્ચ લોકની નિર્દેશક એવી ચાર વ્યાહૃતિઓ સાથે કુલ સાત વ્યાહૃતિઓ થઇ પણ સામાન્ય લોકોને એમની સાથે ખાસ સંબંધ આવતો ન હોવાથી ગાયત્રી- એ રાષ્ટ્રીય વૈદિક પ્રેરણામંત્ર-ની આગળ 'ભૂ: ભુવ: સ્વ:' એ ત્રણનો જ ઉપયોગ કરેલો છે. ભૂર્લોક અને સ્વર્લોક એ એક બીજાથી દૂર હોવા છતાં વચલા 'ભુવર્' અથવા અંતરિક્ષના લોકોના સંધાનથી પાસે જ છે એમ લાગે છે. એમાં રહેલા જનોનો અરસપરસ આવવા જવાનો સંબંધ પણ શાસ્ત્રોમાં વર્ણવેલો જણાય છે.

ખૂબ જ પુણ્યનો સંચય થાય ત્યારે ભૂર્લોકની વ્યકિતઓ અંતરિક્ષના ધૂમ્રમય માર્ગે સ્વર્લોકમાં જાય છે. પુણ્યના ફળરૂપે સ્વર્ગનું સુખ ભોગવીને, 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ|' એ ગીતાના વચન (અ.૯/શ્લોક ૨૧) મુજબ પુણ્ય પરવારે એટલે એ મૃત્યુલોકમાં આવે છે. એ પછીના લોકમાં ગયેલા પાછા ફરતા નથી. તો નિષ્કામ કર્મોપાસનાના ફળરૂપે, ઉત્તરોત્તર અર્ચિરાદિ જ્યોતિમાર્ગથી ઉર્ધ્વગતિ પામીને અંતિમ સત્યલોકમાં બ્રહ્મદેવની સાથે તેમની ક્રમમુક્તિ થાય છે. પણ આ થયો આધિભૌતિક વિચાર.

આધ્યાત્મિક દૃષ્ટિએ આ સાત લોક એટલે જ જ્ઞાનની સાત ભૂમિકાઓ. એમાં પહેલી શુભેચ્છા એ જ ભૂર્લોક. વિચારણા એ જ ભુવર્લોક. ત્રીજી તનુમાનસા એ જ સ્વર્લોક. આ ત્રણ જ્ઞાનની સાધન ભૂમિકાઓ છે. એમાં જે વચ્ચે છે તે પહેલી અને ત્રીજીને જોડનારી છે. આમ આ ત્રણ સાધન ભૂમિકાઓ હોવાથી એમાંથી અધ:પતનની શકયતા અને બીક હોય છે. એમાં મહાચમસ્ય (મહાચમસ નામના ઋષિનો પુત્ર) નામના ઋષિએ ચોથી એટલે મહ:વ્યાહૃતિએ પહોંચીને પોતાનું કલ્યાણ સાધી લીધું. આ જ મહર્લોક, તૈતરીય ઉપનિષદમાં પ્રથમ વલ્લીના પાંચમા અનુવાકમાં આ વ્યાહૃતિ વિશે આખું પ્રકરણ જ છે. એમાં "મહ:ઇતિ, તદ્ બ્રહ્મ, સ આત્મા..." ઇત્યાદિ વર્ણન છે. એ બ્રહ્મનું-સ્વાત્મ સ્વરૂપનું જ્ઞાન (સાક્ષાત્કાર) થાય એટલે મનુષ્યનો પુનર્જન્મ નથી એમ કહેલું છે. માટે જ મહર્લોકનો નિર્દેશ કરનાર એવી આ ચોથી વ્યાહૃતિને આધ્યાત્મિક દૃષ્ટિએ ચોથી જ્ઞાનભૂમિકા અથવા સત્ત્વાપત્તિ કહે છે. ત્યાં પહોંચ્યા બાદ (બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ) (બ્રહ્મને

જાણનાર બ્રહ્મ જ બને છે) એ ઉક્તિ મુજબ સાધક બ્રહ્મસ્વરૂપ બને છે અને તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી, જન્મ મરણના ફેરામાંથી એ મુકત થાય છે એમ બીજાં શાસ્ત્રોમાં વર્ણન છે. આગળની ત્રણ ભૂમિકાઓ જન:, તપ: અને સત્યલોકનાં બીજાં નામ છે. એ છે અસંશક્તિ, પદાર્થભાવિની અને તુર્યગા. જે રીતે સ્વર્લોકની આગળના મહાદિ લોકમાં ગયેલા પાછા ફરતા નથી તે જ રીતે સત્ત્વાપતિ અને તે પછીની ભૂમિકાઓમાંથી પણ પુનરાગમન નથી. ચતુર્થ ભૂમિકામાં તે બ્રહ્મવેત્તાને બ્રહ્મવિદ્, પંચમ ભૂમિકામાં બ્રહ્મવિદ્વર અને છઠ્ઠીમાં બ્રહ્મવિદ્વરીયાન એવી સંજ્ઞા છે. આ ત્રણ જીવન્મુકતોની ભૂમિકાઓ છે અને છેવટનો બ્રહ્મલોક એટલે જ તુર્યગા. એ સાતમી ભૂમિકા વિદેહમુકતની હોઇ ત્યાં પહોંચનારને બ્રહ્મવિદ્વરિષ્ઠ કહે છે.

કોકવાર આ સાતે વ્યાહૃતિઓને ગાયત્રીમંત્ર સાથે જોડવામાં આવે છે. પણ ઘણું ખરું પહેલી ત્રણ જ વધુ નજરે પડે છે કારણ કે એમનો જ ઉપર બતાવ્યા મુજબ અરસપરસ સંબંધ જોડવામાં આવે છે અને સાધકોએ પણ આ ત્રણને જ નજર સમક્ષ રાખીને ગાયત્રીમંત્રનો જપ કરીને તેજ સ્વરૂપે બ્રહ્મ સાક્ષાત્કાર કરી લેવાનો હોય છે.

બ્રહ્મવિદ્ની આગળની ભૂમિકા જ્ઞાન પરિપાકના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ જિંદગીની મર્યાદા લાંબી હશે અને પ્રારબ્ધ બાકી હશે તો પ્રાપ્ત થાય છે. પણ ચોથી ભૂમિકાથી માંડી પુનર્જન્મ ન હોવાથી અજ્ઞાન સાથે તેમનો સંબંધ આવતો નથી, અને એક વાર બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા બાદ તેને જપ આદિ કર્તવ્યો કરવાનાં હોતાં નથી. તેથી તેમને મહ:, જન:, તપ:, સત્યને ગાયત્રીના પ્રારંભમાં જોડવામાં કોઇ ઉચિતતા નથી. એથી જ સંધ્યાંતવર્તી એટલે કે સમંત્રક પ્રાણાયામમાં આ સાતે વ્યાહૃતિનો ઉલ્લેખ છે.

પાછળથી આ વ્યાહૃતિમંત્રને એટલું બધું મહત્ત્વ પ્રાપ્ત થયું કે યજ્ઞયાગમાં કયાંક ઓછોવત્તો દોષ રહી ન જાય તે માટે તેના નિવારણ માટે યજ્ઞને અંતે આ વ્યાહૃતિમંત્રો દ્વારા યજ્ઞનારાયણને આહુતિ આપવાનો પ્રઘાત પડ્યો.

સંન્યાસ પદ્ધતિમાં પણ ત્રણે લોકોની બધી એષણાઓનો વિચારપૂર્વક ત્યાગ કર્યાનો નિર્દેશ કરવા માટે ૐ ભૂ:સંન્યસ્તાં મયા, ૐ ભુવ: સંન્યસ્તં મયા, ૐ સ્વ: સંન્યસ્તં મયા, ૐ ભૂર્ભુવ: સ્વ: સંન્યસ્તં મયા એમ ત્રણ વાર મન્દ, મધ્યમ અને ઊંચા સ્વરે ઉચ્ચારણ કરીને 'ૐ અભયં સર્વ, ભૂતેભ્યો મત્ત: સ્વાહા' એમ બોલીને ત્રણે લોકોના પ્રાણીમાત્રને અભય આપીને પૂર્વ તરફ અંજલિ આપીને ચાલવા માંડવાનો રિવાજ છે. આ પ્રમાણે પારમાર્થિક દૃષ્ટિ એવી સંન્યસ્ત વિધિમાં પણ આ વ્યાહૃતિનું સ્થાન છે એ જોતાં તેમના રહસ્ય અને મહત્ત્વ વિશે આછો ખ્યાલ આવશે. ('અમર આદેશ'માંથી)

ૐ કાર-પ્રણવ-નો પરબ્રહ્મ ઋષિ, પરમાત્મા દેવતા અને દેવી ગાયત્રી છંદ છે.

ભૂ:, ભુવ:, સ્વ:, મહ:, જન:, તપ: અને સત્યમ્ આ સાત વ્યાહૃતિના અનુક્રમે વિશ્વામિત્ર, જમદગ્નિ, ભારદ્વાજ, ગૌતમ, અત્રિ, વસિષ્ઠ અને કશ્યપ એ સાત ઋષિઓ છે. અને અગ્નિ, વાયુ, આદિત્ય, બૃહસ્પતિ, વરુણ, ઇંદ્ર અને વિશ્વદેવ અનુક્રમે દેવતા છે. ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, પંડિત, ત્રિષ્ટુપ અને જગતી અનુક્રમે છંદ છે.

ક્રમાંક	વ્યાહૃતિ	ઋષિ	દેવતા	છંદ
(૧)	ભૂ:	વિશ્વામિત્ર	અગ્નિ	ગાયત્રી
(૨)	ભુવ:	જમદગ્નિ	વાયુ	ઉષ્ણિક
(૩)	સ્વ:	ભારદ્વાજ	આદિત્ય	અનુષ્ટુપ
(૪)	મહ:	ગૌતમ	બૃહસ્પતિ	બૃહતી
(૫)	જન:	અત્રિ	વરુણ	પંકિત
(૬)	તપ:	વસિષ્ઠ	ઇંદ્ર	ત્રિષ્ટુપ
(૭)	સત્યમ્	કશ્યપ	વિશ્વેદેવ	જગતી.

(સંપાદક : શ્રી વાસુદેવ નંદુરબારકર.)

૪. મંદેહ (મન્દેહ) રાક્ષસ :

(અ.૯૦/ દો.૨૧૮)

આધિદૈવિક દૃષ્ટિએ સૂર્યપૂજા એટલે એની સગુણ મૂર્તિ નજર સામે રાખી, મન, બુદ્ધિની શક્તિને શુદ્ધ કરી લઇ બુદ્ધિનો ઉત્કર્ષ સાધી લેવો એમ છે અને આત્મ એટલે જ સ્વસ્વરૂપ(પોતાના સાચા રૂપ)ની આડે આવનારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી આત્મસાક્ષાત્કાર કરી લેવો, એ જ આધ્યાત્મિક સૂર્યોપાસના છે. આ ત્રણેનું સૂચન કરનાર ત્રણ અર્ઘ્ય છે. **મંદેહ રાક્ષસાદિ** રૂપક વગેરે એના જ નિર્દેશક છે.

પહેલા અર્ઘ્યથી વાહનનાશ એટલે કે શિથિલતા, પ્રમાદ આદિ તમોગુણ પ્રધાન મલદોષોનો નાશ; નિદ્રા. બીજા અર્ઘ્યથી શસ્ત્રનાશ એટલે માનસિક અનેક પ્રકારની વિષય લાલસારૂપે રહેલી અંત:કરણમાંની ચંચળતા અને તેનાથી થનારી અનેક માનસિક દોડધામનો નાશ અને ત્રીજાથી આ રાક્ષસો (મંદેહ રાક્ષસો)નું મૃત્યુ એટલે જુદા જુદા પ્રકારના અજ્ઞાનને લીધે પોતાના સાચા રૂપ ઉપર આવનારા ઢાંકણાનો નાશ કરવો તે. આમ આ બધાનો આ દિશામાં એકત્ર તથા પૂરેપૂરો વિચાર કરીએ તો તે ત્રણ અર્ઘ્ય શાનો શાનો નિર્દેશ કરે છે એ ધ્યાનમાં આવશે.

દરેક સ્થૂળ કે સૂક્ષ્મ ધાર્મિક ક્રિયા એ આધ્યાત્મિક વિચારોને પોષનારી છે અને આચારમૂલક છે. આચારથી વિચારને ગતિ પ્રાપ્ત થાય છે, થવી જોઇએ; માટે જ કેવળ વિચારશૂન્ય કર્મઠ આચારમાંથી જડતા જન્મે છે અને તે ઉપહાસને પાત્ર બને છે.

હવે દેવ કે દાનવ, અસુર, રાક્ષસ વગેરે મન, પ્રાણ, ઇંદ્રિયો આદિની વૃત્તિઓ જ છે. શાસ્ત્રોકત જ્ઞાન વડે કરેલાં કર્મથી વિશુદ્ધ થયેલી મન, પ્રાણ, ઇંદ્રિયોની સદ્‌વૃત્તિ એટલે જ ગીતાના શબ્દોમાં દૈવી સંપત્તિ. એ જ **દેવ**. ગીતા કહે છે કે દૈવી સંપત્તિ મુકિત આપે છે. (અ.૧૬/શ્લોક ૫) એ જ રીતે દૃષ્ટ ફળને કાજે ગમે

તેવી ક્રિયોપાસનાઓથી પ્રભાવિત થયેલી વૃત્તિઓ એટલે જ **અસુર**. શુદ્ધ અને કલ્યાણકારક વાસના એ જ **દેવ**, અશુદ્ધ કે દુષ્ટ વાસના એ જ **અસુર** અથવા રાક્ષસ. રાગપ્રધાન વૃત્તિઓ જ **અસુર** અને દ્વેષપ્રધાન વૃત્તિઓ એટલે **રાક્ષસ**. આવી વૃત્તિઓ જ સૂર્ય અથવા આત્મપ્રકાશની આડે આવનાર **મંદેહ** (રાક્ષસ) !

આ જ વાસનાઓ દૃઢ બનતાં સ્થૂળરૂપ ધારણ કરીને બ્રહ્માંડના પ્રકાશને ઢાંકી દે છે. આ જ છે સમાજની ઉન્નતિનાં વિઘાતક તત્ત્વો. સૂર્યપ્રકાશની ઉપાસનાથી શારીરિક અને બૌધિક શક્તિ સંપાદિત કરી એમને હરાવવાનાં અને પ્રકાશ, જ્ઞાન, સંસ્કૃતિ આદિના ઉત્કર્ષમાં ટેકો આપવાનો. આ જ વ્યષ્ટિ મંદેહના એટલે જ અંત:કરણના સ્વરૂપને ઢાંકનારી વાસનાઓનો નાશ કરવા માટે આત્મસૂર્યોપાસના અથવા બ્રહ્મવિદ્યાવ્યાસંગ ! એ ખાતર જ ત્રણ અર્ઘ્ય તે શ્રવણ, મનન અને નિદિધ્યાસન, અને તેથી થનારો પ્રમાણગત અસંભાવના કે સ્થૂળ શંકા-કુશંકાઓનો અર્થાત આત્માના આવરણનો નાશ એટલે જ તે મંદેહો (રાક્ષસો)નો વાહનનાશ. પ્રમેયગત અસંભાવના અથવા સૂક્ષ્મ શંકા-કુશંકાઓનો નાશ એ જ શસ્ત્રનાશ અને તેથી સંશય વિપર્યય અથવા વિપરીત ભાવનાઓના બીજભાવનો નાશ થઇ અભાવના આવરણનો નાશ થાય એટલે જ તે મંદેહો (રાક્ષસો)નું મૃત્યુ !

હવે આ મંદેહોનો પુરાણોમાં બીજે ક્યાંયે ઉલ્લેખ કરેલો દેખાતો નથી. પણ ઋગ્વેદના સૌરસૂક્તમાં એક સ્થળે સૂર્યના વર્ણનમાં 'ત્રિશદ્ધામ વિરાજિત વાકપતં ગાયધીયતે | પ્રતિવસ્તોરહદ્યુભિ: |' એવો ઉલ્લેખ નજરે પડે છે. એમાં 'ધામાનિ'નો અર્થ ધામાનિ ઘટિકાભિપ્રાયમેતત્ એટલે કે ધામાનો અર્થ ઘટિકા (ત્રિશદ્ધામાનિ-ત્રીસ ઘટિકા) એવો અર્થ ભાષ્યમાં લીધો છે. એ અર્થમાં ત્રિશદ્ધામ એટલે દિવસની ત્રીસ ઘડીઓ સૂર્ય પોતાનાં કિરણો પ્રકાશે છે એવો અર્થ થાય. (૩૦ ઘડી ૨૪ મિનિટ = ૧૨ કલાક). એથી પર્યાય દ્વારા રાતની ત્રીસ ઘડીઓ અંધકારથી આચ્છન્ન મંદેહરાક્ષસથી ઘેરાયેલી- એવો થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ રાતના અંધારાથી એટલે કે અજ્ઞાનના વિવિધ પ્રકારના સંસ્કારોથી- વાસનાઓથી- વ્યાપક હોય છે અને આત્મ સૂર્યોદયમાં અડચણ ઊભી કરનાર **ત્રિંશત્ કોટી મંદેહ રાક્ષસ** એટલે જ રાતની ત્રીસ ઘટિકાઓમાં અંત:કરણમાં ઉદ્ભવેલા અનેક સંકલ્પરૂપી સૂક્ષ્મ વાસનાઓના રૂપમાં નજરે પડતાં ત્રીસ કોટી સંકટોનો નાશ થાય તે હેતુસર ઉપર કહેલા ત્રણ અર્ઘ્ય.

એ મંદેહ રાક્ષસ સ્થૂળ નજરે દેખાતા નથી અને અર્ઘ્યપ્રદાનથી એક વાર તેમનો નાશ થાય તો પણ ફરી ફરી સૂર્યોદયમાં અડચણ કરવા હરરોજ આવ્યા જ કરે છે. એ ઉપરથી તેમનું સાચું સ્વરૂપ સૂક્ષ્મ વાસનારૂપે કેવું હોય છે અને તે એક જન્મના પ્રયત્નોથી દૂર થતું ન હોવાથી ઘણાં વર્ષો સુધી ફરી ફરી શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપે ત્રણ અર્ઘ્ય પ્રદાન કરી તેમનો નાશ કરવા ખાતર ફરી ફરી અભ્યાસ શા માટે અને કેવી રીતે કરવો પડે છે એનું રહસ્ય ખ્યાલમાં આવશે. વેદાંતદર્શનમાં 'આવૃત્તિરસકૃદભ્યાસાત્' (૪-૧-૧) આ સૂત્ર દ્વારા એ જ તત્ત્વ દર્શાવ્યું છે.

('અમર આદેશ'માંથી)

૫. ધર્મનો આચાર

જે તત્ત્વો મનબુદ્ધિની પેલે પાર છે તેમનું રહસ્ય કેવળ તર્ક-કર્કશબુદ્ધિ દ્વારા કરવા માંડીએ તો મનને સંતોષ તો નહિ જ થાય પણ ઊલટું વિચિકિત્સાની વહેમી વૃત્તિ વધે છે અને પરમાર્થમય કલ્યાણ તો ન જ થાય પણ આ લોકનું કલ્યાણ પણ બાજુએ રહી જાય છે. એ વિશે ગીતામાં ભગવાને કહ્યું છે 'તેથી શાસ્ત્ર તારું પ્રમાણ છે.' (અ.૧૬/શ્લોક ૨૪) આથી કલ્યાણ ઇચ્છતા શ્રદ્ધાયુકત જનોએ શાસ્ત્રને જ પ્રમાણ ગણવું રહ્યું કારણ કે **'શાસ્ત્ર એટલે જ્ઞાનાનુભવ'**. જ્ઞાની મહાજનોએ દિવ્ય દૃષ્ટિથી શ્રમસાધ્ય સાધનાના પ્રયોગોને અંતે મેળવેલો પ્રત્યક્ષ અનુભવ. ફકત બુદ્ધિની દોડ બે હાથ લંબાઇના અહંકારરૂપી પૂછડાંથી કેટલીક આગળ જાય? માટે જ કહ્યું છે કે :

શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ તે નરા: |
મતયો યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વાનરા: ||

શાસ્ત્રો જ્યાં જ્યાં પહોંચે પહોંચે ત્યાં તે નરો સદા |
બુદ્ધિ લઇ જાય છે, ત્યાં પહોંચે વાંદરા સહુ ||

દિન પ્રતિદિન સમય બદલાતો જાય છે. લોકોની વૃત્તિઓની ગતિ ધર્મની અપેક્ષાએ અર્થ-કામ તરફ એટલે કે ભૌતિકવાદ તરફ વધુ ઢળતી જાય છે.

સાધુવર્ય સંત તુકારામે કહ્યા મુજબ **'દેહ એ જ દેવ, ભોજન એ જ ભકિત, મરણ એ જ મુકિત'** એવી હાલત આજે થઇ રહી છે અને દેવને ઠેકાણે દેહને મંદિર બનાવવાની પ્રવૃત્તિ એટલે જ **'જ્યોતિ-સંસ્કૃતિ'**ને ઠેકાણે **'રોટી-સંસ્કૃતિ'**ની ઉપાસના વધી રહી છે. પણ વિઠોબાને તજીને પેટ દેવતાની પાછળ જેમ જેમ લોકો વધુ દોડવા લાગ્યા છે તેમ તેમ **પેટ દેવતા** વધુ ને વધુ દુરારાધ્ય બનવા લાગ્યા છે. આવી હાલતમાં શાસ્ત્રમાં કહેલી કર્મકાંડમાંની વિધિઓનું આચરણ યુગપ્રભાવથી અને બદલાયેલા સંજોગોથી શ્રદ્ધાળુ લોકોને પણ અશકય બન્યું છે. પણ આ સંકટ સમય છે અને તે બદલવો અત્યારે તો અશકયવત્ હોય એમ લાગે છે. માટે એમાંથી **'સર્વનાશે સમુત્પન્ને ह्यर्धं त्यजति पंडित:|'** "સર્વનાશ આવી ઊભે અર્ધું તજે છે પંડિતો" એ ન્યાય મુજબ વિચાર કરીએ તો દરેક જણે **શકિત મુજબ** યથા સંભવ (આચારનું) પાલન કરવું એ જ ધર્મ છે. એમાં પ્રમાદ કે બેદરકારી હોવી ન જોઇએ.

આપદ્ધર્મ તરીકે કેટલાક બાહ્ય આચાર ઓછા થાય તેટલાથી જ પતિતપણું આવવાની બીક નથી. માથા ઉપર ચોટલી રાખી નથી તો શિખાબંધનનો વિધિ કેવી રીતે પાર પડે? ગામડાંઓમાં પણ પફ પાવડરની બ્રોલબાલા છે ત્યાં ભસ્મ અને ગોપીચંદનનું કોણ નામ લે? સ્થૂળ શિખાબંધન વગેરે વિધિઓ પાછળ ખૂબ જ આધ્યાત્મિક રહસ્ય સમાયેલું છે પણ ધર્મનું નામ નીકળતાંની સાથે જ જેમના કપાળે કરચલીઓ પડે તેમને કોણ અને કેવી રીતે કબૂલ કરાવી શકે?

આચાર એ ધર્મનું શરીર અને વિચાર એ આત્મા છે.

આચારના સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકાર માનીને સ્થૂળ આચાર એટલે જ વૈદિક કર્મકાંડ એવો અર્થ લઇએ તો પણ સૂક્ષ્મ અર્થમાં આચાર એટલે આચરણ (Character). સ્થૂળ આચારોમાં સંજોગવશાત્ ફેરફાર

થતો જાય. દા.ત. વધારે પડતી આભડછેટ ઇત્યાદિ કેટલાક આચારને રસ્તો મળે તો પણ હરકત નથી **પણ સદ્‌વર્તન છોડ્યા વગર.**

અનાચારસ્તુ માલિન્યં અત્યાચારસ્તુ મૂર્ખતા |
વિચારાચારમાદાય કર્મ કુર્વન સુખી ભવેત્ ||
અનાચાર છે મલિનતા ને અત્યાચારેય મૂર્ખતા |
વિચારીને આચારયુકત કરે કર્મ તે બને સુખી ||

અનાચાર : સ્નાન વગેરે ન કરવું, સંધ્યાપૂજા કરતી વખતે ધોયેલાં કપડાંય ન પહેરવાં વગેરે...

અત્યાચાર : મીઠા કે ગોળને પણ ધોયા વગર પવિત્ર ન ગણવાં, અક્ષરશ: અમુક સંખ્યામાં કોગળા કરવા કે અમુક વખત માટી લગાડવી વગેરે...

આચાર તથા વિચારનો મેળ બેસાડી વર્તન કરવું એમાં જ ઔચિત્ય છે. આ બધા આચારની પાછળ એક જ તત્ત્વ છે અને તે એટલે મનુષ્યની રોજિંદી દિનચર્યાની, આખુંય જીવન એક સળંગ યજ્ઞમય કેવી રીતે બને એનો પ્રાચીન સમયના સંજોગો અનુસાર દિવ્ય દૃષ્ટિથી ઋષિમુનિઓએ કરેલી વહેંચણી. માણસે નવરા બેસીને કોઇ વાતમાં કે કામમાં વખત બગાડવો નહિ. એ જ આ બધાની પાછળનો હેતુ છે.

આળસુ મન એ શેતાનનું કારખાનું હોઇ એક વાર મનમાં શેતાન પ્રવેશ કરે, ખરાબ વિચારો અથવા આસુરી સંપત્તિનો નાચ શરૂ થાય એટલે શરીર અને ઇંદ્રિયોમાંથી એ જ (શેતાની) ક્રિયાઓ દ્વારા બહાર પડે છે, જેથી કરીને માણસ પોતાની તથા સમાજની દુર્દશા પેદા કરે છે. એને અટકાવવા માટે અને માનવી અધોગતિએ ન જાય એ શુભ હેતુથી તે વખતની પરિસ્થિતિને અનુરૂપ જ્યારે કેવળ પેટને ખુશ કરવા માટે જ આજની જેમ મહેનત અને સમયનો ખર્ચ કરવો પડતો ન હતો ત્યારે તે મુજબ પોતાના સમાજના સ્વાર્થરહિત મિત્રો એવા ઋષિમુનિઓએ આખાયે દિવસને આવરી લેનાર, જેમાં મળ-મૂત્રના વિસર્જન જેવી નાની નાની બાબતોમાંય સૂક્ષ્મ વિધિનિષેધ બતાવ્યા છે, એવું કર્મકાંડ પ્રયોજ્યું છે.

આજના સમયમાં ઇચ્છા અને શ્રદ્ધા હોય છતાં ફુરસદ, સ્થાનની અનુકૂળતા અને જ્ઞાનના અભાવથી એનું પાલન કરવું લગભગ અશકય બની ગયું છે. માટે નાની નાની વાતો છોડી દઇ મુખ્ય મુખ્ય વિધિ વિધાનોનું આચરણ થાય તો ય વાંધો નથી. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે :

અર્થજ્ઞાનં વિના કર્મ ન શ્રેય: સાધનં યત: |
અર્થજ્ઞાનં સાધનીયં દ્વિજે શ્રેયોઽર્થિભિસ્તત: ||

અર્થજ્ઞાન વગર કાર્યને સાધનનો આશરો મળતો નથી તેથી અર્થનું જ્ઞાન મેળવવું રહ્યું. જેથી અર્થવાન બ્રાહ્મણો કલ્યાણ સાધી શકે. અર્થજ્ઞાન વગર કામ કરવાથી કલ્યાણ થતું નથી પણ અર્થજ્ઞાન હોય નહિ અને તે મેળવવા સમય ન હોય ત્યારે શું કરવું? તો આ સંકટ સમય છે અને આવા સમયે કેટલાંક આચાર કર્મો ઓછાં થાય તો હરકત નથી એ સારરૂપ જણાઇ આવે છે.

('અમર આદેશ'માંથી)

૬. સંધ્યાવંદન

વિના સંધ્યાવંદનેન નાધિકારોઽન્યકર્મસુ |

સંધ્યાવંદન કર્યા વગર બીજા કાર્ય માટે અધિકાર પ્રાપ્ત થતો નથી એવું શાસ્ત્રનું વિધાન હોવાથી સંધ્યાને પણ કોરાણે મૂકી અથવા ફકત 'કેસ્તુ'માં નીતિનો પ્રસાદયુકત સંક્ષેપ કરીને, એને ટૂંકાવવાથી ચાલશે નહિ. સમય ન હોય તો પણ મુખ્ય એવો પ્રાણાયામ, ધ્યાન, ગાયત્રીજપ અને અર્ઘ્ય-પ્રદાન એટલું તો કરવું જ રહ્યું. તે પણ ન થાય તો ઓછામાં ઓછું મનસ્મૃતિમાં કહ્યા મુજબ :

જપ્યેનૈવ તુ સંસિદ્ધ્યેદ્ બ્રાહ્મણો નિયત વ્રત: |
કુર્યાદન્યદ્ ન વા કુર્યાત્ મૈત્રો બ્રાહ્મણ ઉચ્યતે ||

બીજું કશું ન બને તો કેવળ ગાયત્રીમંત્ર જ જપવો રહ્યો. કારણ કે તે ખૂબ જ પાવનકારી છે. તેના યથાવિધિ જપથી બધાં જ પાપ, સંસ્કાર દોષ અને અન્ય સંસ્કાર દોષ નષ્ટ થાય છે. ગાયત્રીમંત્રના અક્ષરોમાં વિવિધ દોષો દૂર કરવાનું સામર્થ્ય કેવુંક છે તે શ્રીગુરુચરિત્રમાં આપેલું છે. આજના સમયમાં વર્ણસંકરતા તથા એથી વધુ ભયંકર એવી કર્મસંકરતા વધવા લાગી છે અને તેથી વર્ણાશ્રમ ધર્મનો લગભગ લોપ થવા માંડ્યો છે.

આવે સમયે વ્યવસાયની અડચણને લીધે બધાં બ્રાહ્મણકર્મો ભલે રીતસર ન થાય તો પણ એક ગાયત્રી પરાયણતા રહે તો તેથી બીજરૂપે ધર્મ કાયમ રહીને આગળ ઉપર કયારેક પ્રચંડ વૃક્ષ થવાનો સંભવ છે. શ્રીમદ્ ભાગવતમાં તપ, શૌચ, દયા અને સત્યને ધર્મના ચાર પાદ કહ્યા છે. એમાં નિત્ય અને નૈમિત્તિક કર્મોનો તપમાં અને ભક્ષ્ય- અભક્ષ્ય, પેય-અપેય, અગમ્ય-ગમન આદિનો શુચિતામાં, યજ્ઞદાનાદિનો દયામાં અને મૌન, જપ, સ્વાધ્યાય વગેરેનો સત્યમાં અંતર્ભાવ થાય છે. સત્યયુગમાં આ ધર્મ એના ચારેય પાયાઓ ઉપર ઊભો હતો; તેથી ધર્મનો દરેક પાયો સાજોસમો, ખોડ વગરનો હતો. ત્રેતાયુગમાં દરેકનો ચોથો ભાગ ઓછો થયો, દ્વાપરમાં અડધાનો નાશ થયો. કળિયુગમાં પોણા ભાગનો નાશ થયો અને કેવળ પા (એક ચતુર્થાંશ) ભાગનો ધર્મ જ બાકી રહ્યો.

પાદેનૈકેન કૌન્તે ધર્મ: કલિયુગે સ્થિત: |
વેદાચારા: પ્રશામ્યન્તિ ધર્મયજ્ઞ ક્રિયાસ્તથા ||

(હે કુંતીપુત્ર ! કલિયુગમાં ધર્મ એક પાયા ઉપર ઊભો છે તેથી વેદના આચાર તથા ધર્મયજ્ઞ અને ક્રિયાઓ પણ શમી જાય છે.)

આ વચન મુજબ વેદાચારનો સંક્ષેપ થશે અને યજ્ઞાદિ ધાર્મિક ક્રિયાઓનો દિવસે દિવસે નાશ થશે એમ શાસ્ત્રોએ જ જાહેર કરી દીધું છે. માટે બદલાતી પરિસ્થિતિમાં સંજોગો મુજબ વૈદિક કર્મકાંડો ઓછાં થાય એ અનિવાર્ય છે. વેદ સમયનાં કેટલાંક કર્મોનો અને ઉપાસનાઓનો કલ્પના પણ ન આવે તેટલો નાશ થયો છે. તે જ રીતે આચાર ધર્મની પણ રોજ-બ-રોજ અવનતિ થઇ રહી છે પણ એ માટેના ઇલાજ છે ! આ કર્મો એ આગળનાં આધ્યાત્મિક સાધનોનો પાયો જ છે.

સ્વાધ્યાયેન વ્રતેર્હોમૈસ્ત્રયી વિદ્યેનેજયયા સુતૈ: |
મહાયજ્ઞૈશ્ચ યજ્ઞૈશ્ચ બ્રહ્મીયં ક્રિયતે તનુ: ||

(સ્વાધ્યાય, વ્રત, હોમ, વેદાભ્યાસ, યાગ, યજ્ઞ, મહાયજ્ઞ ઇત્યાદિથી દીકરાઓ પોતાની જાતને બ્રાહ્મી બનાવે છે.)

બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમનાં કર્મો વડે શરીર બ્રહ્મજ્ઞાન માટે યોગ્ય બને ત્યાં સુધી યજ્ઞાદિ કર્મ કરવાં જ જોઇએ.

ધર્મના આચરણથી જો પરમાત્મા વિષે પ્રેમ પેદા ન થાય તો તે ધર્મ ફોગટ શ્રમ જ બને છે.

('અમર આદેશ'માંથી)

૭. જપ-નામસ્મરણ.

પરમાત્માના અનુસંધાનની અંદર હંમેશાં મગ્ન રહો કારણ કે યશસ્વી થવાની દુનિયામાં આ એક ફૂંચી છે કે પરમાત્માનું અખંડ સ્મરણ થાય. એને મેં જપયાગ નથી કહ્યો પણ **જપયોગ** કહું છું. યોગની અંદર યુજ્ ધાતુ છે. યુજ્ એટલે જોડવું. ચિત્તવૃત્તિ પરમાત્માની સાથે જોડવી. કોઇ પણ ઠેકાણે સફળ થવાની આ એક ફૂંચી રહેલી છે કે ચિત્તવૃત્તિ પરમાત્માની અંદર રહે; શરીર કામ કર્યા કરે અને મન એનું ધ્યાન ધર્યા કરે, તો એ માણસનો બેડો હંમેશાં પાર થાય છે.

જપ શબ્દની અંદરથી જ જપનો અર્થ નીકળે છે. **જપ** એટલે 'જન્મના પાતીતિ જપ: |' જન્મમરણના બેડાની અંદર જે આપણને સહી સલામત રીતે પાર ઉતારે એનું નામ જપ.

કેટલાક કહે છે કે પરમાત્માનું સ્મરણ કરવાથી શું થાય? તો જેમ વ્યવહારની અંદર આપણો કોઇ સગો કે સંબંધી- એક ઓળખીતો- એક શ્રીમંત માણસ હોય, કે મોટો કોઇ ઓફિસર હોય, ભલે એ આપણા ભણી જોતો પણ નહીં હોય તો પણ આપણને એક પ્રકારની હૂંફ રહે છે કે કોઇ સારો માઠો પ્રસંગ આવશે તો એ મારી પડખે ઊભો રહેશે, તો પરમાત્માનું સતત સ્મરણ કરવાથી આપણને એક એવી જાતનો આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે કે ફાવે તેવો પ્રસંગ આવે તો એ અનંત સર્વવ્યાપી શક્તિ મારી પડખે છે, મારે ડરવાની કોઇ પણ જાતની જરૂર નથી અને એવો આત્મવિશ્વાસ ઉત્પન્ન થવાને માટે જ પરમાત્માનું સ્મરણ કરવાનું છે. અને એ આત્મવિશ્વાસ જેની અંદર ઉત્પન્ન થયો એનો ડંકો બધે જ વાગે છે. એ આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો તો તમે પાંચ મિનિટ પરમાત્માનું સ્મરણ કર્યું તે પણ સફળ છે અને આત્મવિશ્વાસ ન ઉત્પન્ન થયો તો રોજની સો સો માળાઓ જપ્યા કરો તો પણ કંઇ વળવાનું છે નહીં. આ જપયોગની અંદર, પરમાત્માના સ્મરણની અંદર, તમારી ચિત્તવૃત્તિ હંમેશાં લગાવી રાખો જેથી જન્મ, મૃત્યુ, જરા એટલે બુઢાપો અને એની મુશ્કેલીઓ, તેવી રીતે મરણ એ બધાંની અંદરથી બહુ સહેલાઇથી પસાર થઇ જાઓ.

શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ | કલ્યાણકાંક્ષી હે જીવ ! પ્રતિશ્વાસ શ્રીદત્તનું - જેણે- તને બધું આપ્યું છે તે પરમાત્માનું નામસ્મરણ કર, હંમેશાં પ્રભુની યાદમાં જીવન વ્યતીત કર.

અનન્ત પારં કિલ ધર્મશાસ્ત્રં
સ્વલ્પં તથા યુર્બહવશ્ચ દોષા: |
નેકો મુનિર્યસ્ય મતં ન ભિન્નં
મહાજનો યેન ગત: સ પન્થા: ||

શાસ્ત્રનો પાર નથી. એ બધાં કયારે જાણવાનાં ને સમજવાનાં? માણસનું આયુષ્ય ઘણું ટૂંકું છે; કાળ કયારે ગળચું પકડશે કોને ખબર? અને એ ટૂંકા આયુષ્યમાં પણ વ્યાધિ, વ્યવસાય, કલહ, પ્રમાદ વગેરે અનેક દોષો રહેલા છે. તેમાંય વળી એક મુનિ યોગને પ્રાધાન્ય આપે તો બીજા કર્મને; કોઇ જ્ઞાનને વખાણે તો કોઇ ભક્તિનાં બણગાં ફૂંકે, એમ કોઇને મન એક તો બીજાને બીજું ગમે. એ બધી શબ્દોની ભુલભુલામણીમાં જીવ એક વાર પેઠો કે બહાર નીકળવાને રસ્તો જ ન મળે. એ ત્યાંને ત્યાં જ શબ્દોની સાઠમારીમાં પૂરો થવાનો. માટે એ બધું બાજુએ મૂકી સત્પુરુષો જે માર્ગે ગયા તે **નામસ્મરણનો રાજમાર્ગ** પકડી ચાલવા માંડવું એ જ આજના યુગમાં શ્રેયકર છે.

માણસ માત્રને રોગ એક જ થયો છે અને તે છે **ભવરોગ**. એટલે જ અશાંતિ, કલેશ, કલહ, અસમાધાન અને તેના પર ભગવન્નામસ્મરણ એ ઇલાજ પણ એક જ છે.

કોઇ પણ આધ્યાત્મિક અનુભવ-પ્રતીતિ સાચાં છે કે કેમ એ નાણી જોવા માટે શાસ્ત્રીય રીત આ છે. શાસ્ત્રપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને આત્મપ્રતીતિ એ ત્રણ એક હોવાં જોઇએ. શાસ્ત્ર એક કહે, ગુરુ કાંઇ બીજું જ બોલે અને આપણે કાંઇ ત્રીજું જ અનુભવીએ તો એ અનુભવ પૂર્ણ વિશ્વાસ કરવા લાયક નથી એમ જાણવું. ગુરુ નાનક કહે છે કે:

"નાનક દુ:ખિયા સબ સંસારા
જો સુખિયા સો નામ અધારા."

સંસાર સઘળો દુ:ખથી ભરેલો છે. **જે કોઇ પૂર્ણ સુખી છે, તેના સુખનો પાયો ભગવન્નામસ્મરણ જ છે.**

આપણાં શાસ્ત્રો પણ કહે છે કે :

હરેર્નામૈવ નામૈવ નામૈવ ભવતારણમ્ ||
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ||

આ અટપટા કલિકાલમાં એક ભગવન્નામ જ તારક છે. વ્યવસાય-બાહુલ્ય, ખટપટ ને કલહથી ભરેલા આ જમાનામાં સર્વ સાધારણ મનુષ્ય બીજું કરી પણ શું શકે? કબીર સાહેબ કહે છે તેમ :-

"ભૂખે ભોજન, પ્યાસે પાની, નંગે બસ્તર દીજે;
સાધો રામભજન કર લીજે."

ભૂખ્યાને અન્ન, પ્યાસાને પાણી, નંગાને વસ્ત્ર, માંદાને માવજત, અભણને જ્ઞાન વગેરે પરમાત્માએ જેને જે આપ્યું હોય તે પરાર્થે વાપરી પ્રભુના નામનું સતત સ્મરણ કરવું એ જ અત્યારના જમાનામાં તો ઉન્નતિનો આમરાહ છે.

ભગવન્નામસ્મરણનું રહસ્ય એ છે કે- એણે આપણે માટે ઉત્પન્ન કરેલી અનેક વસ્તુઓનું સ્મરણ જાગૃત રહી, આપણે પણ પ્રેરણા લઈ અન્ય માટે તેમ કરતા રહીએ અને વસ્તુમાત્ર પ્રભુનું સર્જન હોવાથી તેનાં બાળકો માટે એનો ઉપયોગ કરી, નિરહંકારવૃત્તિ કેળવીએ .

જ્ઞાની સમ્રાટ કેવલાદ્વૈતના બાદશાહ આદ્ય શંકરાચાર્ય પણ શું કહે છે? જુઓ :-

ગેયં ગીતાનામસહસ્રં ધ્યેયં શ્રીપતિરૂપમજસ્રમ |
નેયં સજ્જનસંગે ચિત્તં દેયં દીનજનાય ચ વિત્તમ્ |
ભજ ગોવિંદં ભજ ગોવિંદં ગોવિંદં ભજ મૂઢમતે ||

ગેયંગીતાનાસહસ્રં : પરમાત્મા અનંત છે, તેનાં નામ અનંત છે. તેમાંથી આપણને ગમે તે કોઇ પણ નામનું સતત સ્મરણ કરવું અને તેના પથ્ય તરીકે ગીતા, રામાયણ કે કોઇ ઋષિતુલ્ય, સંત વચનોનો સ્વાધ્યાય, પઠન મનન કરવું. કેમ કે ફાવે તેવી રામબાણ દવા કે કીમતી રસાયણ લેવામાં આવે અને બધાં દ્વાર છૂટાં મૂકી, કોઇ પણ જાતની ચરી પાળવામાં ન આવે તો એ દવાથી કાંઇ જ ફાયદો થતો નથી. ભગવન્નામ લેવા છતાં કેટલાંકમાં એનું પરિણામ જોવામાં નથી આવતું તેનું કારણ- આ ઉપર જણાવેલા- પથ્યનો અભાવ છે અને તે માટે જ ગીતા જેવા કોઇ પણ અધ્યાત્મગ્રંથના નિત્ય પઠનમનનની જરૂર છે.

ધ્યેયં શ્રીપતિરૂપમજસ્રં : સતત નામસ્મરણની સાથે પ્રભુના અખંડ ધ્યાનની પણ જરૂર છે કે જેથી આંખ સામે કોઇ ઉત્તેજક કુદૃશ્ય આવે તો પણ મનમાં કુભાવ ન જાગે.

નેયં સજ્જનસંગે ચિત્તં : આજે તો જ્યાં ત્યાં દુ:સંગ ને ખટપટનું વાતાવરણ જોવામાં આવે છે. સાદા ભોળા માણસો એમાં અટવાઇને અવનતિ અને દુ:ખના ખાડામાં ન પડે તે માટે ત્રીજા ચરણમાં આચાર્યશ્રી કહે છે કે, હંમેશાં થોડો સમય પણ સત્સ્વરૂપને પામેલા સંતપુરુષનો સહવાસ કરવો કે જેથી તે સંતની વૃત્તિ પ્રત્યક્ષ જોવાનો અવસર મળે અને ચિત્તના આવરણ-વિષયાધ્યાસ દૂર થઇ નવા વિકાર ઉદ્ભવવા ન પામે.

અને છેવટે ઉપર ટાંકેલી કબીર સાહેબની ઉક્તિ પ્રમાણે આચાર્યશ્રી પણ કહે છે કે:

દેયં દીનજનાય ચ વિત્તમ્: આપણને પરમાત્માએ બક્ષેલી કોઇ પણ સંપત્તિથી, નિરપેક્ષ નિરહંકારભાવે સેવા કરવી.

નામ (ન આમ) એ આમજનતાનું નેતિ (ન + ઇતિ = ન + આમ) છે. જીવને શિવ સુધી પહોંચાડવાનો પુલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુ:ખિયાંનો વિસામો છે. સુખિયાંના આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે ને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે.

('અમર આદેશ'માંથી)

વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઈને હાથમાં,
તું પાન કર, પિવાડ જેને હોય તૃષા-વેદના,
એ દત્ત **વાસુદેવ**ના શ્રીપાદપદ્મે વંદના. ..... (૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગ**ના ચરણારવિંદે વંદના. ..... (૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્ત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીનાં છાંટણાં,
એ સદ્‌ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. ..... (૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. ..... (૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઈ ગાણગાપુર વાડીમાં કંઈ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભક્તો, હર્યાં વળી દુઃખડાં કંઈ રંકનાં,
શ્રીપાદ નૃસિંહ સરસ્વતીના પદસરોજે વંદના. ..... (૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસો મહીં,
સુકાન લઈને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
પાગલ પ્રકાશાનંદના આ ચરણકમળે વંદના. ..... (૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ**,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણું,
જેણે સિંચ્યા સંસ્કાર એ **માતા જયા**ની અર્ચના,
એવાં રૂડાં માતા-પિતાનાં ચરણકંજે વંદના. ..... (૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લહાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી **રંગ**ને, સહુની કરું હું વંદના. ..... (૮)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

|| શ્રી ગણેશાય નમ: ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર.

અનુક્રમણિકા

અનુ. નં.	વિગત	દોહરા	પૃષ્ઠ
૧.	અધ્યાય-૮૫	૧૩૮	૧-૮
૨.	અધ્યાય-૮૬	૧૯૪	૯-૧૮
૩.	અધ્યાય-૮૭	૧૩૪	૧૯-૨૬
૪.	અધ્યાય-૮૮	૧૨૦	૨૭-૩૩
૫.	અધ્યાય-૮૯	૨૭૪	૩૪-૪૭
૬.	અધ્યાય-૯૦	૩૦૮	૪૮-૬૪
૭.	અધ્યાય-૯૧	૨૧૦	૬૫-૭૬
૮.	અધ્યાય-૯૨	૯૨	૭૭-૮૨
૯.	અધ્યાય-૯૩	૧૬૦	૮૩-૯૧
૧૦.	અધ્યાય-૯૪	૧૪૨	૯૨-૧૦૦
૧૧.	અધ્યાય-૯૫	૧૬૪	૧૦૧-૧૦૯
૧૨.	અધ્યાય-૯૬	૯૦	૧૧૦-૧૧૭
૧૩.	અધ્યાય-૯૭	૧૭૫	૧૧૮-૧૨૭
૧૪.	અધ્યાય-૯૮	૧૨૨	૧૨૮-૧૩૪
૧૫.	અધ્યાય-૯૯	૧૨૫	૧૩૫-૧૪૨
૧૬.	અધ્યાય-૧૦૦	૪૦	૧૪૩-૧૪૬
૧૭.	અધ્યાય-૧૦૧	૫૦	૧૪૭-૧૫૦
૧૮.	અધ્યાય-૧૦૨	૭૦	૧૫૧-૧૫૫
૧૯.	અધ્યાય-૧૦૩	૧૦૮	૧૫૬-૧૬૧

અધ્યાય : ૮૫

આ અધ્યાયનું નામ **'સ્ત્રીધર્મનિરૂપણે સુવાસિની ધર્મકથન'** છે. આ અધ્યાયમાં **૧૩૮** દોહરા છે.

આ અધ્યાયમાં જટાધારી તપસ્વી સ્ત્રી ધર્મ સમજાવે છે. સૌભાગ્યવતી સ્ત્રી અને વિધવા સ્ત્રીના ધર્માચાર સમજાવે છે. સ્કંદપુરાણના કાશીખંડમાં સ્ત્રીના બહુવિધ ધર્મો કહ્યા છે. (૧-૩).

કાશીમાં અગસ્ત્ય ઋષિ અને તેમનાં પત્ની લોપામુદ્રા રહેતાં હતાં. વિંધ્યાચલ પર્વત એમનો શિષ્ય હતો. એક દિવસ નારદે વિંધ્યાચળને કહ્યું કે તું મેરુપર્વત જેવો ઊંચો તો નથી જ. મેરુને નીચો પાડવા વિંધ્યાચલ વધવા માંડ્યો અને સૂર્યમંડળ સુધી પહોંચી ગયો. બધે અંધારું વ્યાપી ગયું. (૪-૧૫).

યજ્ઞ, વૈદિક કર્મો બંધ પડ્યાં. બધા ઋષિ ઇંદ્ર ભવન ગયા અને ત્યાંથી બધા બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માએ ઇંદ્રને કહ્યું કે તું અગસ્ત્યને સમજાવીને કાશીમાંથી દક્ષિણ દિશામાં જવાની વિનંતી કર. એમને આવતા જોઇને વિંધ્યાચળ લાંબો થઇને પગે પડશે એટલે અગસ્ત્ય એને કહેશે કે હું પાછો ન આવું ત્યાં સુધી આમ જ રહેજે. માટે તમે કાશીમાં જઇ અગસ્ત્યને વિનંતી કરો. (૧૬-૨૪).

ઇંદ્ર, બૃહસ્પતિ અને અન્ય ઋષિઓ અગસ્ત્યના આશ્રમે ગયા. બૃહસ્પતિએ દેવોને લોપામુદ્રાના અનન્ય સતીત્વની વાત કહી અને પછી બૃહસ્પતિએ દેવોને પતિવ્રતા સ્ત્રીના આચારધર્મો કહેવા માંડ્યા. (૨૫-૩૪).

બૃહસ્પતિ દેવોને કહે છે કે પતિવ્રતા સ્ત્રીને મન પતિ એ જ પરમેશ્વર છે. પતિને જેનાથી સુખ થાય એમાં જ પોતે પણ સુખી થાય એવી વૃત્તિ રાખવી. (૩૫-૧૦૦).

પતિના મૃત્યુને કારણે વિધવા સ્ત્રી અમંગલ ગણાય છે. પતિની સાથે સહગમન કરનારી સતી સ્ત્રી પહેલાંનાં ૨૧ અને પછીનાં ૨૧ એમ કુલ ૪૨ કુળ તારે છે. આવી સતી સ્ત્રીનાં દર્શનથી ગંગાસ્નાન કરતાં પણ વધુ પુણ્ય મળે છે. (૧૦૧-૧૩૮).

અલખ નિરંજનને કહે છે કે કરુણાસાગર યોગીશ્વરે જે સ્ત્રીધર્મો કહ્યા તે હું તને કહું છું તે તું શંકા કર્યા વગર સાંભળ. (૧). યોગીવર બોલ્યા હે સતી ! હું તને સ્ત્રીના આચારધર્મો સ્પષ્ટપણે કહું છું જે ભવસાગર તારનારા છે. હે સાધ્વી ! તું પ્રસન્નતાપૂર્વક એ સાંભળ. (૨). હું તને સધવા અને વિધવા એમ બન્નેના આચારધર્મો સવિસ્તર કહું છું તે તું સાંભળ. એ વિચાર શાસ્ત્રસંમત છે. (૩).

સ્કંદપુરાણના કાશીખંડમાં સ્ત્રીના અનેક પ્રકારના ધર્મોની કથા આવે છે. તું સાવધાનીપૂર્વક એ બધી કથા સાંભળ. (૪). કાશીમાં પરમ પ્રસિદ્ધ અગસ્ત્ય મુનિ રહેતા હતા. એમની પરમ ખાનદાન પત્નીનું નામ લોપામુદ્રા હતું. (૫). એ મહાબુદ્ધિમાન, જ્ઞાની, દેખાવમાં સુંદર અને પતિવ્રતામાં અગ્રણી એવી સતી હતી.

પતિ-પત્ની બન્ને ધર્મપૂર્વક વર્તતાં હોવાથી કાશીનાં ભૂષણરૂપ હતાં. (૬). પર્વતરૂપ વિંધ્યાચલ એમનો શિષ્ય હતો અને પૃથ્વી પર પરમ ગુરુભકત તરીકે વર્તતો હતો. (૭). એ વિવિધ પ્રકારનાં જંગલોથી શોભતો અને ભાત ભાતનાં વૃક્ષોથી અંકિત હતો. એ વિવિધ પ્રકારની લતાથી આચ્છાદિત હતો અને નદી ઝરણાંથી સુશોભિત હતો. (૮). એક દિવસ બ્રહ્મર્ષિ નારદમુનિ ફરતા ફરતા ત્યાં જઇ ચઢ્યા. એને જોઇને હૃદયમાં સંતોષ પામીને બોલ્યા કે હે વિંધ્યાચલ પર્વત ! તારા જેવો બીજો પર્વત મેં જોયો નથી. ખરેખર હે વિંધ્યાચલ ! તને ધન્ય છે. (૯-૧૦).

ખરેખર તારી ભૂમિ રત્નોથી ભરેલી છે અને તારામાં અસંખ્ય ડુંગરાઓ પણ ખૂબ શોભે છે. આમ છતાં તારામાં એક ઊણપ છે. (૧૧). તું મેરુ પર્વત જેટલો ઊંચો તો નથી જ. એટલે તું એનાથી નીચો છે. નારદનાં આ વચન સાંભળીને વિંધ્યાચલ ગુસ્સે ભરાયો. (૧૨). મેરુ પર્વતને એકદમ તુચ્છ કરવા માટે ક્રોધે ભરાઇને વિંધ્યાચલે વધવાનું શરૂ કર્યું અને ક્ષણવારમાં તે રવિમંડળ સુધી પહોંચી ગયો. (૧૩). રવિમંડળ ઓળંગીને પછી એણે સ્વર્ગભુવન પણ ઓળંગ્યું અને આકાશમાં આગળને આગળ વધતો જ ચાલ્યો. (૧૪). બધે અંધકાર વ્યાપી ગયો અને તેમાં પણ સૂર્યનાં કિરણો પર્વતને કારણે અટકી જવાથી દક્ષિણ દેશમાં (દક્ષિણ-ભારતમાં) તો ઘોર અંધકાર વ્યાપી ગયો અને ચોતરફ હાહાકાર વ્યાપી ગયો. (૧૫).

યજ્ઞયાગ વગેરે બંધ થઇ ગયા. વૈદિક કર્મો પણ થતાં અટકી ગયાં. કોઇને પણ ચેન પડતું નથી. છેવટે આનું રહસ્ય (મર્મ) જાણીને બધા ઋષિજનો એકઠા થઇને ઇંદ્રના ભુવને દોડી ગયા અને ત્યાં જઇને વિંધ્ય પર્વતના ન સમજ પડે તેવા કાર્યની ઇંદ્રને જાણ કરી. (૧૬-૧૭). ક્રોધે ભરાઇને ઇંદ્રદેવ બ્રહ્મલોકમાં ગયા અને વિંધ્યાચળ વિશેની શરૂઆતથી માંડીને બધી માહિતી બ્રહ્માજીને કહી સંભળાવી. (૧૮). બ્રહ્માજી બોલ્યા કે હે ઇંદ્ર ! તું કાશીમાં જા. ત્યાં વિંધ્યાચળના સદ્‌ગુરુ બ્રહ્મવિદ્વર અગસ્ત્ય ઋષિ રહે છે. (૧૯). તું એમને વિનંતી કરીને દક્ષિણ દેશમાં મોકલ જેથી નિરાધાર થયેલી દક્ષિણ દિશાનું સંકટ દૂર થશે. (૨૦).

માટે તું જઇને અગસ્ત્ય ઋષિને જલદીથી દક્ષિણ દેશમાં મોકલ. ગુરુજીને આવતા જોઇને ગિરિવર વિંધ્યાચલ પ્રણામ કરશે. (૨૧). ધરતી ઉપર લાંબો થઇને એ ઋષિને દંડવત્ પ્રણામ કરશે એટલે તું જે પ્રમાણે છે (દંડવત્ કરતો લાંબો સૂતો છે) તે પ્રમાણે રહે એમ ઋષિ કહેશે અને તદુપરાંત એમ પણ કહેશે કે હે શિષ્ય ! જ્યાં સુધી હું પાછો ના આવું ત્યાં સુધી તું તારું માથું ઊંચું કરીશ નહિ, એવો ઉપદેશ (આજ્ઞા) આપીને અગસ્ત્ય ઋષિ એને ભૂમિ સમાન કરશે. (૨૨-૨૩). માટે હવે તું દેવો સાથે કાશીમાં જા અને મુનિશ્રેષ્ઠને પ્રાર્થના કરીને એમને તાત્કાલિક દક્ષિણ દેશમાં મોકલ. (૨૪). બ્રહ્માજીનાં એવાં વચનો સાંભળીને, એમને વંદન કરીને બૃહસ્પતિ, દેવો અને ઋષિઓ સાથે ઇંદ્ર કાશી જવા નીકળ્યો. (૨૫).

કાશી એ મુક્તિ અપાવનારી પરમ પવિત્ર નગરી છે. એને ધન્ય છે. ઇંદ્ર દેવો તથા ઋષિઓની સાથે ત્યાં આવી પહોંચ્યો. (૨૬). બૃહસ્પતિને સૌથી આગળ રાખીને બધા ઋષિના (અગસ્ત્યના) આશ્રમમાં પહોંચ્યા. ત્યાં અગસ્ત્ય મુનિને જોયા. (૨૭). દેવોને આંગણે આવેલા જોઇને અગસ્ત્ય મુનિ દોડતા આવ્યા અને એમનું પાદ્ય-અર્ઘ્ય વગેરેથી ભાવભીનું પૂજન કર્યું . (૨૮). દેવો સહિત ગુરુ બૃહસ્પતિએ પુણ્ય કીર્તિશાળી અગસ્ત્યનું તથા નિષ્કલંક અને પતિવ્રતા લોપામુદ્રાનું સ્તવન કર્યું. (૨૯). બૃહસ્પતિએ કહ્યું કે હે દેવો ! મારું સત્ય વચન સાંભળો.

લોપામુદ્રા જેવી બીજી કોઇ પતિવ્રતા સતી નથી. (૩૦). અનસૂયા, સાવિત્રી, સતી અરુંધતી, શાંડિલ્યની પત્ની એ બધી પણ પતિવ્રતા છે. (૩૧). સંજ્ઞા, સ્વાયંભુવ મનુની પત્ની પ્રખ્યાત એવી શતરૂપા, હિમાલયની પત્ની મેનકા, ઉમા, રમા, ધ્રુવની માતા સુનીતિ અને સ્વાહા એ બધી પણ પતિવ્રતા છે અને પતિને દેવ માને છે. પરંતુ આ બધી પતિવ્રતાઓમાં લોપામુદ્રા સર્વોત્તમ છે અને વિખ્યાત છે. હે દેવો ! હું તમને પતિવ્રતા સ્ત્રીના ધર્મો કહું છું તે તમે સાંભળો. (૩૨-૩૪).

પતિવ્રતાના આ બધા આચાર શાસ્ત્રમાન્ય છે. પતિવ્રતા સ્ત્રીનું મુખ્ય ભોજન પતિનું સારું વધેલું અન્ન છે. (૩૫). એ સતી હંમેશાં પતિની સેવા કરે તેમજ પતિની આજ્ઞા વગર અતિથિનું પૂજન, દાન, ધર્માદિ વગેરે પણ કરે નહિ. (૩૬). પતિ ઊભા થાય તો સતી પણ ઊભી થાય, પતિ બેસે તો સતી પણ બેસે અને પતિની આજ્ઞા પ્રમાણે વર્તે અને કદી પણ છણકો કરે નહિ. (૩૭). પતિની સેવા કરતી વખતે એને ઇશ્વર માનીને સેવા કરે અને સૂવાના સમયે એની ભક્તિ ભાવથી અખંડ સેવા કરે. (૩૮). પતિ સૂઇ જાય એટલે એની પાસે સાવધાનીપૂર્વક સૂએ જેથી એણે પહેરેલો કબજો પતિના શરીરને અડે નહિ. (૩૯). જો કબજાનો સ્પર્શ થાય તો પતિનું આયુષ્ય ઓછું થાય છે અને પતિનું નામ બોલે તો પણ પતિનું આયુષ્ય ઓછું થાય છે. (૪૦).

પતિના ઊઠતાં પહેલાં એ ઊઠી જાય અને ઘર વાળવા, સાફ કરવાનાં- કાર્યોથી પરવારી જાય. (૪૧). સ્નાન કર્યા પછી પતિની અર્ઘ્ય વગેરેથી રોજ પૂજા કરે અને એને શંકર માનીને એના પગમાં માથું મૂકે. (૪૨). જો પતિદેવ ઘરે હોય તો શરીર ઉપર અલંકાર ધારણ કરે પરંતુ જો પતિ બહારગામ ગયા હોય તો શણગાર ના કરે અને માથું પણ ના ઓળે. (૪૩). જો કદાચ પતિ કઠોર વચન બોલે તો સતી એને 'માફ કરો' એવું કહે અને પતિના ક્રોધને ભૂલી જાય. (૪૪). પતિ બહારથી આવે ત્યારે હજાર કામ પડતાં મૂકીને સામી જાય અને આપની શી આજ્ઞા છે એમ પૂછે. (૪૫). પતિની ક્ષેમકુશળતાના સમાચાર પૂછી એની આજ્ઞા પ્રમાણે વર્તે છે. સાધ્વી સ્ત્રી ક્યારેય પણ સ્વતંત્ર રીતે વર્તન કરતી નથી. (૪૬). પતિવ્રતા સ્ત્રીએ કદી પણ બીજાના ઘરે જવું નહિ. બીજાના ઘરે જવામાં અનેક દોષો રહેલા છે તેથી સાવધાનીથી રહેવું. (૪૭). કદાચ કામસર જવું પડે તો બીજાનું મોઢું જોવું નહિ અને જેમ બને તેમ જલદીથી પોતાના ઘરે પાછા આવી જવું અને પોતાના ઘરમાં મૌન જાળવવું. (૪૮). સ્વતંત્રપણે બહાર ફરવાથી એ ઘુવડની યોનિમાં જન્મે છે. આ લોપામુદ્રાને ધન્ય છે કારણ કે એ આ ધર્માચાર પ્રમાણે જીવે છે. (૪૯).

સવારે પતિના પહેલાં ઊઠીને, વાળવા, ઝૂડવાનું કાર્ય પરવારી પછી સ્નાન કરે છે. ચંદન, ચોખા, ફૂલ વગેરે, દેવપૂજાનાં વાસણો સાફ કરીને રોજ એ, પતિને આપે છે અને અખંડ સેવા કરે છે. પતિ પાઠપૂજામાં હોય તે દરમ્યાન એ રસોઇ બનાવી દે છે. (૫૦-૫૨). મન, વાણી અને કર્મથી પતિનું વધેલું ખાય છે. જો પતિ ઘરની બહાર ગયો હોય તો ગાયનું વધેલું ખાય છે. (૫૩). ગાય-કૂતરાનું ખાવાનું કાઢીને અને અતિથિને જમાડીને પછી છેલ્લે સતી પોતે સાત્ત્વિક ભોજન કરે છે. (૫૪). ઘરને લીંપી-ગૂંપીને હંમેશાં સ્વચ્છ રાખે છે. પતિની આજ્ઞા વિના પતિના ધર્મથી જુદો ધર્મ પાળતી નથી. (૫૫).

પતિની આજ્ઞા વિના વ્રત-ઉપવાસ વગેરે કરવાં ન જોઇએ અને નગરમાં થતા ઉત્સવ જોવા માટે બહાર દોડાદોડ પણ કરે નહીં. (૫૬). એ પતિ વિના કદી એકલી તીર્થયાત્રા વગેરે કરે નહીં. પતિની વૃત્તિ પારખીને

ચાલનારી એ સાધ્વી હંમેશાં ધન્યવાદને પાત્ર છે. (૫૭). પતિ આનંદમાં હોય તો એ ઉદાસ ના રહે અને જો પતિ ચિંતામાં હોય તો એ આનંદમાં ના ફરે. (૫૮). સતી સ્ત્રી જ્યારે રજસ્વલા હોય ત્યારે મૌન ધારણ કરે અને પતિને પોતાનું મોં ના બતાવે તથા વેદવચનો પણ ના સાંભળે. (૫૯). આવું વ્રત ત્રણ દિવસ પ્રયત્નપૂર્વક પાળે અને ચોથે દિવસે સારી રીતે સ્નાન કરીને પછી જ પતિનું મોં જુએ. (૬૦).

જો ચોથે દિવસે પતિ ઘરે ના હોય તો એનાં મુખનું ધ્યાન કરે અથવા સૂર્યનારાયણનું દર્શન કરીને ઘરમાં પ્રવેશ કરે. (૬૧). પતિ લાંબું જીવે એટલા માટે એ હળદર, કંકુ, કેશ (વાળ), સિંદૂર, કાજળ અને મંગળસૂત્ર ધારણ કરે. (૬૨). જો પતિ ઘરે હોય તો હાથમાં કંકણ પહેરે. સૌભાગ્યવતી સ્ત્રી વેણી ગૂંથે (વાળ ઓળે) અને પાન ખાય. (૬૩). હલકી જ્ઞાતિની પડોશણ સ્ત્રી હોય તો પણ એની સાથે બહેનપણાં ના કરે. ધોબણ, ગાંયજણ જેવી હલકી સ્ત્રીની સોબતથી રડવાનું જ આવે છે. (૬૪). નિંદાને પાત્ર સ્ત્રી અથવા વેશ્યાખાનું ચલાવતી સ્ત્રી અથવા પતિની ટીકામાં જ રત રહેનાર સ્ત્રીની સાથે વાતચીત કરવાથી પણ સ્ત્રી ખૂબ દોષપાત્ર બને છે. (૬૫).

સાસુ, સસરા, નણંદ અને દિયરને છોડીને જે એકલાં રહેવાની ઇચ્છા રાખે છે તે સ્ત્રી કૂતરી થાય છે. (૬૬). વસ્ત્ર પહેરીને જ સ્નાન કરે અને પથ્થરનાં આસન પર બેસે નહીં એટલું જ નહિ પણ સાંબેલાં કે ખાંડણી પર એક ક્ષણ પણ સતી બેસે નહીં. (૬૭). એ જ રીતે ઘંટી પર કે ઊમરાની વચ્ચે પણ સતી કદીયે બેસે નહિ. પતિવ્રતા સ્ત્રી શરીરને પવિત્ર રાખી હંમેશાં સાવધાનીથી વર્તે. (૬૮). પતિ સાથે વાદવિવાદ ના કરે કારણ કે વાદવિવાદથી પતિ દુ:ખી થાય છે. પતિને ઈશ્વર માનીને એનો મત એ પોતાનો મત માનીને રહે છે. (૬૯). પોતાનો પતિ ભલેને ભાગ્યહીન હોય, દુષ્ટ હોય, નપુંસક હોય, કુષ્ઠ રોગી હોય, વાંકાં અંગોવાળો હોય તો પણ તેને દેવસમાન ગણે. (૭૦). પોતાનો પતિ- ફાવે તેવો હોય તો પણ તેને વિષ્ણુ સમાન માનીને એના કહેવા પ્રમાણે જ વર્તે જેથી એ સ્ત્રી ઈશ્વરને પ્રિય થાય. (૭૧). પતિને ગમે તેવાં વસ્ત્રો અને ઘરેણાં પહેરે. જો પતિ આનંદમાં ના હોય તો આભૂષણો પહેરે નહીં. (૭૨).

પોતાને કોઇ ચીજ વસ્તુની જરૂર હોય તો પોતે કદી જાતે માગે નહિ પણ કન્યા વગેરે દ્વારા જરૂરી વસ્તુ મેળવવાનો સાધ્વી સ્ત્રી પ્રયત્ન કરે. (૭૩). પોતાની પાસે કોઇ ના હોય તો પણ પતિ પાસે જાતે તો ના જ માગે અને કોઇ પણ દિવસ મારે આ જોઇએ અને આના વગર તો ન જ ચાલે એવું કદી કહે નહિ. (૭૪). કદી પણ કોઇ વાતની હઠ કરે નહીં અને હંમેશાં સંતોષમાં રહે તથા પ્રારબ્ધવશ પતિને જે કાંઇ મળે એમાં એ પરમ સંતોષ માને. (૭૫). બીજાને સ્થિતિસંપન્ન જોઇને પતિની ટીકા ના કરે અને યાત્રાળુને જોઇને તીર્થ કરવાની ઇચ્છા વ્યકત ના કરે. (૭૬). પતિની સેવા એ જ યાત્રા અને એનાં ચરણોદકને જ તીર્થજળ માને અને તીર્થ કરવાની મનથી પણ ઇચ્છા ના કરે. (૭૭). પતિનું પાદોદક ગંગાજળ માનીને પી જાય. આવી પતિભક્તિ જોઇને ત્રિમૂર્તિ પણ પ્રસન્ન થઇ જાય છે. (૭૮). કોઇ હેતુ નિમિત્તે વ્રત કરવાની ઇચ્છા થાય તો એ સાધ્વી પતિની આજ્ઞાથી એ બધું કરે. (૭૯). પોતાની સ્વતંત્ર બુદ્ધિ ચલાવીને વ્રત કરે તો એને લીધે પતિના આયુષ્યનો નાશ થાય છે અને એ પતિને સાથે લઇને નરકમાં જાય છે એવું શ્રુતિ અને સ્મૃતિ ખાસ કહે છે. (૮૦).

જે સ્ત્રી ક્રોધપૂર્વક પતિને સામો જવાબ આપે છે તે મૃત્યુ પામ્યા પછી કૂતરી થાય છે અને તે પછીના જન્મે શિયાળ થાય છે અને શિયાળ થઇને ગામની પાસે જઇને ઊંચા અવાજે રડે છે અને પછી બધે સંતાતી ફરે છે અને આખરે રૌરવ નરકમાં જાય છે. (૮૧-૮૨). માટે પતિનાં ચરણને ભાવપૂર્વક ધોઇને એ ચરણામૃત પતિવ્રતા સ્ત્રી રોજ પીએ અને પતિનું વધેલું ખાય અને એમાં સંતોષ માને. (૮૩). ભાગ્યવશાત્ જે કંઇ આવી મળે તેમાં સંતોષ માને અને એના પરિણામે ભગવાન શંકર રાજી થઇને એ જે ઇચ્છે તે આપે છે. (૮૪). આ પતિવ્રતા સ્ત્રી પતિ સાથે સ્વર્ગમાં પૂજાય છે અને એ આ લોકમાં તેમજ પરલોકમાં બધે સન્માન પામે છે. (૮૫). એ ઉજાણીમાં કે પારકા ઘરે જમવા જતી નથી. નજીકનાં સગાંના ઘરે પણ રોજ જતી નથી. (૮૬). શ્રીમંતોની વાતો રસપૂર્વક સાંભળતી નથી. પતિ ભલે શરીરે નબળો હોય કે દુરાચારી હોય તો પણ કદી તેની નિંદા કરતી નથી. (૮૭). દુષ્ટ સ્વભાવનો પતિ હોવા છતાં તેની નિંદા કરતી નથી. એને વિષ્ણુ સમાન માનીને ભાવથી શંકા રાખ્યા વગર પૂજે છે. (૮૮). સાસુ સસરાની હાજરીમાં ઊંચા અવાજે બોલતી નથી અને ખાસ કરીને પતિની હાજરીમાં ખડખડાટ હસતી નથી. (૮૯). પતિ ક્રોધ કરીને મારે ત્યારે "તું મર" એવું કહે તો તે પછીના જન્મમાં વાઘણ થઇને જંગલમાં પ્રખર દુ:ખ પામે છે. (૯૦).

જે સ્ત્રી પરપુરુષને કામદૃષ્ટિથી જુએ છે તે બીજે જન્મે જન્મથી જ અંધ થાય છે અને જે પતિને મૂકીને ખાય છે તે ભૂંડણ થાય છે. (૯૧). ત્યાર પછી વાગોળ થઇને ઊંધા માથે લટકે છે અને પોતાની વિષ્ટા ખાય એવી મહાપાપિની થાય છે. (૯૨). જે પતિની સામે ક્રોધે ભરાઇને નિષ્ઠુર વચનો બોલે છે તે સાત જન્મ સુધી મૂગી અને દરિદ્રી થાય છે અને અતિશય દુ:ખ ભોગવે છે. (૯૩). જે અભિમાનમાં ઉન્મત્ત બનીને શોક્યનો દ્વેષ કરે છે તે સાત જન્મ સુધી હતભાગી થઇને દુ:ખી દુ:ખી થાય છે. (૯૪). જાણીબૂઝીને બીજાના પતિને જોવાથી બીજો જન્મ અંગ વગરનો થાય છે અને એવી કામવૃત્તિથી જોનારી પછી નીચ અને ગરીબના ઘરમાં જન્મે છે. (૯૫).

માટે પતિવ્રતા સ્ત્રી પર-પુરુષનું મોં જોતી નથી. પોતાના પતિને આવતા જોઇને એ સન્મુખ દોડી જાય છે. (૯૬). એના પગ ધોઇ એનું ચરણામૃત પીએ અને પંખો નાંખે. પતિના પગ દબાવતાં દબાવતાં મીઠા અવાજે વાતો કરે. (૯૭). પતિ રાજી થાય એટલે ત્રિમૂર્તિ પણ રાજી થાય છે અને પતિ નારાજ થાય તો બધા જ દેવો ખૂબ નારાજ થાય છે. (૯૮). ભાઇ-ભાંડું અને મા-બાપ રાજી થાય એનાથી કોઇ અર્થ સરે નહિ પરંત એકલો પતિ રાજી થાય તો આલોક અને પરલોકનો અર્થ સરે છે. (૯૯). એક માત્ર પતિ એ જ મારો ભગવાન, મારું તીર્થ, મારો ગુરુ એમ બધું એ જ છે એવું જે ખરેખર નિશ્ચિતરૂપથી માને છે તે સતી બધાના વંદનને પાત્ર છે.① (૧૦૦).

જ્યાં સુધી પતિ જીવતો હોય ત્યાં સુધી જ સતી પવિત્ર ગણાય છે. પતિના મૃત્યુથી એ પ્રેતની જેમ અસ્પૃશ્ય ગણાય છે. (૧૦૧). પતિ વિનાની સ્ત્રીને સદા અમંગલ જાણવી. એ વિધવા સ્ત્રી ખરેખર પ્રેત જેવી છે. એમાં પણ સંતાન વિનાની વિધવા સ્ત્રીને તો તદ્દન અમંગલ જાણવી. (૧૦૨). જો બહારગામ જતી વખતે વિધવા સ્ત્રી મળે તો એ મરણ સૂચવે છે એ વાત નક્કી છે. પણ જો એ પુત્રવાળી હોય તો શુભ સૂચવે છે. (૧૦૩). જો બહાર જતી વખતે માતા પુત્રને સામે મળે તો એ એ પુત્રનું ચોક્કસ કલ્યાણ કરે અને એનું જરાપણ અશુભ થાય

નહિ. (૧૦૪). પુત્ર વગરની સ્ત્રી વંદનને યોગ્ય નથી. એની આશિષ લેવી નહિ. એથી અશુભ થાય છે. (૧૦૫).

એવી સ્ત્રીની ગાળોથી ચોક્કસ મૃત્યુ થાય માટે બુદ્ધિશાળી પુરુષ એને કદી પણ હેરાન કરે નહિ. (૧૦૬). દેહના વૈભવનું શું મહત્ત્વ? સ્ત્રીનું સુખ તો એનો પતિ જ છે. પતિ મૃત્યુ પામે તો સતી એની સાથે સહગમન કરીને એને રસ્તે જાય છે. (૧૦૭). જેમ વીજળી મેઘ સાથે અને ચાંદની ચંદ્ર સાથે જ જાય છે તેમ પતિવ્રતા સ્ત્રી પણ પતિ સાથે જ અગ્નિ પ્રવેશ કરે છે. (૧૦૮). આ શ્રુતિ અને સ્મૃતિ દ્વારા માન્ય થયેલો મહાન ધર્મ છે. આ દ્વારા પતિ ભકત સતી બેતાળીસ કુળને તારે છે. (૧૦૯). પતિનું મૃત્યુ થતાં જે સતી સ્ત્રી એની સાથે સહગમન કરે છે તે ડગલે ને પગલે હજાર અશ્વમેધયજ્ઞનું ફળ પામે છે. (૧૧૦).

પોતાનો પતિ પાપી હોય અને એનું મૃત્યુ થતાં યમદૂતોએ એને નરકમાં લઇ જવા માટે બાંધ્યો હોય તો પણ જો એની પત્ની સહગમન કરે તો જેમ સમડી સાપને આકાશમાં લઇ જાય તેમ એ સતી પતિને ચોક્કસ સ્વર્ગમાં લઇ જાય છે. (૧૧૧-૧૧૨). એ સતીનું સહગમન જોઇને યમદૂતો બીકના માર્યા એના પતિને છોડી દઇને દૂરથી જ યમપુર જતા રહે છે. (૧૧૩). દેવાંગનાઓ એને દેવ વિમાનમાં બેસાડીને, એની આરતી ઉતારીને સ્વર્ગમાં લઇ જાય છે. (૧૧૪). યમના દૂતો અંદરોઅંદર વાતો કરે છે કે કાળથી પણ અમે જેટલા ડરતા નથી તેટલા સતીથી ડરીએ છીએ. (૧૧૫). સતીને જોઇને સૂર્ય પણ ડરીને ચાલે છે અને અતિ ધીમા તાપે તપે છે. અગ્નિ પણ એની ગરમી ત્યજીને ઠંડો અને સ્થિર થઇ જાય છે. (૧૧૬). નક્ષત્રને પણ એવી બીક લાગે છે કે આ સતી શું અમારું સ્થાન પડાવી લેશે? આમ સતી પતિની સાથે સ્વર્ગમાં જાય છે. (૧૧૭).

સહગમનને કારણે સતીને અનાયાસ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને પતિની સાથે સ્વર્ગમાં હંમેશને માટે સુખેથી રહે છે. (૧૧૮). શરીર પરના સાડા ત્રણ કરોડ રોમ જે સતી અગ્નિમાં સ્વધર્મથી હોમી દે છે તેને ખરેખર અગણિત ફળ મળે છે. (૧૧૯). પ્રત્યેક રોમના બદલામાં એ કરોડ વરસ પતિની સાથે આનંદ અને સન્માનપૂર્વક સ્વર્ગમાં રહે છે. (૧૨૦). પતિની પાછળ જઇને સતી સ્ત્રી દિવ્ય સીડી રચીને પોતાના બેતાળીસ કુળને તારે છે. (૧૨૧). જો કુળમાં આવી સતી જન્મે તો એ પહેલાંના અને પછીનાં એકવીસ કુળને તારે છે. ધન્ય છે એનાં માતા પિતાને અને ધન્ય છે એના પતિને. (૧૨૨).

સહગમનનું પુણ્ય ધન્ય કરી દેનારું છે. મેં તને પતિવ્રતાપણાનું ફળ કહ્યું. હવે હું તને વ્યભિચારિણી સ્ત્રીને શું ફળ મળે તે કહું છું તે તું સાંભળ. (૧૨૩). અરેરે ! આ દુરાચારમાં પડેલી સ્ત્રી આ લોકમાં અને પરલોકમાં અનર્થને પામે છે. વ્યભિચારનું બીજું ફળ શું મળે? એ નરકને રસ્તે જાય છે. (૧૨૪). આવી દુરાચારિણી સ્ત્રી સ્વર્ગમાં વસતા હોય એવા પૂર્વનાં એકવીસ અને પછીનાં એકવીસ કુળને નરકમાં લઇ જાય છે. (૧૨૫). આ શરીર ઉપરનાં સાડા ત્રણ કરોડ રોમ જેટલાં વર્ષો સુધી આવી સ્ત્રી પતિ સાથે પૂર્વજોને નરકમાં લઇ જાય છે. (૧૨૬).

પતિવ્રતા સ્ત્રીના સ્પર્શથી પૃથ્વી (ધરા) પવિત્ર થાય છે એટલે પૃથ્વી પણ પતિવ્રતા સ્ત્રીના પગનો સ્પર્શ ઇચ્છે છે. (૧૨૭). સૂર્ય અને ચંદ્ર પણ એવી ઇચ્છા રાખે છે કે મારા સદ્‌ભાગ્યે મારાં કિરણો પણ સતીનો સ્પર્શ કરે

તો સારું જેથી હું પાવન થાઉં. (૧૨૮). વાયુદેવતા, વરુણ દેવતા અને અન્ય દેવો પણ સતીના સ્પર્શથી પવિત્ર થાય છે અને એમની દૃષ્ટિ પણ પવિત્ર થાય છે. (૧૨૯). રૂપાળી અને લાવણ્યયુકત સ્ત્રીઓ તો ઘરે ઘરે જોવા મળે છે પણ એનો શો અર્થ? એના કરતાં તો કુળને મુક્તિ અપાવનારી એક જ સતી સ્ત્રી હોય તો તે પૂરતી છે. (૧૩૦).

જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી હોય એ ઘર અને વર બન્ને પુણ્યશાળી છે. સાત જન્મનાં પુણ્ય ફળે ત્યારે પતિવ્રતા સ્ત્રી મળે છે. (૧૩૧). સતીના સંગથી પુરુષ ચારે પુરુષાર્થ મેળવે છે. પુણ્ય હોય તેને આવી વિશુદ્ધ અંત:કરણવાળી સતી સાંપડે છે.② (૧૩૨). જેના ઘરમાં આવી સતી સ્ત્રી નથી તે પુરુષનું કરેલું બધું પુણ્યકાર્ય નિષ્ફળ જાય છે. યજ્ઞ વગેરે કર્મો પણ અર્થ વગરનાં બની રહે છે. એના ધર્મકાર્યમાં પણ કોઇ ભલીવાર આવતો નથી. (૧૩૩). જેના ઘરની સ્ત્રી સતી નથી તે ઘર ઘર નથી પણ ઘોર જંગલ છે. એવા પુરુષનો જન્મ નકામો જાય છે અને એ કર્મથી બંધાયેલા ચોર સમાન છે. (૧૩૪). જેના ઘરમાં આવી સતી સ્ત્રી હોય છે તેનું પુણ્ય સાર્થક છે. તેના સંગથી પુત્ર પ્રાપ્તિ થાય છે અને ધન્ય એવો પરલોક મળે છે. (૧૩૫). સતી વગરના પુરુષે કરેલું ધર્મકાર્ય નકામું નીવડે છે. એના કર્મમાં કોઇ ભલીવાર આવતો નથી અને તેના સ્વર્ગમાં રહેતા પિતૃઓનું પણ પતન થાય છે. (૧૩૬).

સતીના દર્શનથી મળતું પુણ્ય તો ગંગાસ્નાનના પુણ્યથી પણ વધારે છે. આવી સતી સાત જન્મોનાં પાપને હરનારી અને પાપીને પાવન કરનારી છે. એને ધન્ય છે. (૧૩૭). આમ બૃહસ્પતિએ દેવોને સૌભાગ્યવતી સ્ત્રીના ધર્મો કહ્યા. હવે પછી વિધવા સ્ત્રીનો આચારધર્મ કહેશે. જે હવે પછી સાંભળવા મળશે એમ **રંગ** કહે છે. (૧૩૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સ્ત્રીધર્મનિરૂપણે સુવાસિની ધર્મકથન'** નામનો **પંચાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૫

(૧) સૌભાગ્યવતી સ્ત્રીના આચારધર્મો વાંચતાં બહેનોમાં સહેજે એવી ભાવના જન્મે કે પુરુષોએ શાસ્ત્રો લખ્યાં તેથી બધા નિયમો અને નિયંત્રણો સ્ત્રી માટે જ રાખ્યાં. આ બધા નિયમોમાં તો સ્ત્રી પત્ની મટીને ગુલામડી બની જાય એવું પણ લાગે. આનો જવાબ શ્રીહરિભાઇ કોઠારીએ ખૂબ જ સરસ આપ્યો છે. એમણે કહ્યું છે કે આપણે

ઘરમાં કોલસાની ગૂણને ઘરની પાછળ ખુલ્લી જગામાં રાખીએ છીએ જ્યારે હીરાના દાગીનાને કબાટમાં અને તેમાં પણ ચોરખાનામાં રાખીએ છીએ. નિયમ એવો છે કે જે વસ્તુ કિંમતી હોય, મહત્ત્વની હોય, એના પર નિયંત્રણો વધુ હોય. સ્ત્રી એ સમાજનો અને સંસ્કૃતિનો પાયો છે. ગીતામાં કહ્યું છે કે 'સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકર : ||' જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. (અધ્યાય-૧/શ્લોક-૪૧)

ખરાબ પુરુષને સારી સ્ત્રી સુધારી શકે પરંતુ ખરાબ સ્ત્રીને સારો પુરુષ ન સુધારી શકે. વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને એ બધા દોહરાના શબ્દાર્થ સાથે તેનો ભાવાર્થ, લક્ષ્યાર્થ ધ્યાનમાં લેવો હિતાવહ છે.

(૨) જો પત્ની અનુકૂળ અને સતી હોય તો ઘરનું વાતાવરણ આનંદિત રહે છે. સંસ્કારી માતા સંતાનોમાં સારા સંસ્કારો રેડી શકે. "કહે નેપોલિયન દેશને કરવા આબાદાન, સાચી રીત તો એ જ છે કે દો માતાને જ્ઞાન." બાળક ઉપર માતાની ઘેરી અસર હોય છે. બાળકના ચારિત્ર્ય ઘડતરમાં માતાનો ખૂબ ફાળો હોય છે. એક સંસ્કૃત સુભાષિતમાં સાચું કહ્યું છે :

દુ:શીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા |
કાર્પણ્યં વંશદોષેણ આત્મદોષેણ દરિદ્રતા ||

બાળકનું ચારિત્ર્ય ખરાબ હોય તો એ માટે માતા દોષિત છે. બાળક મૂર્ખ હોય તો તે માટે પિતા દોષિત છે, બાળક કંજૂસ હોય તો એ વંશનો દોષ છે અને દરિદ્રી હોય તો એનો પોતાનો દોષ છે.

●

તો સારું જેથી હું પાવન થાઉં. (૧૨૮). વાયુદેવતા, વરુણ દેવતા અને અન્ય દેવો પણ સતીના સ્પર્શથી પવિત્ર થાય છે અને એમની દૃષ્ટિ પણ પવિત્ર થાય છે. (૧૨૯). રૂપાળી અને લાવણ્યયુકત સ્ત્રીઓ તો ઘરે ઘરે જોવા મળે છે પણ એનો શો અર્થ? એના કરતાં તો કુળને મુક્તિ અપાવનારી એક જ સતી સ્ત્રી હોય તો તે પૂરતી છે. (૧૩૦).

જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી હોય એ ઘર અને વર બન્ને પુણ્યશાળી છે. સાત જન્મનાં પુણ્ય ફળે ત્યારે પતિવ્રતા સ્ત્રી મળે છે. (૧૩૧). સતીના સંગથી પુરુષ ચારે પુરુષાર્થ મેળવે છે. પુણ્ય હોય તેને આવી વિશુદ્ધ અંત:કરણવાળી સતી સાંપડે છે.② (૧૩૨). જેના ઘરમાં આવી સતી સ્ત્રી નથી તે પુરુષનું કરેલું બધું પુણ્યકાર્ય નિષ્ફળ જાય છે. યજ્ઞ વગેરે કર્મો પણ અર્થ વગરનાં બની રહે છે. એના ધર્મકાર્યમાં પણ કોઇ ભલીવાર આવતો નથી. (૧૩૩). જેના ઘરની સ્ત્રી સતી નથી તે ઘર ઘર નથી પણ ઘોર જંગલ છે. એવા પુરુષનો જન્મ નકામો જાય છે અને એ કર્મથી બંધાયેલા ચોર સમાન છે. (૧૩૪). જેના ઘરમાં આવી સતી સ્ત્રી હોય છે તેનું પુણ્ય સાર્થક છે. તેના સંગથી પુત્ર પ્રાપ્તિ થાય છે અને ધન્ય એવો પરલોક મળે છે. (૧૩૫). સતી વગરના પુરુષે કરેલું ધર્મકાર્ય નકામું નીવડે છે. એના કર્મમાં કોઇ ભલીવાર આવતો નથી અને તેના સ્વર્ગમાં રહેતા પિતૃઓનું પણ પતન થાય છે. (૧૩૬).

સતીના દર્શનથી મળતું પુણ્ય તો ગંગાસ્નાનના પુણ્યથી પણ વધારે છે. આવી સતી સાત જન્મોનાં પાપને હરનારી અને પાપીને પાવન કરનારી છે. એને ધન્ય છે. (૧૩૭). આમ બૃહસ્પતિએ દેવોને સૌભાગ્યવતી સ્ત્રીના ધર્મો કહ્યા. હવે પછી વિધવા સ્ત્રીનો આચારધર્મ કહેશે. જે હવે પછી સાંભળવા મળશે એમ **રંગ** કહે છે. (૧૩૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સ્ત્રીધર્મનિરૂપણે સુવાસિની ધર્મકથન'** નામનો **પંચાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૫

(૧) સૌભાગ્યવતી સ્ત્રીના આચારધર્મો વાંચતાં બહેનોમાં સહેજે એવી ભાવના જન્મે કે પુરુષોએ શાસ્ત્રો લખ્યાં તેથી બધા નિયમો અને નિયંત્રણો સ્ત્રી માટે જ રાખ્યાં. આ બધા નિયમોમાં તો સ્ત્રી પત્ની મટીને ગુલામડી બની જાય એવું પણ લાગે. આનો જવાબ શ્રીહરિભાઇ કોઠારીએ ખૂબ જ સરસ આપ્યો છે. એમણે કહ્યું છે કે આપણે

ઘરમાં કોલસાની ગૂણને ઘરની પાછળ ખુલ્લી જગામાં રાખીએ છીએ જ્યારે હીરાના દાગીનાને કબાટમાં અને તેમાં પણ ચોરખાનામાં રાખીએ છીએ. નિયમ એવો છે કે જે વસ્તુ કિંમતી હોય, મહત્ત્વની હોય, એના પર નિયંત્રણો વધુ હોય. સ્ત્રી એ સમાજનો અને સંસ્કૃતિનો પાયો છે. ગીતામાં કહ્યું છે કે 'સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકર : ||' જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. (અધ્યાય-૧/શ્લોક-૪૧)

ખરાબ પુરુષને સારી સ્ત્રી સુધારી શકે પરંતુ ખરાબ સ્ત્રીને સારો પુરુષ ન સુધારી શકે. વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને એ બધા દોહરાના શબ્દાર્થ સાથે તેનો ભાવાર્થ, લક્ષ્યાર્થ ધ્યાનમાં લેવો હિતાવહ છે.

(૨) જો પત્ની અનુકૂળ અને સતી હોય તો ઘરનું વાતાવરણ આનંદિત રહે છે. સંસ્કારી માતા સંતાનોમાં સારા સંસ્કારો રેડી શકે. "કહે નેપોલિયન દેશને કરવા આબાદાન, સાચી રીત તો એ જ છે કે દો માતાને જ્ઞાન." બાળક ઉપર માતાની ઘેરી અસર હોય છે. બાળકના ચારિત્ર્ય ઘડતરમાં માતાનો ખૂબ ફાળો હોય છે. એક સંસ્કૃત સુભાષિતમાં સાચું કહ્યું છે :

દુ:શીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા |
કાર્પણ્યં વંશદોષેણ આત્મદોષેણ દરિદ્રતા ||

બાળકનું ચારિત્ર્ય ખરાબ હોય તો એ માટે માતા દોષિત છે. બાળક મૂર્ખ હોય તો તે માટે પિતા દોષિત છે, બાળક કંજૂસ હોય તો એ વંશનો દોષ છે અને દરિદ્રી હોય તો એનો પોતાનો દોષ છે.

●

અધ્યાય : ૮૬

આ અધ્યાયનું નામ **'વિપ્રપ્રેતોજ્જીવન'** છે. આ અધ્યાયમાં **૧૯૪** દોહરા છે.

આ અધ્યાયમાં કયારે સ્ત્રીએ સહગમન ના કરવું એનું વર્ણન કર્યું છે. સ્ત્રી ગર્ભવતી હોય કે નાનું ધાવણું બાળક હોય અથવા પતિ ખૂબ દૂર મૃત્યુ પામ્યો હોય કે એનું શબ મળતું ન હોય તો સહગમન કરવું નહિ. (૧-૬).

આવા સંજોગોમાં સ્ત્રીએ વૈધવ્યના નિયમો પાળવા અને એ નિયમો પાળવાથી એને સહગમનનું જ પુણ્ય મળે છે. માથે વાળ રાખવા નહિ, એક ધાન્યનું ભોજન કરવું, આકરાં વ્રતો કરવાં વગેરે, ટૂંકમાં જીવન સાદું અને સાત્ત્વિક બનાવી દેવું. (૭-૬૧).

તપસ્વીની વાત સાંભળીને સાવિત્રીએ કહ્યું કે મારે માટે સહગમન જ યોગ્ય છે. એમ કહી તપસ્વીને વંદન કર્યાં. તપસ્વીએ એને પ્રારબ્ધ અને મૃત્યુ વિશેનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું. (૬૨-૮૧). 'તું ગુરુનાં દર્શન કરીને પછી સહગમન કર.' એમ કહીને તપસ્વીએ શબના માથે ભસ્મ ચોળી. એને ચાર રુદ્રાક્ષ આપ્યા અને કહ્યું કે બે રુદ્રાક્ષ કાને અને બે કંઠે બાંધી દે. ગુરુનાં દર્શને જાય ત્યારે રુદ્રસૂક્તથી ગુરુનો અભિષેક થતો હશે તો એ તીર્થ તારા પતિના શબ ઉપર છાંટજે અને પછી સહગમન કરજે. (૮૨-૮૭).

આમ કહીને તપસ્વી જતો રહ્યો. સતી સાવિત્રી સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરીને સહગમનની તૈયારી કરી ગુરુનાં દર્શને ગઇ. જઇને શ્રીગુરુને પ્રણામ કર્યા એટલે શ્રીગુરુએ 'સૌભાગ્યવતી ભવ' અને 'આઠ પુત્રોની મા થા' એવા આશીર્વાદ આપ્યા. બધાએ એના પતિના મૃત્યુની વાત કરી તો શ્રીગુરુએ એનું શબ મંગાવી એના પર અમીદૃષ્ટિ ફેંકતાં જ તે જીવતો થઇ ગયો. બધે આનંદ આનંદ થઇ ગયો. એક લુચ્ચા બ્રાહ્મણે આવું કેવી રીતે બની શકે એમ પૂછ્યું ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તેના હવે પછીના જન્મમાં જે આયુષ્ય હતું તેમાંથી મેં ત્રીસ વર્ષ ઉછીનાં લીધાં છે. આવતે જન્મે એટલું આયુષ્ય ઓછું ભોગવશે. (૮૮-૧૯૪).

રંગ કહે છે કે બૃહસ્પતિ ગુરુનાં એવાં વચનો સાંભળીને દેવોના સમૂહે જે ભાવપૂર્વક પૂછ્યું તે કથા આગળ સાંભળો. (૧). જો પતિવ્રતા સ્ત્રીની હાજરીમાં એનો પતિ મૃત્યુ પામે તો પત્નીએ ધીરજ ધરીને, ગભરાયા વિના સહગમન કરવું. (૨). દેવોએ પૂછ્યું કે જો કદાચ સ્ત્રી ગર્ભવતી હોય અથવા એને નાનું ધાવણું બાળક હોય અથવા પતિ એનાથી દૂર કોઇ સ્થળે મૃત્યુ પામે તો સતીએ તરત શું કરવું જોઇએ? (૩). દેવગુરુ બૃહસ્પતિએ કહ્યું કે એ વિશે હું તમને વિસ્તારપૂર્વક કહું છું તે તમે વિતંડાવાદ અને અભિમાન ત્યજીને સાવધાન થઇને સાંભળો. (૪).

જો સતીની પાસે જ પતિ મૃત્યુ પામે તો એણે સહગમન કરવું. પરંતુ જો પતિનું શબ મળતું ના હોય અથવા સતી ગર્ભવતી હોય અથવા એને નાનું ધાવણું બાળક હોય તો સહગમન કરવામાં પાપ છે. જો પતિ ખૂબ દૂર મૃત્યુ પામ્યો હોય તો પણ સતીએ સહગમન કરવું નહિ. (૫-૬). આવી સ્થિતિમાં એ જ્યાં સુધી જીવે ત્યાં સુધી

વૈધવ્ય પાળે અને એવા વૈધવ્યના પાલનથી પણ એને સહગમન જેટલું જ પુણ્ય મળે છે. (૭). વિધવાના ધર્મો પાળવામાં ઘણું પુણ્ય રહેલું છે. પતિનું મૃત્યુ થતાં સતી માથાનું મુંડન કરાવે છે. (૮). જે વિધવા સ્ત્રી વાળ રાખે છે તેની દુર્ગતિ થાય છે અને પતિને પોતાના વાળથી બાંધીને નરકમાં નાંખે છે. (૯). માટે વિધવા સ્ત્રી નિયમિત રીતે હંમેશાં વાળ કઢાવી નાંખે, દિવસે એક જ વાર જમે અને માથું પલાળીને સ્નાન કરે. (૧૦).

એણે ખાસ કરીને કોઇ એક જ ધાન્યનું ભોજન કરવું અને જો શારીરિક શકિત હોય તો ભકિતપૂર્વક ત્રણ દિવસના ઉપવાસ કરવા. (૧૧). જો એ પાંચ દિવસ કે પખવાડિયું ઉપવાસ કરી શકે તો તો એને ધન્ય છે. અથવા ભકિતભાવથી ચાંદ્રાયણ વ્રત કરે તો તો એ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. (૧૨). શુકલપક્ષના પડવાના દિવસે ચંદ્ર ઊગે ત્યારે એક કોળિયો ખાય પછી એક એક કોળિયો વધારતા જવું અને પૂનમના દિવસે પંદર કોળિયા ભોજન કરવું. (૧૩). કૃષ્ણપક્ષમાં રોજ રોજ એક એક કોળિયો ઘટાડતા જવું અને અમાસના દિવસે બિલકુલ ખાવું નહિ અથવા એક કોળિયો ખાવું. આ રીતે વ્રત કરવું. (૧૪). વૃદ્ધ કે અશકત હોય તેણે એક જ ધાન્યનું ભોજન લેવું અથવા ફળાહાર કરવો અથવા હંમેશાં શાકભાજી લેવાં જોઇએ. (૧૫).

જેનાથી શરીર ટકી રહે અને શ્વાસોચ્છશ્વાસ અતૂટપણે ચાલ્યા કરે એટલું દૂધ પીવું. વધારે પડતું દૂધ લેવું નહિ. (૧૬). એણે ભૂમિશયન કરવું. પલંગ પર અથવા સુખશૈયા સજાવીને સૂનારી સ્ત્રી પતિ સાથે રૌરવ નરકમાં જાય છે. (૧૭). એણે મંગલ દ્રવ્યોથી સ્નાન કરવું નહિ અથવા એવાં દ્રવ્યોથી શરીરને માલિસ કરવી નહિ. વિધવા સ્ત્રીએ અત્તર, ફૂલ, પાન અને માથામાં નાંખવાના તેલનો સદંતર ત્યાગ કરવો. (૧૮). જો એ પુત્ર વિનાની હોય તો એણે હંમેશાં તલ, દર્ભ અને જળ લઇને, નામ તથા ગોત્રનો ઉચ્ચાર કરીને પિતૃતર્પણ કરવું. (૧૯). એણે વિષ્ણુને પોતાનો પતિ માનીને હંમેશાં પૂજા કરવી. સ્મૃતિમાં વિધવા સ્ત્રી માટે વિષ્ણુને પતિ માનવામાં આવ્યો છે. (૨૦). પતિ જીવતો હોય ત્યારે જેમ સ્ત્રી એની આજ્ઞા મુજબ વર્તે તેમ વિધવા થાય ત્યારે વિષ્ણુની આજ્ઞા પ્રમાણે જીવવું. અથવા ધર્મનિષ્ઠ સજ્જન બ્રાહ્મણની કે સદ્‌ગુરુની આજ્ઞામાં રહીને વ્રતાદિ કરવાં અથવા યાત્રાદિ કરવી. (૨૧-૨૨).

સૌભાગ્યવતી હતી ત્યારે જે વસ્તુઓ ખૂબ પ્રિય હતી તે બધી વસ્તુઓ સુપાત્ર બ્રાહ્મણને આપવી. (૨૩). વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરીને મહા મહિનામાં સ્નાન કરવું. કારતક મહિનામાં દીપનું દાન કરવું. વૈશાખમાં પરબ બેસાડવી. લોકોને પાણી પાવું. (૨૪). બ્રાહ્મણને શકિત અનુસાર ભોજન, વસ્ત્ર, દક્ષિણા વગેરે આપવાં. (૨૫). મહા મહિનામાં બ્રાહ્મણને ઘી અને તલ આપવાં અને વૈશાખ માસમાં નિર્જન સ્થળમાં પરબ બેસાડવી. (૨૬). શંકર ઉપર શુદ્ધ જળની ગળતી મૂકી ચંદન, પુષ્પ, અગરબત્તીથી શિવજીની પ્રેમથી પૂજા કરવી. (૨૭). બ્રાહ્મણના ઘરે યથાશકિત સ્વેચ્છાએ પાણી ભરવું અને બ્રાહ્મણ તથા અતિથિને શકિત અનુસાર ભોજન આપવું. (૨૮). જાત્રાળુને છત્રી તથા પાદુકા આપે અને ઘરે આવતા બ્રાહ્મણના પગ ધૂએ, ભાવપૂર્વક પંખો નાંખે, વસ્ત્ર આપે અને ચંદન, અગરબત્તી, પાન વગેરે માનપૂર્વક આપે. (૨૯-૩૦).

પોતાની શકિત પ્રમાણે પાણી પીવાનું પાત્ર, દ્રાક્ષ, કેળાં, ગોળનું ઠંડું શરબત તરત જ આપે. (૩૧). પતિના નામનો ઉચ્ચાર કરીને, સંકલ્પ મૂકીને સાત્ત્વિક બ્રાહ્મણને તે તે વસ્તુ દાનમાં આપે. (૩૨). કારતક

મહિનામાં જવનું ભોજન કરે અથવા કોઇ પણ એક ધાન્યનું ભોજન કરે. તદુપરાંત અડદ, મધ, તેલ, મીઠું અને રીંગણ ન ખાય. (૩૩). કાંસાંના વાસણમાં જમે નહીં, કઠોળ ખાય નહીં. પોતાના મનને શુદ્ધ રાખીને આખો મહિનો પસાર કરે. (૩૪). એ આ સમયે ખાખરાના પત્રમાં જમવાનું રાખે. પછી વ્રતની સમાપ્તિમાં તેનું ઉધાપન કરે. આમ જે જે વ્રતો પાળ્યાં હોય તે બધાંનું ઉધાપન કરવું. (૩૫).

બ્રાહ્મણને ઘીથી ભરેલું કાંસાંનું પાત્ર આપવું. પોતે ભૂમિ પર સૂઇને બ્રાહ્મણને પલંગ આપે. (૩૬). જે જે વસ્તુનો વપરાશ કરવાનું બંધ કરે તે તે વસ્તુ ભક્તિપૂર્વક બ્રાહ્મણને આપી દે. એક મહિનો રસનો ત્યાગ કરીને બ્રાહ્મણને દક્ષિણા સાથે આપવો. (૩૭). ચાર મહિના પંચામૃતનો ત્યાગ કરીને પછી બ્રાહ્મણને અલંકારયુકત ગાય આપીને વ્રતનું ઉધાપન કરે. (૩૮). આ બધાં દાનમાં અનંત ફળને આપનારું દીપદાન ખાસ કરવું. એની સરખામણીમાં બીજું કોઇ દાન તલમાત્ર આવતું નથી. (૩૯). મહા મહિનામાં મળસ્કે સૂર્ય અડધો ઊગ્યો હોય ત્યારે એક માસ સુધી નિયમથી માઘસ્નાન કરે. એ મહાન માઘવ્રત છે. (૪૦). પોતાની શક્તિ અનુસાર તલના લાડુ, ખજૂર અને પકવાન આપે. એમાં વિત્તશાઠ્ય ન કરે. (૪૧). શક્તિને ધ્યાનમાં રાખીને ઘીમાં તળેલા માલપૂઆ ઉપર મરી ભભરાવીને સાકર સાથે આપે, યથાશક્તિ દીપદાન કરે અને સાચા તપસ્વીને જમાડે. (૪૨).

હેમંત ઋતુમાં વસ્ત્રો, કામળો, લાકડાં વગેરે ઠંડી ઉડાડવા માટે શક્તિ પ્રમાણે આપે. (૪૩). વિદ્વાન બ્રાહ્મણને, નિરાંતે મજાની ઊંઘ આવે એવો પલંગ, ગાદલાં અને શાલ આપે. (૪૪). ઠંડી દૂર કરે એવાં સૂંઠ વગેરે ગરમ ઔષધ અને ઇલાયચી સાથેનું પાન વગેરે બ્રાહ્મણને આપે. (૪૫). એક વર્ષ સુધી સારી રીતે ઘર ચાલે એટલું અનાજ બ્રાહ્મણને ભરી આપે અને તીર્થમાં રહેનારને પાદુકા આપે. (૪૬).

ભગવાન વિષ્ણુનું ચંદન, ફૂલ અને અગરબત્તીથી પૂજન કરે અને પરબ્રહ્મ-ચિન્મય એવા ભગવાન પાર્વતી અને શંકરનું રુદ્રાભિષેકથી અર્ચન કરે અને ધૂપ, દીપ તથા નૈવેદ્યથી ભગવાન શિવ-શંકરનું પૂજન કરે. શંકરને દીપમાળ ઉપર વિશેષ પ્રેમ હોય છે. (૪૭-૪૮). હૃદયમાં પતિસ્વરૂપે નારાયણનું ચિંતન કરી એનું અનન્ય ભાવથી પૂજન કરતાં તે જ ક્ષણે પાપો નાશ પામે છે. (૪૯). આ બધા નિયમોનું પાલન કરીને જીવે. વિધવા સ્ત્રી બળદ પર ના બેસે, ચોળી પહેરે નહિ અને હંમેશાં સફેદ વસ્ત્રો જ પહેરે. (૫૦). લાલ, કાળાં એવાં ચિત્ર વિચિત્ર વસ્ત્રો પહેરવાથી પાપ લાગે છે. જો વિધવાને પુત્ર હોય તો પુત્ર કહે તે રીતે વર્તે. (૫૧). પુત્રને વેદ આત્મા જ કહે છે અને એ પિતાનો પ્રતિનિધિ છે. માટે પુત્રની સંમતિથી વ્રત વગેરે કરવાં. (૫૨).

આ રીતે વેદ અને શાસ્ત્રોમાં જણાવેલા વિધવાના ધર્મો જે શ્રદ્ધાભક્તિથી પાળે છે તે પણ સહગમનનું જ પુણ્ય મેળવે છે. (૫૩). પોતાનો પાપી પતિ તેના પોતાના કર્મને લીધે યમલોકમાં કે નરકમાં જાતજાતનાં દુ:ખો ભોગવતો હોય પણ જો તેની વિધવા પત્ની ઉત્તમ ચારિત્ર્યથી જીવે તો એ પત્ની પોતાના મૃત્યુ પછી પતિને લઇને સ્વર્ગમાં જાય છે. (૫૪-૫૫). બૃહસ્પતિએ દેવોને કહ્યું કે ધન્ય છે આ લોપામુદ્રાને. પતિવ્રતાઓમાં અગ્રણી ગણાતી સતીઓમાં શિરોમણિ એ સુધન્ય ધન્ય ધન્ય છે. (૫૬). જે જે સ્ત્રીઓ પતિવ્રતા છે તે બધી ગંગા સમાન પવિત્ર છે અને એનો પતિ શંકર સમાન છે. આમ બંને વંદનીય છે. (૫૭). હે સતી ! આ બંને ધર્મો (બૃહસ્પતિ) ગુરુએ (દેવોને) કહ્યા હતા તે મેં તને કહી સંભળાવ્યા છે. એમાંથી તને જે ગમે (જે અનુકૂળ જણાય) તે તું સ્વીકાર

અને તે પ્રમાણે કર. (૫૮). બધાં દુ:ખોને ભૂલીને તું હૃદયથી મારી વાણી પર વિચાર કર. પરલોકના જે બે રસ્તા છે તે બંને મેં તને ઝડપથી કહી સંભળાવ્યા છે. (૫૯). તારામાં ધીરજ હોય તો શ્રેષ્ઠ એવું સહગમન કર અથવા એના જેવો જ પુણ્યશાળી વૈધવ્યધર્મ પાળ. (૬૦).

હે સતી ! તને આમાં શું અનુકૂળ છે? આવું બોલીને સુંદર શરીરધારી તપસ્વીએ એના માથા પર પ્રેમથી હાથ મૂક્યો. (૬૧). એ વચનો સાંભળીને વિનયથી અને નમ્રતાપૂર્વક ભક્તિથી ગદ્‌ગદ્ થઇને યોગીશ્વર-તપસ્વી પ્રત્યે (એ સતી) બોલી કે હે યોગેશ્વર ! તમારો જય હો ! તું જ મારો પિતા છે, તું જ મારી માતા છે, તું જ મારો સગો છે, તું જ મારો ભાઇ છે અને તું જ મારો પરમેશ્વર છે. હે કરુણાના સાગર ! તેં મારો શોક તરત જ દૂર કરી દીધો છે. (૬૨-૬૩). હું પારકા પ્રદેશમાં આવી છું. અહીં મારો કોઇ સગો નથી. આખર સમયે તું મને મળ્યો છે. તું જ મારો સગો પણ છે અને મિત્ર પણ છે. (૬૪). તેં મને બે રસ્તા બતાવ્યા પણ તે પૈકી વિધવા તરીકે જીવવામાં બહુ મુશ્કેલી છે. એ ધર્મ પાળવો એ તલવારની ધાર પર ચાલવા જેવું છે અને એ મને તદ્દન અશકય લાગે છે. (૬૫).

હું નવજુવાન અને રૂપે દેખાવડી છું. એટલે નિંદા અને આળ વગેરેથી જીવન કલંકિત થશે. (૬૬). હે સ્વામી ! આ ઘોર કળિયુગ ચારે દિશામાં વ્યાપ્યો છે. એ પુણ્ય હરી લે તેમ છે. એટલે એ બીકે હું હૃદયમાં ડરું છું. એટલે વિધવા તરીકે જીવવાની મારી ઇચ્છા નથી. (૬૭). અનંત પુણ્ય આપનારું સહગમન મને ગમે છે. એટલે સંતોષપૂર્વક હું પતિ સાથે અગ્નિપ્રવેશ કરું. (૬૮). આમ કહીને તપસ્વીને પ્રણામ કરી, એના પગ પર માથું મૂક્યું અને કહ્યું કે બાપજી ! હું તો સંસારમાં ડૂબેલી છું. હે યતીશ્વર ! તું મને તાર, મારો ઉદ્ધાર કર. (૬૯). એને ઉઠાડીને અને માથે અભયકર મૂકીને તપસ્વીએ કહ્યું કે હે સુંદરી ! ભલે ! તું સહગમન કર. જે સ્થાન તારા પતિનું છે તે જ તારું પણ સ્થાન છે એમ સમજ. તું તારા પતિની પાછળ અગ્નિપ્રવેશ કર. બીજું તને ખાસ કહું છું તે સાંભળ. (૭૦-૭૧). તું તારા પતિનું આરોગ્ય સારું થાય એ હેતુથી આટલે બધે દૂરથી ગુરુનાં દર્શને ભક્તિભાવથી આવી છે. (૭૨). નસીબમાં જે લખ્યું હતું તે થયું અને કાળને તો કોઇ જીતી શકતું જ નથી. આ બધું ભગવાનની ઇચ્છા મુજબ જ થાય છે. એને કોઇ બદલી શકે એમ નથી. (૭૩).

બ્રહ્મા-વિધિ-એ લખેલું કદાપિ ટળતું નથી અને જે ભાવિ નિર્માણ થયું હોય છે તે તો જે તે સમયે બને જ છે. એને માટે શોક કરવો નિરર્થક છે. (૭૪). અરે ! હરિશ્ચંદ્ર રાજાએ અંત્યજના ઘરમાં પાણી ભરવું પડ્યું અને બળવાન એવો બલિરાજા પાતાળમાં ચંપાયો. (૭૫). જેનું આયુષ્ય છ કરોડ વર્ષનું હતું તે રાવણ પણ આખરે ચાલ્યો ગયો અને દુર્યોધન પણ જતો રહ્યો.① (૭૬). જેને પોતાની ઇચ્છા પ્રમાણે મૃત્યુ મળે એવું વરદાન મળ્યું હતું તે ભીષ્મ પણ રણમાં ઘવાઇને મૃત્યુ પામ્યા અને ભગવાન કૃષ્ણથી રક્ષાએલા પરીક્ષિતને પણ તક્ષક નાગ કરડ્યો. (૭૭). ભગવાનના પણ કેટકેટલા અવતારો થયા પરંતુ એ બધા પણ ક્યાં લીન થઇ ગયા ! દેવ, દાનવ, માનવ બધા જ સદાને માટે કાળને આધીન છે. (૭૮). દેવ, દાનવ, માનવ બધાને કાળ જીતે છે. પરંતુ એ કાળને જીતવો અશકય છે. માટે જ એ સ્વયં ઇશ્વર જ છે એ નક્કી જ છે અને તેથી અજેય છે. (૭૯). એક ગુરુ સિવાય કોઇ કાળને જીતી શકતું નથી અને એ સદ્‌ગુરુ પણ કેવળ ભાવને જોઇને જ પ્રસન્ન થાય છે. (૮૦). માટે તું સંગમે જઇ ગુરુનાં દર્શન કરી, પતિ સાથે અગ્નિપ્રવેશ કરી તું સુખેથી પાવન થા. (૮૧). તું જ્યારે આટલે દૂરથી ગુરુદર્શન માટે

આવી જ છે તો પછી ગુરુનાં દર્શન કરીને પછી જ પતિ સાથે અગ્નિમાં પ્રવેશ કર. (૮૨).

આવું કહીને એ તપસ્વીએ તરત જ શબનાં મસ્તક પર ભસ્મ ચોળી અને સતીને ચાર રુદ્રાક્ષ આપીને ઉત્તમ વચનો કહ્યાં. (૮૩). હે સતી ! આમાંથી બે રુદ્રાક્ષ તું તારા પતિના કાને તરત જ બાંધી દે અને બાકીના બે એના કંઠે બાંધી પછી તું અગ્નિપ્રવેશ કર. (૮૪). બીજું કે તું ગુરુદર્શને જાય ત્યારે ત્યાં ભકતો રુદ્રસૂકતથી ગુરુપદ ઉપર અભિષેક કરતા હશે તો એ અભિષેકનું તીર્થ લઇને તારા શરીર પર અને તારા પતિના શબ ઉપર આખા શરીરે ભક્તિભાવથી એનું પ્રોક્ષણ કરજે અને પછી બીજું કામ કરજે. (૮૫-૮૬). સુહાસણ સ્ત્રીને પેટ ભરીને વાયનનું દાન આપીને અને બ્રાહ્મણોને ખૂબ ધન આપીને પછી તું સહગમન કરજે. (૮૭). આવું કહીને એ તપસ્વી જ્યાંથી આવ્યો હતો ત્યાં એકદમ ઝડપથી પાછો ફર્યો અને પેલી બ્રાહ્મણ સ્ત્રી એના કહ્યા મુજબ કરવા તૈયાર થઇ. (૮૮).

બ્રાહ્મણોને બોલાવીને, અંત્યેષ્ટિ સંસ્કાર કરવા ઔપાસન અગ્નિ સિદ્ધ કરાવીને, તે જ વખતે પ્રાયશ્ચિત્ત વગેરે બધા સંસ્કારો યોગ્ય વિધિ અનુસાર કરીને એ સ્ત્રીએ રેશમી સાડી પહેરી અને વિધિ અનુસાર તરત જ કપાળે હળદર લગાડી અને કુમકુમની અર્ચા કરી. (૮૯-૯૧). ઔપાસન હોમ વગેરેથી પરવારીને પતિના શબને ઢાંકીને નદી પર લઇ આવ્યા. (૯૨). હથેલીમાં અગ્નિ લઇને એ સુંદર સતી ધીરે ધીરે ચાલતી હતી. ખરેખર એને ધન્ય છે. એના ફળનું વર્ણન કોણ કરી શકે? (૯૩).

ભરજુવાની અને એકદમ દેખાવડી એવી એ સ્ત્રી અલંકારોથી લક્ષ્મી'મા'ની જેમ શોભતી હતી. (૯૪). આ બધું જોવા માટે સ્ત્રી-પુરુષોનાં ટોળે ટોળાં એકઠાં થયાં હતાં અને સતીને જોઇને હરખભેર માથું ડોલાવવા લાગ્યાં. (૯૫). એ લોકો અંદરો અંદર વાતો કરતા હતા કે આ સ્ત્રીને ધન્ય છે. આટલી નાની ઉંમરે પણ એ પતિની પાછળ અપૂર્વ ફળ આપનારું સહગમન કરે એટલે હદ થઇ કહેવાય. (૯૬). એણે ન તો પતિનું સુખ જોયું કે ન તો પુત્રનું સુખ જોયું અને તે છતાં કેટલા આનંદથી એક જીવ થઇને જાય છે ! (૯૭). ત્યાં વળી કોઇ બોલ્યું કે કોઇ આને જઇને સમજાવો અને કહો કે બહેન ! આમ નાહકનું જીવન વેડફીશ નહિ. તું તારા પિતાના ઘરે પાછી જા. આ સહગમનથી શું અર્થ સરવાનો છે? (૯૮). વળી બીજા બોલવા લાગ્યા કે ખરેખર ધન્ય છે આ પતિવ્રતાને. હે ભગવાન ! તું દરેક સ્ત્રીને આવી પવિત્ર બુદ્ધિ આપજે. (૯૯). ધન્ય છે આની માતાને અને ધન્ય છે આના પિતાને. સહગમનથી એણે બંને કુળને તાર્યાં સમજો. (૧૦૦).

સહગમનથી ડગલે ને પગલે એ અશ્વમેધયજ્ઞનું ફળ પામી છે, એમ બોલીને જય હો ! જય હો ! એવા અવાજોથી લોકોનાં ટોળાંએ ગર્જના કરી. (૧૦૧). આમ એ શાંત પતિવ્રતા સતી નદી કિનારે પહોંચી અને અગ્નિકુંડની પાસે એકાંતમાં શબ મૂકયું. (૧૦૨). વિધિ અનુસાર કવ્યાદ અગ્નિ પ્રગટાવીને સુવાસિનીને સૌભાગ્ય વાયન આપ્યાં. (૧૦૩). અનાજથી ભરેલી છાબડીમાં કબજાનું કાપડ, કાજળ, મંગલસૂત્ર, દર્પણ અને શુદ્ધ હળદર તથા કંકુ મૂકી સ્ત્રીઓને ચંદન વગેરેથી પૂજીને વિવિધ પ્રકારનાં વાયનો આપ્યાં અને બ્રાહ્મણોને ધન આપ્યું. (૧૦૪-૧૦૫).

એ સુંદર દેહવાળી સ્ત્રીએ મંદ સ્મિત કરીને બધાને આનંદથી પ્રાર્થના કરતાં કહ્યું કે હું મારા બાપના ઘરે જઉં છું તો તમે બધા મને જવાની પ્રેમથી રજા આપો. (૧૦૬). મારે તો આજે દિવાળી છે. મને તેડું આવ્યું છે તેથી

હું પતિની સાથે જઉં છું. તો હે મારાં મા-બાપ ! તમે મને આજ્ઞા આપો. (૧૦૭). પાર્વતી એ મારી મા છે અને શંકર મારા પરમ પિતા છે. એમણે અમને બંનેને પ્રેમથી બોલાવ્યાં હોવાથી અમે ત્યાં જલદી જલદી જઈએ છીએ. (૧૦૮). પોતાની સાથે પોતાને ગામથી આવેલાને એણે કહ્યું કે તમે બધા તમારા પોત પોતાના ગામે જાવ. કોઈ અમારી ચિંતા કરશો નહિ. અમારે તો આનંદ મંગલ છે. (૧૦૯). અમારાં સાસુ સસરા અમારા કુશળ સમાચાર પૂછે તો એમને આ સમાચાર કહેશો નહિ. નહિતર એ તો આ સાંભળતાં જ મરી જશે. (૧૧૦). એમને કહેજો કે એ બંને તો શ્રીગુરુની પાસે ભીમા નદીના કિનારે તીર્થમાં આનંદથી રહ્યાં છે. (૧૧૧). ગુરુદર્શનથી ક્ષેમકુશળતા પામીને, નીરોગી થઈને એ બંને આનંદથી રહે છે એવું તમે બધાં સગાં-વહાલાંને કહેજો અને પછી ઉમેરતાં કહ્યું કે હવે અમે અમારે અસલ ઘરે જઈએ છીએ. (૧૧૨-૧૧૩).

એનાં આવાં વચનો સાંભળીને બધાંને ઘણું દુ:ખ થયું. પરંતુ સતી તો હરખભેર શબ પાસે ઊભી હતી. (૧૧૪). સારાં લાકડાં, અડાયાં, છાણાં વગેરે ભેગાં કરીને એમાં જ્યાં આગ ચાંપી ત્યાં જ એને તે જ ક્ષણે યોગેશ્વરનાં વચનો યાદ આવ્યાં. (૧૧૫). શબના કાને તથા કંઠે રુદ્રાક્ષ બાંધીને પછી સતીએ સવિનય અને નમ્રતા સાથે બ્રાહ્મણવૃંદને પૂછ્યું કે મેં મારા મનથી સંકલ્પ કર્યો છે કે મારે સંગમ ઉપર જઈને એ તારક અને પૂર્ણ એવા શ્રીગુરુમૂર્તિનાં મારી આંખે દર્શન કરવાં. (૧૧૬-૧૧૭). જો તમે મને જવાની રજા આપશો તો હું ગુરુનાં દર્શન કરીને તરત જ પાછી આવીશ અને પતિની પાછળ સતી થઈશ. (૧૧૮). એનાં વચનો સાંભળીને બ્રાહ્મણોએ કહ્યું કે હે બહેન ! સૂર્યાસ્ત પહેલાં અગ્નિસંસ્કાર થઈ જાય તેમ કર. (૧૧૯). બ્રાહ્મણોની રજા લઈને જ્યાં સદ્‌ગુરુ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી વસે છે ત્યાં તરત જ સતી ગઈ. (૧૨૦). એ પતિવ્રતા સ્ત્રીની પ્રશંસા કરતાં કરતાં કૌતુક જોવા સ્ત્રી-પુરુષો પણ એની પાછળ પાછળ ગયાં. (૧૨૧).

રસ્તે જતાં જતાં એ પતિવ્રતા સ્ત્રી સ્તુતિ કરતી હતી કે હે સ્વામી ! હે નરકેસરી ! અમે કેવા હતભાગી કે શરણે આવેલાનું રક્ષણ કરનાર અને અનન્ય એવા દાતા થઈને પણ તમે અને સર્વેશ્વર ભગવાને અમારી ઉપેક્ષા-અવગણના કરી છે. તારી આવી કીર્તિ હોવા છતાં આજે કેમ આમ બન્યું? અમારું કર્મ શું એવું છેક જ વજ્ર જેવું આકરું અને ખરાબ હતું? (૧૨૨-૧૨૪). હે નાથ ! તું રજોગુણના પ્રભાવથી ઇચ્છા માત્રે સૃષ્ટિનું સર્જન કરે છે, સત્ત્વગુણના પ્રભાવથી સંવર્ધન કરે છે અને તમોગુણના પ્રભાવે સાક્ષાત્ સંહાર કરે છે. (૧૨૫). તું ત્રિગુણાત્મક ત્રિમૂર્તિ છે. તું એકરૂપ અને અભેદ છે. તારાં ચરણમાં આવ્યા પછી પણ આ દુ:ખ કેમ રહ્યું? (૧૨૬). હે નાથ ! આઠે સિદ્ધિ અને નવે નિધિ તારી સેવામાં ખડી હોય છે. હે તાત ! શું અમારી કુબુદ્ધિ જોઈને તેં અમારી અવગણના કરી છે? (૧૨૭). જો અન્યાય થાય તો લોકો તરત જ જઈને રાજાને ફરિયાદ કરે છે. ફરિયાદ સાંભળીને રાજા દંડને પાત્ર એવા અપરાધીને શોધીને સજા કરે છે. (૧૨૮). અથવા જો રોગથી પીડાતો રોગી વૈદ્યના ઘરે જાય તો વૈદ્ય પણ એને ઔષધ આપીને એનો રોગ મટાડે છે. (૧૨૯). તું સાચે જ ત્રિમૂર્તિનો અવતાર છે. દૂર દૂર સુધી તારી ખ્યાતિ પ્રસરેલી છે. તને લોકો ભકતજનોનો આધાર કહે છે અને એ નામથી તું મશહૂર છે. (૧૩૦).

આ બધું સાંભળીને, વીસ ગામ પાર કરીને તારું ધ્યાન કરતી કરતી હું અહીં આવી એમાં મારો શો વાંક? (૧૩૧). હે પ્રભુ ! સગાં-સંબંધી, ભાઇ-ભાંડુ, ઘર-ગામ બધું ભૂલીને હું તારે શરણે આવી તો પણ તેં મારી

ઉપેક્ષા કેમ કરી? (૧૩૨). મારી જ ઉંમરની બીજી સ્ત્રીઓ પોતાના પતિ અને પુત્રો સાથે મોજમજાથી ફરે છે જ્યારે ફૂટેલા નસીબવાળી હું પથ્થર જેવી છું. પુત્રની તો વાત જ ક્યાં રહી? (૧૩૩). પતિ કાયમના રોગથી પીડાતા હતા એટલે પુત્ર તો ક્યાંથી થાય? તારું નામ સાંભળીને પુત્રની આશાથી હું અહીં આવી હતી. (૧૩૪). પતિની તબિયત સારી થશે અને મને પુત્ર પણ થશે એવી એવી મને આશા હતી. હે કૃપાસિંધુ ! મારી એ બધી આશા પૂરી થઇ ગઇ !! (૧૩૫). મારી બધી જ ઇચ્છાઓ પૂરી થઇ ગઇ !! સ્વામી નીરોગી થઇ ગયા ! અને મને પણ ઘણા પુત્રો થયા ! એટલે તારી પણ દશે દિશામાં ખ્યાતિ થઇ ગઇ !! (૧૩૬). માટે હવે તારી રજા લઇને હવે હું પતિની સાથે તારાં યશોગાન ગાતી ગાતી હું પરલોકે જઇ રહી છું. (૧૩૭). આમ વિચારતી વિચારતી સુંદર દંતપંક્તિવાળી એ સતી રસ્તે જઇ રહી હતી. આમ ચાલતાં ચાલતાં ઝડપથી એ સંગમ સ્થાનમાં આવીને જ્યાં પીપળાની નીચે સુંદર દેહધારી શ્રીગુરુ બિરાજમાન હતા તેમને જોઇને દૂરથી જ નમીને સતીએ દંડવત્ પ્રણામ કર્યા. (૧૩૮-૧૩૯).

'અખંડ સૌભાગ્યવતી ભવ' એવું શ્રીગુરુ બોલ્યા. એ સાંભળીને એ સતીએ એકનિષ્ઠ ભક્તિથી ફરી પાછા પ્રણામ કર્યા. (૧૪૦). શ્રીગુરુએ પહેલાંની માફક કહ્યું કે તું આઠ પુત્રોની માતા થા. આ સાંભળીને લોકો મશ્કરીરૂપ હસવા લાગ્યા અને એમણે બધી વાત વિસ્તારપૂર્વક કહી.② (૧૪૧). હે સ્વામીજી ! આનો પતિ તો આજે જ મૃત્યુ પામ્યો છે. હવે પતિ વિના એ કેવી રીતે સૌભાગ્યવતી રહે? (૧૪૨). એના પતિનું શબ સ્મશાનમાં લાવી દીધું છે. પતિ સાથે અનુગમન કરવા માટે આપની આજ્ઞા લેવા આવી છે. આપના આશીર્વાદ અયોગ્ય ઠરે એમ છે. (૧૪૩). તમારી રજા લઇને એ સૂર્યાસ્ત પહેલાં તરત જ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અપૂર્વ એવું પતિ સહગમન કરશે. (૧૪૪).

લોકોનાં આવાં વચનો સાંભળીને શ્રીગુરુરાય બોલ્યા કે આનું સૌભાગ્ય તો અખંડ છે જ. પછી એનો પતિ મરે જ કેવી રીતે? (૧૪૫). એનું શબ જલદીથી અહીં લઇ આવો. એના પ્રાણ ક્યારે ગયા એ હું નજરે જોઉં. (૧૪૬). મારું વાક્ય કદી પણ ખોટું પડતું નથી. આનું સૌભાગ્ય સ્થિર છે જ એમાં મને કોઇ શંકા નથી. (૧૪૭). મારાં વચનની શિવશંકર જરૂર લાજ રાખશે. આ શબનો અગ્નિસંસ્કાર કરશો નહિ. એને જલદીથી અહીં લાવો. (૧૪૮). શ્રીગુરુનાં વચનો સાંભળીને લોકો તો કૌતુકથી શબ લઇ આવવા એકદમ દોડ્યા. એ દરમ્યાન અહીં (ગુરુજી પાસે) શું થયું? (૧૪૯).

એ દરમ્યાન ત્યાં ચાર બ્રાહ્મણો ગુરુનું પૂજન કરવા આવી પહોંચ્યા અને એમણે તે જ ક્ષણે ભક્તિભાવથી પૂજન શરૂ કર્યું. (૧૫૦). રુદ્રસૂક્તથી શ્રીગુરુનાં ચરણ ઉપર અભિષેક કરી તેનું ષોડશોપચારથી ભાવપૂર્વક પૂજન કર્યું. (૧૫૧). શ્રીગુરુના તીર્થરૂપ પાદનું ઉપચારથી પૂજન કર્યું. એટલામાં બ્રાહ્મણો શબ લઇને આવી પહોંચ્યા. (૧૫૨).

શ્રીગુરુની સામે શબ મૂક્યું એટલે શ્રીગુરુએ બ્રાહ્મણોને કહ્યું કે આનાં બંધન તોડી નાંખી જલદીથી આ કફન દૂર કરો. (૧૫૩). ત્યાં તો બે-ત્રણ જણા દોડી ગયા અને શબને બંધનમાંથી મુકત કરી દીધું. એટલે શ્રીગુરુએ કહ્યું કે આના પર તીર્થને છાંટો. (૧૫૪). ગુરુની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણોએ તીર્થજળ છાંટ્યું એટલે શ્રીગુરુએ અમૃતદૃષ્ટિથી શબને જોયું. (૧૫૫). શ્રીગુરુની અમૃતદૃષ્ટિ પડતાંની સાથે જ એ મૃત્યુ પામેલો બ્રાહ્મણ જીવતો

થયો અને અંગો મરડીને ઊઠ્યો. (૧૫૬).

પોતાનું નગ્ન અંગ જોઇને એ શરમનો માર્યો સાવધ થઇ ગયો. એને સતીએ વસ્ત્ર આપ્યું. એ પહેરીને ત્યાં બેઠો. (૧૫૭). પોતાની પત્નીને પાસે બોલાવીને એણે પૂછ્યું કે હે ભામિની ! તું મને ક્યાં લઇ આવી છે? અને આ યતીશ્વર કોણ છે? (૧૫૮). તમે બધા આમ બેઠા રહ્યા તો હું કેમ ઊંઘી ગયો? અને હું તો ઊંઘી ગયો પણ તેં મને જગાડ્યો કેમ નહિ? (૧૫૯). પતિનાં વચન સાંભળીને મલકતા મુખવાળી સતીએ બધી વાત કરી એટલે ત્યાંથી ઊઠીને શંકરસ્વરૂપ શ્રીગુરુને બંને જણાં પગે પડ્યાં. (૧૬૦).

એમનાં ચરણમાં શિર ઝુકાવીને ગદગદ કંઠે સ્તવન કર્યું. લોકોએ જયજયકાર કરી મૂક્યો અને પતિપત્નીની આંખોમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યાં. (૧૬૧). પતિ-પત્ની કહેવા લાગ્યાં કે હે સ્વામી ! અમે પાપીઓ છીએ, દોષની ખાણ છીએ અને અમારાં પાપને અનુરૂપ આ જન્મ મળ્યો છે. (૧૬૨). અહીંયાં પણ દુર્બુદ્ધિથી તારો પંથ ભૂલીને, પાપો કરીને ખરેખર અમે દુ:ખ સાગરમાં પડ્યાં હતાં. (૧૬૩). જીવમાત્રનો રક્ષણ કરનાર તું ખરેખર શિવશંકર છે. શરણાગતને વરદાન આપવાની તારી ખ્યાતિ અચલ છે. તું સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને તું જ સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. હે કરુણાના કરનાર તાત ! હે ત્રિમૂર્તિ ! તું મને તારી લે, મારો ઉદ્ધાર કર. (૧૬૪-૧૬૫). હે પરાત્પર વિભુ ! તું મારું રક્ષણ કર. હે વિશ્વના સર્જક સ્વામી ! તું મારું રક્ષણ કર. ભકતોને એમની ઇચ્છા પ્રમાણેનું આપનાર હે સ્વામી ! હે જગતના પિતા ! તું મારું રક્ષણ કર. તું મને બચાવી લે. (૧૬૬). હે ગુરુમૂર્તિ ! તારો જય હો ! હે પશુપતિ ! તું જ જટાધારી શંકર છે. ભકતજનોનો ઉદ્ધાર કરવા માટે જ તેં આ માનવદેહ ધારણ કર્યો છે. (૧૬૭). તારા ભકતનું તું સંકટો દૂર કરીને રક્ષણ કરે છે. હે મહાદેવ ! હે દેવોમાં શિરોમણિ ! હે શૂર ! મારું રક્ષણ કરો. (૧૬૮). બધાં પ્રાણીઓમાં વસનારો તું સાક્ષાત્ વાસુદેવ છે. હવે અમે તને માયાના પતિ તરીકે જાણ્યો. અમે તમને પ્રણામ કરીએ છીએ. (૧૬૯). તું સ્વેચ્છાથી સૃષ્ટિનું સર્જન કરે છે. તું જ આ વિશ્વને સર્જનાર ઇશ્વર છે. તું જ્ઞાનરૂપ છે અને અગમ્ય છે. તું ત્રિમૂર્તિરૂપ છે. (૧૭૦).

આ ત્રિભુવનની રચના એ તારી લીલા જ છે. તારાં ચરણકમળમાં આ મસ્તક મૂક્યું છે. હે બુદ્ધિના સ્વામી ! અમારો પુનર્જન્મનો ભય દૂર કરી દે. એ સિવાય અમારી બીજી કોઇ ઇચ્છા નથી. (૧૭૧). જે તારું કહેલું નથી કરતો તેના પર તું ક્રોધ કરે છે. પરંતુ અમે તો તને આવરણ વિનાનો, જ્ઞાની અને શાંત સ્થિતિમાં જ નિહાળ્યો છે. (૧૭૨). તારામાં માયાવી ક્રોધ પણ નથી. તું આનંદસ્વરૂપ છે. ભકતને માટે ભકતની ભાવનાને અનુરૂપ થઇ વિવિધ સ્વરૂપે તું ભાસે છે. (૧૭૩). જીવમાત્ર ઉપર તારી કૃપા તો હંમેશાં વરસ્યા જ કરે છે. મનુષ્ય દેહ ધરીને પણ તું શરણે આવેલાને આ લોકમાં અને પરલોકમાં પણ સુખ આપે છે. (૧૭૪). હે નૃસિંહ સરસ્વતી દેવ ! તું ચિન્મય સ્વરૂપ છે. તું કરુણાનો સાગર છે, તું જલદીથી પ્રસન્ન થઇ જાય છે. તું અમારા અપરાધ માફ કર. (૧૭૫).

આમ વિવિધ રીતે ત્યાં પતિ-પત્ની સ્તવન કરતાં હતાં. એનાથી પ્રસન્ન થઇને ગુરુરાયે આનંદથી આશ્વાસનનાં વચનો કહ્યાં. (૧૭૬). તને પૂર્ણ આયુષ્યવાળા અને શ્રીમંત એવા આઠ પુત્રો થશે. તમારા પૂર્વજન્મનાં બધાં જ પાપો નાશ પામ્યાં છે અને તમે અંતે મુક્તિ પામશો. (૧૭૭). તમે મારી આશિષથી ચારે પુરુષાર્થને પામ્યા છો. હવે તમે શંકા રાખ્યા વિના ઘરે જઇને કાયમને માટે આનંદથી રહો. (૧૭૮).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને ત્યાં ઊભેલાં બધાં સ્ત્રી પુરુષોએ ગુરુજીનો જયજયકાર કર્યો. એમનાં હૈયામાં આનંદનો પાર ન હતો. (૧૭૯). બધાએ સ્તવન કર્યું, વંદન કર્યાં, યશોગીત ગાયાં, ભક્તિભાવથી આરતી કરી અને ગુરુજીનો જયજયકાર કર્યો. (૧૮૦). ત્યાં એક દુષ્ટ બુદ્ધિનો હલકટ અને લુચ્ચો બ્રાહ્મણ હતો. શંકાશીલ થઇને એણે શ્રીગુરુને પૂછ્યું કે હે સ્વામી ! હે ગુરુ ! મને એક શંકા થાય છે. કૃપા કરીને આપ તેનું નિવારણ કરો. જેથી મારી શંકા દૂર થાય. (૧૮૧-૧૮૨).

વેદશાસ્ત્રો ઠોકી ઠોકીને કહે છે કે વિધિના લખેલા લેખ ટાળ્યા ટળતા નથી અને અહીં તો નજરોનજર શબને ઊઠતાં જોયું. આવું વિપરીત કેવી રીતે બન્યું? (૧૮૩). એ ધોળે દિવસે મૃત્યુ પામ્યો હતો. એટલે એ અપમૃત્યુ તો ન જ હતું. તો પછી એ કેવી રીતે જીવતો થયો? (૧૮૪). મને એવી શંકા થાય છે કે વિધિના લખેલા લેખ સાચા કે ખોટા? હે સ્વામી ! કરુણા કરીને આ શંકા દૂર કરો. (૧૮૫).

શ્રીગુરુએ હસીને એ મૂરખ બ્રાહ્મણને કહ્યું કે હે બ્રાહ્મણ ! જો હું તને બધું વિગતે કહું. (૧૮૬). વિધાતાએ હવે પછીના જન્મમાં એનું સો વર્ષનું આયુષ્ય નક્કી કર્યું હતું તેમાંથી બ્રહ્મા પાસે મેં આ જન્મમાં ત્રીસ વરસ વધારે માગ્યાં. એટલે હવે આવતા જન્મે એટલું ત્રીસ વર્ષનું આયુષ્ય ઓછું ભોગવશે.③ (૧૮૭-૧૮૮). બ્રહ્માજીને પ્રાર્થના કરીને મેં ભકત માટે આટલો ફેરફાર કરી આપ્યો છે. હે બ્રાહ્મણ ! તું જાણી લે કે બ્રહ્મલિપિ સત્ય જ છે. (૧૮૯). આ સાંભળીને આશ્ચર્યચકિત થઇ ગયેલા નગરજનો સાષ્ટાંગ પ્રણામ કરીને પોત પોતાના ઘરે ગયા અને તરત જ આ વાત બધે ફેલાઇ ગઇ. (૧૯૦).

સતીએ પતિ સાથે સંગમ પર સ્નાન કરીને હૃદયના સાચા ભાવથી શ્રીગુરુની પૂજા કરી. (૧૯૧). ખૂબ દ્રવ્ય વાપરીને એણે બ્રાહ્મણોને અતિ સંતોષ આપ્યો. સૂર્યાસ્ત થતાં બધા શ્રીગુરુની સાથે મઠ ઉપર આવ્યા. (૧૯૨). શ્રીગુરુના અપાર મહિમાનું કોણ વર્ણન કરી શકે? અલખ નિરંજનને કહે છે કે આગળ ઉપર એ અનુપમ વર્ણન આવશે. (૧૯૩). ભવસાગરને તારનારાં એ રસમય અનુસંધાનને જે કોઇ શ્રદ્ધા ભક્તિથી સાંભળશે તેને હે **રંગ** ! કોઇ દુ:ખ રહેશે નહિ. (૧૯૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વિપ્રપ્રેતોજ્જીવન'** નામનો **છ્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૬

(૧) રાવણનું આયુષ્ય હજાર કરોડ વર્ષનું મનાતું હતું પરંતુ માનનીય રામચંદ્ર કામતજીએ સંશોધન દ્વારા શોધ્યું હતું કે રાવણનું આયુષ્ય છ કરોડ વર્ષનું હતું.

(૨) સંતપુરુષના આશીર્વાદો પરિસ્થિતિને પલટી શકે એમ સૂચવવા માટે મરેલાને જીવતો કર્યાની વાત છે. હાલમાં **Artificial Ventilator** પર રાખીને શ્વાસોચ્છવાસ ચાલુ રાખી શકાય છે તે તો આપણે જાણીએ છીએ. સો વર્ષ ઉપર આ વાત સ્વીકારવા કોઇ તૈયાર ન હોય તો સ્વાભાવિક છે. પુરુષ વગર સંતાન પ્રાપ્તિ શકય છે એવાં સંશોધનો 'માનસપુત્રો'ની વાતોને સમર્થન આપે છે અને મરેલાનો કેવળ શબ્દાર્થ લેવાને બદલે ભાવાર્થ પણ લઇ શકાય. એ અર્થમાં આપણા બાપજીએ પણ ઘણા મરેલાને-મરી ગયેલા જેવાને-જીવંત કર્યા છે.

(૩) વિધિના લેખ સાચા છે એ વાતનો સ્વીકાર કરીને સંતની શક્તિનો પરચો બતાવવામાં આવ્યો છે. ગુજરાતના કવિ શ્રીરાજેન્દ્ર શાહે પોતાના ગયા જન્મ વિશેની વાત કરી છે. જો એક આધ્યાત્મિક કવિ આટલી શક્તિ પ્રાપ્ત કરી શકે તો પરમહંસ કક્ષાના યોગીશ્વર અને યતીશ્વર એવા શ્રીમન્નૃસિંહસરસ્વતી આવતા જન્મના આયુષ્યમાંથી ત્રીસ વર્ષનું આયુષ્ય માગી વ્યક્તિને જીવન બક્ષી શકે એ માની શકાય એવી વાત છે. સંતોની **Healing Power**- ઋઋ લાવવાની શક્તિ અને સ્પર્શ દ્વારા શક્તિપાત કરી આર્ત ભકતોના પ્રશ્નો હલ કરવાની શક્તિનો હવે તો વિજ્ઞાન પણ સ્વીકાર કરે છે. શ્રદ્ધા, વિશ્વાસ, ધર્મ, યોગ વગેરે જીવનનાં અનિવાર્ય અંગો છે એ સ્વીકારાતું જાય છે.

●

અધ્યાય : ૮૭

આ અધ્યાયનું નામ **'રુદ્રાક્ષ માહાત્મ્ય કથન'** છે. આ અધ્યાયમાં **૧૩૪** દોહરા છે.

શ્રીગુરુની સાથે સતી પોતાના પતિ સાથે મઠ ઉપર આવી. પછી બીજે દિવસે સવારે દંપતી આવ્યાં અને સતીએ કહ્યું કે મને શોક થતાં એક યતિવરે આવીને મને ઉપદેશ આપીને ચાર રુદ્રાક્ષ આપ્યા હતા અને રુદ્રસૂક્તથી ગુરુના કરેલા અભિષેકનું તીર્થ લેવા સૂચવ્યું હતું અને શબના ઉપર પ્રોક્ષણ કરવાનું સૂચવ્યું હતું. શ્રીગુરુએ કહ્યું કે એ બધું મેં જ કહ્યું હતું. (૧-૧૦).

પછી રુદ્રાક્ષનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે રુદ્રાક્ષ ધારણ કરવાનું ઘણું પુણ્ય છે. રુદ્રાક્ષ ધારણ કરવાની વિધિ સમજાવી અને પછી એ અંગેની એક પ્રાચીન કથા કહી. (૧૧-૨૭).

કાશ્મીરમાં ભદ્રસેન નામનો એક રાજા હતો. સુધર્મ નામનો તેનો મંત્રી હતો. રાજાનો અને મંત્રીનો પુત્ર આભૂષણો ન પહેરતાં શરીર પર બંને કેવળ રુદ્રાક્ષ જ ધારણ કરતા હતા અને કપાળે ભસ્મનું ત્રિપુંડ કરતા હતા. એક દિવસ રાજાના મહેલે પરાશર મુનિ પધાર્યા એટલે રાજાએ પોતાના મનની મૂંઝવણ રજૂ કરી અને પૂછ્યું કે આ પુત્રો આવું કેમ કરે છે? (૨૮-૪૩).

પરાશર મુનિએ એનો જવાબ આપતાં એ બન્ને પુત્રોના પૂર્વ જન્મની વાત કહી. નંદિગ્રામમાં એક રૂપાળી વેશ્યા રહેતી હતી. એ નૃત્ય કરતી હતી એટલે એણે એક નૃત્યમંડપ બંધાવ્યો હતો. એ નૃત્યમંડપ સાથે કૂકડો અને વાંદરો બાંધ્યા હતા. એ બન્નેને પણ નૃત્યકળા શિખવાડી હતી અને બન્નેને ગળે રુદ્રાક્ષ બાંધ્યા હતા.

વેશ્યાએ એક દિવસ એક વેપારીના હાથમાં કંકણયુકત રત્નમય લિંગ જોયું. વેશ્યાએ દાસીને કહ્યું કે તું એ વેપારીને પૂછ કે આ લિંગ વેચાતું અથવા કઇ અન્ય શરતે મળે? વેપારીએ કહ્યું કે જો એ સ્ત્રી મારી સાથે ત્રણ દિવસ ધર્મસ્ત્રી તરીકે રહેવા તૈયાર થાય તો લિંગ આપું. વેશ્યાએ શરત સ્વીકારી. રતિક્રીડા સમયે લિંગ નૃત્યમંડપના સ્થંભમાં રાખ્યું. પરંતુ અચાનક આગ લાગતાં મંડપ બળી ગયો અને સાથે કૂકડો અને વાંદરો પણ મરી ગયા. રુદ્રાક્ષના પ્રભાવે એ વાંદરો તારા પુત્ર તરીકે અને કૂકડો મંત્રીના પુત્ર તરીકે જન્મ્યા છે. એ વેપારી બીજું કોઇ નહિ પણ સાક્ષાત્ શંકર ભગવાન જ હતા. (૪૪-૧૩૪).

સદ્‌બુદ્ધિવાળા શિષ્ય નિરંજને અલખનાં ધન્યપ્રદ ચરણમાં નમન કરીને અનન્ય ભક્તિથી હાથ જોડીને કહ્યું કે પોતાના પતિ સાથે અને ગુરુ સાથે મઠે આવી પછી શું બન્યું તે હે સ્વામી ! મને સવિસ્તર કહો. (૧-૨). અલખે કહ્યું કે નિરંજન ! જો સાંભળ. સવાર થતાંમાં જ પતિ-પત્ની બંનેએ શ્રીગુરુ પાસે આવીને વંદન કર્યાં અને બંને હાથ જોડીને બોલ્યાં કે હે ગુરુજી ! મને શોક થયો ત્યારે એક સંન્યાસી આવ્યા હતા અને તેણે અમને વિવિધ પ્રકારના ધર્મ અંગે વિવેકનો ઉપદેશ કર્યો હતો. (૩-૪). એમણે મને ચાર રુદ્રાક્ષ આપીને કહ્યું કે બે રુદ્રાક્ષ (શબના)

કાનમાં બાંધ અને બે કંઠમાં બાંધ અને પછી તું નિશ્ચિત મનથી અગ્નિ સંસ્કાર કર. (૫). વળી એમણે એમ પણ કહ્યું કે શ્રીગુરુના પાદ ઉપર બ્રાહ્મણો રુદ્રસૂકતથી અભિષેક કરે તે અભિષેક જળ-તીર્થ લઈને તરત જ શબનાં બધાં અંગો પર પ્રોક્ષણ કરજે અને પછી શ્રીગુરુનાં દર્શન કરજે. એમ કહીને એ સાધુ તરત જ જતો રહ્યો. એ ધન્ય રુદ્રાક્ષો આ રહ્યા જે મેં પતિના કાનમાં અને કંઠમાં બે બે બાંધ્યા છે. (૬-૮).

સતીનાં આ વચન સાંભળીને શ્રીગુરુએ હાસ્ય કરી કહ્યું કે હે માડી ! એ રુદ્રાક્ષો મેં જ તને આપ્યા હતા. (૯). તારી ભક્તિ જોઈને અન્ય રૂપે પ્રગટ થઈને મેં તને ઉપદેશ આપ્યો હતો અને રુદ્રાક્ષ પણ આપ્યા હતા. (૧૦). રુદ્રાક્ષનો મહિમા અનુપમ છે. એ અભયનું દાન કરનારો છે. તું મારી ભકત હોવાથી હું તને કહું છું તે તું ધ્યાનથી સાંભળ. (૧૧). જે કોઈ ભાવે કે કભાવે હંમેશાં રુદ્રાક્ષ ધારણ કરે છે તે માણસ ભલે નીચ હોય તો પણ તેને પાપ સ્પર્શતું નથી. (૧૨). રુદ્રાક્ષ ધારણ કરવાથી જે પુણ્ય મળે છે તેનું વર્ણન કોણ કરી શકે? હે સતી ! વેદશાસ્ત્રને માન્ય હોય તેવું એના જેવું બીજું કશું નથી. (૧૩). જે પોતાના શરીર પર હંમેશ માટે એક હજાર રુદ્રાક્ષ ધારણ કરે છે તે સાક્ષાત્ રુદ્ર સમાન છે અને એ દેવો દ્વારા પૂજાવાને યોગ્ય થાય છે અને ધન્ય થઈ જાય છે. (૧૪). જો એક હજાર રુદ્રાક્ષ ના મળે તો બંને હાથના ઉપરના ભાગે સોળ સોળ રુદ્રાક્ષ બાંધવા. એક રુદ્રાક્ષ શિખામાં બાંધવો અને હાથના નીચેના ભાગમાં બાર બાર રુદ્રાક્ષ બાંધવા. (૧૫). ગળામાં બત્રીસ પહેરવા. માથા ઉપર ચાલીસ ધારણ કરવા. બન્ને કાનો પર છ છ પહેરવા અને બંને આંખ પર એક એક ધારણ કરવા. (૧૬). જે હૃદય ઉપર એકસો આઠ રુદ્રાક્ષ કાયમ માટે ધારણ કરી રાખે છે તે રુદ્રના પુત્ર સમાન બને છે, આમાં શંકાને કોઈ સ્થાન નથી. (૧૭). સ્ફટિક, સોનું, પ્રવાલ, રૂપું, વૈડૂર્ય કે મોતીની સાથે રુદ્રાક્ષની માળા ધારણ કરવાથી અનહદ પુણ્ય મળે છે. (૧૮).

રુદ્રાક્ષ પણ અનેક પ્રકારના હોય છે. જે સમયે જે રુદ્રાક્ષ મળે તે ધારણ કરી લેવા. એ પણ અનહદ પુણ્ય આપનારા છે. (૧૯). જેના ગળામાં રુદ્રાક્ષ હોય તેને પાપનો સ્પર્શ થઈ શકતો નથી અને એ વ્યક્તિ રુદ્રલોકમાં જઈ કાયમને માટે શાંતિથી રહે છે. (૨૦). જે કોઈ રુદ્રાક્ષની માળાથી જપ-અનુષ્ઠાન કરે છે તેને અનંત ફળ મળે છે. હે સતી ! તું આ સાવધાનીથી સાંભળ. (૨૧). જે શરીર પર રુદ્રાક્ષ ધારણ કરતો નથી તેનો જન્મ વેડફાઈ ગયો એમ જાણ અને જેના કપાળમાં ભસ્મ નથી તેણે નાહકનું શરીર પુષ્ટ કર્યું છે એમ માન.① (૨૨). માથે અથવા કાને રુદ્રાક્ષ બાંધીને જે વ્યક્તિ સ્નાન કરે છે તેને ગંગા સ્નાનનું પુણ્ય મળે છે. (૨૩). જે કોઈ રુદ્રસૂકતથી રુદ્રાક્ષ પર અભિષેક કરે છે તેને શિવલિંગનું પૂજન કર્યાનું ચોક્કસ ફળ મળે છે. (૨૪).

એકમુખી, પંચમુખી, અગિયારમુખી, ચૌદમુખી અથવા એનાથી પણ વધારે મુખવાળો રુદ્રાક્ષ ભવરોગને હરી લે છે. (૨૫). ઉપર જણાવેલા રુદ્રાક્ષ ઉત્તમ છે પરંતુ એ ન મળે તો જે પ્રકારનો રુદ્રાક્ષ મળે તે રુદ્રાક્ષને શ્રદ્ધા ભક્તિથી ધારણ કરવાથી ચારે વર્ગની પ્રાપ્તિ થાય છે. (૨૬). હું તને પાપનો નાશ કરનારી એક અતિ પ્રાચીન કથા કહું છું તે તું ધ્યાન આપીને સાંભળ જેથી તારાં બધાં જ પાપો નાશ પામશે. (૨૭).

કાશ્મીરમાં ભદ્રસેન નામે એક રાજા હતો અને સુધર્મ નામનો તેનો એક પ્રખ્યાત મંત્રી હતો. (૨૮). રાજાના પુત્રનું નામ 'તારક' અને મંત્રીના પુત્રનું નામ 'સદ્‌ગુણ' હતું. એ બન્ને વચ્ચે જીગરી દોસ્તી હતી. બંનેના જીવ મળી ગયા હતા. (૨૯). સરખી ઉંમરના એ બંને મિત્રો હંમેશાં સાથે ને સાથે જ રહેતા. ભણવામાં, રમવામાં

બધે જ સાથે ને સાથે જ રહેતા. (૩૦). રાજકુમાર મહાજ્ઞાની હતો અને શંકરનો પરમ ભક્ત હતો. બંને સાથે જ જમતા અને સાથે જ સૂતા. (૩૧). આખા શરીરે આભૂષણ તરીકે રુદ્રાક્ષ ધારણ કરતા અને હંમેશાં ભસ્મનું ત્રિપુંડ કરતા અને ગૌર વર્ણના શંકરનું પૂજન કરતા. (૩૨). સોનાના અને રત્નના અલંકારો એમને લોખંડ જેવા જણાતા અને તેથી રુદ્રાક્ષની માળા સિવાય બીજા કોઇ અલંકાર પહેરતા નહિ. (૩૩). માતા-પિતા કે સગાં સંબંધી જો શણગાર માટે અલંકાર આપે તો એને લોખંડના અને પથ્થરના માનીને તરત જ ફેંકી દેતા. (૩૪).

એક દિવસ રાજાના મહેલમાં સાક્ષાત્ પરબ્રહ્મ સમાન પરાશર ઋષિ આવી ચઢ્યા. (૩૫). ઋષિને આવતા જોઇને વિનયી અને નમ્ર સ્વભાવનો રાજા ચાલીને સામે ગયો અને તેમનું પગ ધોઇને ભાવથી પૂજન કર્યું. (૩૬). ઋષિને સિંહાસન પર બેસાડીને રાજાએ ઘણાં સ્તવન કર્યાં અને આનંદનાં પુષ્કળ આંસુ આંખમાં ઊભરાયાં અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૩૭). મુનિને પગે લાગીને કહ્યું કે હે દેવ ! આ પુત્રોને પિશાચ વળગ્યું હોય એમ લાગે છે. હે મહંતશ્રી ! આમને રત્નના અલંકારો આપીએ તો ફેંકી દે છે અને રુદ્રાક્ષને આભૂષણ માનીને હંમેશાં પહેરે છે. તો તેનું શું કારણ તે મને કહો. (૩૮-૩૯). આવી સમજણ બાળપણમાં ક્યાંથી આવી? અરેરે ! કહેવા છતાં પણ એ બન્ને આભૂષણો પહેરતા નથી અને વિચિત્ર પંથે ચાલે છે. (૪૦). આપ ત્રિકાળજ્ઞાની છો. આપ ભૂતકાળનું અને ભવિષ્યકાળનું પણ બધું જાણો છો. આ અંગે આપનું શું માનવું છે તે મને સવિસ્તર કહો. (૪૧).

રાજાનાં વચનો સાંભળીને હરખે ભરાયેલા મુનિએ હસીને કહ્યું કે હે રાજા ! આ અંગેની આશ્ચર્યકારક વાત તું સાંભળ. (૪૨). આ બન્ને પુત્રોના પૂર્વ જન્મની આશ્ચર્યકારક વાત હું તને કહું છું જેને કારણે તેઓ આ રીતે વર્તે છે. (૪૩).

પહેલાંના સમયમાં નંદિગ્રામમાં એક વેશ્યા સ્ત્રી રહેતી હતી. એ ચંદ્રના જેવા તેજવાળી અને રૂપ રૂપના અંબાર સમી હતી. (૪૪). એના મસ્તકે પૂનમના ચંદ્ર જેવું ઉત્તમ છત્ર શોભતું હતું. એને ત્યાં રત્નજડિત સુવર્ણનું આસન પણ શોભતું હતું. (૪૫). એની સોનાની હવેલી હતી અને સોનાની પાદુકા હતી અને એની પાસે સોનાનાં અને રત્નોનાં વિવિધ પ્રકારનાં આભૂષણો હતાં. (૪૬). રત્નથી જડિત પલંગ હતો અને શરીરે દિવ્ય વસ્ત્રો શોભતાં હતાં. એની પાસે અસંખ્ય ગાયો, ભેંસો, ઘોડા અને દાસીઓ હતી. (૪૭). એકદમ નવયુવાન એવી એ સુંદર સ્ત્રી ખૂબ જ શોભી રહી હતી. રત્નથી અલંકૃત થયેલી એ કામદેવની જાણે બીજી પ્રિયા હોય એમ લાગતું હતું. (૪૮). દિવ્ય ચંદન, ફૂલ વગેરેનો તો પાર ન હતો. કુંકુમ, કસ્તૂરી, સુંદર વસ્ત્રો અને અનેક ભોગોનો પાર ન હતો. (૪૯). અપાર ધન ધાન્યવાળી એ વેશ્યા નગરમાં સતી તરીકે ખૂબ જાણીતી હતી. (૫૦).

સુંદર શરીરવાળી અને કોમળ અંગોવાળી એ વેશ્યા ધન, વસ્ત્ર અને ભોજનથી બ્રાહ્મણોને હંમેશાં ધર્માનુસાર સંતોષતી હતી. (૫૧). ભાતભાતનાં રત્નોથી શણગારાયેલો એવો ત્યાં એક ઊંચો નૃત્ય મંડપ હતો જ્યાં તે નૃત્ય કરતી હતી. (૫૨). સર્વ પ્રકારનાં આભૂષણોથી શોભતી એ રોજ જ પોતાની સખી સાથે આનંદથી નૃત્ય કરતી હતી જે જોવા માટે લોકોનાં ટોળેટોળાં આવતાં હતાં. (૫૩). ત્યાં એક કૌતુક તરીકે કૂકડો અને વાંદરો બાંધ્યા હતા. બન્નેનાં બધાં જ અંગો રુદ્રાક્ષથી શણગાર્યાં હતાં. (૫૪). એ બંનેને નૃત્યકલા શિખવાડીને રાખ્યા હતા. હે રાજા ! ત્યાં એક દિવસ શું થયું તે તું સાંભળ. (૫૫).

એક દિવસ શિવનો ભકત એવો એક અજાણ્યો શ્રીમંત વાણિયો ત્યાં આવ્યો. એ ભસ્મથી વિભૂષિત અને રુદ્રાક્ષથી શોભતો હતો અને સ્વભાવે શાંત હતો. (૫૬). સૂર્યના તેજ સમાન એક રત્નનું લિંગ તેના હાથમાં કંકણ સાથે ઝગમગતું હતું. (૫૭). એને જોઇને વેશ્યાએ પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા અને તરત જ પોતાના મહેલમાં લઇ જઇને બેસાડ્યા. (૫૮). એના હાથમાં તેજસ્વી કંકણ અને રત્નમય લિંગ જોઇને એ વેશ્યા તે જ ક્ષણે મુગ્ધ થઇ ગઇ. (૫૯). એને મનમાં ખૂબ જ આશ્ચર્ય થયું. એણે સખીને કહ્યું કે આ તેજસ્વી વસ્તુ કઇ છે? મારું મન ત્યાં જ દોડીને જાય છે. (૬૦). તું એ વેપારીને પૂછી જો કે એ વેચાતું આપવા તૈયાર છે કે કેમ? અને જો એ વિષયભોગથી આપે એમ હોય તો હું એની ત્રણ દિવસ માટે ધર્મસ્ત્રી થવા તૈયાર છું. (૬૧). જો એ વેચાતું આપવા તૈયાર હોય તો હું એનું લાખની સંખ્યામાં દ્રવ્ય આપવા તૈયાર છું. હે સખી ! એના મનમાં શું છે તે તું એને પૂછી જો. (૬૨).

એટલે દાસીએ પૂછ્યું તેથી વેપારીએ હસીને કહ્યું કે ખરેખર આ લિંગ એકદમ મનોહર છે અને એ તો અમૂલ્ય છે. (૬૩). દ્રવ્ય લઇને તો આપવાની મારી ઇચ્છા નથી પરંતુ રતિની ઇચ્છાથી આપવા તૈયાર છું. પણ શરત એ કે આ તમારી મુખ્ય વેશ્યા છે તે મારી ત્રણ દિવસ માટે ધર્માનુસાર પતિવ્રતા કુલ સ્ત્રી બને તો હું આપું. બાકી દ્રવ્યના બદલામાં તો પ્રાણાંતે પણ નહિ આપું. (૬૪-૬૫). આ વાત જાણીને વેશ્યાએ તો રાજી થઇને 'ભલે ત્યારે તેમ' એમ કહી દીધું. એટલે ત્યારે વાણિયાએ શંકાશીલ થઇને ફરી પૂછ્યું કે વ્યભિચાર એ તમારો ધર્મ કેવો? અને તમારાં કર્મ કેવા? વેશ્યા તો ભ્રષ્ટ વ્યક્તિ છે. (૬૬-૬૭).

તમારો તો નફ્ફટ લોકો સાથે સહવાસ હોય છે. એટલે તમારામાં વિશ્વાસ કેવી રીતે કરાય? તમારી વાતમાં ધર્મ ક્યાં? વ્યભિચારિણી સ્ત્રીમાં તો સતીત્વ એ મશ્કરીરૂપ હોય છે. (૬૮). વ્યભિચાર એ તમારો કુલાચાર છે. તમારું મન ચંચળ છે. તમારે તો હરેક ક્ષણે નવો ને છેલબટાઉ પુરુષ જોઇએ. (૬૯).

એ વેપારીનાં વચનો સાંભળીને મુખ્ય વેશ્યા જાતે બોલી કે ખરેખર હું ત્રણ દિવસ સુધી તમારી કુલસ્ત્રી તરીકે રહીશ. (૭૦). મને જેની ઇચ્છા છે એ તું મને આપ પછી હું તને તન મન ધનથી આનંદ આપીશ અને રતિપ્રસંગે તારા મનને આનંદ કરાવીશ. (૭૧). પ્રતિવ્રતા સ્ત્રીની જેમ હું તારી અખંડ સેવા કરીશ. એટલે વાણિયાએ કહ્યું કે જો તું સાચું કહેતી હોય તો એનું પ્રમાણ આપ. (૭૨). એ સાંભળીને એ વેશ્યા લિંગ ઉપર હાથ મૂકીને, ચંદ્ર સૂર્યની સાક્ષીએ તરત જ ત્રણ દિવસ માટે એ વેપારીની ધર્મપૂર્વકની પત્ની થઇ. આવો સંકલ્પ કરતાં જ એ શેઠે એના હાથે એને મનગમતું કંકણ બાંધ્યું. (૭૩-૭૪). વેપારીએ એ સ્ત્રીના કોમળ હાથમાં શિવલિંગ આપ્યું અને કહ્યું કે આ લિંગ મને મારા પ્રાણથી પણ વધારે વહાલું છે. આ વાતને તું સત્ય જાણ અને તેથી તું એનું દરેક રીતે પ્રયત્નો કરીને રક્ષણ કર. આ લિંગને કંઇ પણ નુકસાન થશે તો હું મારા પ્રાણનો ત્યાગ કરી દઇશ. (૭૫-૭૬).

આ સાંભળીને વેશ્યાએ કહ્યું કે હું આ વાત નહિ ભૂલું. તમે તમારે નિરાંતે રહો. હું પણ આ લિંગનું સાચે જ જીવની જેમ જતન કરીશ. (૭૭). આવી વાતો કરીને પછી બંને જણાં આનંદપૂર્વક મંડપમાં બેઠા અને સૂર્યાસ્ત થયો એટલે એ વેશ્યાએ કહ્યું કે ચાલો હવે અંત:પુરમાં જઇએ. ત્યારે વેપારીએ કહ્યું કે વિષયભોગ ભોગવતી વખતે તું આ લિંગ તારી પાસે ન રાખીશ. (૭૮-૭૯). રતિક્રીડા સમયે તું એને હંમેશાં પવિત્ર સ્થળે રાખજે. વેપારીનું આ વચન સાંભળીને વેશ્યાએ એ લિંગ રત્નમંડપના મધ્ય સ્તંભે વ્યવસ્થિત રીતે મૂકયું અને પછી તરત જ અંત:પુરમાં આવી પહોંચી. (૮૦-૮૧). ક્ષણવારમાં તો એ બન્ને જણાં ક્રીડા કરવામાં આસકત થયાં ત્યાં તો ભયંકર આગ ભભૂકી ઊઠી અને મંચ સળગી ઊઠ્યો. (૮૨). જેમ અગ્નિની અંદર કપૂર તરત જ બળી જાય છે તેમ આખો મંડપ ભડભડ સળગી ગયો અને ક્ષણવારમાં રાખનો ઢગલો થઇ ગયો. એમાં જરા પણ વાર ન લાગી. (૮૩). આ જોઇને વૈશ્ય બેબાકળો બનીને વિલાપ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે અરેરે ! ઓ બાપ રે ! મારું શિવલિંગ ક્યાં ગયું? (૮૪). લિંગ ! મારું શિવલિંગ ! એમ બબડતો એ ગાંડાની માફક દોડવા લાગ્યો. એને દોડતો અટકાવીને ગામના લોકો આગ હોલવવા લાગ્યા. (૮૫).

જ્યારે આગ હોલવાઇ ગઇ ત્યારે લિંગને ખૂબ બળીને ખાખ થયેલું જોયું. સિંહાસનની સાથે કૂકડો અને વાનર પણ બળીને ખાખ થઇ ગયા હતા. (૮૬). એ જોઇને વેપારી દુ:ખી થઇને કરુણ વિલાપ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારું પ્રાણસમાન લિંગ જતું રહ્યું એટલે હવે મારા પ્રાણ પણ જતા રહેશે. (૮૭). આમ બોલીને રડતો રડતો એ બહાર ગયો અને લાકડાં એકઠાં કરીને એણે લાકડાં સળગાવ્યાં એની સાથે જ એની જવાળા પણ ઊડવા લાગી. (૮૮). અરેરે ! મારું લિંગ બળીને ખાખ થઇ ગયું એમ બોલતો તે જ ક્ષણે એ આગમાં કૂદી પડ્યો. લોકો તો આશ્ચર્યથી દંગ થઇ ગયા. (૮૯).

આ જોઇને વેશ્યા અંતરમાં ખૂબ જ દુ:ખી થઇ અને બોલવા લાગી કે અરેરે ! આ શું થયું? મારા કારણે પતિની હત્યા થઇ. (૯૦). અરે ! એક ક્ષણમાં આ મંડપની સાથે શિવલિંગ કેમ કરીને બળી ગયું? અરેરે ! અરેરે ! એમ કહીને વેશ્યા રડતાં રડતાં બોલી કે હે નાથ ! તમે ક્યાં જતા રહ્યા? (૯૧). એ વેપારી મારા પ્રાણેશ્વર હતા-પતિદેવ હતા. એના મરી જવાના કારણે મારે, પતિવ્રતા સ્ત્રીએ ખાસ કરીને અહીં એક ક્ષણ પણ જીવતાં રહેવું જોઇએ નહિ. (૯૨). એવો દૃઢ નિશ્ચય કરી, સારા બ્રાહ્મણોને બોલાવીને પતિની પાછળ બળી મરવા તૈયાર થઇ અને એણે તરત જ દાનો આપ્યાં. (૯૩). બધાને સદ્‌ભાવપૂર્વક પગે લાગીને અને યથાવિધિ પૂજન કરીને વસ્ત્ર, આભૂષણ અને અઢળક દ્રવ્ય વગેરે બ્રાહ્મણોને આપ્યાં. (૯૪).

ચંદનનાં લાકડાં મંગાવીને એમાં આગ ચાંપીને પછી સગા સંબંધીઓને કહ્યું કે મને જલદી રજા આપો જેથી સતી સ્ત્રીના ધર્મ પ્રમાણે હું પતિ સાથે સહગમન કરીશ. પતિ જતા રહ્યા પછી હવે જીવતા રહેવાનું શકય નથી. (૯૫-૯૬). આ સાંભળીને સગાં વહાલાંઓએ દુ:ખી થઇને કહ્યું કે તારી બુદ્ધિ ઠેકાણે તો છે કે નહિ? વેશ્યાને વળી ધર્મ કેવો? (૯૭). વેશ્યાના ઘરે વિષયભોગ ભોગવવા તો અનેક લોકો આવે છે. એમાં આ તારો પતિ કેવી રીતે થઇ ગયો? તું છેક ગાંડા માણસની જેમ બોલે છે. (૯૮). લિંગ શાનું? અથવા વેપારી કોણ? આવો અવળો ધર્મ

કયાંથી? તું આ ખોટી રીતે દેહ ત્યાગ શું કામ કરે છે? તું જ કહે કે એમાં તારું શું ભલું થવાનું છે? (૯૯). તારે તો રોજનો નવો નવો ધણી હોય એવો તારો વેશ્યાધર્મ તો બધા જ જાણે છે. આ જાણીને પણ તું કેમ અજાણી બને છે? આ તારી કેવી રીત છે? (૧૦૦). આવા તો કંઇ કેટલાય પુરુષો આવે છે ! એ બધાની તું કયાંથી સતી સ્ત્રી થાય? બધા લોકો તારી મશ્કરી કરે છે. તને આ અવળી બુદ્ધિ કયાંથી સૂઝી? (૧૦૧). આ રીતે સગાં-વહાલાં અને ગામના લોકો એને વારે વારે રોકતા હતા. તો પણ એ વેશ્યા કોઇનું માનતી નથી અને સહગમન માટે તત્પર થઇ. (૧૦૨). એણે બધાંને કહ્યું કે એ વેપારી મારો પ્રિય પતિ હતો. મેં સૂર્ય અને ચંદ્રની સાક્ષીએ દિવ્ય પ્રતિજ્ઞા કરી હતી. (૧૦૩). મેં પૃથ્વી માતાની સાક્ષીએ એની પત્ની થવાનું સ્વીકાર્યું હતું અને ત્રણ દિવસ માટે હું એ વેપારીની ધર્મની સ્ત્રી થઇ હતી. (૧૦૪). નસીબજોગે મારો પતિ મૃત્યુ પામ્યો. હવે મારા જીવનમાં શું સાર રહ્યો? સહગમન એ વેદ અને શાસ્ત્ર દ્વારા માન્ય પતિવ્રતાનો સ્ત્રીધર્મ છે.ⓒ (૧૦૫).

જે સ્ત્રી પ્રેમથી પતિ પાછળ સહગમન કરે છે તેને ડગલે ને પગલે અશ્વમેધફળ મળે છે અને મોક્ષ મળે છે. (૧૦૬). એવી સ્ત્રી માતા-પિતાનાં અને પતિનાં એકવીસ કુળને લઇને સ્વર્ગમાં વસે છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૦૭). પિતૃઓ કદાચ નરકમાં હોય તો પણ આવી રીતે અનુગમન કરનારી સ્ત્રી એ બધા પિતૃઓને સ્વર્ગમાં લઇ જાય છે એમ શ્રુતિ અને સ્મૃતિ કહે છે. (૧૦૮). સહગમનનું આવું પુણ્ય મળતું હોય તો પછી નાહક જીવવાની જરૂર શી? અસાર એવા આ સંસારમાં કોઇ પણ અમર નથી. (૧૦૯). કોઇ આજે તો કોઇ કાલે પણ બધાંને માટે મરવાનું તો નિશ્ચિત છે જ. માટે હું (તમને બધાંને) પ્રાર્થના કરું છું (કે મને રજા આપો). આમ કહીને તરત જ અગ્નિ પાસે આવીને, પ્રેમપૂર્વક પગે લાગીને અને સર્વેશ્વરનું સ્મરણ કરીને એ સુંદર દેહવાળીએ સૂર્યને પ્રણામ કર્યા. (૧૧૦-૧૧૧).

મનમાં ઉદ્વેગ રાખ્યા વગર અગ્નિની પ્રદક્ષિણા કરીને અને વિપ્રવૃંદને પગે લાગીને એ અગ્નિમાં કૂદી પડી. (૧૧૨). ત્યાં આશ્ચર્યકારક બીના બની અને અગ્નિમાંથી સાક્ષાત્ શિવશંકર એકાએક પ્રગટ થયા. (૧૧૩). પાંચ મુખ અને દશ હાથ છે. તેમ જ નાગસૂત્ર શોભી રહ્યું છે, ભસ્મથી શરીર શોભાયમાન છે. માથા પર જટા છે અને નંદિ પર ભગવાન શંકરની સવારી છે. (૧૧૪). હાથમાં ત્રિશૂળ અને ડમરુ ધારણ કરેલા મા પાર્વતી સાથેના શિવજીએ વેશ્યાને ઉપર ને ઉપર લઇ લીધી. (૧૧૫). ત્યાં અગ્નિ પણ શાંત થઇ ગયો અને ભક્તિપ્રિય ભગવાન શંકર એ વેશ્યાની ભક્તિ જોઇને પ્રસન્ન થયા. (૧૧૬). એને હાથથી પકડીને ભગવાન શંકરે કહ્યું કે હે વેશ્યા ! હું તારા પર પ્રસન્ન થયો છું. તારા મનમાં જે ઇચ્છા હોય તે માગ. (૧૧૭). તારી પરીક્ષા કરવા અને તારા ધર્મ અને ધીરજ કેવાં છે એ જોવા માટે હું ઇશ્વર સ્વયં તારા ઘરે આવ્યો હતો. (૧૧૮). હું જ વેપારી બનીને આવ્યો હતો અને લિંગ પણ હું જ થયો હતો અને મેં જ માયાવી આગ લગાડીને મંડપ બાળી નાંખ્યો હતો. (૧૧૯). તારા મનની ધીરજ જોવા જ મેં અગ્નિમાં પ્રવેશ કર્યો હતો. તેં તારું વ્રત બરોબર પાળી બતાવ્યું. તું ખરેખર સતી જ છે. (૧૨૦). હું તારી ભક્તિથી રાજી થયો છું. હવે તારી જે ઇચ્છા હોય તે વરદાન રૂપે માંગ. તું કહે તો તને લક્ષ્મી, આરોગ્ય, સુખ ભર્યું દીર્ઘાયુ આપું અને તદુપરાંત બીજું જે જોઇએ તે માગ. (૧૨૧).

એ સાંભળીને વેશ્યા બોલી કે હે પ્રભુ ! ભોગ એ તો નરકનું દ્વાર છે. મને આ ત્રણે લોકમાં હવે ભોગ ભોગવવાની કોઇ ઇચ્છા જ નથી. (૧૨૨). હું તારાં ચરણકમળમાં ભ્રમરની જેમ રહું અને મારાં અંગત સગાં વહાલાં તારી પાસે રહે એવું વરદાન આપ. (૧૨૩). મારાં બધાં દાસ દાસીને તારા સ્વર્ગમાં નિવાસ કરાવ. અમે બધાં તારી પાસે જ રહીએ એવો ઇષ્ટ વર આપ. (૧૨૪). હે નાથ ! આ સંસાર સાગરમાંથી તું જલદીથી મારો ઉદ્ધાર કર અને અમારો પુનર્જન્મ ટાળી દે. એમ કહીને એણે ભગવાનનાં ચરણકમળ પકડી લીધાં. (૧૨૫).

એનાં આ વચનો સાંભળીને ભગવાન શંકર પ્રસન્ન થયા અને એનાં ભવ બંધન કાપી નાંખી બધાંને સ્વર્ગમાં લઇ ગયા. (૧૨૬). રુદ્રાક્ષથી અલંકૃત એનો કૂકડો અને વાનર મંડપમાં બળી મર્યા હતા તે જ આ બે કુમારો છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૨૭). હે રાજા ! રુદ્રાક્ષના પુણ્ય પ્રભાવે એ વાનર તારો પુત્ર થયો છે જે કૂકડો હતો તે મંત્રીનો પુત્ર થયો છે. (૧૨૮). પૂર્વ સંસ્કારથી આ બન્ને રાજપુત્રો થયા છે અને એને લીધે જ તેઓ ભગવાન શંકરના ભકત અને જ્ઞાની થયા છે. એમને ભૂત વળગ્યું નથી. (૧૨૯). ગયા જન્મમાં એમણે અજ્ઞાનતાથી રુદ્રાક્ષ ધારણ કર્યા હતા પરંતુ એ પુણ્યના પ્રભાવે આ જન્મે શ્રીમંત રાજાના કુળમાં જન્મ્યા છે. (૧૩૦). આ જન્મે તેઓ પૂર્વ જન્મના સંસ્કારથી જ્ઞાનપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરી રહ્યા છે. એમના પુણ્યનો પાર નથી. (૧૩૧).

પરાશર મુનિએ કુમારનું પૂર્વ જન્મનું જે ચરિત્ર રાજાને કહ્યું હતું તે ચરિત્ર શ્રીગુરુએ પતિ-પત્નીને કહ્યું. (૧૩૨). પરાશર મુનિનાં વચન સાંભળીને બંને હાથ જોડીને રાજાએ પરાશર મુનિને ફરી પાછો જે પ્રશ્ન કર્યો હતો તે પ્રશ્નની વાત હવે પછીના અધ્યાયમાં થશે. (૧૩૩). વેદના અને પુરાણના સારરૂપ આ વાતો ખરેખર કેવળ અમૃતથી ભરેલી છે. એ ભાવથી સાંભળવાથી હે **રંગ** ! કોણ સંસાર સાગર પાર ન પામે? (૧૩૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**રુદ્રાક્ષ માહાત્મ્ય કથન**' નામનો **સત્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૭

(૧) સાચા રુદ્રાક્ષની માળા પહેરવાથી **Blood Pressure** કાબૂમાં રહે છે એવું વિજ્ઞાન પણ સ્વીકારે છે. ભસ્મ, રુદ્રાક્ષ, ગોમૂત્ર, છાણ, ગાયના ઘીનો દીવો આ બધાની સારી અસર થાય જ છે એ હવે સ્વીકારાયેલી વાત છે. ધર્મશાસ્ત્રોમાં રજૂ થયેલી વાતોને વૈજ્ઞાનિક સમર્થન મળે તો જ શિક્ષિત લોકો સ્વીકારવા તૈયાર થાય છે.

(૨) આ અધ્યાયમાં વેશ્યાનું પાત્ર સમજવા જેવું છે. વ્યભિચારી જીવન ગાળતી સ્ત્રીનું પણ નૈતિક ધોરણ કેવું ઉત્કૃષ્ટ છે તે દર્શાવાયું છે. વેશ્યાવૃત્તિજેવી નિંદનીય અને ધાડ-લૂંટ જેવી અધમ-પ્રજાપીડક પ્રવૃત્તિ આચરતી વ્યક્તિઓના જીવનમાં કેટલીક વાર ઊંચા સ્તરની નૈતિકતાનાં દર્શન થાય છે. સિંહ શિકારી પ્રાણી હોવા છતાં, જંગલનો રાજા હોવાથી રાજાને શોભે એ રીતે જીવે છે. વેશ્યાએ ત્રણ દિવસ સુધી વેપારીની ધર્મપત્ની તરીકે જીવવાનું સ્વીકાર્યું હતું. એ સમય દરમ્યાન એનો સ્વીકારેલો પતિ-વેપારી-મૃત્યુ પામે છે. તેથી પોતે કરેલી પ્રતિજ્ઞા મુજબ વેશ્યા સતી થવા તૈયાર થાય છે. એ સતી થવામાંથી છટકવા માગતી નથી. જ્યારે એનાં સગાં સંબંધી એને વ્યવહારની વાત સમજાવે છે જેમાં પ્રામાણિકતા કે નૈતિકતાની વાત છેક નીચલી કક્ષાની છે. અનુચિત કાર્યો કરનાર ઘણીવાર લાચારીથી એ સ્થિતિમાં પડ્યો હોય છે. પરંતુ અંદરથી તો તે સારો રહેવા પ્રયત્ન કરતો હોય છે. "કયા રાફડામાં કેવો સાપ હોય એની શી ખબર પડે?"

●

અધ્યાય : ૮૮

આ અધ્યાયનું નામ **'રુદ્રાધ્યાયમાહાત્મ્ય વર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

આ અધ્યાયમાં રાજા ભદ્રસેન પરાશર મુનિને કુમારનું ભવિષ્યકથન કરવાનું કહે છે. પરાશર મુનિએ કહ્યું કે હે રાજા ! ભવિષ્ય જાણવાથી શું થશે? જે બનવાનું છે તે તો બન્યું જ જશે. તું આગ્રહ કરે છે તો હું તને કહીશ પણ એ જાણીને તને દુ:ખમાત્ર જ થવાનું છે. એટલે રાજાએ કહ્યું કે આપ દુ:ખ આવવાનું છે એમ કહેશો તો એનો ઉપાય પણ આપ જ બતાવશો ને ! (૧-૮).

મુનિએ કહ્યું કે રાજા ! તારા કુમારનું આયુષ્ય બાર વર્ષનું જ છે અને તેમાં પણ હવે ફકત સાત જ દિવસ બાકી રહે છે. આઠમે દિવસે એનું મૃત્યુ થશે. (૯-૧૦).

આ સાંભળીને રાજા બેભાન થઇ ગયો. આનો ઉપાય શું? એવું પૂછતાં મુનિએ કહ્યું કે તું ભગવાન શંકરને શરણે જા અને એના પર રુદ્રાધ્યાયથી અભિષેક કરાવ. એમ કહીને મુનિએ રુદ્રાધ્યાયનું મહત્ત્વ સમજાવ્યું. રુદ્રાધ્યાયના દસ હજાર પાઠથી ભગવાન શંકર પર અભિષેક કર. જેથી તારો પુત્ર મૃત્યુ નહિ પામે અને દસ હજાર વર્ષ જીવશે. (૧૧-૮૦).

રાજાએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવીને રોજ રુદ્રાધ્યાયથી ભગવાન શંકર ઉપર અભિષેક કરાવવાનું શરૂ કર્યું અને એના તીર્થથી કુમારને સ્નાન કરાવવાનું રાખ્યું. સાત દિવસ પૂરા થતાં રાજકુમાર એકાએક બેભાન થયો. યમદૂતો એને લેવા આવ્યા પરંતુ શિવદૂતોએ એને મારીને ભગાડી દીધા. યમરાજાએ ચિત્રગુપ્તને પૂછ્યું ત્યારે એણે કહ્યું કે ચોપડામાં લખ્યું છે કે રાજકુમાર અપમૃત્યુ તરીને દસ હજાર વર્ષ જીવશે.

શ્રીગુરુએ દંપતીને આમ રુદ્રાધ્યાયનું મહત્ત્વ સમજાવ્યું. (૮૧-૧૨૦).

અલખ નિરંજનને કહે છે કે ભદ્રસેન રાજાએ બે હાથ જોડીને પરાશર મુનિને કહ્યું કે હે સ્વામી ! તમે કહ્યું કે આ બંને પુત્રોએ પૂર્વજન્મમાં રુદ્રાક્ષ ધારણ કર્યા હતા અને તેથી ચોક્કસ અપાર પુણ્ય કમાયા છે. તેમજ પૂર્વજન્મમાં અજ્ઞાનતાથી રુદ્રાક્ષ ધારણ કર્યા હતા તો પણ એના પુણ્યથી આ બંને જણા આ જન્મે રાજાના સમૃદ્ધ કુળમાં જન્મ્યા છે. (૧-૩).

હવે આ જન્મમાં તેઓ જાણી-સમજીને-જ્ઞાનપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરે છે. હવે આ બંનેનું શું ભાવિ છે તે વિસ્તારપૂર્વક કહો. (૪). હે મુનિ ! આપ ત્રિકાળને જાણનાર છો. આપ ભૂતકાળ અને ભવિષ્યનું બધું જાણો છો. એટલે આ કુમારનું ભવિષ્યકથન કરો જેથી મનમાં સંતાપ ન રહે. (૫).

રાજાનાં એ વચન સાંભળીને પરાશર મુનિએ કહ્યું કે હે રાજા ! જે બનવાનું છે તે તો બનીને જ રહેવાનું છે. પછી એ જાણવાથી તને શું ફાયદો થશે? (૬). હું તને શું કહું? એ જાણીને તો તને ઊલટાનું દુ:ખ જ થશે. આમ

છતાં રાજાએ ફરીથી વંદન કરીને પ્રાર્થના કરી કે હે મુનિ ! આપ બધું જ કહો.① (૭). જો ભવિષ્યમાં કોઇ સંકટ આવવાનું હશે તો તેનો ઉપાય પણ હે મુનિ ! આપ જ સૂચવશોને ! અમને અવઢવમાં ન રાખશો. હે તાત ! એ બધી વાત અમોને કહો. (૮).

પરાશર ઋષિ બોલ્યા કે સંત માટે ન કહી શકાય એવી કોઇ વાત નથી હોતી. તારા કુમારનું આયુષ્ય બાર વરસનું છે. (૯). હવે એમાં ફકત સાત દિવસ જ બાકી રહ્યા છે. આઠમે દિવસે તારો દીકરો ચોક્કસ મૃત્યુ પામશે. (૧૦). મુનિનાં આવાં વચનો સાંભળીને રાજા મૂર્છિત થઇ ગયો. ક્ષણવાર પછી ભાનમાં આવીને અત્યંત દુ:ખી થઇને રડવા લાગ્યો. (૧૧). પરાશર મુનિના પગ પકડીને કહેવા લાગ્યો કે હે નાથ ! તું મને બચાવ ! મને બચાવી લે ! હું તારા શરણે આવ્યો છું. હે તાત ! મારી અવગણના ના કરો. (૧૨). આમ વિવિધ પ્રકારે રાજાએ પોતાનું દુ:ખ વ્યકત કરવા માંડ્યું. મુનિનાં ચરણમાં પત્ની સાથે પ્રણામ કરીને કહેવા લાગ્યો કે અરેરે ! હવે હું શું કરું? (૧૩).

કૃપાસાગર ઋષિશ્રેષ્ઠે ત્યારે આશ્વાસીને રાજાને કહ્યું કે ભગવાન શંકર આ જગતના ગુરુ છે. તું તેના શરણે જા. (૧૪). મનની બધી બીક છોડી દઇને સદાશિવનું ચિંતન કર. ભકિતથી એમનું આરાધન કર. એ તારું રક્ષણ કરશે. (૧૫). હે રાજા ! હું તને એક ઉત્તમ ઉપાય કહું છું તે ધ્યાન દઇને સાંભળ. એ ઉપાયથી અજય મૃત્યુ પણ જીતી શકાય છે. (૧૬).

સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં એક જ દેવ છે અને તે શિવશંકર છે. એ ભગવાન શંકર સચ્ચિદાનંદરૂપ છે. (૧૭). તેઓ રજોગુણથી મૂર્તિમંત બ્રહ્માજીનું સર્જન કરે છે અને સૃષ્ટિના ક્રમના જ્ઞાન માટે ચારે વેદો પણ પોતે બ્રહ્માજીને આપે છે. વેદોમાં આત્મતત્ત્વને જાણવા માટેનો વિશાળ સંગ્રહ ઉપનિષદોમાં છે. (૧૮-૧૯). સાથે ભકતપ્રિય ગૌરવર્ણ દેહધારી ભગવાન શંકર બ્રહ્માજીને રસાળ રુદ્રાધ્યાય પણ આપે છે. (૨૦).

રુદ્રાધ્યાયનો મહિમા અનુપમ છે. એ રુદ્ર અવ્યય છે અને એનો કદાપિ નાશ થતો નથી. (૨૧). એ રુદ્રાધ્યાય શ્રેષ્ઠ છે અને એનાથી ઉત્તમ બીજું કશું નથી. બ્રહ્માએ પોતાના ચાર મુખથી ચાર વેદો પ્રગટ કર્યા છે. (૨૨). દક્ષિણ મુખથી જે યજુર્વેદ પ્રગટ્યો તેની અંદર ઉપનિષદના સારભૂત આ રુદ્રાધ્યાય આવેલો છે. (૨૩). આ રુદ્રાધ્યાય કામધેનુ જેવો, બધી જ કામના પૂર્ણ કરનારો છે. બ્રહ્માએ મુનિઓને સ્વમુખે પ્રેમથી રુદ્રાધ્યાય કહી સંભળાવ્યો હતો. (૨૪). મરીચિ, અત્રિ વગેરે ઋષિઓ વિધિપૂર્વક એ પઢે છે અને વિશ્વનું સર્જન કરનાર બ્રહ્માજી સ્વયં દેવર્ષિઓને કહી સંભળાવે છે. (૨૫). આ દેવર્ષિઓ પોતાના શિષ્યને અભ્યાસ કરાવે છે અને એ રીતે પરંપરાગત રીતે ઋષિઓ પોતાના શિષ્યને ભણાવે છે. (૨૬). આ રીતે રુદ્રાધ્યાય પૃથ્વી પર ફેલાયો. એના જેવો તરત જ ફળ આપનારો બીજો એકેય મંત્ર નથી. (૨૭). એ ચારે વર્ગને આપનારો છે અને ખરેખર સૌથી વધુ પાવનકારી છે. એના જપથી મહાપાપી પણ પરમ પદ (મોક્ષ)ને પામે છે. (૨૮).

બ્રહ્માજીએ ખરેખર અદ્‌ભુત રુદ્રતીર્થ નિર્માણ કર્યું છે, જેના સ્નાન અને પાનથી હીન અને મહાન બધા જ તરી જાય છે. (૨૯). ગુરુએ કહેલા માર્ગથી એનું ભજન કરવાથી દુષ્કર્મોનો નાશ થાય છે. સંસારની પળવારમાં

નિવૃત્તિ થાય છે અને મોક્ષ પણ દાસ થઇ જાય છે. (૩૦).

કર્મનો કાયદો તો કહે છે કે જે જેવું કરે છે તેવું જ પામે છે. સત્કર્મથી વ્યક્તિ સુખ પામે છે અને કુકર્મથી દુ:ખ ભોગવે છે.ⓒ (૩૧). સૃષ્ટિની પ્રવૃત્તિ શરૂ થતાં પહેલાં બ્રહ્માએ પોતાની છાતીમાંથી ધર્મને અને પાછળના ભાગમાંથી અધર્મને ઉત્પન્ન કર્યા. (૩૨). ધર્મનું સેવન કરવાથી સુખ છે અને અહીં તેમજ પરલોકમાં સદ્‌ગતિ છે અને અધર્મના સેવનથી વ્યક્તિ આ લોકમાં અને પરલોકમાં દુ:ખી થાય છે. (૩૩). કામ, ક્રોધ, લોભ વગેરે એ અધર્મના પુત્રો છે અને મહા ભયંકર નરકના માર્ગદર્શકો છે. (૩૪). વ્યભિચાર કરનાર, ગુરુની પત્ની સાથે વિષયભોગ ભોગવનાર વગેરે જે કામુક લોકો છે તે કામપુત્રો છે અને ખૂબ જ દુષ્ટ છે. એ નરકના નેતાઓ છે. (૩૫).

કામવૃત્તિથી જેનો જન્મ થાય છે તે કામપુત્ર છે અને ક્રોધના પરિણામરૂપ જેનો જન્મ થાય છે તે ક્રોધપુત્ર છે અને લોભવૃત્તિના પરિણામરૂપ જન્મતો પુત્ર લોભપુત્ર છે. (૩૬). માત-પિતાની હત્યા કરનાર એ બ્રહ્મઘાતકી ક્રોધના પુત્ર છે અને તે નરકના દ્વારપાળ છે. (૩૭). સોનું ચોરનાર, કન્યાને વેચનાર, બ્રાહ્મણનું દ્રવ્ય વગેરે ચોરનાર અને દ્રવ્ય એકઠું કરવાનું પાપ કરનાર એ બધા લોભના અતિ ભયંકર પુત્રો છે. (૩૮). બધાં પાપોને બોલાવીને યમરાજાએ કહ્યું કે પૃથ્વી ઉપર જઇને બધાને તમારા ગુણથી વશ કરો. (૩૯). નાના નાના પાપોરૂપી સેવકોને સાથે લઇ જઇને રાજા હોય કે રંક હોય પણ બધા મનુષ્યોને અહીં મારા લોકમાં મોકલો. (૪૦).

યમની આજ્ઞા સાંભળીને બધાં પાપો પૃથ્વી પર ગયાં. ત્યાં રુદ્રનો જપ કરતા માણસોને જોઇને બીકના માર્યા તેઓ નાસી ગયાં. (૪૧). ડરના માર્યા ધ્રૂજતાં ધ્રૂજતાં જઇને તેમણે યમરાજાને કહ્યું કે અમે તમારી આજ્ઞાથી ગયાં તો ખરાં પણ અમારા તો ખરાબ હાલ થઇ ગયા. (૪૨). હે સ્વામી ! હે મહારાજ ! આપનો જય હો ! હે યમરાજ ! આપને નમન હો ! અમે તારા નોકરો હોવા છતાં આજે ભયભીત થઇ ગયા-ડરી ગયા છીએ. (૪૩). આજે તમારી આજ્ઞાથી અમે પૃથ્વી ઉપર ગયાં તો ખરાં પણ જેમ અગ્નિનગરમાં દાઝી જવાય તેમ અમે રુદ્રાગ્નિથી ખૂબ દાઝ્યાં. (૪૪). હવે પૃથ્વી પર જવાની અમારી હિંમત ચાલતી નથી. રુદ્રનો જાપ કરનારાને જોઇને જ અમે તો સળગી જ મર્યા. (૪૫).

હવે અમારું શું થશે? અમે હવે પૃથ્વી પર જઇ શકીએ એમ જ નથી. જે ગામમાં રુદ્રનો જાપ થતો હોય તે ગામ તરફ જોવાની પણ અમારી હિંમત નથી. (૪૬). ગામોગામ નદી કિનારે અને નગરમાં મંદિરની અંદર તેમજ પુણ્યક્ષેત્રમાં બ્રાહ્મણો હંમેશાં રુદ્રનો પાઠ કરતા હોય છે. (૪૭). અમે પ્રયત્ન કરીને બધાને મહાપાપ કરવામાં પ્રવૃત્ત કર્યા એટલે મહાપાપીઓનાં પાપનો તો પાર નથી. (૪૮). હજાર પ્રાયશ્ચિત્ત કરવાથી પણ જે પાવન ન થાય તેવા પણ રુદ્રના પાઠથી સાચે જ પુણ્યશાળી થઇ ગયા છે. (૪૯). જો કોઇ કોકવાર પણ ભૂલેચૂકે ભક્તિથી રુદ્રનો પાઠ કરે તો એ એકદમ પુણ્યાત્મા થઇ જાય છે. હે યમરાજ ! તમે જ કહો કે હવે અમે શું કરીએ? (૫૦). એ જ રીતે ભયંકર પાપ કરનારા ઘોર પાપીઓ પણ રુદ્રના પાઠથી પવિત્ર થઇ જાય છે. હવે અમે પૃથ્વી પર જઇને શું કરીએ? ત્યાં અમે હડધૂત થઇએ છીએ. (૫૧). હવે તો પૃથ્વી પર જવાનું ખૂબ જ મુશ્કેલ-દુ:ખદ થઇ ગયું છે. તો પણ આખરે અમે તમારા નોકર છીએ. તમે જેમ કહેશો તેમ કરીશું. (૫૨).

અધ્યાય : ૮૮

હે નાથ ! અમને તો એ રુદ્રનો પાઠ કાલકૂટ ઝેર જેવો જણાય છે. ત્યાં જવાની અમારી હિંમત જ ચાલતી નથી. હે યમરાજ ! અમારું રક્ષણ કર. અમને બચાવ. (૫૩). હે દેવ ! બ્રહ્માએ આપેલો એ મહારુદ્ર અમને બાળી નાંખે છે. હે પ્રભો ! એમાંથી તું અમને શાંતિ અપાવ. તું તરત જ અમારું રક્ષણ કર. (૫૪). આમ પાપરૂપી નોકરો દુ:ખી દુ:ખી થઇને પ્રાર્થના કરવા લાગ્યા. એ સાંભળીને યમરાજા તરત જ ક્રોધથી ધ્રૂજતા ધ્રૂજતા ચાલ્યા ગયા. (૫૫).

એ ત્યાંથી સીધા બ્રહ્મલોકમાં આવ્યા અને વિનયથી તેમજ નમ્રતાપૂર્વક બ્રહ્માજીને કહેવા લાગ્યા કે સૃષ્ટિનું સર્જન કરનાર હે મહાન દેવ ! હે કમળના આસન પર બિરાજમાન ! હે ચાર મુખવાળા ! આપનો જય હો ! આપને ધન્ય હો. અમે તારા શરણે આવ્યા છીએ. અમે તારા આજ્ઞાધારી અનન્ય સેવકો છીએ. (૫૬-૫૭). તારી આજ્ઞાનું અક્ષરશ: પાલન કરીને આજ સુધી બધા પાપીને અમે નરકમાં નાંખ્યા છે એ તું જાણે છે. (૫૮). પાપીઓને લઇ આવવા આજે મેં દૂતોને મોકલ્યા તો રુદ્રે એમને ભગાડી મૂક્યા. રુદ્રપાઠ પુણ્યવાન કરનારો છે. (૫૯). હે નાથ ! મહાપાપી પણ રુદ્રના પાઠથી એકદમ પવિત્ર થઇ જઇને સ્વર્ગમાં જતો રહે છે. હે બ્રહ્મપિતા ! આ બધી વિચિત્ર પરિસ્થિતિમાં મારે શું કરવું? (૬૦). નરકો બધાં ખાલીખમ પડ્યાં છે અને મારું તો રાજ્ય જ ચાલ્યું ગયું છે. રુદ્રે બધાં પાપનો નાશ કરી દીધો છે. એ તો કોઇ વસ્તુ છોડતો જ નથી. (૬૧). જો બધા જ મનુષ્યો પાપથી મુકત થઇ જશે તો આગળ ઉપર સૃષ્ટિનું શું થશે? હવે ઝડપથી અહીં કોઇ ઉપાય કરો. તમારા સિવાય બીજો કોઇ શકિતમાન નથી. (૬૨).

તેં જ મનુષ્યને રુદ્રાધ્યાયનો ખજાનો આપ્યો છે. હે વિભુ ! તમે આવી ભૂલ કેમ કરી? હવે દુનિયા કેવી રીતે ટકશે? (૬૩). મૃત્યુલોકનો ફાવે તેવો માનવી પણ રુદ્રનો પાઠ કરીને હે તાત ! અમર થઇ જાય છે. રુદ્રે તો પાપનો નાશ જ કરી નાંખ્યો છે. (૬૪). આ રીતે યમરાજાએ બ્રહ્માની વિવિધ રીતે પ્રાર્થના કરી. થોડોક વિચાર કરીને નિશ્ચિંત થઇને બ્રહ્માજીએ કહ્યું કે ભકિત વિનાનો, ઉન્મત્ત થઇને, અજ્ઞાની, તામસી પ્રકૃતિનો, સૂતાં, ચાલતાં કે અપવિત્ર સ્થિતિમાં જો એ રુદ્રનો પાઠ કરે તો એને વધારે પાપી માનવો અને એ શિક્ષાને પાત્ર છે એમ જાણી એને છોડવા નહિ. (૬૫-૬૭). જે કોઇ બેસીને, વિધિપૂર્વક, ભકિતભાવથી રોજ રુદ્રપાઠ કરે છે તે પાપમુકત છે અને વંદન કરવા યોગ્ય છે. એવું તમારા દૂતોને કહેજો. (૬૮).

ત્રણે લોકમાં રુદ્રજાપથી વધારે પુણ્ય કયાંયે છે જ નહિ. પરંતુ એમાં શ્રદ્ધા અને ભકિત ખૂબ જ મહત્ત્વનાં છે તે પ્રયત્નપૂર્વક તપાસવાં. (૬૯). પૂર્વ જન્મનાં પાપથી જે માણસનું આયુષ્ય ટૂંકું હોય તે માણસ જો રુદ્રપાઠ કરે તો એનાં પાપનો નાશ થાય છે અને દીર્ઘાયુષી બને છે. (૭૦). રુદ્રજાપ કરવાથી સંપત્તિ, તંદુરસ્તી, જ્ઞાન, તેજ, ધીરજ, પ્રજ્ઞા, મેધા વગેરે વધે છે. (૭૧). જે કોઇ ભગવાન શંકર ઉપર ભકિતભાવથી રુદ્રાભિષેક કરે છે અને એ તીર્થથી પછી જે સ્નાન કરે છે તે સારી રીતે પાવન થાય છે. (૭૨). એને મૃત્યુનો ડર રહેતો નથી. વળી બીજું સાંભળ. પુણ્યશાળી જીવ રુદ્રજાપથી દીર્ઘાયુ ભોગવે છે. (૭૩). જે કોઇ રુદ્રાભિમંત્રિત જળથી સ્નાન કરે છે તેનાથી પછી મોત ડરીને નાસી જાય છે અને એ માણસ પાપથી મુકત થઇ જાય છે. (૭૪). જે વ્યકિત શિવજી પર ભકિત ભાવથી રુદ્રાધ્યાયના સો પાઠથી અભિષેક કરે છે તે સો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે અને પાપમાંથી મુકત થઇ જાય છે. હે યમરાજ ! તું આ બધું જાણી લે અને એ પ્રમાણે તારા દૂતોને સૂચના આપ. રુદ્ર જાપ કરનાર બ્રાહ્મણો સજાને

યોગ્ય નથી. (૭૫-૭૬).

બ્રહ્માજીનાં આ વચનો સાંભળીને એ યમરાજે યમલોકમાં જઇને પોતાના દૂતોને એ પ્રમાણે સમજ આપી. (૭૭). પરાશર મુનિએ રાજાને કહ્યું કે પુત્રના આયુષ્યની વૃદ્ધિ માટે તું તરત જ શંકર પર રુદ્રાભિષેક કરાવ. (૭૮). ભક્તિ ભાવથી શંકર પર દૂધની અખંડ ધારા રાખીને રુદ્રના દશ હજાર પાઠ કરાવવાથી તારા પુત્રનું મૃત્યુ નહિ થાય અને દશ હજાર વર્ષ જીવશે તેમજ સ્થિરતાપૂર્વક રાજ્ય કરશે અને સ્વર્ગમાં જઇને ઇંદ્રની જેમ સુખ ભોગવશે. (૭૯-૮૦). એની લક્ષ્મી કદી પણ નાશ પામશે નહિ અને પુત્રો સહિત નિષ્કંટક રાજ્ય ભોગવશે. (૮૧). કામ, ક્રોધ અને લોભ વગરના, જ્ઞાની અને સદાચારી એવા સેંકડો બ્રાહ્મણોને બોલાવીને શિવજી ઉપર વિધિપૂર્વક રુદ્રાભિષેક કરાવ. એનાથી પુત્રનું આયુષ્ય લાંબું થશે એને એનું હરેક પ્રકારે કલ્યાણ થશે. (૮૨-૮૩).

પરાશર મુનિનાં વચનો સાંભળીને એમના કહ્યા મુજબ રાજાએ ત્યાં બધી તૈયારી કરાવી દીધી અને રુદ્રાભિષેક કર્મની શરૂઆત પણ કરાવી દીધી. (૮૪). મુનિની આજ્ઞા પ્રમાણે સેંકડો વિદ્વાન બ્રાહ્મણોને બોલાવીને સો ગાગર ભરીને રસની અખંડ ધાર કરીને ભક્તિભાવથી વિધિપૂર્વક શિવજી ઉપર રુદ્રાભિષેક કરાવી એ તીર્થોદકથી પુત્રને રોજ સ્નાન કરાવવા લાગ્યો. (રસધાર = દૂધ, શેરડીનો રસ કે જળની ધાર) (૮૫-૮૬). આ પ્રમાણે સાત દિવસ સુધી ભગવાન શંકરની આરાધના કરી. એની અનન્ય ભક્તિ જોઇને ભોળા શંકર તે જ ક્ષણે પ્રસન્ન થયા. (૮૭).

સાત દિવસ પૂરા થતાં રાજકુમાર એકાએક બેભાન થઇ ગયો અને ભૂમિ પર ઢળી પડ્યો. એ જ વખતે પવિત્ર એવા મુનિશ્રેષ્ઠ પરાશરે એનું રક્ષણ કર્યું. (૮૮). વિકરાળ દાઢવાળા અને બિહામણા શરીરવાળા યમના દૂતો હાથમાં દંડ લઇને અદૃશ્યરૂપે ત્યાં આવ્યા હતા. (૮૯). રુદ્રનો જાપ કરતા શ્રેષ્ઠ બ્રાહ્મણોએ રાજકુમાર પર અભિમંત્રિત ચોખા નાંખ્યા. એની સાથે યમદૂતો બીધા. (૯૦). રાજકુમાર પાસે આવવાની એમની હિંમત ચાલી નહિ તેથી દૂર જ ઊભા રહ્યા અને દૂર ઊભા ઊભા રાજકુમાર પર પાશ ફેંક્યો. (૯૧). એવામાં હાથમાં દંડ લઇને પ્રલયાનળ સમાન ઉગ્ર શિવદૂતો એમને મારવા ઝડપથી દોડ્યા. (૯૨). ભયના માર્યા યમદૂતો ત્યાંથી તરત જ ભાગી ગયા એટલે વેદપુરુષ જેવા શિવદૂતો એમની પાછળ દોડ્યા. (૯૩). બ્રાહ્મણોએ આ રીતે રાજકુમારનું રક્ષણ કર્યું અને વેદ મંત્રોચ્ચારથી આનંદપૂર્વક આશીર્વાદ આપ્યા. (૯૪).

મૂર્છા પામેલો રાજકુમાર ભાનમાં આવ્યો અને ક્ષણવારમાં જ એનું મન સ્વસ્થ થયું. એટલે રાજાએ આનંદભેર મહોત્સવ મનાવ્યો. (૯૫). રાજાએ પરાશર ઋષિનું ભાવથી પૂજન કર્યું. વિપ્રોને ભોજન કરાવ્યું અને પાન તેમજ દક્ષિણા આપીને તેમને સંતુષ્ટ કર્યા. (૯૬). પછી સંતુષ્ટ થયેલા રાજાએ મોટી સભા બોલાવી અને તેમાં સિંહાસન ઉપર પરાશર મુનિને બેસાડ્યા. (૯૭). બીજા બધાને યોગ્ય સ્થાને બેસાડી તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. પછી ભોજન કરીને રાણી અને પુત્ર સાથે રાજા તરત જ ત્યાં આવ્યા. ત્યારે ત્યાં આનંદ આનંદ વર્તાઇ ગયો. એવામાં ત્યાં નારદજી આવી પહોંચ્યા. બ્રહ્માજીના પુત્રના ખભા ઉપર વીણા છે અને એ મુખથી 'નારાયણ નારાયણ' એમ હરિ ગુણ ગાય છે. (૯૮-૯૯).

રાજા સામે દોડીને ગયો અને તેમનું સરસ રીતે પૂજન કર્યું. એમને ઊંચા આસને બેસાડીને વિનયપૂર્વક વંદન કરીને કહ્યું કે હે દેવ ! આપ ત્રણે લોકમાં ફરો છો તો આપે આજે અવનવું અને અદ્‌ભુત કાંઇ જોયું હોય તો

કૃપા કરીને હે મુનિરાય ! અમને કહો. (૧૦૦-૧૦૧). નારદમુનિએ કહ્યું કે હું કૈલાસથી જ અત્યારે આવી રહ્યો છું અને રસ્તામાં જે અદ્‌ભુત દૃશ્ય જોયું તે કહું છું તે તું ધ્યાન આપીને સાંભળ. (૧૦૨). તારા પુત્રને લેવા માટે મહામૃત્યુ પોતાના દૂતોની સાથે અહીં આવ્યો હતો. તેને શિવના દૂતોએ ભગાડી મૂક્યા. (૧૦૩). અહીંથી હારીને ગયેલા મહામૃત્યુએ તરત જ જઇને યમરાજાને કહ્યું કે અમે પૃથ્વી પર જઇએ છીએ તો શિવભટો અમને મારે છે. તો અમારે શું કરવું? (૧૦૪). ક્રોધે ભરાઇ યમે જઇને વીરભદ્રને ફરિયાદ કરી કે હે મહાદેવ ! તમારા દૂતો અમારા દૂતોને કયા કારણે મારે છે? (૧૦૫). જેનું આયુષ્ય પૂરું થઇ ગયું હતું તે રાજાના પુત્રને લેવા જતાં તમારા દૂતોએ મારા દૂતોને મારીને હાંકી કાઢ્યા. (૧૦૬). વીરભદ્રે ક્રોધથી કહ્યું કે હે યમરાજ ! તમે સાંભળો. આનું આયુષ્ય દશ હજાર વર્ષનું નિશ્ચિતરૂપથી છે અને તેથી એ હજી જીવે છે. (૧૦૭). તમે ચિત્રગુપ્તને પૂછ્યા વગર દૂતો મોકલ્યા જ કેમ? મારા દૂતોએ તમારા દૂતોને જીવતા જવા દીધા એ ઠીક કર્યું નથી. (૧૦૮).

યમરાજાએ ચિત્રગુપ્તને બોલાવીને પૂછ્યું કે રાજકુમારનું આયુષ્ય કેટલું છે? (૧૦૯). ચિત્રગુપ્તે પોતાનો ચોપડો જોઇને કહ્યું કે બાર વર્ષે એનું અપમૃત્યુ લખ્યું છે પણ ત્યાં એવું પણ લખ્યું છે કે અપમૃત્યુથી બચી જઇને એ દશ હજાર વર્ષ જીવશે. આ સાંભળીને યમ આશ્ચર્યચકિત થઇ ગયો.③ (૧૧૦-૧૧૧). યમે વીરભદ્રની આજ્ઞાપૂર્વક માફી માગી. મેં યમરાજાને શરમિંદા બનીને પોતાના લોકમાં જતા જોયા. (૧૧૨). પરાશર મુનિએ રુદ્રાનુષ્ઠાન પુણ્યથી તારા પુત્રનું આયુષ્ય આજે વધાર્યું. એવા મુનિને ધન્ય હો ! (૧૧૩). જેણે સ્વયં મૃત્યુના નાથને જીતી લીધો એવા રુદ્રનો મહિમા ખરેખર અપરંપાર છે એવું રાજાને કહીને નારદજી તરત જ સ્વર્ગે ગયા અને પરાશર મુનિ પોતાને આશ્રમે ગયા. રાજા એમનાં યશોગાન ગાતા રહ્યા. (૧૧૪-૧૧૫). સહુ બ્રાહ્મણો સંતોષ પામીને જેમ આવ્યા હતા તેમ સ્વસ્થાને જતા રહ્યા. રાજકુમારે દશ હજાર વર્ષ સુધી વિના વિઘ્ન રાજ્ય કર્યું. (૧૧૬).

રાજાએ રાજી થઇને અઢળક દાન કર્યું. હે સમજુ શિષ્ય ! રુદ્રનો આવો અનુપમ મહિમા છે. (૧૧૭). શ્રીગુરુએ આ મહિમાની કથા દંપતીને વિસ્તારથી કહી સંભળાવી. શ્રીગુરુની રુદ્ર ઉપર સવિશેષ પ્રીતિ હતી. (૧૧૮). માટે ભક્તિભાવથી શ્રીગુરુનાં ચરણો પર રુદ્રાભિષેક કરવાથી મૃત્યુ પણ ડરે છે. (૧૧૯). અલખનાં આવાં વચન સાંભળીને નિરંજન જે બોલ્યો તે વાતનો અપૂર્વ **રંગ** આગળ ઉપર આવશે. જે સાંભળતાં સંસારનો ભય ટળી જશે. (૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રુદ્રાધ્યાયમાહાત્મ્ય વર્ણન'** નામનો **અઠ્ઠ્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૮

(૧) માણસે વર્તમાન સાચવવાનો હોવા છતાં એ ભૂતકાળની-ગઇગુજરી- વાતો કરીને સુખ દુ:ખનો અનુભવ કરવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે અને ભવિષ્યમાં શું થવાનું છે તે જાણવાની ઇંતેજારી અનુભવે છે. દરેક વ્યક્તિ પોતાના ભાવિકથન માટે ઉત્સુક હોય છે પરંતુ એ જાણવાથી શો લાભ? આખરે ખોટી રીતે દુ:ખી થવાનું એ જ ને ! ભવિષ્યમાં સારું થવાની આગાહી હોય તો ઠીક. બાકી અમંગળ આગાહી હોય તો હાથે કરીને દુ:ખી થવાના પ્રયાસો છે. જ્યોતિષ વિદ્યાનો ઉપયોગ 'ઘોડી' તરીકે ન થવો જાઇએ. હાથની ટેકારૂપ લાકડી તરીકે કરવો જોઇએ. જે થવાનું છે તે તો થવાનું જ છે. "જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ."

(૨) દોહરા ૩૦ અને ૩૧ સમજવા જેવા છે. દોહરા ૩૧માં વ્યક્તિ જેવું કર્મ કરે છે તેવું ફળ ભોગવે છે એટલે અમૃત ખાઇએ તો જ અમર થવાય. બાવળ વાવીને કેરીની આશા ન રખાય. પરંતુ દોહરો ૩૦ આશ્વાસનરૂપ છે. ગુરુએ જણાવેલી રીતે ભજન કરવાથી દુષ્કર્મનો નાશ થાય છે. ખોટું થઇ જાય તો હવે પછી શું? એમાંથી નિવૃત્ત થવાનો કોઇ ઉપાય ખરો? ભગવાનનું નિષ્કામભાવે ભજન એ એનો ઉપાય છે.

(૩) અધ્યાય ૮૬ના દોહરા ૧૮૪માં શ્રીગુરુને શઠ બ્રાહ્મણ પૂછે છે કે વિધાતાના લખેલા લેખ ટળતા નથી અને આનું મૃત્યુ એ 'અપમૃત્યુ' નથી તો પછી કેવી રીતે જીવતો થયો? એનું તો મહામૃત્યુ છે. આમ 'અપમૃત્યુ'નો યોગ હોય તો સંતોના આશીર્વાદ અને ભગવાન શંકરની આરાધના કારગત નીવડે છે. વળી જે સ્તોત્રનો પાઠ કરીએ છીએ તેના ઉચ્ચારોનાં આંદોલનો પણ વ્યક્તિને અસર કરે છે. સંતની શક્તિનો, આવા અનુષ્ઠાનના ફળનો અને આપણી સમજશક્તિની મર્યાદાનો આપણને સાચો ખ્યાલ જ નથી. સમર્થ સંત દ્વારા સૂચિત અને શ્રદ્ધા ભક્તિથી પૂર્ણ અનુષ્ઠાન કલ્યાણકારી નીવડે જ છે. "શ્રદ્ધા ચાહે સો કરે" એવું પૂ.શ્રીએ લખ્યું છે ને ! સારા વિચારો કરવા, શ્રદ્ધા રાખવી, નિષ્ઠા કેળવવી એ બધા સુપુપ્ત મન પાસેથી ઉત્તમ કામ કરાવવાના ઉપાયો છે એવું હવે મનોવિજ્ઞાન પણ સ્વીકારે છે.

●

અધ્યાય : ૮૯

આ અધ્યાયનું નામ **'સોમવાર વ્રતકથન'** છે. આ અધ્યાયમાં **૨૭૪** દોહરા છે.

રુદ્રાધ્યાયનું માહાત્મ્ય સાંભળ્યા પછી સતીએ શ્રીગુરુને પૂછ્યું કે હવે અમારું શું થશે? અમારે કેવી રીતે રહેવું? તમારું સતત સ્મરણ રહે એ માટે કોઇ વેદ (શ્રુતિ)મંત્ર આપો. (૧-૫).

આ સાંભળી શ્રીગુરુએ કહ્યું કે સ્ત્રીને માટે તો પતિ સેવા જ ભવસાગર તરી જવાનો એકમાત્ર અને એકદમ સરળ ઉપાય છે. સ્ત્રીને શ્રુતિમંત્રનો અધિકાર નથી. સ્ત્રીને વેદમંત્ર આપવાથી આપનારનું પણ તેજ જાય છે. શુક્રાચાર્યે પોતાની દીકરી દેવયાનીને સંજીવની મંત્રનો ઉપદેશ કર્યો હતો તેથી એ મંત્રનું અને શુક્રાચાર્યનું સામર્થ્ય જતું રહ્યું હતું. સ્ત્રી માટે પતિસેવા એ જ મંત્ર છે. પતિનું વાક્ય એ જ મંત્ર છે. સ્ત્રીએ ગુરુ આજ્ઞાથી વ્રત-ઉપવાસ કરવાં. એટલે સતીએ કોઇ વ્રત અંગે આજ્ઞા કરવા જણાવ્યું. (૬-૧૫).

શ્રીગુરુએ સૌભાગ્ય અખંડ રહે એ માટે સોમવાર વ્રત કરવા કહ્યું અને એનું વિધિ વિધાન પણ બતાવ્યું. આ વ્રત કરવાથી વ્યક્તિની મનની ઇચ્છા ફળે છે. આ વ્રત બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થાશ્રમી તથા સંન્યાસી તેમજ સૌભાગ્યવતી, વિધવા કે કુંવારી કન્યા પણ કરી શકે છે. આ વ્રતમાં ઉપવાસ કરવો અથવા રાત્રે એક વાર જમવું. (૧૬-૨૮).

આ વ્રત અંગે સ્કંદ પુરાણમાં આવેલું આખ્યાન પણ શ્રીગુરુએ કહી સંભળાવ્યું. ચિત્રવર્મા નામના રાજાને સીમંતિની નામની કન્યા હતી પણ એના ભવિષ્યમાં ચૌદમે વર્ષે વૈધવ્યયોગ હતો. એક જ્યોતિષીએ રાજાને આ વાત સ્પષ્ટ કહી જે કુંવરીએ સાંભળી હતી. એક દિવસ યાજ્ઞવલ્ક્યનાં પત્ની મૈત્રેયી રાજમહેલમાં આવ્યાં એટલે રાજકુંવરીએ પોતાનો વૈધવ્યયોગ ટાળવાનો ઉપાય પૂછ્યો. મૈત્રેયીએ એને ભગવાન શંકરની આરાધના કરવા જણાવ્યું. સાતમે વર્ષે રાજકુંવરીનાં લગ્ન થયાં. જમાઇને પોતાના મહેલમાં રાખ્યો. એક દિવસ યમુનામાં જળક્રીડા કરવા જતાં તે ગુમ થઇ ગયો. ઘણી તપાસ કરવા છતાં તેનો પત્તો ના લાગ્યો. પરંતુ સીમંતિનીના સોમવાર વ્રતના પ્રભાવે પાતાળમાં પહોંચેલો એ રાજકુમાર પાછો આવ્યો. ગુરુના આશીર્વાદથી દંપતીને આઠ પુત્રો થયા અને સુખેથી જીવન વ્યતીત કર્યું. (૨૯-૨૭૪).

નિરંજન બોલ્યો કે શ્રીગુરુએ દંપતીને રુદ્ર માહાત્મ્ય કહ્યું પછી બીજું શું બન્યું? (૧). શ્રીગુરુનું ચરિત્ર સાંભળીને મારું મન વીંધાઇ ગયું છે. શ્રીગુરુની રમ્ય લીલા સાંભળવા મન ખૂબ તલસે છે. (૨). એમ બોલીને અલખનાં ચરણની વંદના કરી. અલખે કહ્યું કે હે બાળ નિરંજન ! તું સાંભળ. દેખાવમાં સુંદર એવી એ પતિવ્રતાએ બંને હાથ જોડીને ભક્તિથી શ્રીગુરુને પૂછ્યું કે હવે અમારી શી ગતિ થશે? અને અમારે હવે કેવી રીતે જીવવું તે કહો. (૩-૪). હે સ્વામી ! તારાં ચરણોનું હંમેશાં સ્મરણ રહે તે માટે કોક સનાતન અને શ્રેષ્ઠ એકાદ વેદ (શ્રુતિ)મંત્રનો

ઉપદેશ કરો. (૫).

શ્રીગુરુ બોલ્યા કે સ્ત્રીનું સાધન એક જ છે. પતિસેવા સિવાય સ્ત્રીને તરવાનો બીજો કોઇ ઉપાય જ નથી. (૬). સ્ત્રીને વેદનો અધિકાર નથી. એને શ્રુતિમંત્ર આપવો નહિ. એને જો આપવામાં આવે તો મંત્રનું સામર્થ્ય અને મંત્ર આપનારનું તેજ બંને લુપ્ત થાય છે. (૭). પહેલાંના સમયમાં શુક્રાચાર્યે પોતાની દીકરી દેવયાનીને સંજીવની મંત્રનો ઉપદેશ કર્યો હતો. પરિણામે મંત્રનું સામર્થ્ય પણ ગયું અને શુક્રાચાર્યનું પણ પતન થયું. હે સતી ! શું તું આ વાત નથી જાણતી? તો પછી તું દુરાગ્રહ કેમ કરે છે? (૮-૯). પતિસેવા એ સ્ત્રીનો એકમાત્ર મહાન ધર્મ છે. પતિનું વાકય જ એને માટે મંત્ર છે. પછી બીજા મંત્રની જરૂર જ શી?① (૧૦). માટે ગુરુની આજ્ઞા પ્રમાણે વ્રત અને ઉપવાસ કરવાં. શ્રીગુરુનાં આવાં વચનો સાંભળીને નમ્ર થઇને પતિવ્રતા સ્ત્રી ખાસ બોલી કે હે સ્વામી ! તારું વાકય એ મારે મન પ્રમાણરૂપ છે. તારા ચરણનું સ્મરણ રહે એવું હે તાત ! એકાદ વ્રત બતાવો. (૧૧-૧૨). તારાં વિના હું મંત્ર, તંત્ર, વ્રત કે બીજું કશું જાણતી નથી. તારાં ચરણનું સેવન એ જ મારે મન બધું છે. એ મારો નિશ્ચય છે. એમાં કોઇ શંકા નથી. (૧૧-૧૩).

આમ છતાં આપનાં ચરણમાં દૃઢ ભકિત રહે એટલા માટે હે ગુરુરાય ! કૃપા કરીને કોઇ આજ્ઞા કરો. (૧૪). આમ કહીને શ્રીગુરુનાં ચરણકમળમાં માથું મૂકયું. પ્રસન્ન થઇને શ્રીગુરુ બોલ્યા કે હે સતી ! તું ધ્યાન આપ. (૧૫). તારા સૌભાગ્ય માટે અને પતિના સુખને માટે ચારેય પુરુષાર્થને આપનારું એક વ્રત હું તને કહું છું. (૧૬).

દંપતીએ કહ્યું કે હે શ્રીગુરુ ! તારી આજ્ઞા અમારે શિરોમાન્ય છે. તું જેમ આજ્ઞા કરીશ તે પ્રમાણે જ અમે કરીશું. (૧૭). જે શ્રીગુરુનું કહેલું કરતો નથી તે નરકમાં જાય છે. તારું વચન એ વેદવચન છે. એમાં અમારા મનમાં કોઇ શંકા નથી. (૧૮). એવું બોલીને બંને જણાંએ ચરણોમાં વંદન કર્યાં. એમની શ્રદ્ધાભકિત જોઇને શ્રીગુરુ પ્રસન્ન થયા. (૧૯). શ્રીગુરુ બોલ્યા કે જે પવિત્ર વૃત્તાંત સૂતમુનિએ ઋષીશ્વરોને કહ્યું હતું તે જૂની કથા હું કહું છું તે સાંભળો. (૨૦).

સ્ત્રી અથવા પુરુષને માટે અતિ પાવનકારી એવું આ વિશ્વતારક વ્રત તમે ધ્યાનથી સાંભળો. (૨૧). સદાનંદ, સ્વચ્છંદ, નિર્વિકલ્પ અને નિષ્કલ એવા સર્વેશને ભજતાં ભજનાર પોતે બધાં જ ઇચ્છિત ફળને પામે છે. (૨૨). વૈરાગી, વિષયી અથવા કામી પણ જો ભાવપૂર્વક સર્વેશની પૂજા કરે તો ભગવાન શંકર એના પર કૃપા કરે છે. (૨૩). જે સંસાર સાગર ઝડપથી પાર કરવાની ઇચ્છા રાખતો હોય તેણે પણ સોમવારનું વ્રત કરી ભગવાન શંકરની અર્ચના કરવી. (૨૪). એ રીતે ઇશ્વરનું અર્ચન કરવાથી વ્યકિત ચોક્કસ ભવપાર થાય છે અને ઇચ્છેલું બધું ફળ ચોક્કસ મેળવે છે એવું વેદવચન છે. (૨૫).

ઇશ્વરના અર્ચનરૂપ અને બધી ઇચ્છિત વસ્તુ આપનારું આ સોમવારનું વ્રત બધાં વ્રતોમાં ઉત્તમ છે. (૨૬). આ વ્રત બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થાશ્રમી તથા સંન્યાસી કે સૌભાગ્યવતી સ્ત્રી, વિધવા સ્ત્રી કે કુંવારી કન્યા પણ કરી શકે છે. એવું એ ધન્ય વ્રત છે. (૨૭). ઉપવાસ કરીને અથવા રાત્રે એક વાર જમીને ઇંદ્રિયો ઉપર સંયમ રાખીને વિધિપૂર્વક વૈદિકસારરૂપ આ વ્રત કરવું. (૨૮). આ સંદર્ભમાં હું તને પ્રાચીન વ્રતાખ્યાન વિસ્તારથી કહું છું. સ્કંદપુરાણમાં આવતી આ કથાનું શ્રવણ સિદ્ધિ આપનારું છે. (૨૯).

અધ્યાય : ૮૯

પહેલાંના સમયમાં આર્યાવર્તમાં ચિત્રવર્મા નામે એક અતિ પુણ્યશાળી રાજા હતો. (૩૦). સ્વધર્મમાં રચ્યોપચ્યો રહેનાર, ધાર્મિક જનોનું રક્ષણ કરનાર અને અધાર્મિકને શિક્ષા કરનાર એવો એ ન્યાયી અને વિજેતા રાજા હતો. (૩૧). એણે દરેક પ્રકારનું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું અને બધા દુશ્મનોને જીતી લીધા હતા. સર્વ સંપત્તિ મેળવી ચૂકેલો એ રાજા શૂરવીર અને નિરભિમાની હતો. (૩૨). પુત્રની પ્રાપ્તિ માટે એ લાંબા સમયથી પત્ની સાથે શિવ-શંકરની પૂજા કરતો હતો. શિવભક્તિથી પ્રારબ્ધવશ એને કન્યાની પ્રાપ્તિ થઇ. (૩૩). રૂપ અને લાવણ્યવાળી એ કન્યા પાર્વતી સમાન સુંદર હતી. સૂર્યના તેજ સમાન એ સુંદરી શોભતી હતી. (૩૪). એનું જાતકર્મ કરાવવા બ્રાહ્મણોને તેડાવ્યા. એનો જન્મસમય જોઇને જ્યોતિષીઓએ તરત જ કહ્યું કે આનું નામ સીમંતિની પાડો. એ બધી રીતે જ યોગ્ય છે. આ સુંદર લક્ષણોવાળી કન્યા ખૂબ જ ભાગ્યશાળી છે. (૩૫-૩૬).

હે રાજા ! આ કન્યા પાર્વતીના જેવી અતિ માંગલ્યકારી અને દમયંતી સમાન રૂપાળી છે. એની કીર્તિ ગંગાસમાન છે. (૩૭). એ લક્ષ્મી જેવી ગુણોનો ભંડાર, અદિતિના જેવી બુદ્ધિશાળી, સીતા જેવી પતિવ્રતા અને સૂર્ય જેવી તેજસ્વી થશે. (૩૮). ચંદ્રના જેવી શાંત એવી આ અજોડ કન્યા પતિની સાથે દશ હજાર વર્ષ સુધી રાજ્ય કરશે. (૩૯). જ્યોતિષીનાં એ વચન સાંભળીને રાજા ખૂબ પ્રસન્ન થયો અને તેમને પુષ્કળ ધન આપીને વિદાય કર્યા. (૪૦).

એક દિવસ રાજા મહેલમાં આરામથી બેઠો હતો ત્યારે એક બ્રાહ્મણે આવીને ગભરાયા વિના કહ્યું કે હે રાજા ! તું સાંભળ. તારી આ કન્યા ખરેખર સુંદર લક્ષણોવાળી છે અને અતિશય રૂપાળી છે તેમ છતાં એ ચૌદમે વર્ષે વિધવા થશે. (૪૧-૪૨). બ્રાહ્મણનાં એ વચનો સાંભળીને રાજા મૂર્છિત થઇ ગયો. પછી એ ભાનમાં આવ્યો પરંતુ હંમેશાં ચિંતામાં ડૂબેલો જ રહેતો. (૪૩). આવી દુ:ખદાયી વાત કરીને એ બ્રાહ્મણ જ્યાંથી આવ્યો હતો ત્યાં તરત જ વીજળીની જેમ ઝડપથી તે જ ક્ષણે જતો રહ્યો. (૪૪). બધું ઇશ્વરને આધીન હોય છે. ત્યાં માણસનો તો શું હિસાબ? આવું બોલીને એ દુ:ખી દુ:ખી થઇ ગયેલો રાજા શરીર ક્ષીણ કરી રહ્યો હતો. (૪૫).

સ્ત્રીઓમાં રત્ન સમી સીમંતિની દિવસે દિવસે મોટી થવા લાગી. સાત વરસની થતાં રાજાએ વિચાર્યું કે બ્રાહ્મણે કહ્યું છે કે આ કન્યા ચૌદમે વર્ષે વિધવા થશે તો આને હું કેવી રીતે પરણાવું? આવું વિચારીને રાજારાણી મનમાં મૂંઝાયા કરે છે. (૪૬-૪૭). બ્રાહ્મણે વૈધવ્યયોગની જે વાત રાજાને કરી હતી તે વાત તે વખતે સીમંતિની બહેનપણી સાથે ચોકમાં રમતી હતી ત્યારે એણે જાતે સાંભળી હતી. (૪૮). નાની હોવા છતાં આ વાત સાંભળીને સીમંતિની ખૂબ જ દુ:ખી થઇ ગઇ. નસીબજોગે એક દિવસ ત્યાં મૈત્રેયી મહેલમાં આવ્યાં. (૪૯). યાજ્ઞવલ્ક્યનાં બુદ્ધિશાળી અને પવિત્ર પત્નીને મહેલમાં આવેલાં જોઇને દીકરીએ એના પગ પકડ્યા. (૫૦). સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને અને પછી બે હાથ જોડીને કરુણાભર્યા અવાજે સીમંતિનીએ કહ્યું કે હે મા ! મને બચાવી લો. મારું રક્ષણ કરો.ⓩ (૫૧). હું અતિશય લાચાર છું અને તેથી તમને વિનંતીના સ્વરૂપમાં પ્રાર્થના કરું છું કે અખંડ (સ્થિર) સૌભાગ્ય માટે જે ઉત્તમ ઉપાય હોય તે મને કહો. (૫૨).

બ્રહ્મવાદિની મૈત્રેયીએ કન્યાનાં ધીરજપૂર્વકનાં વચનો સાંભળીને કહ્યું કે તું પાર્વતી સહિત ભગવાન શંકરને શરણે જા. તારું સૌભાગ્ય સ્થિર થશે. (૫૩). ત્યારે કન્યાએ પૂછ્યું કે હે માતા મૈત્રેયી ! હું શંકરની કેવી રીતે

આરાધના કરું અને કેવી રીતે વ્રત કરું એ બધું તું મને કહે. (૫૪).

એ સાંભળીને મૈત્રેયી ફરી બોલ્યાં કે હે દીકરી ! તું ભગવાન શંકરનું પ્રેમથી અર્ચન કરી વિધિપૂર્વક સોમવારનું વ્રત કર. (૫૫). તે દિવસે ઉપવાસ કરીને વિધિ અનુસાર સ્નાન કરીને, સ્વચ્છ અને સારાં વસ્ત્રો પહેરીને ચિત્તને સ્થિર કરવું અને પછી ભગવાન શંકરનું યોગ્ય ઉપચારથી ભક્તિપૂર્વક પૂજન કરવું. એનાથી તારું સૌભાગ્ય અખંડ રહેશે એ વાતમાં કોઇ શંકા રાખીશ નહિ. (૫૬-૫૭). શંકર ઉપરના અભિષેકથી પાપનો ક્ષય થશે. એની પીઠનું અર્ચન કરવાથી રાજ્યની પ્રાપ્તિ થશે અને ગંધ, ચોખા તથા ફૂલથી પૂજન કરવાથી લાંબા સમય સુધી તારું સૌભાગ્ય સ્થિર રહેશે. (૫૮). ધૂપ કરવાથી જીવન સુગંધિત થશે, દીપ કરવાથી મુખ કાંતિવાળું થશે, નૈવેદ્ય ધરાવવાથી સર્વ ભોગોની પ્રાપ્તિ થશે અને તાંબૂલ આપવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થશે. (૫૯). માત્ર નમસ્કાર કરવાથી ચારેય પુરુષાર્થની પ્રાપ્તિ થશે અને એના જપથી આઠ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ થશે. એમ દરેક પ્રકારના હેતુ સફળ થશે. (૬૦). હોમ કરવાથી ખજાનો ભરેલો રહેશે અને પ્રદક્ષિણા કરવાથી બધી જ સિદ્ધિઓ દાસી થઇ જશે અને સ્તવન કરવાથી સમૃદ્ધિની પ્રાપ્તિ થશે. (૬૧). પછી એ નિમિત્તે બ્રાહ્મણોને ભોજન કરાવવું જેથી બધા દેવો તૃપ્ત થશે. આ વ્રત કરવાથી ન મળે એવી કોઇ વસ્તુ નથી. આવું આ રહસ્યમય વ્રત તને કહ્યું. (૬૨). હે કન્યા ! તું સોમવારનું આ વ્રત ભક્તિભાવથી કર. તારાં બધાં દુ:ખો દૂર થશે અને ભગવાન શંકર દરેક પ્રકારના ભય હરી લેશે. (૬૩). પાર્વતી સાથેના શંકરનું પૂજન કરવાથી બધાં પાપો નાશ પામે છે.

આ સાંભળીને સીમંતિનીએ સોમવારનું વ્રત કરવાનું શરૂ કર્યું. (૬૪). આમ કહીને મૈત્રેયી પોતાના આશ્રમે ગઇ. સીમંતિનીને વ્રત આચરતી જોઇને સુજ્ઞ રાજા મનમાં રાજી થયો અને કન્યાને પરણાવવા લાયક થયેલી જોઇને રાજાએ મનોમન વિચાર્યું કે એના પ્રારબ્ધમાં જે લખ્યું હશે તે ભલે થતું. યોગ્ય સમયે એનાં વિધિસર લગ્ન કરાવી દઇએ. (૬૫-૬૭). મનમાં એવો દૃઢ નિશ્ચય કરીને રાજાએ અન્ય રાજ્યોમાં કન્યા માટે વર શોધવા પોતાના મંત્રીને મોકલ્યા. (૬૮). મંત્રીએ ઘણી તપાસ કરી. આખરે નળ રાજાના ગોત્રમાં જન્મેલા ઇંદ્રસેન રાજાનો પુત્ર ચંદ્રાંગદ વર તરીકે યોગ્ય છે એવું જણાયું. (૬૯). એને ઠાઠમાઠથી બોલાવી રાજાએ ભવ્ય મહોત્સવ કરી વિધિપૂર્વક એની સાથે પોતાની કન્યાને પરણાવી. (૭૦).

લગ્નમાં પૃથ્વી ઉપરના જે બધા રાજાઓ આવ્યા હતા તે બધાનું દાન-માન વગેરેથી રાજાએ સુંદર સ્વાગત કર્યું. (૭૧). વરરાજાને પહેરામણીમાં અમૂલ્ય વસ્ત્ર, અલંકારો તથા રૂપાળાં દાસ દાસીઓ આપ્યાં. (૭૨). બ્રાહ્મણોને મનભાવતાં ભોજન અને દક્ષિણા આપી બધાને સંતુષ્ટ કરીને પોતપોતાના ઘરે વળાવ્યા. (૭૩). જમાઇરાજને પ્રેમપૂર્વક મહેલમાં જ રાખ્યો અને એ પણ પત્ની તરફના પ્રેમને લીધે સસરાના રાજ્યમાં રહ્યો. (૭૪). એક દિવસ એ રાજકુમાર કાલિંદી નદી પર વિહાર કરવા મિત્રો અને લશ્કર સાથે આનંદથી ગયો. (૭૫). ચતુરંગી સેના નદીના બન્ને કિનારે ઊભા હતી અને ચંદ્રાંગદ મિત્રો સાથે આનંદિત થઇને કાલિંદીમાં તરતો હતો. (૭૬). એમાં કમનસીબે એ રાજકુમાર તરતાં તરતાં પાણીમાં ડૂબી ગયો અને ત્યાં તો 'કાઢો, બહાર કાઢો'ના પોકારો થવા લાગ્યા અને હાહાકાર મચી ગયો. (૭૭). નોકર, ચાકર, લશ્કર અને ઉસ્તાદ તરવૈયાઓ બધા શોધી શોધીને થાકી ગયા પણ રાજકુમાર હાથ લાગ્યો નહિ. (૭૮). દુ:ખથી પીડિત નોકરો રાજા પાસે દોડી ગયા અને રાજા ચિત્રવર્માને કહ્યું

કે જમાઈરાજ ડૂબી ગયા છે. (૭૯). યમુના નદીના અગાધ જળમાં તરતાં તરતાં જે એક વાર ડૂબી ગયા તે બીજી વાર કયારેય પણ જોવા મળ્યા નથી. (૮૦). અમે બધે ડૂબકી મારીને ખૂબ પ્રયત્નો કરીને શોધખોળ ચલાવી પરંતુ અરેરે ! એ જમાઈરાજનો પત્તો ન લાગ્યો તેથી અમે આપને સમાચાર આપવા આવ્યા છીએ. (૮૧). દૂતનાં આવાં વચનો સાંભળીને રાજા બેભાન થઈ ગયો અને કન્યા પોતાના પ્રાણનો ત્યાગ કરવા તૈયાર થઈ ગઈ. (૮૨). કન્યાને પ્રાણ ત્યાગતાં રોકીને રાજા રાણી સાથે દુ:ખથી રડતો રડતો કાલિંદીના કિનારે ગયો. (૮૩).

સીમંતિની શોક કરતાં કરતાં બોલી કે હે ત્રિપુરારિ ! હું આપના શરણે આવી છું. તું કેમ મારા પ્રાણનો અંત લાવવા બેઠો છે? (૮૪). ચૌદમે વર્ષે વૈધવ્ય છે એવું ભવિષ્ય જાણીને હું ગરીબડી તારા શરણે આવી છું. તું મારું રક્ષણ કેમ નથી કરતો? (૮૫). મેં દર સોમવારે તારું જે પૂજન કર્યું હતું તે શું બધું પાણીમાં ગયું? તું અક્ષયનું દાન કરનાર છે એવું સાંભળીને એ હેતુથી હું આવી હતી. (૮૬). તું આ અબળાની કેમ અવગણના કરે છે? તારી આબરુ જશે. હવે પછી તને કોણ ભજશે? તારું બિરુદ તું સંભાળ. (૮૭). બ્રહ્મવાદિની મૈત્રેયીના કહેવાથી એનું કહેલું માનીને સ્થિર સૌભાગ્યની પ્રાપ્તિ માટે મેં આ વ્રત કર્યું હતું. (૮૮). હે પાર્વતી-શંકર ! મેં તારી પૂજા કરી છે તો તું મારી ઉપેક્ષા કેમ કરે છે? અરેરે ! હે શિવજી ! હવે હું કયાં જાઉં? મને દુ:ખમાં કોણ સાથ આપશે? (૮૯). આ રીતે સીમંતિની કરુણ વિલાપ કરતી હતી અને મરી જવાની ઇચ્છાથી એ અતિ દુખિયારી નદી પાસે દોડી જતી હતી. (૯૦). એને જોઇને રાજાએ એને દોડીને પકડી લીધી. રાજા એને વહાલપૂર્વક ભેટી પડ્યો અને એ પણ ઘણો દુ:ખી થયો. (૯૧). પુરાહિતો, મંત્રી અને સેના બધાં જ દુ:ખ વ્યકત કરવા લાગ્યાં. રાજાએ શબ શોધવા માટે ફરીથી શોધખોળ કરવાની આજ્ઞા કરી. (૯૨). આજ્ઞા થતાં જ બધા નાવિકો નદીમાં કૂદી પડ્યા અને બધા ઊંડા ધરા શોધીને થાકી ગયા તો પણ શબ જડ્યું નહિ. (૯૩). અતિશય શોકથી કન્યા છાતી કૂટવા લાગી. એટલે રાજા એને વારંવાર સમજાવવા લાગ્યો અને રાજા જેમ જેમ સમજાવતા હતા તેમ તેમ એ વધારે ને વધારે રડવા લાગી. (૯૪). રાજકુમારના નોકરો અતિશય દુ:ખી થઇને રાજકુમારના પિતા ઇંદ્રસેનને આ દુ:ખદ સમાચાર કહેવા ગયા. (૯૫).

આ સમાચાર સાંભળતાં જ દુ:ખથી બેબાકળો બનીને ઇંદ્રસેન રાજા દોડ્યો અને રાણી સાથે જ્યાં રાજકુમાર ડૂબ્યો હતો ત્યાં આવી પહોંચ્યો. (૯૬). બંને વેવાઇઓનું મિલન થયું અને અતિશય શોક કરવા લાગ્યા. 'હે દીકરા ! હે દીકરા !' એવું બંને જણા રડતાં રડતાં બોલીને છાતી તથા માથું કૂટવા લાગ્યા. (૯૭). 'હે બેટા ! હે ગુણના ભંડાર !' એવું બોલીને અને શરીર પછાડીને માતા છાતીફાટ રડવા લાગી. (૯૮). નગરજનો, મંત્રી અને સમસ્ત લશ્કર પણ અરેરે ! અરેરે ! એમ બોલીને દુ:ખ કરવા લાગ્યાં અને પુત્રવધૂ તો હે પ્રાણપતિ ! તમે કયાં જતા રહ્યા?- એવું બોલીને તરત જ મૂર્છિત થઇ પૃથ્વી પર પડી. ત્યાં હાહાકાર મચી ગયો. (૯૯-૧૦૦).

સીમંતિની બોલી કે હવે જીવવાનો શો અર્થ? રાજય અને ઐશ્વર્યને પણ શું કરું? હું પણ પતિનો જ રસ્તો પકડું. (૧૦૧). રાજાએ બ્રાહ્મણો સમક્ષ રાજકન્યાની ઇચ્છા જણાવી એટલે બ્રાહ્મણોએ કહ્યું કે શબ જડ્યા વિના સહગમન કેવી રીતે થાય? (૧૦૨). કાલિંદીમાંથી શબ શોધી કાઢીને પછી એ ઇચ્છા પ્રમાણે કરી શકે. રાજાએ કહ્યું, પણ શબ જડતું નથી. હે બ્રાહ્મણો, હવે શું કરવું? (૧૦૩). વિપ્રવૃંદે કહ્યું કે શબ વિના સહગમન ન થાય. કોને ખબર કે એ જીવે છે કે મરેલો છે? રાજાએ કન્યાને આ વાત સમજાવી. (૧૦૪). પુરોહિતોએ અને મંત્રીજનોએ રાજાને

દુ:ખપૂર્વક કહ્યું કે પ્રારબ્ધ ટાળી શકાતું નથી અને વિધિના લખ્યા લેખ ક્યારેય પણ ફરતા નથી. (૧૦૫).

દેવો પણ ભાવિને આધીન છે માટે આ નકામું દુ:ખ કરવાનું છોડીને તમે બંને રાજાઓ મહેલમાં પાછા ફરો. (૧૦૬). બંને જણા પાછા ફર્યા પણ ઇંદ્રસેન રાજા સમજાવવા છતાં પણ દીકરાનું દુ:ખ ભૂલી શકતા નથી અને અંતરમાં મૂગા મૂગા રડ્યા કરતા. (૧૦૭). રાજ્યની બધી પ્રવૃત્તિઓ છોડી દઇને અને બધા ભોગો છોડી દઇને હંમેશાં શોકમાં ડૂબેલા રહેતા હતા અને એકાંતમાં પડ્યા રહેતા હતા. (૧૦૮). એનો લાભ ઉઠાવીને એના ક્રૂર ભાયાતોએ એનું રાજ્ય હરી લીધું અને એને રાણી સાથે જેલમાં કેદ કરી દીધા. (૧૦૯). ચિત્રવર્મા પોતાના ઘરે પોતાની કન્યાને સંભાળી રહ્યા હતા. લોકોની નિંદાથી બચવા માટે એ મરી જવા માટે તૈયાર થઇ ગઇ હતી. (૧૧૦).

એને આશ્વાસન આપતાં રાજાએ કહ્યું કે હે બેટી ! તું સાંભળ. મારે કોઇ પુત્ર નથી એટલે તું જ મારો આધાર છે. (૧૧૧). તું મારી દીકરી નથી પણ દીકરો જ છે. મૂરખ અને નાલાયક લોકો ભલે ટીકા-નિંદા કરે પણ અમે તને દીકરાની જેમ જ ઉછેરીશું. (૧૧૨). એક વરસ પછી તું વૈધવ્યના આચારનું નિશ્ચિતરૂપથી પાલન કરજે. શાસ્ત્રોકત રીતે વૈધવ્ય ધર્મનું પાલન એ પણ સહગમન સમાન જ છે. (૧૧૩). પિતાનાં એવાં વચન સાંભળીને અતિ દુ:ખી થઇને રાજકન્યા બોલી કે હાથમાં ત્રિશૂલ રાખનાર, ગૌર શરીરધારી ભગવાન શંકર મારી હજી કેમ ઉપેક્ષા કરે છે? (૧૧૪). શોકગ્રસ્ત હોવા છતાં પણ એ હંમેશાં સોમવારના દિવસે ઉપવાસ કરીને નિયમ પ્રમાણે સાંબ સદાશિવની પૂજા કરતી હતી. (૧૧૫).

આ બાજુ કાલિંદીમાં જે રાજપુત્ર ડૂબ્યો હતો તે પ્રારબ્ધવશાત્ પાણીમાં તણાતો તણાતો પાતાળમાં પહોંચી ગયો. (૧૧૬). એ ધરામાં નાગલોકની કન્યા નહાતી હતી. એને પ્રવાહમાં તણાતો જોઇને એ બાજુ તે દોડી. (૧૧૭). એને મૃતપ્રાય જોઇને એનામાં અમૃતનું સિંચન કર્યું. મરેલા જેવો એ અમૃતના સ્પર્શથી જીવતો ઊઠ્યો. (૧૧૮). પછી એ નાગકન્યા એને વાસુકિ નાગ- શેષનાગ પાસે લઇ ગઇ. રાજકુમાર તો આ વિચિત્ર નગર જોઇને દિડ્મૂઢ જ થઇ ગયો. (૧૧૯). એ પાતાળની રચના ઇંદ્રનગરીના જેવી સુંદર હતી. નગરના દરવાજા રત્નથી મઢેલા હતા અને વીજળી જેવા અત્યંત ઉજ્જવળ હતા. (૧૨૦).

વૈદૂર્ય જેવા નીલમાણેક અને મોતીથી જડાયેલાં સુંદર ઘરોથી આ સમગ્ર નગરી સુવર્ણ નગરી જેવી સુંદર લાગતી હતી. (૧૨૧). ચંદ્રની કાંતિ જેવી એ ભૂમિ હતી. ત્યાં સોનાનાં બારણાંવાળાં અને વિવિધ પ્રકારનાં રત્નોથી જડાયેલાં ઘરમાં એ પોતે દાખલ થયો. (૧૨૨). ત્યાં એણે વિશાળ સભા જોઇ, જેમાં સર્પો-નાગો બેઠા હતા. ત્યાં અગણિત સાપોને બેઠેલા જોઇને એ આશ્ચર્યચકિત થઇ ગયો. (૧૨૩). એ બધાની વચ્ચોવચ સિંહાસન પર નાગરાજ બેઠા હતા અને ઊંચે બેઠેલા તે સૂર્યની કાંતિ સમાન શોભતા હતા. (૧૨૪). સૂર્ય સમાન રત્નાંચિત અનેક ફેણો શોભી રહી હતી. કેડ ઉપર પીળું વસ્ત્ર શોભી રહ્યું હતું અને કાનમાં અનુપમ કુંડળ શોભતાં હતાં. (૧૨૫). માથા ઉપર અનેક રત્નોથી અંચિત પાઘડી શોભી રહી હતી. એક હજાર ફણાના છત્રથી વાસુકિ રાજા શોભી રહ્યા હતા. (૧૨૬). વસ્ત્ર અલંકારોથી સજ્જ એવી અનેક નવયૌવનાઓ એની સેવામાં હતી. રાજાના પુત્રે એવા નાગરાજ જોયા. (૧૨૭).

અનન્ય તેજોરાશિથી શોભતા નાગરાજને જોઇને રાજકુમારે એને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૧૨૮). વાસુકિએ પેલી કન્યાને પૂછ્યું કે આ માણસ કોણ છે? એનાં ચિહ્ન તો શુભ દેખાય છે. તમે એને ક્યાંથી લઇ આવ્યા? (૧૨૯). કન્યા બોલી કે હે દેવ ! અમે તેનાં કુળ વિશે જાણતા નથી. એને અમે કાલિંદીનાં જળમાં તણાતો જોયો એટલે અમે એને તરત અહીં લઇ આવ્યા. (૧૩૦).

એ સાંભળીને વાસુકિએ રાજપુત્રને પૂછ્યું કે તારો જન્મ ક્યાં થયો છે? તારું નામ શું? અને તું અહીંયાં કેમ આવ્યો છે? (૧૩૧). રાજકુમાર બોલ્યો કે પૃથ્વી ઉપર પ્રખ્યાત નૈષધ રાજા થઇ ગયા. એ પુણ્યશ્લોકી નળરાજાના પુત્ર એ મારા પિતાશ્રી થાય. (૧૩૨). મારા પિતાનું નામ ઇંદ્રસેન છે અને એને ત્યાં હું જન્મ્યો છું. મારું નામ ચંદ્રાંગદ છે. હું સાસરે ગયો હતો ત્યારે યમુનાનાં અગાધ જળમાં જળક્રીડા કરવા જતાં હે પ્રભુ ! ત્યાં પ્રારબ્ધવશ હું ડૂબી ગયો અને બેભાન થઇ ગયો. (૧૩૩-૧૩૪). ત્યાંથી આ નાગકન્યાઓ મને અહીં લઇ આવી છે. તમારાં દર્શનથી આજે મારો જન્મ સફળ થઇ ગયો. (૧૩૫). પૂર્વ જન્મમાં કમાયેલા પુણ્યે આજે મારું જીવ્યું સફળ થયું છે. આપનાં ચરણનાં દર્શનથી હું ખરેખર કૃતાર્થ થઇ ગયો છું. (૧૩૬). રાજકુમારનાં કરુણ વચનો સાંભળીને રાજી થયેલા શેષનાગ બોલ્યા કે હે પુત્ર ! તું અહીં નિરાંતે બેસ અને નિર્ભય થા. (૧૩૭). હે રાજકુમાર ! તું ખૂબ જ પવિત્ર જણાય છે. તું મને કહે કે તમે તમારા ઘરમાં રોજ કયા દેવની પૂજા કરો છો? (૧૩૮).

આ સાંભળીને હરખઘેલો થયેલો રાજકુમાર બોલ્યો કે અમારો દેવ તો શરણ દેનાર પશુપતિ શિવશંકર છે. (૧૩૯). દેવાધિદેવ એવા એનું નામ સદાશિવ છે. જેની ડાબી બાજુએ પાર્વતી બિરાજે છે એવા શિવને અમે ભજીએ છીએ. (૧૪૦). જેના તેજમાંથી (રજોગુણથી) આ જગતની રચના કરનાર બ્રહ્માજી ઉત્પન્ન થયા તે નિષ્પાપ સદાશિવ દેવને અમે ભજીએ છીએ. (૧૪૧). જેના તેજના સત્ત્વાંશમાંથી લોકપાલ વિષ્ણુ ઉત્પન્ન થયા તે શિવને અમે હંમેશાં પ્રેમથી ભજીએ છીએ. (૧૪૨). જેના તેજના તમોગુણમાંથી અગિયાર રુદ્રો થયા અને જે જગતનો સંહાર કરે છે તે શિવને અમે ભજીએ છીએ. (૧૪૩). પાંચ ભૂતોમાં વ્યાપીને વિરાટરૂપે જે વિસ્તર્યો અને જે ઇચ્છામાત્રથી સર્જન કરે છે તે શિવને અમે ભજીએ છીએ. (૧૪૪). સર્વ ભૂતોથી અસ્પૃષ્ટ, અજ, ચિન્મય, નિર્મલ, અરૂપ અને ચિંતનથી પર એવા શ્રેષ્ઠ શિવને અમે ભજીએ છીએ. (૧૪૫). શેષનાગ અને તક્ષક નાગ જેનાં કુંડલો છે, જે શાસ્ત્રોનું જન્મસ્થાન છે, જેના મસ્તકે ચંદ્ર છે અને જે ત્રિનેત્રધારી છે તે શિવને અમે ભજીએ છીએ. (૧૪૬).

એનાં વચનો સાંભળીને શેષનાગને ખૂબ સંતોષ થયો અને એને ભેટી પડીને કહ્યું કે હે રાજકુમાર ! હું ખૂબ પ્રસન્ન થયો છું. (૧૪૭). મારું સમૃદ્ધ એવું રાષ્ટ્ર હું તને આપી દઉં. તારી ઇચ્છા મુજબ ભોગો ભોગવીને તું અહીં પાતાળમાં રહે. (૧૪૮). મારા લોકનાં મુખ્ય મુખ્ય બધાં રત્નો હું તને આપી દઉં. ભગવાન શંકરને ભાવપૂર્વક પૂજીને તું અહીંયાં જ રહે. (૧૪૯). કોઇ પણ જાતની ઊણપ વિનાનું આ અનુપમ સ્થાન છે. એવા આ સુંદર લોકને તું જો. કલ્પવૃક્ષવાળું મારું આ સંપૂર્ણ રાજ્ય કોઇ પણ જાતની તકલીફ વિનાનું છે. (૧૫૦). પૃથ્વી ઉપર તો સ્વપ્નમાં પણ અમૃત જોવા મળતું નથી જ્યારે અહીં તો કૂવા અને તળાવમાં પાણીની જેમ અમૃત ભરેલું છે. (૧૫૧). અહીં નથી રોગ કે નથી દુ:ખ કે નથી મરણનો ભય. અહીં કોઇને સ્વપ્નાવસ્થા પણ નથી હોતી. (૧૫૨). બધી ચિંતા છોડી

દઈને તું અહીં સુખેથી રહે.

આ પ્રમાણે વાસુકિ નાગ રાજકુમારને પ્રેમથી ખાસ આગ્રહ કરી રહ્યો હતો. (૧૫૩). રાજકુમારે કહ્યું કે હું મારા પિતાનો એકનો એક પુત્ર છું અને ભગવાન શંકરની પૂજામાં રત એવી મારી ચૌદ વરસની પત્ની છે. (૧૫૪). હમણાં જ અમારું લગ્ન થયું છે અને હજી હમણાં જ બંનેનાં મન મળ્યાં છે. હું માતા-પિતાને જઈને મળું કારણ કે એ બંને ખૂબ જ દુ:ખી હશે. (૧૫૫). જળમાં ડૂબી જવાથી મને મૃત્યુ પામેલો સમજીને, માતા, પિતા અને પત્ની બધાં શોકમાં રડી રડીને મરી જશે. (૧૫૬). તમારાં આ ચરણકમળનાં દર્શનથી મારા મનને ખૂબ આનંદ થયો છે. મારા બધા દુ:ખોનો અંત આવી ગયો છે. હવે હું મારાં સ્વજનો પાસે જલદીથી પહોંચી જઉં. (૧૫૭).

આ વચનો સાંભળીને શેષનાગે એને પ્રેમથી અમૃત પાયું અને પત્ની માટે વસ્ત્ર તથા અલંકારો આપ્યાં. (૧૫૮). તદુપરાંત વાસુકિરાયે પૃથ્વી ઉપર મળવાં મુશ્કેલ અને અમૂલ્ય એવાં અપૂર્વ રત્નો અને કલ્પવૃક્ષનાં ફળો આપ્યાં. (૧૫૯). એણે રક્ષણાર્થે પોતાના પુત્રને સાથે મોકલ્યો અને કહ્યું કે કામ પડે ત્યારે મને યાદ કરશો તો મારા સ્મરણમાત્રથી જ કાર્ય સફળ થઈ જશે. (૧૬૦).

આમ કહીને નાગરાજે જવા માટે વાહન તરીકે મનોવેગી ઘોડા આપ્યા અને એમને વિદાય કર્યા. (૧૬૧). સાપોના રાજા શેષનાગને પ્રણામ કરીને રાજકુમાર મનોવેગી ઘોડા પર બેસીને નાગપુત્રની સાથે ચાલી નીકળ્યો. (૧૬૨). કાલિંદીમાં જ્યાં ડૂબ્યો હતો ત્યાં જ ક્ષણવારમાં આવીને નદીની બહાર કિનારે નાગપુત્રની સાથે ઊભો રહ્યો. (૧૬૩). તે દિવસે સોમવાર હતો. એટલે સ્નેહાળ સખી સાથે સીમંતિની સ્નાન કરવા આવી હતી. રાજકુમારને જોઈને એ બોલી ઊઠી કે જો જો સખી ! આ કેવું આશ્ચર્ય છે. આ નાગપુત્રની સાથે જળમાંથી કોણ બહાર આવ્યું? અને તે લોકો પણ આ બાજુ જ જુએ છે. (૧૬૪-૧૬૫).

આ રાક્ષસ વેષધારી કે મનુષ્ય વેષધારી કોણ હશે? ઘોડા પર બેસીને એ આવે છે એના તરફ મારું મન કેમ ખેંચાય છે?③ (૧૬૬). અરે ! શું એનું રૂપ છે? અને શું એનું તેજ છે? એ સૂર્ય સમાન પ્રકાશે છે. દિવ્ય વસ્ત્રો અને માળાની સુગંધ અહીં સુધી મહેકે છે. (૧૬૭). આની સુગંધ તો દશ યોજન સુધી પ્રસરી છે એવું જણાય છે. આવો રૂપાળો પુરુષ તો મેં પહેલાં પણ ક્યાંક જોયો હતો. (૧૬૮). રાજકુમારના એ રૂપને બીતી બીતી વારે વારે જોતી હતી. મારા પતિના જેવો આ અહીં કોણ છે? આ રીતે પતિનું સ્મરણ કરવા લાગી. (૧૬૯). એને જોઈને રાજકુમાર પણ મનમાં બોલ્યો કે મારી પત્નીના જેવી આ કોણ છે? મને કેમ વારે વારે જુએ છે? (૧૭૦). પરંતુ જો એ મારી પત્ની હોય તો એના ગળામાં મંગલસૂત્ર કેમ નથી? અને ગળામાં મુકતાહાર પણ નથી. સાચે જ એ મારી પત્ની નહિ હોય. (૧૭૧). શરીર પરનાં ચિહ્નો જોઈને એ વારે વારે ત્યાં જોતો હતો અને એણે વિચાર્યું કે આના કપાળમાં હળદર કંકુ કેમ કયાંય દેખાતાં નથી? (૧૭૨). ખરેખર આ મારી પત્ની નથી. ચિંતાથી ઘેરાયેલી આ કોઈ બીજી જ લાગે છે. એમ વિચારીને એ ઘોડા પરથી નીચે ઊતર્યો. (૧૭૩).

વિચારમાં પડી ગયેલો એ રાજકુમાર નાગપુત્રની સાથે નદી તીરે બેઠો હતો. પત્નીનું સ્મરણ થતાં જ ચિત્ત આકુળવ્યાકુળ થઈ ગયું. (૧૭૪). પ્રેમથી સીમંતિનીને બોલાવીને એણે પૂછ્યું કે તારું નામ શું છે? અને તારો જન્મ કયાં થયો છે? (૧૭૫). તારો પતિ કોણ છે? અને આ બાળપણમાં એવું શું દુ:ખ આવી પડ્યું કે તું શોકથી

કરમાઇ ગઇ છે અને મૂગી મૂગી રડ્યા કરે છે? (૧૭૬). મને તું બધું વિસ્તારપૂર્વક કહે. એણે પ્રેમથી આવું પૂછ્યું એટલે એ સીમંતિની શરમાઇ ગઇ અને એણે સખીને કહ્યું કે હે સખી ! તું આમને શરૂઆતથી માંડીને બધી વાત વિગતે કહે. એ સાંભળીને સખીએ કહ્યું કે હે રાજા ! તું સાંભળ. (૧૭૭-૧૭૮).

આ ચિત્રવર્માની દીકરી છે અને ચંદ્રાંગદની પત્ની છે. એનું નામ સીમંતિની છે. (૧૭૯). કામદેવ જેવો એનો રાજકુમાર પતિ અહીંયાં કાલિંદીના જળમાં તરતાં તરતાં નસીબજોગે ડૂબી ગયો અને ત્યાર પછી મળ્યો જ નહિ. એના લીધે એ શોક કર્યા કરે છે. (૧૮૦). વૈધવ્યને લીધે એ ખૂબ જ દુ:ખી છે અને તેથી શોકમાં ઝૂર્યા કરે છે. ઘણા વખતથી આવું ચાલે છે અને તેથી તેનું સૌંદર્ય નષ્ટ થયું છે. (૧૮૧). એ નિયમિત રીતે સોમવારનું વ્રત કરે છે. એટલે આજે ઉપવાસ કરીને અહીંયાં કાલિંદીમાં સ્નાન કરવા આવી છે. (૧૮૨). એનાં સાસુ-સસરા પુત્રના વિયોગથી દુ:ખી દુ:ખી થઇ ગયાં છે. ભાયાતોએ એનું રાજ્ય તરત જ પડાવી લઇ એમને જેલમાં કેદ કર્યાં છે. (૧૮૩). દર સોમવારે ઉપવાસ કરીને અનન્ય પ્રેમથી એ હંમેશાં સાંબ સદાશિવની આરાધના કરે છે. (૧૮૪). પછી સીમંતિની બોલી કે કામદેવ સમાન આપ કોણ છો? આવું બધું પ્રેમથી પૂછીને તમે અમારું દુ:ખ હળવું કરો છો ! (૧૮૫). તમે સિદ્ધ, ગંધર્વ, દેવ કે કિન્નર કોણ છો? કે પછી મનુષ્ય છો? તમે આ બધું મને કેમ પૂછો છો? મને તો તમે મનુષ્ય જેવા જણાવ છો. (૧૮૬). તમે સ્નેહભાવથી પૂછેલા પ્રશ્નો રહસ્યસભર જણાય છે. મેં તમને ક્યાંક જોયા હોય એવું લાગે છે. પણ ક્યાં જોયા છે તે યાદ આવતું નથી. (૧૮૭). તમે અંગત સંબંધીની જેમ પ્રશ્નો પૂછ્યા છે અને તમે સ્વજન હો એવું લાગે છે. તમારું નામ શું? એમ પૂછીને સીમંતિની પતિને યાદ કરવા લાગી. (૧૮૮).

પતિનું સ્મરણ થતાં જ એ રાંક બનીને રડવા લાગી. આંખમાંથી ચોધારાં આંસુ વહેવા લાગ્યાં અને ધરતી પર બેભાન થઇને પડી. (૧૮૯). એનું આવું દુ:ખ જોઇને રાજકુમાર પણ આશ્ચર્યચકિત થઇ ગયો અને હૈયા ઉપર કાબૂ રાખવાનો પ્રયત્ન કર્યો છતાં પણ આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. (૧૯૦). ઘણા સમય સુધી આ રીતે દુ:ખ વ્યકત કરીને પછી ભીનું મુખ ધોઇને કહ્યું કે હે સુંદર ભવાંવાળી સ્ત્રી ! તું રડ નહિ. (૧૯૧). પછી એની પાસે જઇને પ્રેમથી એનો હાથ પકડીને કહ્યું કે તું હવે શોક ના કર. આ શરીર શું કામ કરમાવી નાંખે છે? (૧૯૨). આમ કહીને એકાંતમાં ભાવપૂર્વક આશ્વાસન આપતાં કહ્યું કે મેં તારા પતિને જોયો છે. એ અહીં નજીકમાં જ છે અને સુખી છે. (૧૯૩). તારાં વ્રતના પ્રભાવથી એ જલદી આવશે. આજથી ત્રીજા દિવસે તું એને ચોક્કસ જોઇશ. (૧૯૪). ભગવાન શંકરના સોગંદ ખાઇને હું કહું છું કે તારો પતિ એ મારો જીગરી દોસ્ત છે. તું આ વાતમાં શંકા ના લાવીશ. (૧૯૫). આવું કહ્યા પછી એણે પાછું કહ્યું કે તું આ વાત જાહેર કરીશ નહીં. આ સાંભળીને ખૂબ જ દુ:ખી થયેલી એ પ્રેમમાં વિહ્વળ થઇને રડવા લાગી. (૧૯૬). આંખમાંથી પ્રેમાશ્રુની અખંડ ધારા વહેવા લાગી અને એને પહેલાં માનતી હતી એના કરતાં સો ગણા ભાવથી પતિ માનવા લાગી ! (૧૯૭). એના જેવું જ મુખકમળ, એવી જ નિર્મળ અને તેજદાર આંખ, એ જ મીઠી વાણી અને એ જ હાસ્યયુકત મુખડું ! (૧૯૮). આવો બીજો કોણ હશે? એના જેવો મૃદુભાષી કોણ હશે? પતિ વગર બીજું કોઇ તો મારો હાથ ન પકડે અને સ્પર્શ પરથી પણ એ જ છે એવું લાગ્યું. (૧૯૯). મેં જાતે મારી નજરે જ પતિનાં બધાં જ ચિહ્નો જોયાં એટલે એ બીજું કોઇ નહિ પણ મારા પ્રાણપ્રિય

પ્રાણનાથ જ ! (૨૦૦). એનાં દર્શન માત્રે આંખમાંથી પ્રેમાશ્રુ વહ્યાં માટે એ મારા પતિદેવ જ છે એમાં કોઇ શંકા નથી.

એમ કહીને એ ખૂબ જ ધીરજવાળી સીમંતિનીએ ફરી પાછું શંકાગ્રસ્ત થઇને કહેવા માંડ્યું કે અરેરે ! પણ હું તો એવી કમનસીબ છું અને મારું કાંઇ એવું પુણ્ય પણ નથી કે મારો પતિ પાછો આવે. (૨૦૧-૨૦૨). યમની બહેન એવી યમુના નદીમાં જે કોઇ એક વાર ડૂબી ગયો હોય તે મરીને પાછો જીવતો થઇને આવ્યો હોય એવું આ કાને સાંભળ્યું નથી. (૨૦૩). શું મેં આ સ્વપ્નું જોયું? કે મને ભ્રમ થયો હશે? કે બેમાંથી એવું કશું નથી. આ શું હશે તે કોણ જાણે? (૨૦૪). કોઇ વેષધારી ઠગારો હશે કે પછી કોઇ કિન્નર કે રાક્ષસ હશે? યક્ષ હશે? માનવી હશે? કે કોઇ માયાવી હશે? કે પછી યાજ્ઞવલ્કય મુનિનાં પત્ની મૈત્રેયીએ કહેલાં વ્રતના પ્રભાવથી મારા પતિ જ આવ્યા હશે? ગિરિજાપતિ પ્રસન્ન થાય તો પછી કશું જ અશક્ય નથી. (૨૦૫-૨૦૬). જ્યારે સ્વયં શંકર પ્રસન્ન થાય ત્યારે દુ:ખ રહેતું જ નથી. એ તો બળી ગયેલી વ્યક્તિને પણ જીવતી કરીને પાછી આપે છે. એવું એ મનમાં વિચારવા લાગી. (૨૦૭).

રાજકુમાર તો સીમંતિનીને પૂછીને નાગપુત્રની સાથે ઘોડે ચઢીને પોતાના નગર તરફ જવા નીકળી ગયો. (૨૦૮). મનોવેગે ઘોડો તો તરત જ તેના નગરમાં આવી પહોંચ્યો એટલે રાજકુમારે નાગપુત્રને પહેલાં મોકલ્યો અને કહ્યું કે હે સર્પશ્રેષ્ઠ ! તું જા અને મારા શત્રુને કહે કે હું નગરની બહાર આવી ઊભો છું. જો એ તારી વાત ન માને તો પછી હું એને મારી નાંખીશ. (૨૦૯-૨૧૦).

રાજકુમારની આજ્ઞા સાંભળીને નાગપુત્ર તરત જ ઝડપથી ઊપડ્યો અને જઇને ક્રોધે ભરાઇને શત્રુને કહ્યું કે તું અહીં શું બેસી રહ્યો છે? (૨૧૧). ચંદ્રાંગદ તો વાસુકિનાગનાં દર્શન માટે પાતાળમાં ગયો હતો. તેને મળવા માટે તું કુટુંબ સાથે જા. (૨૧૨). એ કાલિંદીમાં ડૂબી મર્યો છે એવું માનીને દુષ્ટોએ એમના સ્વામીનો વિશ્વાસઘાત કરીને એના પિતાનું રાજ્ય કેમ પચાવી પાડ્યું છે? (૨૧૩). હું કહું છું કે હજુ પણ જો તમે તમારું કલ્યાણ ઇચ્છતા હો તો એને શરણે જાઓ અને ઇંદ્રસેનને તરત જ રાજ્યસત્તા સોંપી દો. (૨૧૪). નાગલોકનું સમગ્ર કુળ એનું મિત્ર છે. એ તમારા ભૂકેભૂકા બોલાવી દેશે. જો ખરેખર જીવતા રહેવું હોય તો કહું છું તેમ કરો. (૨૧૫).

તમે ચંદ્રાંગદનાં દર્શને તરત જ ઉપડો. મારું કહ્યું નહિ માનો તો એ તમને તરત જ મારી નાંખશે. (૨૧૬). એને મદદ કરવા માટે મને શેષનાગે અહીં મોકલ્યો છે. મેં કહ્યું તે મુજબ તમે કરો. અહીં તમે હાથે કરીને નાહકના શું કામ મરો છો? (૨૧૭). આ સાંભળીને બીકના માર્યા ભાયાતો ધ્રૂજવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે આપણે જે કર્યું તે બરાબર નથી કર્યું. ચાલો હવે ચંદ્રાંગદના શરણે જઇએ. (૨૧૮). જો દુષ્ટબુદ્ધિવશ હઠે ચઢીને આપણે શરણે નહિ જઇએ તો તક્ષક નાગ આપણને મારી નાંખશે. તો તો એક તરફ મરી જશું અને ઉપરથી લોકો આપણી નિંદા કરશે. (૨૧૯). આવું વિચારીને એ ભાયાતોએ રાજાનો વસ્ત્ર અને અલંકારથી સત્કાર કર્યો અને એને રાણી સાથે સિંહાસન પર બેસાડ્યો. (૨૨૦).

બધાએ નમન કરીને કહ્યું કે અમારા અપરાધ માફ કરો અને અમારા પ્રાણની રક્ષા કરો. આવું બોલીને રાજાનાં ચરણમાં ઝૂકી પડ્યા. (૨૨૧). પછી નાગસુત બોલ્યો કે હે સુજ્ઞ રાજા ઇંદ્રસેન ! તમારો પુત્ર ચંદ્રાંગદ અહીં

આવી પહોંચ્યો છે. (૨૨૨). શેષનાગનાં દર્શનાર્થે એ પાતાળમાં ગયો હતો. તમારું દુ:ખ જાણીને એ પાતાળથી કૃતકૃત્ય થઇને આવ્યો છે. (૨૨૩). મૃત્યુ પામેલી વ્યક્તિને જીવંત કરે એવાં સંજીવની સમાં આવાં વચનો સાંભળીને, દુ:ખને યાદ કરીને રાજા રાણી સાથે મૂર્છા ખાઇને ઢળી પડ્યો. (૨૨૪). એને ઉઠાડીને નાગપુત્ર બોલ્યો કે હે રાજા ! હવે તું બધું દુ:ખ ભૂલી જા. એ પોતે જ હમણાં તમારાં દર્શન માટે આવશે. (૨૨૫).

રાજાએ શોક ત્યજી દઇને મંત્રીને બોલાવીને કહ્યું કે રાજકુમાર આવી રહ્યો છે એટલે સમગ્ર નગરને શણગારો. (૨૨૬). રાજાએ પોતે જ આવી આજ્ઞા કરી અને પછી એ રાણીને અને પરિવારને લઇને આનંદિત થઇને તરત જ સામે ચાલીને લેવા ગયો. (૨૨૭). વૃદ્ધ મંત્રીઓ, પુરોહિતો અને નગરજનો પણ, જેને મૃત્યુ પામેલો માન્યો હતો તેવા રાજકુમારને જોવા માટે ખૂબ જ ઉત્સુક હતા. (૨૨૮). બધાંને કુતૂહલ થતાં લોકો પણ રાજી થઇને દોડ્યા અને સંતોષ થાય એ રીતે પુત્રનું મોં જોવા માટે રાજા પણ ખૂબ અધીરો થઇ ગયો. (૨૨૯). જ્યાં ને ત્યાં વાજિંત્રો વાગવા માંડ્યાં અને બધા આનંદ માણવા લાગ્યા. બધા જયજયકાર કરવા લાગ્યા અને શોકનું તો નામોનિશાન ના રહ્યું. (૨૩૦).

બધા ઝડપથી નગરની બહાર આવ્યા અને ત્યાં રાજકુમારને જોયો. ચંદ્રાંગદ પણ પ્રેમથી પિતાના પગે પડ્યો. (૨૩૧). પુત્રને પ્રેમથી ભેટીને રાજાને અનહદ આનંદ થયો. આંસુ ભરેલી આંખે ગદ્‌ગદ્ કંઠે પુત્રને આશિષ આપી. (૨૩૨). રાજા વારંવાર કહેવા લાગ્યો કે હે પુત્ર ! તું આવ્યો એટલે જાણે મારો પ્રાણ આવ્યો. હે પુત્ર ! તારા વિના તો હું કમનસીબ જીવતે જીવ મડદાં જેવો હતો. (૨૩૩). ઘેરાં દુ:ખથી ક્ષીણ થયેલી માતાને ભેટી પડીને રાજકુમાર બોલ્યો કે હે મા ! મારે કારણે તારા ઉપર આવું દુ:ખ આવી પડ્યું. (૨૩૪). હે મા ! હું તારો પુત્ર નથી પણ શત્રુ છું. તમને બધાને દુ:ખમાં ધકેલીને હું સુખેથી ફરતો ફર્યો. મેં તમને કાંઇ શાંતિ ન આપી. (૨૩૫).

દિવ્ય પાતાળમાં જઇને મેં તો ખૂબ મોજમજા અને લહેર કરી. પણ અરેરે ! મેં તને રાત દિવસ ખૂબ દુ:ખી કરી. (૨૩૬). પોતાના પુત્ર માટેનું માતાનું અતિકોમળ હૃદય ક્યાં અને ક્યાં મારું પથ્થર સમાન હૃદય? મેં તમને બહુ દુ:ખી કર્યાં. (૨૩૭). જે કોઇ માતાનું દુ:ખ સમજતો નથી એ ખરેખર મેલ જેવો છે. એક ઘડી કરેલા સ્તનપાનનો ઉપકાર કદી વાળી શકાતો નથી. (૨૩૮). 'મા'થી બીજું કોઇ દૈવત નથી. માતાનું ઋણ કેવી રીતે વાળી શકાય? 'મા' તો સાક્ષાત્ પાર્વતી છે અને પિતા સદાશિવ શંકર છે. (૨૩૯). જે 'મા'ને દુ:ખ આપે છે તે નરકમાં જાય છે અને પછીના સાત જન્મ પુત્ર વિનાનો થઇ ગરીબાઇમાં સડે છે.④ (૨૪૦).

એટલામાં તો સગાં-સંબંધીઓ, ભાઇ-બહેનો તથા પ્રધાનો અને નગરજનો રાજકુમારને જોવા આવી પહોંચ્યાં. (૨૪૧). બધાની સાથે આનંદ-કિલ્લોલ કરતાં એણે નગરમાં પ્રવેશ કર્યો અને મહોત્સવ સહિત પોતાના મહેલે આવ્યો. (૨૪૨). ઇંદ્રસેને નાગપુત્ર સહિત બધાંનો ધન-વસ્ત્રથી પ્રેમપૂર્વક સત્કાર કરી નિરભિમાનીપણે બધાને વિદાય કર્યા. (૨૪૩). ચંદ્રાંગદ બોલ્યો કે હે પિતાજી ! સર્પરાજ શેષનાગે મારા પ્રાણ બચાવીને મારા પર ખરેખર બહુ મોટો ઉપકાર કર્યો છે. (૨૪૪). એમણે મને અમૂલ્ય એવાં ધન, વસ્ત્ર વગેરે પણ આપ્યાં છે. એમ કહીને પિતાને પગે લાગીને એ બધી વસ્તુઓ અર્પણ કરી.⑤ (૨૪૫).

નાગપુત્ર ભેટ્યા પછી હર્ષભેર પાતાળ ગયો અને ઇંદ્રસેન રાજાએ ચિત્રવર્મા પાસે પોતાના દૂતો મોકલ્યા અને કહ્યું કે મારી પુત્રવધૂ સતી છે અને મહાભાગ્યશાળી છે. એને ધન્ય છે. એના પુણ્યના પ્રભાવે જ મારો પુત્ર પાછો જીવતો આવ્યો છે. (૨૪૬-૨૪૭). એણે ખૂબ જ ખંતપૂર્વક જે શિવશંકરની આરાધના કરી હતી તે ભગવાન શંકરે જ મારા પુત્રને બચાવ્યો. આ બધું પુત્રવધૂના પુણ્યનો જ પ્રતાપ છે. (૨૪૮). આવું કહીને એણે ઝડપથી દૂત મોકલ્યા અને ચિત્રવર્માને આ બધી વિગતો પ્રેમપૂર્વક જણાવવા કહ્યું. (૨૪૯). એકદમ ઝડપથી ચિત્રવર્માના નગરમાં દૂત ગયો અને જમાઇરાજ આવી ગયા છે એ વાતનું નિવેદન કર્યું. (૨૫૦).

આ સાંભળીને ચિત્રવર્માને ખૂબ જ આનંદ થયો. એણે તરત જ દૂતને આનંદથી વસ્ત્ર અને અલંકારો આપ્યાં. (૨૫૧). ઇંદ્રસેનને પુત્ર ચંદ્રાંગદ સાથે હરખભેર ત્યાં તેડ્યા અને રાજા પણ રાણી અને રાજકુમાર વગેરે સાથે આવ્યો. (૨૫૨). ઠાઠમાઠથી સામૈયું કરીને બધાંને નગરમાં લઇ આવ્યાં. જમાઇને જોઇને બધાંને ખૂબ જ આનંદ થયો. (૨૫૩). ચંદ્રાંગદ સીમંતિનીને ભેટી પડ્યો અને એનો બધો શોક દૂર કરીને એને બધી વાત વિસ્તારથી કહી. (૨૫૪). પાતાળથી જે દિવ્ય વસ્તુઓ લાવ્યો હતો તે વસ્તુઓ આનંદથી આપી અને એને અમૃત પાયું. (૨૫૫).

એને વસ્ત્રો, અલંકારો, કલ્પવૃક્ષનાં ફળ વગેરે આપ્યાં અને સુંદરીએ સૌભાગ્યવતીનાં વસ્ત્રો પહેર્યાં ત્યારે એ અનુપમ રીતે શોભતી હતી. (૨૫૬). પછી ઇંદ્રસેન રાજા એની સાથે પોતાના નગરમાં ગયો અને મુહૂર્ત જોઇને, મહોત્સવ કરીને પુત્રને રાજગાદી પર બેસાડ્યો. (૨૫૭). ચંદ્રાંગદ અને સીમંતિનીનું અનુપમ જોડું શોભતું હતું. સદ્‌નસીબે એમણે દશહજાર વર્ષ સ્નેહપૂર્વક રાજ્ય કર્યું. (૨૫૮). શંકર ભગવાનની પૂજાથી સીમંતિનીને અપૂર્વ ફળ મળ્યું અને સોમવારના વ્રતથી કલ્યાણપ્રદ વર મળ્યો. (૨૫૯). શ્રીગુરુએ કહ્યું કે હે દંપતી ! આવું ધન્ય વ્રત મેં તમને પ્રેમથી કહી સંભળાવ્યું છે. તમે અનન્ય ભાવથી એ વ્રતનું પાલન કરો. (૨૬૦).

એ વ્રત કરવાથી કોઇ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી અને એનાથી સ્થિર સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, અખંડ લક્ષ્મી રહે છે, પુત્ર તથા પુત્રી મેળવે છે અને વ્યક્તિને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. (૨૬૧). દંપતીએ કહ્યું કે હે ગુરુ ! અમને વ્રતથી શું વધારે છે? અમારે મન તો તારી સેવા જ તારનારી છે અને બધાં પાપો ટાળનારી છે. (૨૬૨). હે ગુરુ ! તું અમારો પ્રાણનાથ છે અને અમારો જીવતો જાગતો ઇષ્ટદેવ છે. તારું અખંડ સ્મરણ રહે એવા આશિષ આપ. એમ બોલીને પગે પડ્યાં. (૨૬૩). શ્રીગુરુએ કહ્યું કે મારી આજ્ઞા માનીને તમે એ વ્રતનું પ્રેમથી પાલન કરો એ જ મારી સેવા છે એમ માનજો. (૨૬૪). આવું કહીને જ્યાં ઘરે જવાની રજા આપી ત્યાં જ પુત્રને જોવા માટે માતા પિતા આવી પહોંચ્યાં. (૨૬૫).

પુત્ર અને પુત્રવધૂની વાતો સાંભળીને એમને હૃદયમાં ખૂબ આનંદ થયો. પુષ્કળ ધન વાપરીને એમણે બ્રાહ્મણોને માનપૂર્વક સંતોષ્યા. (૨૬૬). શ્રીગુરુનું પૂજન કરીને ત્યાં મહોત્સવ કર્યો અને આરતી તથા મંગલકીર્તન પછી બ્રહ્મભોજન કરાવ્યું. (૨૬૭). શ્રીગુરુને પ્રણામ કરીને,એમની રજા લઇને તેઓ પોતાને ગામ ગયાં.

આમ ચારે દિશામાં શ્રીગુરુની કીર્તિ ફેલાઇ ગઇ. (૨૬૮). શ્રીગુરુના કહ્યા પ્રમાણે પછી દંપતીને આઠ પુત્રો થયા અને બીજું બધું પણ કહ્યા પ્રમાણે જ થયું. (૨૬૯). બંને જણાં દર વર્ષે ગાણગાપુર આવીને શ્રીગુરુનાં દર્શન ખૂબ (વારે વારે) કરતાં હતાં અને આમ શ્રીગુરુનાં ગુણગાન ગાતાં ગાતાં આખરે મુક્તિને પામ્યાં. હે નિરંજન !

હું તને સાચું કહું છું કે ગુરુના જેવું બીજું તીરથ કયાંય પણ નથી. (૨૭૦-૨૭૧).

આ ગુરુલીલામૃત ખરેખર નિશ્ચિતરૂપે અનુપમ છે. એનું પાન કરવાથી માણસ અમર થઈને સકલાર્થને પામે છે. (૨૭૨). હાથમાં પહેરેલાં કંકણને જોવા માટે જેમ આરસીની જરૂર નથી તેમ ગુરુની લીલાનો વિસ્તાર કરવા બધા ગ્રંથો નિરર્થક છે. (૨૭૩). શ્રીગુરુલીલામૃતનું ગાન એ બંને પ્રકારનું સાધન છે. **રંગ**ની વાતને સાચી માની બધાં અનુભવ દ્વારા એને જુએ છે. (૨૭૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સોમવાર વ્રતકથન'** નામનો **નેવ્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૮૯

(૧) 'પતિ એ જ પરમેશ્વર' અને 'પતિસેવા એ જ એક માત્ર ધર્મ' એવું કહેવા પાછળનું લક્ષ્ય તો કૌટુંબિક જીવન સુદૃઢ રહે એ જ છે. સ્ત્રીને વેદમંત્ર જપવાનો અધિકાર નથી. સ્ત્રીને શ્રુતિમંત્ર કહેવાથી એનું સામર્થ્ય લુપ્ત થાય છે. આ બધા પાછળ સ્ત્રીની અવહેલના નથી. હકીકતમાં તો સ્ત્રીના ઉપર સંસ્કૃતિને સાચવવાની જવાબદારી છે અને સંસ્કૃતિની રક્ષા કરવામાં એનો જ મહત્ત્વનો ફાળો છે. "જેમ વસ્તુ વધુ કિંમતી, વધુ મોંઘી તેમ એના પર નિયંત્રણો પણ વધુ હોય" એ સૂત્ર પ્રમાણે તો સ્ત્રીનું મહત્ત્વ જ વધારવાનો પ્રયાસ છે. સ્ત્રી ઘર સાચવે, બાળકોને સંસ્કાર આપે, પતિને સંભાળે પછી એણે બીજો કોઇ ધર્મ કે ભક્તિ કરવાની રહેતી નથી. પતિના પુણ્યમાં અર્ધો ભાગ આપોઆપ મળે છે પણ પાપની એ ભાગીદાર નથી એ નિયમ સ્ત્રીશક્તિનું મહત્ત્વ જ સૂચવે છે. ધર્મથી વિરુદ્ધ વર્તન કરવામાં પ્રગતિશીલતા નથી.

(૨) દોહરા ૩૬ થી ૫૧ ધ્યાનથી વાંચવા જેવા છે. જ્યોતિષીએ કહેલું સાચું હતું અને નિર્ભય બ્રાહ્મણે કહ્યું હતું તે પણ સાચું હતું. પરંતુ બ્રાહ્મણે આપત્તિનો અણસાર આપી દીધો તેથી એ સામેનાં નિવારક પગલાં લઈ શકાયાં. જો બ્રાહ્મણે હિંમતપૂર્વક સાચું ના કહ્યું હોત તો? પરંતુ જે કંઇ થવાનું છે તેને ટાળવામાં, હળવું બનાવવામાં સમર્થ સંતની કૃપા ખૂબ મદદ કરે છે અને જ્યારે ભગવાન મદદ કરવાનો હોય છે ત્યારે સામે ચાલીને સંત આપણા ઘરે આવે છે. "સંત પરમ હિતકારી" ભજનમાં પૂ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે સંત એ તો સાક્ષાત્ ભગવાન જ હોય છે.

જીવનમાં દુ:ખ તો આવવાનું જ. પણ જો કોઇ સંત આપણી ચિંતા કરે તો પછી એનો ઉપાય સરળ બની જાય.

(૩) આગળના જમાનામાં લોકોનું અંત:કરણ પ્રમાણમાં શુદ્ધ હોવાથી અને લગ્નજીવન પ્રત્યે નિષ્ઠા હોવાથી પુરુષ કે સ્ત્રીનું મન કોઇ તરફ ખેંચાય કે આકર્ષાય તો એની પાછળ કોઇ સૂક્ષ્મ કારણ રહેતું. દુષ્યંત ક્ષત્રિય હતો અને શકુંતલા કણ્વઋષિના આશ્રમમાં હતી એટલે એ બ્રાહ્મણ કન્યા છે એવું દુષ્યંતે માની લીધું. પરંતુ એના તરફ એનું મન ખેંચાયું એટલે તરત જ એ વિચારવા લાગ્યો કે આમ કેમ થાય છે? ક્ષત્રિય પુરુષ તો બ્રાહ્મણ કન્યાને પરણી શકે જ નહિ. એટલે મન ખેંચાવું ના જોઇએ. પણ મન ખેંચાય તો છે જ. તેનું કારણ શું? પછી ખબર પડે છે કે એ બ્રાહ્મણ કન્યા નથી પરંતુ વિશ્વામિત્રની અને મેનકાની કન્યા છે. આપણાં શાસ્ત્રો પણ અને પૂ.શ્રી પણ અંત:કરણની શુદ્ધિને જ મહત્ત્વ આપે છે. સદાચરણ એ જ ભક્તિનો પાયો છે.

(૪) દોહરા ૨૩૮ થી ૨૪૦માં પૂ.શ્રીએ માતૃમહિમા ગાયો છે. આવા દોહરા ઘરમાં મધુરા સંબંધો ઊભા કરવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. માતાનો મહિમા તો બધાએ જ ગાયો છે પણ પૂ.શ્રીએ તો પોતાના જીવનને માતૃભક્તિના આદર્શથી મઢી દીધું છે. પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીના ભાગવત વિદ્યાપીઠના ખાતમૂહુર્ત અંગેના આમંત્રણનો અસ્વીકાર કરતાં એમણે નિ:સંકોચ લખ્યું કે "માતાજીની આજ્ઞા છે કે મારે રાત્રી નારેશ્વરમાં ગાળવી તેથી માતૃઆજ્ઞાવશ હું લાચાર છું." સર્જીકલ કેમ્પમાં યમરાજાને નારેશ્વર તરફ ફરકવાની ના કહી શકનાર પૂ.અવધૂતજી સમાજની સામે આદર્શ મૂકીને સમાજને સાચા અર્થમાં મહેકતો કરવા માગે છે.

(૫) ચંદ્રાંગદ પાતાલમાંથી જ્યારે પોતાના રાજ્યમાં જવા નીકળ્યો ત્યારે વાસુકિરાજાએ એને ભેટસોગાદો આપી હતી અને જ્યારે નાગપુત્ર પાતાલમાં જવા નીકળ્યો ત્યારે ઇંદ્રસેને તેને ભેટ સોગાદો આપી વિદાય કર્યો. જીવનનો વ્યવહાર કેવો હોવો જોઇએ તેનું આમાં સૂચન છે. પૂ.આઠવલેજીનું એક વિધાન યાદ રાખવા જેવું છે : **"પ્રેમ વગર આપી શકાય પરંતુ આપ્યા વગર પ્રેમ ન થઇ શકે."** પૂ.શ્રીએ માગવાની-માગણવૃત્તિને જાકારો આપ્યો છે પણ આપવાની વાતમાં તો સદા અગ્રેસર રહેવાનું સૂચવ્યું છે અને તેથી "પરસત્કાર કુશલાય નમ:" એવું એક ભાવવાહી નિરૂપણ પૂ.શ્રી માટે પૂ.મણિશંકર શાસ્ત્રીજીએ પ્રયોજ્યું છે.

●

અધ્યાય : ૯૦

આ અધ્યાયનું નામ **'આચારાધ્યાયે પરાન્નદોષાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં ૩૦૮ દોહરા છે.

નિરંજને બે હાથ જોડીને અલખને કહ્યું કે હે ગુરુદેવ ! તમે ગુરુલીલાનું રણશિંગું ફૂંકીને મને મોહમયી રાત્રિની ઊંઘમાંથી જગાડ્યો છે. સાકરથી પણ મીઠી એવી ગુરુકથા સાંભળતાં સંતોષ જ થતો નથી. ત્યાર પછી શું બન્યું તે મને કહો. મને બાળક જાણીને મારા પર ક્રોધ કરશો નહિ. (૧-૫).

અલખે કહ્યું કે હું તને શ્રીગુરુમૂર્તિની લીલાની કેટલી વાત કરું? ગાણગાપુરમાં એક કર્મ વિશારદ બ્રાહ્મણ રહેતો હતો. એ બીજાને ત્યાં જમવા જાય નહિ કે દાન પણ લે નહિ. ગાણગાપુરમાં રોજ બ્રહ્મ ભોજન થાય છતાં એ ભોજન માટે જતો નહિ. એક દિવસ શ્રાદ્ધપક્ષમાં એક શ્રીમંત બ્રાહ્મણ જોડાંને જમાડવાના સંકલ્પ સાથે આવ્યો. આ બ્રાહ્મણની પત્નીએ શ્રીમન્નૃસિંહ સરસ્વતી સમક્ષ દુ:ખ વ્યકત કરીને ફરિયાદ કરી એટલે ગુરુ મહારાજે એ બ્રાહ્મણને પત્નીની ઇચ્છા સંતોષવા જણાવ્યું. (૬-૪૦).

બધા જમતા હતા ત્યારે એ બ્રાહ્મણની સ્ત્રીએ જોયું કે પંગતમાં બધાની સાથે ભૂંડ અને કૂતરાં જમતાં હતાં એટલે એણે પતિને કહ્યું કે અહીં જમશો નહિ. ઊભા થઇ જાવ. પોતે જે જોયું તેનું વર્ણન કર્યું એટલે બ્રાહ્મણે એને ઠપકો આપ્યો અને પછી પત્નીને લઇને શ્રીગુરુ પાસે ગયો. પોતાનું વ્રત ખંડિત થયું એનું દુ:ખ વ્યકત કર્યું ત્યારે ગુરુમહારાજે સમજાવ્યું કે પત્નીની ઇચ્છા પૂરી કરવા કે આપદ્ધર્મ તરીકે આ રીતે વર્તતાં વ્રત ખંડિત થયેલું ગણાતું નથી. (૪૧-૫૫).

આ સાંભળીને બ્રાહ્મણે ગુરુ મહારાજને પૂછ્યું કે વ્યકિતએ કોનું અન્ન લેવું અને કોનું અન્ન ન લેવું તે કહો અને વિનંતી કરી કે બ્રાહ્મણના આચાર વિશે પણ વિગતવાર કહો. એના જવાબમાં શ્રીગુરુએ પરાન્નદોષ વિશે અને બ્રાહ્મણના આચાર વિશે વિસ્તારથી કહ્યું. (૫૬-૩૦૮).

બે હાથ જોડીને ફરી પાછો શિષ્ય નિરંજન બોલ્યો કે હે દયાના સાગર અલખજી ! આપનો જય હો ! જય હો ! આપે તો અમૃતનો વરસાદ જ વરસાવ્યો. (૧). મોહમયી રાત્રીમાં હું સૂતો હતો ત્યારે તમે ગુરુલીલાનું રણશિંગું ફૂંકીને મને જગાડી દીધો. (૨). સાકરથી પણ વધારે મીઠી એવી આ ગુરુકથા સાંભળવા છતાં તૃપ્તિ થતી નથી. ઊલટાનું વધુ સાંભળવાની તૃષ્ણા બેહદ વધે છે. (૩). મૃત્યુ પામેલા બ્રાહ્મણને જીવતો કર્યો અને એને વિવિધ પ્રકારનો ઉપદેશ આપ્યો પછી શું બન્યું તે હે પ્રભુ ! મને કહો. હું આ પ્રશ્નો પૂછપૂછ કરું છું એનાથી ક્રોધ ના કરશો. (૪). હું તદ્દન રાંક બાળક છું અને હે ગુરુનાથ ! તું તો તારક છે. તારા વિના મારી આ ઇચ્છા કોણ પૂરી કરે? (૫).

શિષ્યનાં એ વચન સાંભળીને દયાળુ અલખજી બોલ્યા કે હે શિષ્યમાં અગ્રણી ! તને ધન્ય છે અને હે બાળ ! તારી મતિને પણ ધન્ય છે. (૬). આમ છતાં હું તને કેટલું કહું? શ્રીગુરુમૂર્તિનો મહિમા અપરંપાર છે. એ બધો મહિમા તો કોણ જાણી શકે? (૭). શ્રીગુરુ તો ક્ષણે ક્ષણે નવી નવી લીલા કર્યા જ કરે છે. એ કહેતાં તો પાર પણ આવે એમ નથી. હું તને એ પૈકીની થોડીક લીલા કહું છું તે તું એક ચિત્તે સાંભળ. (૮).

એ ગાણગાપુર ગામમાં જ એક બ્રાહ્મણ રહેતો હતો. એ વૈરાગ્ય-વૃત્તિવાળો, વિદ્વાન, વેદોમાં રત અને કર્મ માર્ગમાં પ્રવીણ હતો. (૯). એ કોઇ દિવસ દાન ન લે, પારકાનું અન્ન ન ખાય, જૂઠું બોલે નહિ કે વાદ વિવાદ પણ કરે નહિ. (૧૦). સૂકી ભિક્ષા માગી લાવીને એ ગુજરાન ચલાવતો હતો. પરંતુ એની સ્ત્રી ક્રોધી હતી. એને આવી ભિક્ષાવૃત્તિ ગમતી ન હતી. (૧૧). આ બ્રાહ્મણ સદા સંતોષથી રહેતો અને આનંદથી દિવસ પસાર કરતો હતો. અતિથિ વગર કોઇ દિવસ જમતો નહિ.① (૧૨). એ ગામમાં રોજ જ બ્રહ્મભોજન થાય અને રોજ જ હજારો બ્રાહ્મણો પકવાન જમે. (૧૩). રોજ ભાતભાતનાં વિવિધ પકવાનો તો જમવા મળતાં, વળી ઉપરથી દક્ષિણા પણ મળતી. આ બધી વાતો અંદરો અંદર આનંદપૂર્વક થતી હતી. (૧૪). આ વાતો સાંભળીને એ બ્રાહ્મણની મૂઢ સ્ત્રી ખૂબ જ દુ:ખી થતી હતી. ચિંતાથી ઘેરાયેલી એ વિચારતી કે હે ભગવાન ! હે પરમેશ્વર ! તેં આ શું કર્યું? (૧૫). હું હતભાગી આવું મિષ્ટાન્ન સ્વપ્નમાં પણ જોતી નથી. હું આ ગરીબ બ્રાહ્મણને પરણીને દુ:ખી દુ:ખી થઇ ગઇ છું. (૧૬). મારા પૂર્વજન્મનાં કર્મે કરીને આવો ભાગ્યહીન પતિ મને મળ્યો છે. એને પરણીને મેં ગરીબાઇ સિવાય બીજું કશું જોયું નથી. (૧૭). બધા બ્રાહ્મણો પોત પોતાની પત્ની સાથે રોજ મિષ્ટાન્ન જમે છે. એ બધાંએ પુણ્ય કર્મો કર્યાં હશે તે રોજ રોજ સારું સારું ખાવાનું પામે છે. (૧૮). મારો પતિ ભાગ્યહીન છે એટલે આમંત્રણ મળવા છતાં એ જમવા જતો નથી. હું શું કરું? બીજાના ઘરનું અન્ન મીઠું હોય છે. (૧૯).

એ હંમેશાં આ રીતે ચિંતા કર્યા કરતી હતી. એવામાં એક શ્રીમંત માણસ શ્રાદ્ધ પક્ષમાં બ્રાહ્મણો જમાડવા આવ્યો. (૨૦). એણે બ્રાહ્મણ-જોડાંને જમવા માટે ભાવપૂર્વક આમંત્રણ આપ્યું. એથી આનંદ પામીને એ સ્ત્રીએ જઇને પતિને આનંદપૂર્વક કહ્યું કે ધનિક તરફથી તમારી સાથે મને પણ જમવા માટેનું આમંત્રણ આવ્યું છે. (૨૧-૨૨). હે પ્રાણનાથ ! વિધવિધ પકવાન્નો, મોટી રકમની દક્ષિણા અને કિંમતી વસ્ત્રો પણ મળશે. ત્યાં જવા મને બહુ ઇચ્છા છે. (૨૩). તમે આ આમંત્રણ સ્વીકારી લો અથવા મને જમવા જવા દો. મને મિષ્ટાન્ન ખાવાની ખૂબ ઇચ્છા થાય છે. (૨૪). સ્ત્રીનાં આવાં રાંક વચનો સાંભળીને બ્રાહ્મણ હતાશ થઇ ગયો. એણે કહ્યું કે તારે જવું હોય તો ભલે ! તું જા. હું તો મરી જઉં તો પણ આવીશ નહિ. (૨૫).

આ વચન સાંભળીને એ મૂઢ સ્ત્રીએ ધનિકને કહ્યું કે મારા પતિ તો નહિ આવે, પણ હું એકલી તો આવીશ જ. (૨૬). ધનિકે કહ્યું કે મારો સંકલ્પ પતિ-પત્નીનાં જોડાંનું પૂજન કરવાનો છે. માટે જો તમારા પતિ આવવાના હોય તો જ તમે પણ આવજો. (૨૭). એવાં વચન સાંભળીને બ્રાહ્મણની સ્ત્રી ખૂબ દુ:ખી થઇ ગઇ અને બબડી કે હે ભગવાન ! હું શું કરું? મારા પૂર્વજન્મના કર્મને અનુરૂપ મારું આ પ્રારબ્ધ જ ફૂટેલું છે. અહીં હવે મારે શું કરવાનું? મારા પતિને કારણે એવું મિષ્ટાન્ન અરેરે ! સ્વપ્નમાં પણ મળે એમ નથી. (૨૮-૨૯).

અધ્યાય : ૯૦

આ પ્રમાણે લાંબો વિચાર કરીને પછી એ નૃસિંહસરસ્વતી મહારાજ પાસે ગઇ અને એમને પગે લાગીને વિનયનમ્ર થઇને ભારપૂર્વક કહેવા લાગી કે હે સ્વામીજી ! તમે મારું હિત જળવાય એવું કરો. હું કદી મિષ્ટાન્ન પામી નથી. તમે મારા પતિને કહો કે તું બ્રાહ્મણના ઘરે જમવા જા. (૩૦-૩૧). એ બ્રાહ્મણ જોડું બોલાવે છે અને મારા પતિ માનતા નથી. અરેરે ! એ ક્યારેય પણ બીજાનું જમતા નથી તો હવે મારે શું કરવું? (૩૨). હે પ્રભુ ! કૃપા કરીને તમે એને સમજાવીને આજે જમવા મોકલો. આજે નોતરું-નિમંત્રણ મળ્યું છે. ત્યાં મિષ્ટાન્ન, વસ્ત્ર વગેરે મળવાનાં છે. (૩૩).

એ સ્ત્રીનું કહ્યું સાંભળીને શ્રીગુરુ હસ્યા અને એના પતિને બોલાવીને આગ્રહપૂર્વક કહેવા લાગ્યા કે હે વિપ્ર ! તને જમવા માટેનું આમંત્રણ મળ્યું છે તો એ બ્રાહ્મણના ઘરે જમવા જા. તારી સ્ત્રી રોજ મિષ્ટાન્ન જમવાનું ઝંખે છે. (૩૪-૩૫). તું તારી પત્નીની વાસના સંતોષ. કોઇ દિવસ પત્નીનું-કુલસ્ત્રીનું મન દૂભવવું નહિ.② (૩૬).

શ્રીગુરુનું વચન સાંભળીને બ્રાહ્મણે વંદન કરીને કહ્યું કે હે ગુરુજી ! પરાન્ન નહિ લેવાનો મારો નિયમ છે. પણ જે ગુરુની આજ્ઞાનું પાલન નથી કરતો તે નરકમાં જાય છે એટલે હું આપની આજ્ઞા શિરોમાન્ય ગણીને જમવા જઇશ. (૩૭-૩૮). આવું કહીને, વંદન કરીને એ પોતાની સ્ત્રી સાથે ઘરે ગયો. પત્નીને આનંદ થયો. બંને જણાં બ્રહ્મભોજનમાં ગયાં. (૩૯). એ ધનિકે બ્રહ્મભોજન કરાવવાનો સંકલ્પ મૂકી બ્રાહ્મણ જોડાંને અનેક પકવાનો જમાડ્યાં અને ખૂબ હરખાયો. (૪૦).

ભોજનના સમયે બ્રાહ્મણ પત્નીએ વિપરીત દૃશ્ય જોયું કે કૂતરાં અને ભૂંડ આવીને પંગતમાં સાથે ખાય છે. (૪૧). એ મનમાં ખિન્ન થઇ ગઇ. ભાવતું છોડી દઇને એ ઊઠી ગઇ. જમી રહેલા બ્રાહ્મણને ઉદ્દેશીને ઊંચા અવાજે પાસે આવીને બોલી કે તમે આમ શું જમવા બેઠા છો? કૂતરાં અને ભૂંડનું આ એંઠું અન્ન અશુદ્ધ અને નિષિદ્ધ છે. (૪૨-૪૩). બ્રાહ્મણે કહ્યું કે તારી જીદને કારણે મારું નસીબ ફૂટ્યું. જે પરાન્ન ખાવાનું મેં છોડી દીધું હતું તે આજે ખાધું. એ કૂતરાં અને ભૂંડનાં એંઠાં અન્ન જેવું જ જાણ. (૪૪). એમ ગુસ્સો કરીને પત્ની સાથે ગુરુ પાસે ગયો અને ભક્તિપૂર્વક નમીને શ્રીગુરુનાં ચરણમાં પ્રણામ કર્યા. (૪૫).

ત્યારે શ્રીગુરુએ સ્ત્રીને પૂછ્યું કે આજે તું ધરાઇ ને ! પરાન્ન ખાવાનું સુખ જોયું ને ! તું પતિને શું કામ દુઃખી કરે છે? (૪૬). શ્રીગુરુનાં વચન સાંભળીને એમનાં ચરણમાં માથું મૂકીને રાંક મુખે બે હાથ જોડીને બોલી કે મને માફ કરો. (૪૭). અરેરે ! મેં મંદબુદ્ધિવાળીએ લોભવશ મારા પતિને પરાન્ન ખાવાના પાપમાં પાડ્યો તો હે પ્રભુ ! મને માફ કર.③ (૪૮). ચિંતાગ્રસ્ત બ્રાહ્મણ બોલ્યો કે હે સ્વામી ! હવે હું શું કરું? મારા વ્રતનો ભંગ થયો અને તેનું મને મોટું પાપ લાગ્યું. (૪૯). કદી પણ પરાન્ન ન લેવાનો મારો સંકલ્પ હતો પરંતુ આ મારી દુશ્મન થઇ અને હઠાગ્રહ કરીને મારા વ્રતનો ભંગ કરાવ્યો. (૫૦).

આ રીતે પશ્ચાત્તાપ કરીને બ્રાહ્મણને રડતો જોઇને, એની વાત સાંભળીને શ્રીગુરુદેવ બોલ્યા કે તારી સ્ત્રીની મનોકામના પૂરી થઇ અને એને સંતોષ થયો એટલે તારો સત્ય સંકલ્પ તૂટ્યો એવું કહેવાય નહિ અને તું તો મારા કહેવાથી ગયો હતો એટલે એમાં તને પાપ લાગે નહિ. (૫૧-૫૨). વળી હું તને શાસ્ત્રનો સાચો અર્થ સમજાવું અને સહજ ધર્મ વિશે કહું. દૈવ અને પિતૃકર્મમાં કોઇ વાર કોઇને બ્રાહ્મણ ન મળતો હોય અને પરિણામે કર્મનો લોપ

થતો હોય તો એવી કટોકટીની વેળાએ જો કોઇ બોલાવે તો જમવા જવું. એ વખતે ન જવાથી ઘણું પાપ લાગે છે.ⓨ (૫૩-૫૪).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને બ્રાહ્મણે સાષ્ટાંગ પ્રણામ કરીને, ઘણા આદર સાથે બેઉ પગ પકડીને પૂછ્યું કે હે ગુરુ ! કોનું અન્ન લેવું? કેવું અન્ન લેવાથી પાપ લાગે? કોના બારણે જવું નહિ? પ્રસન્નતાપૂર્વક આ વિષે તમે કહો. (૫૫-૫૬).

એ વચન સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે હે શિષ્ય ! હું તને વિસ્તારથી કહું છું તે તું બધું સાવધ થઇને સાંભળ જેથી તારી બધી શંકાઓ ટળી જાય. (૫૭). શ્રીગુરુએ કહ્યું કે હે બ્રાહ્મણ ! કેવું અન્ન લેવું તે પહેલાં કહું છું. શિષ્યે ગુરુના ઘરે હંમેશાં આનંદપૂર્વક અન્ન લેવું. (૫૮). શ્રોત્રિય બ્રાહ્મણના ઘરે તથા મામાના ઘરે અન્ન લેવું. સસરાને ત્યાં, સાચા સાધુને ત્યાં અને ભાઇના ઘરે જમવું. (૫૯). બ્રાહ્મણ નહિ મળવાથી કર્મનો લોપ થતો હોય તો ત્યાં જમીને પછી ગાયત્રીનો જપ કરવાથી પાપ લાગતું નથી. (૬૦).

જે વ્યક્તિ લોભથી માતા પિતા પાસે કામ કરાવતો હોય તેના ઘરે અન્ન લેવાનું પ્રયત્નપૂર્વક ટાળવું. (૬૧). સ્ત્રી પુત્રને દુ:ખી કરીને જે ધર્મકાર્ય કરતો હોય તેના ઘરે ભોજન લેવામાં અનેક દોષો કહ્યા છે. (૬૨). શસ્ત્રધારી, અભિમાની, મલ્લકુસ્તીમાં રચ્યોપચ્યો રહેનાર, વાજિંત્રોમાં વગેરેમાં ઘેલો હોય તેવાના ઘરનું અન્ન વર્જ્ય ગણવું. (૬૩). બહિષ્કાર પામ્યો હોય એવો નીચ બ્રાહ્મણ હોય, માગીને પેટ ભરતો હોય, વૈશ્વદેવ ના કરતો હોય તો એવાના ઘરનું અન્ન નિયમપૂર્વક ત્યજવું. (૬૪). ધનના લોભથી ગમે તેને મંત્ર આપતો હોય અને બહુ લોકોને પોતાના શિષ્ય બનાવતો હોય તેવાનું અન્ન લેવું નહિ. (૬૫).

ક્રોધી હોય, બ્રાહ્મણનો દ્વેષી હોય અથવા ધર્મપત્નીને ત્યજીને એકલો રહેતો હોય તો એવાના ઘરે જમવું નહિ. (૬૬). ક્રૂર હોય, તામસી સ્વભાવનો હોય, કૃપણ હોય, દુરાચરણમાં રત હોય, અથવા ધનથી ઉન્મત્ત થયેલો હોય તો એવાના ઘરે પણ અન્ન લેવું નહિ. (૬૭). પતિ અને પુત્રને છોડીને જે સ્ત્રી એકલી રહેતી હોય તેના ઘરનું અન્ન લેવું નહિ. એ લેવાથી મોટું પાપ લાગે છે. (૬૮). બ્રાહ્મણ હોવા છતાં જે સોનીનો ધંધો કરતો હોય, ગમે તેની પાસે માગતો હોય, નપુંસક હોય, અથવા સ્ત્રીને વશ હોય એવાનું અન્ન લેવું નહિ. (૬૯). ચોરનું, બીજાની સ્ત્રી સાથે સંબંધ રાખનારનું અથવા ઘોડાનું વેચાણ કરતા બ્રાહ્મણનું અને વિદ્યા વેચનારના અન્નનો તરત જ ત્યાગ કરવો. (૭૦).

ઠગ, જુગારી, સ્નાન કર્યા વગર ખાનારો, જેના ઘરમાં હરિકીર્તન ન થતું હોય એવાના ઘરનું અન્ન લેવું નહિ. (૭૧). જે સ્નાનસંધ્યા ના કરતો હોય, દાન કરતો ના હોય, પિતૃકર્મ કરતો ના હોય, એનું અન્ન લેવું નહિ. (૭૨). જે લોભથી કે આડંબરથી મંત્ર જાપ કરતો હોય, વ્યાજ લઇને ધન એકઠું કરતો હોય, તેનું અન્ન લેવું નહિ. (૭૩). જે વિશ્વાસઘાતી હોય, પક્ષપાતી હોય, સ્વધર્મનો ત્યાગ કરતો હોય કે નીતિ ન પાળતો હોય, તેવાનું અન્ન વર્જ્ય છે. (૭૪). જ્ઞાનીનો દ્વેષ કરતો હોય, ગુરુની નિંદા કરતો હોય અને પોતાના કુળદેવતાનો ત્યાગ કરતો હોય એવા દુષ્ટબુદ્ધિવાળાનું અન્ન લેવું નહિ. (૭૫).

ગાય-બ્રાહ્મણની હિંસા કરનારો અથવા સ્ત્રીની હત્યા કરનારો, પોતાના ઘરના અન્નમાં દોષ જોનારો અને બીજાનાં અન્નનાં વખાણ કરનારો હોય એવાના ઘરનું અન્ન લેવું નહિ. (૭૬). એક જ ઘર પર આધાર રાખીને

આશાથી જીવતો હોય અથવા દાન આપનારને દાન કરતાં રોકતો હોય, તેવાના ઘરનું અન્ન લેવું નહિ. (૭૭). જે બધાનું શરણું લેતો હોય અને બધાનું ખાતો હોય તે આ પછીના જન્મે ચાંડાળ થાય છે એટલે એનું અન્ન પણ લેવું નહિ. (૭૮). જે ક્રોધે ભરાઇને દીકરી-જમાઇને ગાળો દેતો હોય, જેનો પુત્ર સંસ્કાર આપ્યા વિનાનો હોય, તેવાનું અન્ન પણ લેવું નહિ. (૭૯). લગ્ન કર્યા પછી જે ઘરે હોમ ના કરતો હોય, પારકે ઘેર જ ખાતો હોય તો કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર એના અન્નનો ત્યાગ કરવો. (૮૦).

જે પોતાનો આશ્રમધર્મ પાળતો ના હોય અને છતાં હંમેશાં અદ્વૈતની વાતો કરતો હોય અને જે અનુભવ વિના બોલ બોલ કર્યા કરતો હોય તો તેવાના ઘરના અન્નનો પણ ત્યાગ કરવો. (૮૧). હંમેશાં જે કપટથી પોતાનું પેટ ભરતો હોય તેવાનું અન્ન ખાવાથી અંધાપો આવે છે, બહેરાપણું આવે છે અને આયુષ્ય, વાદશક્તિ, બુદ્ધિ તથા ધીરજનો નાશ થાય છે. (૮૨). જે હંમેશાં બીજાના ઘરે જ રહેતો હોય અને એના ઘરે જ જમતો હોય તો તે પોતાનું પુણ્ય સામાવાળાને આપીને તેના દોષો પોતે લે છે એમ માનવું. (૮૩). ગાય, જમીન, સોનું વગેરેનું દાન લેવાથી થતો દોષ પરાન્ન જેવા દોષની બરાબર નથી.[૫] (૮૪). હંમેશાં બીજાના ઘરે પડ્યા રહેવાથી લક્ષ્મીનો નાશ થાય છે. દર્શ શ્રાદ્ધના દિવસે પરાન્ન ભોજન લેવાથી એક મહિનાના પુણ્યનો નાશ થાય છે.[૬] (૮૫).

આમંત્રણ મળ્યું હોય તો જ ભોજન માટે જાય, વગર આમંત્રણે જાય નહિ તેમજ આપત્કાલે સારા ઘરે જમવા જવાથી દોષ લાગતો નથી. (૮૬). જો શૂદ્ર વ્યક્તિ બ્રાહ્મણને ત્યાં જમવાનું આમંત્રણ આપે તો પણ ત્યાં જમવા જવું નહિ, નહિતર મહાન પાપ લાગે છે. (૮૭). જ્યાં સુધી દીકરીના ઘરે સંતાન ન થાય ત્યાં સુધી ત્યાં અન્ન લેવું નહિ. દોહિત્ર થતાં અન્ન લેવામાં દોષ લાગતો નથી. (૮૮). સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ અને વૃદ્ધિસૂતકમાં દાન લેવું નહિ. તીર્થમાં પણ દાન લેવું નહિ. (૮૯). રાજાનું, કપટીનું, નોકરનું, ધોબીનું, લુહારનું, સોનીનું, દાસીનું તથા દારુ પીનારનું અન્ન ત્યજવા યોગ્ય છે. (૯૦).

જો બ્રાહ્મણ સ્વધર્મે અનાસકત ભાવે હંમેશાં રહે તો સ્વપ્ને પણ ગરીબાઇ મળે નહિ અને એને બધાં સુખો અહીં જ મળી રહે. (૯૧). બધા દેવો તેના કહ્યામાં રહે અને એના ઘરે કામધેનુનો વાસ થાય. સિદ્ધિ સેવામાં ખડી રહે અને ભગવાનની મહેર (કૃપા) રહે છે. પરંતુ જે અભિમાનથી ઉન્મત્ત બનીને પોતાનો ધર્માચાર ત્યજે છે તે પાપી ગરીબાઇથી ચોક્કસ દુ:ખી થાય છે. (૯૨-૯૩).

બ્રાહ્મણે કહ્યું કે હે પ્રભુ ! હું આપને પ્રાર્થું છું. હે ગુરુનાથ ! કૃપા કરીને આ દાસને બ્રાહ્મણોના આચાર વિશે વિસ્તારથી કહો. (૯૪). તું સાચે જ ત્રિમૂર્તિનો અવતાર છે. તું કરુણાકર ભગવાન શંકર છે. ભકત પર કૃપા કરીને તું જ એમનાં સંકટ તરત દૂર કરે છે. (૯૫).

શ્રીગુરુએ કહ્યું કે તને ધન્ય છે અને ધન્ય છે તારા પ્રશ્નને. હું તને શાસ્ત્રસંમત શુભ સદાચાર વિષે કહું છું. (૯૬). નૈમિષારણ્યમાં જ્યાં મુનિઓ તપસ્યા કરતા હતા ત્યાં એક દિવસ સુંદર દેહધારી પરાશર ઋષિ આવ્યા. (૯૭). વૃદ્ધ ઋષિને જોતાં જ મુનિવૃંદ આદરપૂર્વક ઊભું થયું અને વંદન કરીને સદ્‌ભાવપૂર્વક પોતાના ધર્મ વિશે પૂછ્યું. (૯૮). હે નાથ ! ધર્મના આચરણમાં ડગલે ને પગલે શંકા થાય છે. આપ લબ્ધપ્રતિષ્ઠિત બ્રહ્મર્ષિ છો. આ અંગે જે સાચી સ્થિતિ હોય તેનો આપ અમને ઉપદેશ કરો. (૯૯). ગુરુ વગર ગમે તેની પાસેથી કર્માચાર જાણવા

નહિ કે મંત્ર લેવો નહિ. અમને આપ જેવા પવિત્ર સદ્‌ગુરુ મળ્યા છે તો આપ અમને ઉપદેશ આપો. (૧૦૦).

એમની એવી પ્રાર્થના સાંભળીને પરાશર ઋષિ બોલ્યા કે હું તમને સર્વ સિદ્ધિ આપનાર આચાર કહું છું તે તમે સાંભળો. (૧૦૧). બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને સૌ પ્રથમ સદ્‌ગુરુનું સ્મરણ કરવું અને બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરનું ચિંતન કરવું. (૧૦૨). નવગ્રહનું, સનક વગેરેનું, સિદ્ધ યોગીઓનું, પિતૃઓનું, સાત સમુદ્રનું અને સપ્તર્ષિનું ભાવપૂર્વક સ્મરણ કરવું. (૧૦૩). ધરતી માતાને પગે લાગીને, પછી આચમન કરીને મૂત્રનો ત્યાગ કરવો. પછી ફરીથી આચમન કરવું. (૧૦૪). સ્નાન કરતાં પહેલાં, સ્નાન કર્યા પછી, વાછૂટ થયા પછી અને શયન કર્યા પછી બ્રાહ્મણે બેસીને આચમન કરવું. (૧૦૫).

ભોજન કરતાં પહેલાં અને ભોજન કર્યા પછી તેમજ છીંક કે બગાસું આવતાં પણ મૂત્રનો ત્યાગ ન કરવા છતાં પણ આચમનની એ વિધિ તરત જ આચરવી. (૧૦૬). અપશબ્દનું ઉચ્ચારણ થતાં, ખરાબ દૃશ્યનું દર્શન થતાં અને દેવકર્મ શરૂ કરતાં પહેલાં અને દેવકર્મ પૂરું થયા પછી આચમન કરવું. (૧૦૭). પાસે પાણી ન હોય તો જ્યાં સાત દેવોનો વાસ છે તેવા જમણા કાને સ્પર્શ કરવો. આ સ્પર્શ આચમન સમાન છે. (૧૦૮). બ્રાહ્મણના જમણા કાને અગ્નિ, જળ, વરુણ, ઇંદ્ર, વાયુ, ચંદ્ર અને સૂર્ય એમ સાત દેવો વસેલા છે. (૧૦૯). મળ-મૂત્રના ત્યાગ પછી યોગ્ય રીતે પવિત્ર થયા પછી માનસિક સ્નાન કરીને ત્યાં બેસીને જપ કરવો. (૧૧૦). ગાયત્રી સિવાય વેદમંત્ર પાઠ કરવો અને ઉષ:કાળ થતાં (લાલ વાદળ થતાં) શૌચ ક્રિયા માટે (મળત્યાગ માટે) બહાર જવું. (૧૧૧). કાને જનોઇ વીંટાળીને અને વસ્ત્રથી માથું ઢાંકીને નૈર્ઋત્ય દિશામાં બ્રાહ્મણે નીચા મોઢે શાંતિથી (શૌચ માટે) બેસવું. (૧૧૨). દિવસે ઉત્તર દિશામાં અને રાત્રે દક્ષિણ દિશામાં પુરુષે મોઢું રાખી, આમ તેમ જોયા વિના શાંતિથી મૂગે મોઢે બેસવું. (૧૧૩). આ વખતે માણસે સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર કે આકાશ જોવાં નહિ. બને ત્યાં સુધી સૂકી જમીન પર મળ-મૂત્રનો ત્યાગ કરવો. (૧૧૪).

જે વ્યક્તિ ઊભાં ઊભાં મળ-મૂત્રનો ત્યાગ કરે છે તે શરીર પરનાં રોમ જેટલાં વર્ષ નરકમાં જાય છે. (૧૧૫). કાછડી કાઢ્યા વિના પેશાબ કરનારો અને પેશાબ કર્યા પછી શુદ્ધ થયા વગર કાછડી મારનારો પણ નરકમાં જાય છે. (૧૧૬). જો પાણી ન હોય તો ગંગાજીનું સ્મરણ કરીને માટીથી શુદ્ધિ આચરે અને (પાણીથી શુદ્ધ ન થાય ત્યાં સુધી) ખાવા-પીવાનું બંધ રાખે. (૧૧૭). પાણીથી શુદ્ધ થયા વગર પાણી પીવાની પણ મનાઇ છે. પાણી પીએ તો પણ પીનાર નરકમાં જાય છે. (૧૧૮). પુણ્યદાયી વૃક્ષો પાસે, મંદિર પાસે, જળાશય પાસેના રસ્તા પર કે લીલાં ઘાસ ઉપર માણસે મળત્યાગ કરવો નહિ. (૧૧૯). (પાણી ન મળે ત્યારે) પવિત્ર થવા માટે પ્રયત્ન કરીને શુદ્ધ માટી લેવી. કીડીના દર કે રાફડા પાસેથી, નદી વચ્ચેથી, રસ્તા વચ્ચેથી, ઝાડનાં મૂળ પાસેથી, મંદિર પાસેથી કે તીર્થક્ષેત્રની માટી વાપરવાની મનાઇ છે. (૧૨૦-૧૨૧).

વાવ, કૂવા, તળાવની માટી સારી ગણાય તેથી જળનું પ્રોક્ષણ કરી આવી માટી શુદ્ધ થવા માટે લેવી. (૧૨૨). પેશાબ કર્યા પછી શુદ્ધિ માટે લીલાં આમળાં જેવડાં કદનો માટીનો એક પિંડ લિંગ ઉપર, પાંચ પિંડ ગુદા ઉપર અને ત્રણ પિંડ હાથ ઉપર અને બંને પગ ઉપર ત્રણ ત્રણ પિંડ મૂકવા. મળત્યાગ પછીની શુદ્ધિ માટે બમણા અને વીર્યત્યાગ થતાં શુદ્ધિ માટે ત્રણ ગણા પિંડ મૂકવા. (૧૨૩-૧૨૪). આ પ્રમાણે ગૃહસ્થીએ શુદ્ધિ

આચરવાની છે. બ્રહ્મચારી માટે એના કરતાં બમણું પ્રમાણ કહ્યું છે, વાનપ્રસ્થી માટે ત્રણ ગણું અને સંન્યાસી માટે ચાર ગણું પ્રમાણ કહ્યું છે. (૧૨૫). રાત્રિના સમયે આ પ્રમાણ અડધું કરવું અને સંકટ સમયે તથા પ્રવાસમાં રસ્તે એનાથી પણ અડધું પ્રમાણ ગણવું. આવા શુદ્ધિના આચારથી તરત જ ધર્મસિદ્ધિ થાય છે. (૧૨૬).

આ શૌચ આચાર વિધિ જનોઇ દીધેલા બ્રાહ્મણ માટે છે. સ્ત્રી, શૂદ્ર, બાળક વગેરેને ઉપરનો મેલ જાય ત્યાં સુધી સમજવું. (૧૨૭). શુદ્ધ થયા પછી બ્રાહ્મણે આઠ, ક્ષત્રિયે છ, વૈશ્યે ચાર અને શૂદ્રે બે કોગળા કરવા. (૧૨૮). આ કોગળા ડાબી બાજુ કરી પછી શુદ્ધ સ્થળે બેસીને બે વાર કોગળા કરવા અને કુળદેવતાનું સ્મરણ કરવું. (૧૨૯).

બ્રાહ્મણના જમણા હાથમાં પાંચ તીર્થો રહેલાં છે. હથેલીના મધ્ય ભાગમાં વહ્નિ તીર્થ, મૂળમાં પ્રકૃષ્ટ બ્રાહ્મ તીર્થ, તર્જની અને અંગૂઠાની વચ્ચે પિતૃ તીર્થ, આંગળીના આગળના ભાગે દેવતીર્થ અને ટચલી આંગળીની નીચે ઋષિ તીર્થ આવેલું છે. (૧૩૦-૧૩૧). પિતૃ, દેવ અને ઋષિનું તર્પણ જે તે તીર્થસ્થાન દ્વારા અનુક્રમે કરવું અને નિત્ય એ પ્રમાણે અર્ચન કરવું. (૧૩૨). કેશવ, નારાયણ અને માધવ નામથી બ્રહ્મતીર્થથી ત્રણ વાર આચમન કરી ગોવિંદ-વિષ્ણુ નામથી હાથ ધોઇ નાંખવો. મધુસૂદન ત્રિવિક્રમ નામથી અંગૂઠાના અગ્રભાગથી યથાવિધિ હોઠ લૂછવા. પછી વામન અને શ્રીધરના નામથી બ્રાહ્મણે મોં અને ડાબો હાથ જળથી તરત જ સાફ કરવાં. (૧૩૩-૧૩૫). હૃષિકેશ અને પદ્મનાભના નામથી બંને પગનો સ્પર્શ કરવો અને દામોદરના નામથી વિધિપૂર્વક શિરનો સ્પર્શ કરવો. (૧૩૬). સંકર્ષણના નામથી ત્રણ આંગળીથી બ્રાહ્મણે મુખનો સ્પર્શ કરવો અને વાસુદેવ તથા પ્રદ્યુમ્નના નામથી અંગૂઠો અને તર્જની એમ બેથી નાકનો સ્પર્શ કરવો. અનિરુદ્ધ અને પુરુષોત્તમ એવા નામથી અંગૂઠો અને અનામિકા એમ બેથી આંખને સ્પર્શ કરવો અને અધોક્ષજ તથા નૃસિંહ એવા નામથી બંને કાનનો સ્પર્શ કરવો. (૧૩૭-૧૩૯). અચ્યુત નામથી અંગૂઠો અને ટચલી આંગળીથી નાભિને સ્પર્શ કરવો અને જનાર્દન નામથી હથેલી દ્વારા હૃદયને પ્રેમપૂર્વક સ્પર્શ કરવો. (૧૪૦). ઉપેન્દ્ર એ નામથી બધી આંગળીઓ ભેગી કરી તે દ્વારા મસ્તકનો સ્પર્શ કરવો અને હરિકૃષ્ણ નામથી હાથના આગળના ભાગથી ખભાનો સ્પર્શ કરવો. (૧૪૧).

સંધ્યાવંદન, હોમ અને અન્ય કર્મ વખતે બ્રાહ્મણ માટેનો આ આચમન વિધિ છે. (૧૪૨). કેશવ વગેરેની ચોથી વિભક્તિથી અથવા સંબોધનથી અને અંતમાં 'નમ:' આવે એ રીતે ચોવીસ નામે એક એક વાર આચમન કરવું. (૧૪૩). શરૂઆતમાં અને અંતમાં પણ એનાથી જ બે વાર આચમન કરવું. એ શકય ના હોય તો કેશવ વગેરે નામથી ત્રણ વાર જળ પીવું (કેશવ, નારાયણ અને માધવ નામથી) અને બે વાર આચમન કરીને હાથ ધોઇ નાંખવા. આમ સંધ્યા વગેરે વિષેનો આચમન વિધિ ટૂંકમાં કહ્યો. (૧૪૪-૧૪૫). શૂદ્ર વગેરેનો સ્પર્શ થતાં, સ્નાન પછી, ઊલટી થતાં, ફળ ખાધા પછી, જમ્યા પછી અને સ્મશાનમાંથી આવ્યા પછી પગ ધોયા પછી બે વાર આચમન કરવું. પાસે પાણી ન હોય તો પોતાના જમણા કાનનો સ્પર્શ કરવો. (૧૪૬-૧૪૭). જે કોઇ ભક્તિ-ભાવથી હંમેશાં આ રીતે આચમન કરે છે તેને ગરીબાઇ ત્રાસ આપતી નથી અને એ માણસ સુખી થાય છે. (૧૪૮).

મુખની શુદ્ધિ માટે હવે દાંત સાફ કરવાનો વિધિ કહું છું. પર્વના દિવસો છોડીને પડવો, છઠ્ઠ, નોમ, બારસ, રવિવાર, મંગળવાર અને શ્રાદ્ધના દિવસે ડાહ્યો માણસ કાષ્ઠનું દાતણ કરે અને (ઉપરના) પર્વાદિ દિવસોમાં

માટીનું દાતણ કરે. (૧૪૯-૧૫૦).

જો કોઇ કંટકીનું, કેતકીનું, નાળિયેરીનું કે ખજૂરીનું દાતણ કરે તો તે ક્રૂર ચાંડાળ થાય છે. (૧૫૧). ખેર, ઉદુંબર, વડ, અંધેડો અને કણજીનું દાતણ કરનારને કોઇ દિવસ ખેદ કરવાનું કારણ રહેતું નથી. (૧૫૨). બ્રાહ્મણે બાર આંગળ, ક્ષત્રિયે નવ આંગળ, વૈશ્યે આઠ આંગળ અને શૂદ્રે છ આંગળ લાંબું દાતણ લઇ વિધિપૂર્વક દાતણ કરવું. 'આયુર્બલં...' મંત્ર દ્વારા દાતણ માટે ઝાડને કાપવું. (૧૫૩-૧૫૪). 'મુખ દુર્ગંધી...' મંત્રથી દાતણ ચાવી ચાવીને, એની ચીરી કરીને પછી નૈર્ઋત્ય દિશામાં ફેંકી દેવી. (૧૫૫). પછી બાર કોગળા કરવા અને ત્યાર બાદ બે વાર આચમન કરવું. પછી ડાહ્યા માણસે પ્રાત:કાળે સ્નાન કરવું. આનાથી બધા હેતુ સિદ્ધ થાય છે. (૧૫૬). આ રીતે પ્રાત:સ્નાન કરવાથી તેજ, બળ, આયુષ્ય, પ્રજ્ઞા, ધારણશકિત વગેરેમાં વધારો થાય છે અને બધા દેવો એને વશ થાય છે. (૧૫૭). ખરાબ સ્વપ્નો આવતાં બંધ થઇ જાય છે અને સદ્‌ભાગ્યનાં સુખને પામે છે. હૃષ્ટિ, પુષ્ટિ અને આરોગ્યને પામે છે. એને પછી કોઇ વાતનું દુ:ખ રહેતું નથી. (૧૫૮).

ગૃહસ્થીએ સવાર અને બપોર એમ બે વાર સ્નાન કરવું, જે દારિદ્ર, શોક, ચિંતા અને પાતકને દૂર કરશે. (૧૫૯). વાનપ્રસ્થીએ, યતિએ અને વ્રતીએ ત્રણ વાર સ્નાન કરવું અને બ્રહ્મચારીએ એક વાર સ્નાન કરવું એવો શાસ્ત્રનો નિર્ણય છે. (૧૬૦). સંકટ સમયે અને શારીરિક અશકિત હોય ત્યારે સમજુ માણસ 'આપોહિષ્ઠા...દિ' મંત્રથી ત્રણ વાર જળ છાંટીને સ્નાન કરે છે. (૧૬૧). અશકત વ્યકિત ગોરજથી વાયુસ્નાન, ભસ્મથી અગ્નિસ્નાન અને માટીથી ભૂમિસ્નાન કરે. (૧૬૨). સૂર્યનાં કિરણોથી અને વરસાદનાં જળથી દિવ્યસ્નાન પણ કરી શકે અને ભગવાન વિષ્ણુના ધ્યાનથી માનસ સ્નાન પણ કરી શકે છે. (૧૬૩). માણસ રોગાદિથી પીડાતો હોય ત્યારે પિતાનાં ચરણોદકનું પ્રોક્ષણ કરવાથી અને શ્રીગુરુનાં દર્શનથી એને તીર્થસ્નાનનું ફળ ચોક્કસ મળે છે. (૧૬૪). ચાંડાળનો સ્પર્શ થાય ત્યારે અને મૈથુન કર્યા પછી જળ વિના શુદ્ધિ થતી નથી એ બાબતમાં શાસ્ત્રો સંમત છે. (૧૬૫).

શૂદ્રનો સ્પર્શ થાય ત્યારે સ્વસ્થ શરીરવાળાએ જળથી સ્નાન કરવું અને રોગી કે અશકત હોય તેવાએ મંત્ર વગેરેથી સ્નાન કરવું. (૧૬૬). અશકતે ગરમ પાણીથી સ્નાન કરવું અને બીજાએ ઠંડા પાણીથી સ્નાન કરવું. વધુમાં ગૃહસ્થોએ ગરમ પાણીથી સ્નાન કરવું એવું શાસ્ત્રમાં કહ્યું છે. (૧૬૭). ઘરમાં સ્નાન કરતા હોય ત્યારે આચમન કે અઘમર્ષણની વિધિ જરૂરી નથી. તર્પણ અને સંકલ્પની પણ જરૂર નથી અને જાતે વસ્ત્ર નિચોવવાનું પણ જરૂરી નથી. (૧૬૮). 'આપોહિષ્ઠા...' મંત્ર કે ત્રણ ગાયત્રીમંત્રથી હૂંફાળા પાણીને અભિમંત્રિત કરી સ્નાન માટે જળ લેવું. (૧૬૯). સ્નાનાંતે માર્જન કરે. ઘરમાં સ્નાન કરવાનો આવો વિધિ છે. આ શાસ્ત્રસંમત વિધિ અંગે શંકા કરશો નહિ. (૧૭૦).

પુત્ર જન્મ સમયે, ગ્રહણ થાય ત્યારે, સૂતક કે શ્રાદ્ધ હોય ત્યારે, વ્રત કે પર્વનો દિવસ હોય ત્યારે ગરમ પાણીથી સ્નાન કરવાની મનાઇ છે. (૧૭૧). મંગલ ઉત્સવ હોય ત્યારે ઠંડા પાણીથી સ્નાન કરવું નહિ. નદીમાં સ્નાન કરતા હોઇએ ત્યારે પ્રવાહની દિશામાં મુખ રાખીને સ્નાન કરવું અને બીજી બધી જગ્યાએ પૂર્વ દિશામાં મુખ રાખીને સ્નાન કરવું. (૧૭૨). દર્ભની વીંટી સાથે મૌન રાખીને, શિખાબંધન કરીને બ્રાહ્મણે સ્નાન કરવું અને ત્યારે માર્જન, અઘમર્ષણ, તર્પણ તથા આચમન કરવું. (૧૭૩). સ્નાન કર્યા પછી મંત્ર બોલીને કોરું વસ્ત્ર પ્રેમથી પહેરવું

અને પછી 'અપવિત્રઃ પવિત્રો વા' મંત્રથી વિષ્ણુનું સ્મરણ કરવું. (૧૭૪).

રવિવારે મંગલ સ્નાન કરવાનો નિષેધ છે. એવું સ્નાન કરવાથી તાવ આવે છે. સોમવારે મંગલ સ્નાન કરવાથી તેજનો નાશ થાય છે. મંગળવારે દુઃખદ મરણ થાય છે, બુધવારે ધનલાભ થાય છે, ગુરુવારે ધન હાનિ થાય છે. શુક્રવારે પુત્રની હાનિ થાય અને શનિવારે પુષ્કળ સંપત્તિનો લાભ થાય છે. (૧૭૫-૧૭૬). આ રીતે શાસ્ત્રોક્ત રીતે બધાંએ મંગલ સ્નાન કરવું. સૌભાગ્યવતી સ્ત્રીએ હંમેશાં માથાબોળ સ્નાન કરવું નહિ. (૧૭૭). અશકત વ્યક્તિ ગંગાજીનું સ્મરણ કરીને ભક્તિભાવથી ભીનાં કપડે શરીર લૂછે તો પણ એને સ્નાન કર્યાનું ફળ મળે છે. (૧૭૮).

લાલ રંગનું, મેલું, ભગવા રંગનું, જીર્ણ થયેલું અથવા બળેલું વસ્ત્ર પહેરવાથી અથવા એક જ સફેદ વસ્ત્ર પહેરવાથી પહેરનારનું પુણ્ય રાક્ષસ હરી લે છે. (૧૭૯). બ્રાહ્મણે ઉપવસ્ત્ર સહિત સફેદ વસ્ત્ર પહેરવું. વસ્ત્ર પહેર્યા પછી મંત્ર બોલીને ભસ્મ પણ કરવી. (૧૮૦). ભસ્મ ન હોય તો દ્વારિકાની માટી લેવી. એ પણ ના મળે તો ગંગાની માટી લેવી અને એનું ત્રિપુંડ કરવું. (૧૮૧). પુષ્ટિની ઇચ્છાવાળાએ અંગૂઠા વડે ત્રિપુંડ કરવું અને આયુષ્યની ઇચ્છાવાળાએ વચલી આંગળીથી. (ત્રિપુંડ કરવું.) (૧૮૨). અનામિકાથી (ત્રિપુંડ કરવાથી) અન્ન મળે છે, તર્જનીથી મોક્ષ મળે છે અને નખથી (ત્રિપુંડ કરનાર) પાપી થાય છે. (૧૮૩). દશ આંગળ માપનું ત્રિપુંડ શ્રેષ્ઠ છે. આઠ આંગળના માપવાળું મધ્યમ છે અને છ આંગળ માપનું ત્રિપુંડ ખરેખર અધમ છે. આ જાણ્યા પછી એ ભૂલ ના કરવી. (૧૮૪).

માટી ધારણ કરવાના યોગ્ય આચાર-નિયમ પણ તને કહું. કેશવ નામથી કપાળમાં ધારણ કરવી. નારાયણ નામથી નાભિ પર, માધવ નામથી છાતી પર, ગોવિંદ નામથી ગળા ઉપર તથા વિષ્ણુ નામથી જમણે પડખે લગાડવી. (૧૮૫-૧૮૬). મધુસૂદન નામથી જમણા હાથે ધારણ કરવી અને ત્રિવિક્રમ નામથી જમણા કાને ત્રિપુંડ ધારણ કરવું. (૧૮૭). વામન નામથી ડાબે પડખે, શ્રીધર નામથી ડાબા હાથે, હૃષિકેશ નામથી ડાબા કાને અને પદ્મનાભ નામથી પીઠ ઉપર, દામોદર નામથી મસ્તક ઉપર. એ રીતે શુકલપક્ષમાં ત્રિપુંડ ધારણ કરવું અને સંકર્ષણાદિ નામથી કૃષ્ણપક્ષમાં ત્રિપુંડ ધારણ કરવું. (૧૮૮-૧૮૯). ગોપીચંદન વગેરેથી પ્રેમપૂર્વક ઊભું તિલક કરીને પછીથી વિધિપૂર્વક ભસ્મ કરવાથી હરિ અને હર બંને પ્રસન્ન થાય છે. (૧૯૦). હરિ અને હર એ બે જુદા નથી. એ બંને એક જ છે. આવી એકરૂપ ભક્તિથી ભુક્તિ અને મુક્તિ મળે છે. (૧૯૧). શુભ કાર્યમાં ભસ્મ લગાડવી નહિ. સૂતક વગેરે હોય ત્યારે માટીના ત્રિપુંડનો પણ નિષેધ છે. (૧૯૨).

તર્પણ, સંધ્યા વગેરેમાં પવિત્ર દર્ભ લેવા. આ દર્ભ દશ પ્રકારના કહ્યા છે તે હું કહું છું તે સાંભળો. (૧૯૩). કુશ, કાશ, યવ, વાળો, ઘઉં, વ્રીહિ, તૃણ, દુર્વા, પોઇ અને મુંજ એમ દશ પ્રકારના દર્ભ છે. (૧૯૪). એ રોજે રોજ તાજા લાવવા અથવા શ્રાવણ માસની અમાસે લાવીને અભિમંત્રિત કરીને સંઘરી રાખવા. પછી એ તાજા જ મનાય છે. (૧૯૫). પવિત્ર થવા માટે બ્રાહ્મણે ચાર, ક્ષત્રિયે ત્રણ, વૈશ્યે બે અને શૂદ્રે એક દર્ભ હાથમાં લેવો. (૧૯૬). દર્ભનો મહિમા અપાર છે. દર્ભના મૂળમાં રુદ્ર છે, આગળના ભાગમાં બ્રહ્મા છે અને વચમાં વિષ્ણુ છે. આમ દર્ભ પાપ હરીને પવિત્ર કરે છે. (૧૯૭). જેમ વિષ્ણુ ભગવાન હાથમાં સુદર્શન ચક્ર રાખીને રાક્ષસને હણે છે, જેમ શંકર ભગવાન

હાથમાં ત્રિશૂળ પકડીને રાક્ષસને હણે છે, જેમ દેવેંદ્ર હાથમાં વજ્ર પકડીને પર્વતને તોડી પાડે છે તેમ પવિત્ર દર્ભ સમસ્ત પાપને હણી નાંખે છે. (૧૯૮-૧૯૯). જેમ અગ્નિ ઘાસના ડુંગરને સ્પર્શ કરીને ભસ્મ કરી નાંખે છે તેમ આ પવિત્ર દર્ભ પણ પાપના ડુંગરને ભસ્મ કરી નાંખે છે. (૨૦૦).

બ્રહ્મયજ્ઞ વગેરેમાં ગાંઠ વાળેલો દર્ભ લેવો અને ભોજન વખતે ગાંઠ વગરનો પવિત્ર દર્ભ ધારણ કરવો. (૨૦૧). બંને હાથમાં હથેલી જેવડો પવિત્ર દર્ભ ધારણ કરવાથી જેમ અગ્નિ કપૂરને બાળી નાંખે છે તેમ (દર્ભ) પાપને બાળી દે છે. (૨૦૨). દાનમાં, જપ-હોમ વગેરેમાં, સ્વાધ્યાયમાં સોના-ચાંદીની વીંટી પવિત્ર અને ઉત્તમ ગણી છે. (૨૦૩). દેવકાર્યમાં સોનાની અને પિતૃકર્મમાં ચાંદીની વીંટી લેવી. સોનાની વીંટી અનામિકામાં પહેરવી અને ચાંદીની વીંટી તર્જનીમાં પહેરવી. (૨૦૪). રત્ન વગેરે જેમાં જડ્યું હોય તેવી વીંટી ટચલી આંગળીમાં અને ચાંદીની તર્જનીમાં પહેરવી. જેના પિતા જીવતા હોય તેણે આ રીતે પહેરવું નહિ. એ જ રીતે યોગીઓને વાપરવાનાં વસ્ત્રોનો પણ ઉપયોગ કરવો નહિ. (૨૦૫).

હે ઋષિશ્રેષ્ઠો ! સાંભળો. જેનો બાપ જીવતો હોય તેણે ગયામાં શ્રાદ્ધ ન કરવું અને તેને માટે પાદુકા તથા ઉત્તરીય પહેરવાનું પણ વર્જ્ય છે. (૨૦૬). નવ રત્નોથી મઢેલી અથવા એક રત્નવાળી વીંટી બ્રાહ્મણે હંમેશાં પહેરવી. એ બધાં પાપો હરી લે છે. (૨૦૭).

ત્રણ પ્રકારની પ્રાત:સંધ્યામાં આકાશમાં નક્ષત્ર-તારા હોય ત્યારની સંધ્યા ઉત્તમ, આકાશમાં તારા દેખાતા બંધ થઇ જાય ત્યારની સંધ્યા મધ્યમ અને સૂર્યોદય પછીની સંધ્યા અધમ ગણાય છે.(૭) (૨૦૮). સાયંસંધ્યામાં પણ સૂર્ય હોય ત્યારે કરેલી સંધ્યા ઉત્તમ, સૂર્યાસ્ત પછીની સંધ્યા મધ્યમ અને તારા ઊગે પછીની કરેલી સંધ્યા અધમ ગણાય છે. (૨૦૯). મધ્યાહ્નથી દોઢ કલાક સુધીની મધ્યાહ્ન સંધ્યા ઉત્તમ, ત્રણ કલાક સુધીની મધ્યમ અને સાડા ચાર કલાકની અધમ ગણાય છે. (૨૧૦).

શાસ્ત્રે સૂચવેલા સમય પછીની કરેલી સંધ્યા નિષ્ફળ ગણાય છે. માટે વિદ્વાને કોઇ દિવસ સમય ચૂકવો નહિ. (૨૧૧). શિખા બાંધી, દર્ભ સહિત બે વાર આચમન કરી ગૃહસ્થીએ પાંચેય આંગળીથી નાક પકડવું. (૨૧૨). બીજાએ અંગૂઠો અને અનામિકાથી નાક પકડી, સાવધાનીપૂર્વક વિધિ અનુસાર પ્રાણાયામ કરવો. (૨૧૩). પોતાના ડાબા હાથ તરફ જળ ભરેલું પાત્ર મૂકીને પછી પુરુષે વિધિપૂર્વક માર્જન અને અઘમર્ષણ કરવું. (૨૧૪). તડ પડેલું પાત્ર અને માટીનું પાત્ર વાપરવું નહિ. સોનાનું, ચાંદીનું, તાંબાનું અને લાકડાનું પાત્ર વાપરવું શાસ્ત્ર સ્વીકૃત છે. (૨૧૫).

માર્જન અને અઘમર્ષણથી પરવારીને સૂર્યને ગાયત્રીમંત્રથી ત્રણ અર્ઘ્ય આપવા. (૨૧૬). સમય વીતી જવાને કારણે એક અર્ઘ્ય વધારે આપવો. સાંજે બેસીને પાણીની અંજલિ બાર આંગળ ઊંચી કરીને આપવી. (૨૧૭). અર્ઘ્ય આપવાનું કારણ હું કહું છું તે સાંભળો. મન્દેહ નામના ત્રીસ કરોડ રાક્ષસો હંમેશાં સૂર્યોદયમાં વિઘ્ન કરે છે તેથી કર્મો લુપ્ત થાય છે અને દેવ ભૂખ્યા રહે છે. (૨૧૮-૨૧૯). પરિણામે જગતનો નાશ થાય છે. માટે અહીં અર્ઘ્યો આપવા જેથી એ અર્ઘ્યો વજ્ર જેવા બનીને દૈત્યોને હણી નાંખે. (૨૨૦).

બ્રહ્મકુળમાં જન્મેલા એ દૈત્યોને મારવાથી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે માટે અર્ઘ્યને અંતે ભૂમિની પ્રદક્ષિણા કરવી. (૨૨૧). **'असावादित्यो ब्रह्म'** બોલતાં બોલતાં વર્તુળાકારે પ્રદક્ષિણા ફરતાં માણસ બ્રહ્મહત્યાથી મુકત થાય છે. (૨૨૨). ઘરમાં કરેલાં સંધ્યાવંદનનું પુણ્ય એક ગણું, ઘરની બહાર દસ ગણું અને નદી પર સંધ્યા વંદન કરવાનું ફળ સો ગણું મળે છે. (૨૨૩). પુષ્કર વગેરે તીર્થમાં સંધ્યા વંદન કરવાનું પુણ્ય હજાર ગણું છે અને ગંગા વગેરે સ્થળે સંધ્યા વંદન કરવાના પુણ્યનો તો પાર નથી એમ પરાશર ઋષિ કહે છે. (૨૨૪). દારૂ પીવાથી, દિવસે મૈથુન કરવાથી, જૂઠું બોલવાથી લાગતાં પાપોનો નાશ ઘરની બહાર સંધ્યા કરવાથી થાય છે. એવું જ જપનું પણ છે. (૨૨૫).

ઘરમાં કરેલા જપનું ફળ એક ગણું છે, નદી કિનારે કરેલા જપનું ત્રણ ગણું, જંગલ તથા ગાયોના ગભાણમાં કરેલા જપનું દશ ગણું અને જ્યાં અગ્નિ રાખવામાં આવતો હોય ત્યાં જપ કરવાનું સો ગણું ફળ મળે છે. (૨૨૬). તીર્થમાં જપ કરવાનું હજાર ગણું અને ભગવાન વિષ્ણુ તથા શંકર પાસે બેસીને જપ કરવાનું અનંતગણું ફળ મળે છે. લાકડાંના આસન ઉપર બેસીને જપ કરવાથી દુ:ખ, અપકીર્તિ મળે છે અને માથે દેવું થાય છે. (૨૨૭). પાંદડાંના આસન પર બેસીને જપ કરવાથી દારિદ્ર આવે છે અને પથ્થરના આસનથી રોગ થાય છે. કુશના આસન ઉપર બેસીને જપ કરવાથી સર્વ ઇંદ્રિયો ને મન સંપૂર્ણપણે વશ રહે છે અને રોગ તેમજ પાપનો નાશ થાય છે. પ્રજ્ઞા અને આયુમાં વધારો થાય છે. ભસ્મ ઉપર બેસીને જપ કરવાથી રોગનો નાશ થાય છે. કંબલ ઉપર બેસીને જપ કરવાથી સુખ મળે છે અને કાળા મૃગચર્મના આસન ઉપર બેસીને જપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૨૨૮-૨૨૯). વ્યાઘ્રચર્મથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આવાં આસન ઉપર સુસ્થિર બેસી વ્યાહૃતિથી સાવધાનીપૂર્વક ભૂમિની પ્રાર્થના કરવી.

ભૂતનું નિવારણ કરીને, આત્માનું આત્મામાં જ ધ્યાન કરી અને ગાયત્રીમાં એકનિષ્ઠ બુદ્ધિથી તદાકાર થઇ જાય. (૨૩૦-૨૩૧). છંદ, દૈવત, ઋષિ વગેરેનું સ્મરણ કરીને પ્રેમથી ન્યાસ કરે અને મુદ્રા દર્શાવીને ધ્યાન વગેરે કરે. (૨૩૨). પૂર્વ દિશામાં મોં રાખીને મંત્રના અર્થના અનુસંધાન સાથે ઓંકારની વ્યાહૃતિથી ધીમે ધીમે જપ કરે. (૨૩૩). નાકના અગ્રભાગે દૃષ્ટિ રાખીને વસ્ત્રથી ઢાકલી માળાથી સુસાવધ થઇને ગાયત્રી મંત્રનો જપ કરવો. (૨૩૪). જપ પૂર્ણ થતાં ભક્તિપૂર્વક હૃદય વગેરેના ન્યાસ કરવા. ગાયત્રી ગાનારનું રક્ષણ કરે છે એવું ખાસ કહેવાયું છે. (૨૩૫).

એ સર્વસંમત મંત્ર છે અને પાપ તથા તાપને દૂર કરનાર છે. "મ"કારથી મન અને "ત્ર"કારથી રક્ષણ કરનાર એવો મંત્ર શબ્દનો અર્થ છે. (૨૩૬). "જ"કાર જન્મનો જરૂથી નાશ કરે છે અને "પ"કાર પાપનો નાશ કરે છે. જન્મનું પાપ હરી લેનાર જપ બધાં સાધનોમાં શ્રેષ્ઠ મનાયો છે. (૨૩૭). આ ગાયત્રી વેદોનું મૂળ છે અને સર્વમાન્ય છે. એના જપથી વેદપાઠનું ફળ મળે છે એમાં શંકા કરશો નહિ. (૨૩૮). જે બ્રાહ્મણ ગાયત્રીનો જપ કરતો નથી તે બ્રાહ્મણનો જન્મ ભૂંડના જન્મ જેવો જાણવો. એના જપથી બધા જ હેતુઓ સિદ્ધ થાય છે અને અંતે કલ્યાણની પ્રાપ્તિ થાય છે. (૨૩૯). વેદમાં કહ્યું છે કે બ્રાહ્મણના મુખમાં ત્રણ અગ્નિ રહેલા છે. માટે પાણીમાં રહીને એનો જપ કરતાં પ્રજ્ઞાનો નાશ થાય છે. (૨૪૦).

તેથી શુભ આસન પર સુસ્થિર બેસીને, નાભિ પાસે માળા રાખીને ધીર પુરુષે પ્રાત:કાલે મંત્રજાપ કરવો. (૨૪૧). મધ્યાહ્ને માળા હૃદય પાસે રાખવી અને સાંજે મુખ પાસે માળા રાખી એકાગ્ર ચિત્તથી જપ કરવો. (૨૪૨). સવારમાં ઊભા રહીને અને મધ્યાહ્ને ઊંચું મોં રાખીને ઊભા રહીને અથવા બેસીને મંત્ર જપવાથી સુખ થાય છે. (૨૪૩). સાંજે બેસીને જ જપ કરવો. વૃક્ષની ટોચ પર દૃષ્ટિ રાખીને અને વૃક્ષ ના હોય તો નાકના અગ્ર ભાગે નજર રાખીને ગૃહસ્થે ત્રિકાળ સંધ્યામાં એકસો આઠ વાર ગાયત્રીમંત્રનો જપ કરવો. વાનપ્રસ્થી અને સંન્યાસીએ ભક્તિથી એક હજાર જપ કરવા. (૨૪૪-૨૪૫).

બીમાર હોય તેણે એકસો આઠ વાર અથવા અઠ્ઠાવીસ વાર જપ કરવા. જો બની શકે તો વધુ જપ કરવા. સંખ્યાનો આગ્રહ નથી. (૨૪૬). માનસિક જપ ઉત્તમ છે, ઉપાંશુ જપ મધ્યમ છે અને વૈખરી જપ કનિષ્ઠ મનાયો છે. (૨૪૭). ગાયત્રીના દરેક પાદે થોડી વાર થોભી, ભક્તિપૂર્વક ૐકારની વ્યાહૃતિ સાથે જપે તો એ બધાં પાપ હરી લે છે. (૨૪૮). કર શાખાથી સંખ્યા ગણવાથી એક ગણું પુણ્ય મળે છે. આંગળીના વેઢાથી સંખ્યા ગણવાથી દશ ગણું પુણ્ય મળે છે અને શંખથી સો ગણું ફળ મળે છે. (૨૪૯). પ્રવાલની માળાથી હજાર ગણું, સ્ફટિક (ની માળા)થી દશ હજાર ગણું, મોતી (ની માળા)થી લાખ ગણું અને કમળ (ની માળા)થી દશ લાખ ગણું ફળ મળે છે. (૨૫૦).

સ્વર્ણમણિથી કરોડ ગણું અને રુદ્રાક્ષ (ની માળા)થી તો અનંત ગણું ફળ મળે છે. દર્ભથી ગૂંથેલી માળા બધી માળામાં ઉત્તમ છે અને અનેક ગણું પુણ્ય આપે છે. (૨૫૧). એ માળાને અભિમંત્રિત કરીને લેવી. અવાજ ના થાય એ રીતે અંગૂઠા અને મધ્યમાથી મણકો ખસેડવો. (૨૫૨). માળાનો મેરુ ઓળંગવો નહિ. જો ભૂલમાં કદાચ ઓળંગાઇ જાય તો ત્રણ વાર પ્રાણાયામ કરવો જેથી એ પાપનો નાશ થાય. (૨૫૩). જે વ્યક્તિ આ રીતે નક્કી કર્યા મુજબ ત્રણ દિવસ ગાયત્રીનો જપ કરે છે તે ત્રિવિધ તાપથી ચોક્કસપણે મુકત થાય છે. (૨૫૪). સંધ્યા સિવાય પણ એકસો આઠ ગાયત્રીનો જપ કરવાથી ક્ષણવારમાં બધાં જ નાનાં પાપો નાશ પામે છે. (૨૫૫).

એક હજાર વાર જપ કરવાથી ઉપ પાપોનો નાશ થાય છે અને કરોડ વાર મંત્રનો જપ કરવાથી મહા પાપોનો નાશ થાય છે. (૨૫૬). મનમાં જે કાંઇ ઇચ્છા થાય તે બધી પૂર્ણ થાય છે. પૈસા લઇને જપ કરવામાં અનેક દોષો કહ્યા છે. (૨૫૭). દ્રવ્ય લઇને જે જપ કરે છે તે ચાંડાળ થાય છે માટે મન બિલકુલ સ્થિર રહે તે રીતે દૃઢ મનથી જપ કરવો. (૨૫૮). જપ કરતી વખતે કદી બોલે નહિ અને શૂદ્ર પાસે હોય તો જપ ના કરે. જપ કરતાં કરતાં શરીર ખંજવાળે નહિ અને જલદી જલદી જપ ના કરે. (૨૫૯). અજાણતામાં પણ જો એકાદ દોષ થઇ જાય તો જમણા કાનનો સ્પર્શ કરીને વિષ્ણુનું સ્મરણ કરવાથી દોષમુકત થવાય છે. (૨૬૦).

જપ કરતી વખતે જો ચાંડાળનું દર્શન થાય તો બે વાર આચમન કરવાથી બ્રાહ્મણ શુદ્ધ થાય છે. (૨૬૧). પતિત વગેરે માણસ સાથે વાતચીત કરે તો પછી સ્નાન કર્યા વગર શુદ્ધિ મળે નહિ માટે ડાહ્યો માણસ હંમેશાં મૌન રાખીને જપ કરે. (૨૬૨). પોતાની જાતિના માણસ સાથે પણ ના છૂટકે બોલવું પડે તો એ બોલ્યા પછી "તદ્વિષ્ણો: ...." મંત્ર જપવાથી કર્મમાં શુદ્ધિ આવે છે. (૨૬૩). જપ કરતાં કરતાં ઊંઘ આવે, વાછૂટ થાય, છીંક આવે, બગાસું આવે કે ક્રોધ થાય તો એને દોષ ગણ્યો છે. (૨૬૪). જાણતાં અજાણતાં જો દોષ થાય તો સૂર્ય કે

ગાયનું દર્શન કરી કાનનો સ્પર્શ કરવો. "ઇદં વિષ્ણુ:" મંત્રનો જાપ સુસ્થિરપણે કરે તો જ હે ધીર મુનિવર ! એ દોષનો નાશ થાય છે એ તમે સાંભળો. (૨૬૫).

સવારે મૈત્રના મંત્રથી, મધ્યાહ્ને સૌર મંત્રથી અને સાંજે વરુણના મંત્રથી ઉપસ્થાન કરે અને સ્વસૂત્રોદિત મંત્રથી યથાવિધિ મંત્ર જાપ કરે અને પછી ગુરુને યથાચાર વિધિથી પગે લાગે. (૨૬૭-૨૬૮). દિશાને અને દિશાપતિની પરિક્રમા કરી પછી તેમને વંદન કરવાં. ગોત્ર, પ્રવર આદિ બોલીને ગુરુને નમન કરવું. (૨૬૯). આ રીતે સંધ્યા કરી ગૃહસ્થીએ ત્યાં હોમ પણ કરવો અને લગ્ન પછી સવાર સાંજ એમ બે વાર નિયમથી હોમ કરવો. (૨૭૦).

સંધ્યાકાળથી શરૂ કરીને ઉદિત અને અનુદિત એમ બંને પખવાડિયા અનુસાર હોમ કરવો. (૨૭૧). પૃથ્વી ઉપર માટીનું વાસણ મૂકીને ત્યાં હોમ ન કરે પણ કુંડ અથવા વેદીને સ્થાપીને તથા તેને સંસ્કારિત કરીને એમાં સૂર્યાસ્ત પહેલાં કે સૂર્યોદય પહેલાં અગ્નિની સ્થાપના કરે. વાંસની ભૂંગળીથી અથવા પંખાથી અગ્નિને જલદીથી પ્રજ્વલિત કરે. (૨૭૨-૨૭૩). પાંદડાંથી પંખો નાખતાં રોગ થાય અને સૂપડાથી પંખો નાખતાં ધનનો નાશ થાય. હાથ વડે પવન નાખતાં મૃત્યુ થાય અને મોંથી ફૂંક મારતાં આયુનો નાશ થાય છે એવો મત છે. (૨૭૪). વાંસની ભૂંગળીથી પવન ફૂંકી સૂકાં લાકડાંથી અગ્નિને પ્રજ્વલિત કરે અને પછી એનું વિધિપૂર્વક અર્ચન કરે. (૨૭૫).

જ્યાંથી જવાળા નીકળતી હોય ત્યાં જ આહુતિ આપવી. પછી સમિધ હોમીને સંસ્કારિત કરેલું દ્રવ્ય હોમવું. (૨૭૬). શૂદ્રે આણેલાં સમિધ, કુશ, દૂર્વા વગરે અતિનિંદ્ય છે. વેચાતાં લાવેલાં ફૂલ પણ નિંદ્ય છે. હોમ, દ્રવ્ય તરીકે સામો, ડાંગર, જુવાર, ઘઉં, જવ અને ચોખા શ્રેષ્ઠ છે. એમાં દૂધ, દહીં, માખણ મુખ્ય ગણાય છે અને અનુકૂળ હોય તો લેવાં. (૨૭૭-૨૭૮). એમ સમિધ હોમ્યા પછી ઘીથી તરબોળ હોય એવા સાઠી ધાન્યથી પ્રથમ આહુતિ પ્રેમથી આપવી. (૨૭૯). પહેલી આહુતિ કરતાં બીજી આહુતિ મોટી લેવી. ઘી ના હોય તો તલનું તેલ લેવું કારણ તલને હોમના યોગ્ય કહ્યા છે. (૨૮૦).

દેવની સન્મુખ ઊભા રહી, મંત્ર-સ્તુતિ વગેરે કરીને પછી હોમ પૂર્ણ કરીને તરત જ વિધિપૂર્વક બ્રહ્મયજ્ઞ અને તર્પણ કરવાં. (૨૮૧). બ્રહ્મયજ્ઞનો સમય મધ્યાહ્નની સંધ્યા પછીનો અથવા વૈશ્વદેવ કર્યા પછીનો છે. આ બ્રહ્મયજ્ઞ એક જ વાર કરવો. (૨૮૨). આ યજ્ઞ જલાશય પાસે કરીએ તો શ્રેષ્ઠ ગણાય એટલે શક્ય હોય ત્યાં સુધી ત્યાં જ કરવો. બ્રાહ્મણે પોતાની અનુકૂળતા પ્રમાણે સ્વાધ્યાયમાં વેદપાઠ કરવો. (૨૮૩). વેદપાઠ શક્ય ન હોય તો થોડું પણ સૂક્ત કે ઋચા બોલીને છેલ્લે નમો 'બ્રાહ્મણે...' એ શ્લોક ત્રણ વાર બોલવો. (૨૮૪). 'વૃષ્ટિરસિ...' એ મંત્ર બોલીને પછી અંજલિ મૂકવી અને તે પછી તર્પણ કરવું. આમ હે ઋષિઓ હું તમને કહું છું. (૨૮૫).

જ્યાં દેવની પ્રતિષ્ઠા કરી હોય ત્યાં તર્પણમાં દર્ભ મુખ્ય છે. એનાથી દેવ, પિતૃ અને ઋષિઓ હંમેશ માટે પ્રસન્ન થાય છે. (૨૮૬). બ્રહ્મયજ્ઞ દિવસના કરવો. જો સમય ના હોય તો ત્રણ વાર ગાયત્રી મંત્ર જપતાં વેદપાઠનું ફળ જરૂર મળે છે. (૨૮૭). પછી દેવતીર્થથી કુશાગ્ર, જવ અને જલથી દેવતર્પણ કરવું. એ જ રીતે અન્ય તર્પણ પણ કરવાં. (૨૮૮). વાસણમાં, જલાશયમાં કે ઘરમાં ભૂમિ ઉપર તર્પણ કરવાનો નિષેધ છે. (૨૮૯). પૃથ્વી ઉપર દર્ભ પાથરીને, જેનું તર્પણ કરતા હોઇએ તેનાં નામનો ઉચ્ચાર કરીને ત્યાં ભક્તિપૂર્વક તર્પણ કરવું. (૨૯૦).

પિતૃને (ઉપર) કહ્યા મુજબની તલ સાથેની અંજલિ આપવી. પૃથ્વી, પથ્થર કે લાકડાં ઉપર તલ રાખવા નહિ. (૨૯૧). રોમ, કૂપ વગેરેમાં રાખેલા તલ કૃમિપ્રાય છે એટલે નિષિદ્ધ છે. આ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૯૨). ઘરમાં તર્પણ કરવામાં કદી પણ તલ ન લેવા અને જલાશય વગરે સ્થાનમાં તર્પણ કરવામાં અવશ્ય તલ લેવા. (૨૯૩). તર્પણ માટે ઋષિને ધૂમ્ર વર્ણના, દેવને શ્વેત વર્ણના અને પિતૃઓને કાળા તલ શાસ્ત્રસંમત ગણ્યા છે. (૨૯૪). દેવકાર્યમાં જનોઇ જેમ પહેરીએ છીએ તેમ જ રાખવું, ઋષિકર્મમાં જનોઇ ફકત ગળામાં લટકતું રાખવું અને પિતૃકાર્યમાં ડાબો હાથ જનોઇમાં ઘાલીને પહેરવું. (૨૯૫).

બ્રાહ્મણે દેવને એક અંજલિ, ઋષિને બે બે અંજલિ અને પિતૃને ત્રણ ત્રણ અંજલિ પ્રેમપૂર્વક આપવી. (૨૯૬). અન્ય સ્ત્રીને એક અંજલિ, માતાને ત્રણ અંજલિ, આચાર્ય પત્નીને અને સાવકી માતાને બે અંજલિ આપવી. (૨૯૭). શુક્રવારે, મંગળવારે અને રવિવારે, નંદાતિથિ (પડવો, છઠ્ઠ અને અગિયારસ)માં તેમજ મઘાતારક અને જન્મ નક્ષત્રમાં તર્પણમાં તલ વર્જ્ય છે. (૨૯૮). પગ ધોયા વિનાનું સ્નાન, તલ વગરનું તર્પણ અને દક્ષિણા વિનાનું શ્રાદ્ધ આ ત્રણેય નિષ્ફળ ગણાય છે. (૨૯૯). આસો વદ ચૌદશે જનોઇને સવ્ય અને અપસવ્ય કરીને યમ નિમિત્તે તલથી તર્પણ કરવું. (૩૦૦).

યમ, ધર્મરાજ, મૃત્યુ અને અંતક એમ દરેક નામથી ત્રણ ત્રણ અંજલિ નિયમસર આપે. (૩૦૧). વૈવસ્વત, કાળ, સર્વભૂતક્ષય, ઔદુંબર, દધ્ન, નીલ, પરમેષ્ઠી, વૃકોદર, ચિત્ર, ચિત્રગુપ્ત એમ દરેકના નામથી નદી વગેરેમાં તર્પણ કરવું. (૩૦૨-૩૦૩). યમ તર્પણથી બધાં પાપો નાશ પામે છે, રોગ પીડા કરતો નથી, શનિ બાધા કરતો નથી અને અપમૃત્યુ આવતું નથી. (૩૦૪). મહાસુદ આઠમના રોજ ભીષ્મનું તર્પણ કરવું. તેથી સમગ્ર વર્ષના પાપનો નાશ થાય છે. આમ તર્પણ પરમ પાવનકારી છે. (૩૦૫). અર્ઘ્ય વગેરે આપીને યથાવિધિ બ્રહ્મયજ્ઞ તર્પણ કરે અને મધ્યાહ્ન સંધ્યા પણ કરે. (૩૦૬). શ્રીગુરુએ બ્રાહ્મણને કહ્યું કે આ સંપૂર્ણ દ્વિજાચાર ભુક્તિ અને મુક્તિ આપનાર જાણ. એમાં શંકા કરીશ નહિ. (૩૦૭). અલખ નિરંજનને કહે છે કે હવે પછીના અધ્યાયમાં દેવપૂજન વગેરેનો વિધિ શ્રીગુરુવર સળંગ રીતે કહેશે. એટલે અપૂર્વ **રંગ** જામશે. (૩૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**આચારાધ્યાયે પરાન્નદોષાદિવર્ણન**' નામનો **નેવુમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૦

(૧) સાચું ધન સંતોષ છે. પૂ.શ્રી વંદનામાં એને જ કલ્પદ્રુમ કહે છે.

'સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં.'

'જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂરી સમાન' એમ પણ કહેવાયું છે.

'ગોધન, ગજધન, વાજીધન ઓર રતન ધન ખાન,
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂરી સમાન.'

દોહરા ૧૦ થી ૧૨ એ સાચા બ્રાહ્મણનાં લક્ષણો દર્શાવે છે. દાન લેવું નહીં, બીજાને ત્યાં જમવું નહીં,જૂઠું બોલવું નહીં, વાદવિવાદ કરવો નહીં, અતિથિ વિના જમવું નહીં અને સૂકી ભિક્ષા માગી, ઘરે લાવીને રાંધીને જમવું અને સંતોષને કારણે જ એ આનંદમાં રહેતો હતો.

જેણે મોટા થવું છે, ઊંચાઇ પર બેસવું છે તેમનું જીવન ત્યાગથી મઢાયેલું હોવું જ જોઇએ. પૂ.શ્રીએ કહ્યું છે કે "બીજાને આપી દેવાની વૃત્તિથી આકાશ સમુદ્ર પાસે પાણી માગે છે. આમ છતાં માગતો હોવાથી એનું મોં કાળું થઇ જાય છે. જળ ભરેલાં વાદળાં કાળાં હોય છે. જો બીજાને આપી દેવાની વૃત્તિથી પણ માગવાનું આવું પરિણામ આવે તો પોતા માટે માગનારનું મોં તો કેવું થાય?"

(૨) આ ખૂબ સુંદર દોહરો છે. સંતો કેટલા વ્યવહારુ (Practical) હોય છે તેનો આ પુરાવો છે. બ્રાહ્મણ જે નિયમો પાળે છે તે યોગ્ય જ છે. પરંતુ એની પત્નીને જમવા જવાની, દક્ષિણા લેવાની વાસના છે તો સ્ત્રીની વાસના પણ સંતોષવાની પુરુષની ફરજ છે. પુરુષ જમવા જવાનું અને દક્ષિણા લેવાનું ઇચ્છે અને પત્ની ના કહે તો પુરુષ એને બળજબરીથી લઇ જાય. અહીં ઊંધું છે. પરંતુ જો સ્ત્રીને અર્ધાંગિની કહેતા હોઇએ તો એનો પણ વિચાર થવો જોઇએ, એને પણ મહત્ત્વ મળવું જોઇએ. દાંપત્ય જીવનમાં એક પૈડું ટ્રેકટરનું અને એક સ્કૂટરનું એવું ન હોવું જોઇએ.

(૩) દોહરા ૧૫ થી ૧૯ સાથે આ દોહરા ૪૮ને સરખાવીએ તો વ્યક્તિને સુધારવાની સાચી રીતનો ખ્યાલ આવશે. બ્રાહ્મણની વૃત્તિ ઊંચી હોવાથી એ જે નિયમો સહજપણે પાળી શકે છે તે એની પત્ની પાળી ન શકે એ સ્વાભાવિક છે. આવી વ્યક્તિની વાત સ્વીકારીને, એને અનુભવ કરાવીને સાચે રસ્તે વાળીએ એ જ સાચી રીત છે. આપણા બાપજીએ કથા ન કરી, શિબિરો ભરીને પોતાનું સાહિત્ય ન સમજાવ્યું : એની પાછળની દૃષ્ટિ જ આ છે કે વ્યક્તિના હૃદયમાં સદ્‌વૃત્તિ જાગે, પારાયણ કરે અને મૂંઝવણ અનુભવે એટલે પૂછે તો જ પ્રશ્નનું નિરાકરણ કરવાનું. "ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી" એમ પૂ.શ્રીએ પ્રભાતિયામાં જે ગાયું છે તેને આ સંદર્ભમાં પણ લઇ શકાય. બ્રાહ્મણ સ્ત્રીને અંત:કરણથી જે પસ્તાવો થયો એ જ સાચો ઉપદેશ છે.

(૪) દોહરા ૫૧ થી ૫૪ સમજવા જેવા છે. નિયમનો ભંગ એટલે શું? સંકલ્પ પાળવો એટલે શું? જડતાપૂર્વક વર્તન નથી કરવાનું. બ્રાહ્મણ જમવા ગયો છતાં સંકલ્પ તૂટતો નથી. એનાં બે કારણ બતાવી, ત્રીજું કારણ પણ ઉપદેશે છે. **એક** તો તારી પત્નીની વાસના સંતોષાઇ અને એને સંતોષ થયો. **બીજું** મારી આજ્ઞા હોવાથી તું જમવા ગયો હતો. તારી વૃત્તિ તો જમવાની હતી જ નહીં. આમ સ્થૂલ આચરણ મહત્ત્વનું નથી, વૃત્તિ જ મહત્ત્વની છે અને છેલ્લે કોઇના કર્મનો લોપ થતો હોય તો એવી આપત્તિવેળાએ એનું કર્મ પૂર્ણ થાય એ હેતુથી જમવાથી સંકલ્પ તૂટતો નથી. ધર્મની દૃષ્ટિ કેટલી વૈજ્ઞાનિક છે? કેવો વ્યવહારુ અભિગમ છે?

(૫) કોનું અન્ન લેવું અને કોનું અન્ન ન લેવું એ અંગેના દોહરા ૫૮ થી ૮૪માં સજ્જન, સાધુ પુરુષના ઘરે તથા જ્યાં પ્રેમના સંબંધો હોય ત્યાં જમવું તેમ જણાવ્યું છે. અન્ન તેવું મન, અન્ન તેવો ઓડકાર, શરીરનું પોષણ અન્ન કરે છે. તેથી ગમે તેનું, ગમે તેવું, ગમે ત્યારે, ગમે તે રીતે ખાવું નહીં. કોઇ માણસની જીવન પદ્ધતિ કુટિલ હોય તો એવાનું અન્ન ન લેવું. "લાંઘણ કરજો પણ માગણ ના થજો"માં પણ એક પ્રકારની ખુમારી છે. સિંહ ભૂખે મરી જાય પણ ઘાસ ખાતો નથી. જેણે સાચા અર્થમાં દ્વિજ- બ્રાહ્મણ થવું છે તેણે આ દોહરાનો ભાવાર્થ સમજી બને એટલું પાળવું.

(૬) હંમેશાં બીજાના ઘરે રહેવાથી અને ત્યાં જમવાથી લક્ષ્મીનો નાશ થાય છે. સમજવાનું એ છે કે પોતાના હક્કનો રોટલો ખાવામાં જે ખુમારી છે, સ્વત્વની ખિલવણી છે તે બીજાના ઘરે રહીને ખાવામાં નથી. "પરાધીન સપને સુખ નાહીં " એવું રામાયણ પણ કહે છે. સ્ત્રી પોતાની સાદી અને ઓછી કિંમતની સાડી પહેરીને ધર્મકાર્ય કરે, બીજાની કિંમતી સાડી ન પહેરે એ ધર્માજ્ઞા પાછળ પણ સંતોષવૃત્તિ જન્મે એવી ભાવના છે. દૈવી સંપત્તિથી જીવન ભરવામાં જ સાચું બ્રાહ્મણપણું છે. પૂ.આથવલેજી તેથી જ કહે છે કે "મફતનું લઇશ નહીં ". પૂ.વિનોબાજી કહે છે કે કોઇ પણ વસ્તુ મફત મળતી જ નથી. કોઇ ને કોઇ સ્વરૂપે એની કિંમત ચૂકવવી જ પડે છે. અને પૂ.રંગ અવધૂત મહારાજ કહે છે કે કોઇની પાસે માગવું નહીં, ખુદ ભગવાન પાસે પણ નહીં. ભગવાને આપ્યું હોય તો આપવાની વૃત્તિ કેળવવી, લેવાની વૃત્તિ તો નહીં જ રાખવી.

(૭) પ્રાત:સંધ્યામાં નક્ષત્રો આકાશમાં દૃશ્યમાન હોય ત્યારે કરેલી સંધ્યા ઉત્તમ. એ દ્વારા વ્યક્તિ વહેલી ઊઠે. બ્રાહ્મ મુહૂર્તમાં વાતાવરણમાં ઓઝોન વાયુનું પ્રમાણ સારું હોય છે જે તન અને મન માટે લાભકારક છે. કોઇ રોગો સૂર્યોદય પછી ઊઠવાથી પણ થાય છે. ધર્મના નામે વ્યક્તિનું જીવન નીરોગી બને એ જ દૃષ્ટિ અહીં છે.

(૮) નામ સ્મરણ અને મંત્રજાપનું મહત્ત્વ હવે વૈદ્યકીય વિજ્ઞાન પણ સ્વીકારે છે. આંખ દ્વારા અને વાણી દ્વારા શરીરની શક્તિનો મોટા પ્રમાણમાં વ્યય થાય છે. તેથી જ હૃદયરોગના હુમલામાં આંખ બંધ અને મોં પણ બંધ રાખવાની સૂચના આપવામાં આવે છે. વાણીને શાસ્ત્રમાં વૈખરી કહી છે. મનમાં જાપ કરવાથી મન એકાગ્ર થાય છે. વ્યગ્ર મનને એકાગ્ર કરવામાં મંત્રજાપ કે નામસ્મરણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

'પ્રેરણાનું ઝરણું' નામના પુસ્તકમાં ડૉ. ધીરેન્દ્ર આંટિયાએ કરેલી ચર્ચા મનને કેવી રીતે સ્વસ્થ રાખવું એ સમજાવે છે. જાગૃત મન, અર્ધજાગૃત મન અને અજાગૃત મન વિશેનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યા બાદ તેઓ પણ વિધેયાત્મક વિચારો, યોગ, નામસ્મરણ વગેરેનું મહત્ત્વ સ્વીકારે છે.

અધ્યાય : ૯૦ ના ૩૦૮ દોહરાનું વિશ્લેષણ :

દોહરા ક્રમાંક	વિષય	દોહરા ક્રમાંક	વિષય
૧-૫૨	બ્રાહ્મણ સ્ત્રીની હઠ અને બ્રાહ્મણનું પરાન્ન લેવા અંગેની વાત.	૧૩૨-૧૪૮	આચમન વિધિ.
૫૩-૫૪	સહજધર્મ અંગેની શ્રીગુરુની સ્પષ્ટતા.	૧૪૯-૧૫૫	દાતણ કરવા વિશે. (દંતધાવન વિધિ.)
૫૫-૫૭	કોનું અન્ન લેવું અને કોનું અન્ન લેવા અંગેનો પ્રશ્ન અને શ્રીગુરુનું કથન. પરાશર મુનિએ કહેલા ધર્મનો શ્રીગુરુ દ્વારા ઉલ્લેખ.	૧૫૬-૧૭૩	નિત્ય ત્રિકાળ સ્નાન તથા નૈમિત્તિક સ્નાન વિશે.
		૧૭૪,૧૭૯,૧૮૦	વસ્ત્ર પરિધાન વિશે.
		૧૭૫-૧૭૮	મંગલ-અભ્યંગ-સ્નાન વિશે.
૫૮-૬૦	કોનું અન્ન લેવું. (ક્યાં જમાય.)	૧૮૧-૧૯૨	ભસ્મ ધારણ કરવા વિશે.
૬૧-૯૦	કોનું અન્ન ન લેવું. (કોને ઘરે ન જમવું.)	૧૯૩-૨૦૨	દર્ભ વિશે.
		૨૦૩-૨૦૭	સોના-ચાંદીની વીંટી વિશે.
૯૧-૯૩	સ્વધર્મ પાલનનું ફળ.	૨૦૮-૨૩૨	ત્રિકાળ સંધ્યા વંદન વિશે.
૯૪-૧૦૧	દ્વિજાચાર અંગે પ્રશ્ન અને	૨૩૩-૨૬૮	જપ વિશે. (સ્નાન સંધ્યા પછીના.)
૧૦૨-૧૦૩	પ્રાત:સ્મરણ.		
૧૦૪-૧૦૯	આચમન વિશે.	૨૬૯-૨૭૦	પરિક્રમા, વંદન, ઔપાસન વિશે.
૧૧૦-૧૧૧	જપ વિશે. (સ્નાન પહેલાના.)		
૧૧૨-૧૧૯	મળ-મૂત્રોત્સર્ગ વિશે.	૨૭૧-૨૮૦	હોમ વિશે.
૧૨૦-૧૨૭	પાણી ન મળે ત્યારે માટી દ્વારા થતી શુદ્ધિ અંગે.	૨૮૧-૨૯૦	તર્પણ, વૈશ્વદેવ, સ્વાધ્યાય વગેરે.
૧૨૮-૧૨૮	કોગળા કરવા વિશે.	૨૯૧-૨૯૪	તલ વિશે.
૧૨૯-૧૨૯	આચમન વિશે.	૨૯૫-૨૯૭	અંજલિ વિશે.
૧૩૦-૧૩૧	બ્રાહ્મણના જમણા હાથનાં પાંચ તીર્થો વિશે.	૨૯૯-૩૦૮	તિલતર્પણ વિશે તથા અન્ય.

અધ્યાય : ૯૧

આ અધ્યાયનું નામ **'આચારાધ્યાયે દ્વિજાચારકથન'** છે. આ અધ્યાયમાં **૨૧૦** દોહરા છે.

આ અધ્યાયમાં બ્રાહ્મણના અન્ય આચાર વિશે કહેવામાં આવ્યું છે. સંમાર્જન વિશે કેવું પાત્ર લેવું અને કેવું પાત્ર ન લેવું, લીંપણ કયા હાથે કરવું, કયા હાથે ન કરવું, કોની પાસે લીંપણ ન કરાવવું, ક્યાંથી શરૂઆત કરવી, વગેરે અંગે વિગતે નિયમ જણાવ્યા છે. (૧-૧૦).

દેવપૂજન અંગેના નિયમોમાં પૂજન કરવા વિશેની સમજ આપી છે. (૧૧-૨૪). પ્રાણાયામ, સંકલ્પ, ન્યાસ, કલશ સ્થાપન, શંખ-ઘંટા સ્થાપન વિશે સમજ આપી છે. પીઠ પૂજન અને દ્વાર પૂજન વિશે જણાવ્યું છે. (૨૫-૩૦). ષોડશોપચાર પૂજનના ઉપચાર અને મંત્રો વિશેની સમજ આપી છે. વળી કેવાં ફૂલથી પૂજા કરવી તે પણ જણાવ્યું છે. (૩૧-૪૯). નમસ્કાર કરવાની વિધિ પણ સમજાવી છે. (૫૦-૫૨). કોને વંદન ન કરવાં તે પણ જણાવ્યું છે. (૫૩-૫૫). કેવી રીતે નમન ન કરવું તે પણ જણાવ્યું છે. (૫૬).

પ્રાર્થના અને ઉત્તરપૂજાની સમજ આપી છે. (૫૭-૫૯). વૈશ્વ દેવ અંગેના નિયમો જણાવ્યા છે. અતિથિ સત્કારના નિયમો જણાવ્યા છે. (૬૦-૮૧). ભોજન વિધિ સમજાવી છે. (૮૨-૧૩૫). પાણી પીવા વિશેની સમજ આપી છે. (૧૩૬-૧૩૯).

જમવા વિશેની વધુ સમજ આપી છે. (૧૪૦-૧૪૫). ભોજન પછીની વિધિ સમજાવી છે. (૧૪૬-૧૫૩). કેવા પ્રકારનું અન્ન ન ખાવું એ બાબતની સમજ આપી છે. (૧૫૪-૧૬૬). ભોજન પછી મુખવાસ અંગે સમજ આપી છે. (૧૬૭-૧૭૬).

કેવા ખાટલા ઉપર સૂવું, ખાટલો કયારે પાટીથી ભરવો, કઇ દિશામાં સૂવું, વગેરે સૂવાના નિયમો જણાવ્યા છે. (૧૭૭-૨૦૦).

આ બધા આચારનું પાલન કરવાથી વ્યક્તિ સુખેથી જીવે છે. (૨૦૧-૨૧૦).

નિરંજને પૂછ્યું કે હે અલખજી ! ત્યાર પછી શું થયું? શ્રીગુરુએ પછી આગળ શું શું કહ્યું? (૧). અલખે કહ્યું કે શ્રીગુરુ તો ખરેખર ત્રિમૂર્તિનો અવતાર જ છે. ધર્મનું વર્ણન કરવામાં તેમણે શું પ્રયત્ન કરવો પડે? (૨). જે હલકી જાતિની વ્યક્તિને જ્ઞાન આપીને વેદ બોલાવી શકે એવા ભકતકલ્પદ્રુમ અને દયાના સાગર એવા શ્રીગુરુએ બ્રાહ્મણને કહ્યું કે ગૃહસ્થે હંમેશાં ઘરમાં અરણી (અગ્નિમંથન કાષ્ઠ)ને સાચવી રાખવી. (૩-૪). ઘરમાં શાલિગ્રામ, ઘી, ચંદન અને તલ પણ રાખવાં. તદુપરાંત કાળું મૃગચર્મ રાખવું જેથી એને પાપ વિઘ્ન કરી શકે નહિ. (૫).

પોપટ અને સારસ પક્ષીનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું અને ગાયને પાળવી. એ બધાં પાપોને હરનારાં છે. (૬). ઘરને રોજ જ સંમાર્જન દ્વારા લીંપવું અને નિયમપૂર્વક દેવપૂજન કરવું જેથી માણસ સુખી

થાય છે. (૭). સંમાર્જન કરવાના કામમાં કાંસાંનું પાત્ર લેવું નહિ. માટીનું, તાંબાંનું કે ધાતુનું પાત્ર હંમેશાં માન્ય છે. (૮). ડાબા હાથથી કદી પણ લીંપવું નહિ. વળી કુંવારી કન્યા, પરણીને આવેલી નવી વહુ અને શૂદ્ર પાસે પણ લીંપણકામ કરાવવું નહિ. (૯). આંતરો ન રહે એ રીતે નૈઋત્ય દિશાથી લીંપણની શરૂઆત કરવી. જો રાત્રે લીંપવાની જરૂર પડે તો કેવળ ભસ્મ છાંટી દેવી. (૧૦).

દેવમંદિર પાસેની જગા રંગોળીથી સુશોભિત કરીને, શુભાસન પર બેસીને પ્રેમપૂર્વક દેવપૂજન કરવું. (૧૧). બ્રાહ્મણે ત્રિકાળ સંધ્યા કરવી અને ત્રણ વાર પૂજન પણ કરવું. જો અશકત હોય તો સવારમાં વિધિસર પૂજન કરવું. (૧૨). મધ્યાહ્ને પંચોપચાર પૂજા કરવી. રાત્રે આરતી કરી બ્રાહ્મણે વિધિવત મંત્ર પુષ્પાંજલિ આપવી. (૧૩). ઉપર જણાવેલા સમયે પૂજન ન થઇ શકે તો ભોજન સમયે અનુકૂળતા મુજબ પ્રેમથી દેવપૂજન કરવું. (૧૪). જે કોઇ આ રીતે દેવપૂજન કરતું નથી તેણે યમના ઉગ્ર દંડ સહન કરવા પડે છે. પરિણામે સતત નરકની યાતના ભોગવે છે અને ભયંકર દુ:ખ સહન કરે છે. (૧૫).

પાણી, સૂર્ય અને અગ્નિના પૂજનથી નારાયણ ભગવાન પ્રસન્ન થાય છે. એનું શ્રદ્ધાભકિતથી પૂજન કરવું અથવા માનસપૂજન કરવું. (૧૬). માનસપૂજન એ સ્વર્ગ અને મોક્ષ આપનારું ઉત્તમ પૂજન છે. સ્થંડિલ પૂજા મધ્યમ કક્ષાની પૂજા છે અને પ્રતિમા પૂજા કનિષ્ઠ પૂજા છે.① (૧૭). અહીં પ્રતિમા પૂજન મંદબુદ્ધિવાળા માટે છે. અથવા એણે બ્રાહ્મણની કે ગાયની પૂજા કરવી. (૧૮). સૌથી ઉત્તમ ગુરુપૂજન છે. એ ચારેય પુરુષાર્થને આપનારું છે. એનાથી ત્રિમૂર્તિ રીઝે છે અને એ બધું ઇચ્છિત આપનારું છે. (૧૯). શ્રુતિ અને સ્મૃતિ બધા એકી અવાજે પોકારીને કહે છે કે શ્રીગુરુ ત્રિમૂર્તિ છે માટે એનું અનન્ય ભકિતથી અર્ચન કરવું. (૨૦).

મનની સ્થિરતા માટે કલિયુગમાં ચક્રથી અંકિત શાલિગ્રામ નિર્મિને હરિનું પૂજન કરવું. અથવા ગુરુની આજ્ઞા લઇને બ્રાહ્મણે વેદમંત્રોકત નિષ્કપટભાવે મૂર્તિનું પૂજન કરવું. (૨૧-૨૨). સ્ત્રી અને શૂદ્ર વેદના અધિકારી ન હોવાથી તેમણે પુરાણોકત મંત્રોથી અથવા ગુરુના જણાવ્યા પ્રમાણે પૂજન કરવું. (૨૩). ગુરુની આજ્ઞા મુજબ લાકડું કે પથ્થર જે કાંઇ પૂજે તે વસ્તુ ખરેખર દેવ બને છે અને ભાવ જોઇને રીઝે છે.② (૨૪).

શુદ્ધ આસન પર બેસીને પ્રાણાયામ કરવો અને પછી 'ચેભ્યો માતા' મંત્રથી સમગ્ર ગંધ સાફ કરી નાંખી, સંકલ્પ મૂકી વિધિસર ન્યાસ કરવા. દેવના જમણા હાથે વિધિસર કલશની સ્થાપના કરવી. (૨૫-૨૬). દેવના ડાબા હાથે શંખ અને જમણા હાથે ઘંટડી મૂકી વારાફરતી પૂજા કરવી. (૨૭). ભગવાનને ચઢાવેલાં વાસી ફૂલનું નૈઋત્ય દિશામાં વિસર્જન કરવું. ધોયેલું વસ્ત્ર મૂકી અખંડ દીપને વધુ પ્રકાશિત કરવો. (૨૮). મન, વચન અને કાયાથી શ્રીગુરુને વંદન કરી સૌ પ્રથમ પીઠ પૂજા કરી બારણાંનું પૂજન કરવું. (૨૯). પોતાનામાં રહેલું ચૈતન્ય અને દેવ એક સ્વરૂપ છે એવું ધ્યાનમાં ચિંતન કરીને પછી એને અનુરૂપ ભકિતભાવથી પૂજન કરવું. (૩૦).

પુરુષ સૂકતની પહેલી ઋચાથી આવાહન કરવું. બીજી ઋચાથી આસન આપવું અને ત્રીજી ઋચાથી પાદ્ય અર્પણ કરવું.③ (૩૧). ચોથી ઋચાથી અર્ઘ્ય આપવો, પાંચમી ઋચાથી આચમન કરાવવું, છઠ્ઠી ઋચાથી સ્નાન કરાવવું. જો પંચામૃત હોય તો પંચામૃત સ્નાન કરાવવું. (૩૨). પુરુષસૂકત, રુદ્રસૂકત વગેરેથી અભિષેક કરી ઘંટારવ કરી સ્નાનાંતે આચમન કરાવવું. (૩૩). સ્નાનને અંતે પીઠ ઉપર પ્રતિમાનું સ્થાપન કરીને સાતમી ઋચાથી

વસ્ત્ર આપવું અને આચમન આપવું. (૩૪). આઠમી ઋચાથી યજ્ઞોપવીત આપી આચમન આપવું. નવમી ઋચાથી ગંધ અને અક્ષત આપવાં અને દશમી ઋચાથી પુષ્પ અર્પણ કરવાં. (૩૫).

પોતાના બગીચામાં જાતે ઉછેરેલાં પુષ્પો ઉત્તમ ગણાય. વનમાં જાતે ઊગી નીકળેલાં ફૂલ મધ્યમ કહેવાય અને વેચાતાં લાવેલાં પુષ્પો એ કનિષ્ઠ પ્રકારનાં ગણાય એમ તું શંકા રાખ્યા વિના સમજી લે. (૩૬). અન્ય પ્રકારનાં ફૂલ ન મળે ત્યારે વેચાતાં ફૂલ લઈ એના ઉપર પ્રોક્ષણ કરવું. પુષ્પોમાં સફેદ ફૂલ ઉત્તમ છે. એ ભાવથી ચઢાવવાં. (૩૭). લાલ અને પીળાં ફૂલ મધ્યમ ગણાય અને કાળાં ફૂલ કનિષ્ઠ ગણાય. વાસી, છિદ્રવાળાં અને જાતે નીચે પડેલાં ફૂલ ત્યાજ્ય છે. (૩૮). કમળ, બીલીપત્ર અને તુલસી કદી વાસી થતાં નથી. ગંગાજળની જેમ એ હંમેશાં પવિત્ર જ ગણાય છે એટલે એ સ્વીકાર્ય છે. (૩૯). કમળ, બકુલ, ચંપક, નાગકેસર, લાલ ફૂલ, ભોઈ મોગરો, કલ્હાર અને કરેણનાં ફૂલ પવિત્ર ગણાયાં છે. (૪૦).

શ્રી વિષ્ણુને આકડાનાં ફૂલ ચઢાવનારનો નાશ થાય છે, ધતૂરો ચઢાવવાથી બુદ્ધિનો અને દ્રવ્યનો નાશ થાય છે, વિષ્ણુકાંતા ફૂલ ચઢાવવાથી કુલનો નાશ થાય છે અને કાંટાસળી તથા કરેણનાં ફૂલ ચઢાવવાથી શોક થાય છે. કુટજ પુષ્પ ચઢાવવાથી દુ:ખ થાય છે અને શીમળાનાં ફૂલ ચઢાવવાથી રોગ થાય છે. (૪૧-૪૩).

શંકરનાં પૂજનમાં આટલાં પુષ્પો ત્યાજ્ય ગણ્યાં છે : કપિત્થ, શ્યામા, કેતકી, શશાંક, કરંજ, ધાતકી, લીમડો, માધવી, બકુલ, દાડિમ પુષ્પ, કાળાં અને લાલ ફૂલ કદી ચઢાવવાં નહિ. સફેદ ફૂલ અત્યંત પ્રિય છે. (૪૪-૪૫).

ગણેશની પૂજામાં તુલસી ન ચઢે એની કાળજી રાખવી. માતાજીની પૂજામાં દૂર્વા ચઢાવવી નહિ, ત્યાજ્ય છે. (૪૬). પુષ્પ ચઢાવ્યા પછી અગિયારમી ઋચાથી ધૂપ આપવો અને બારમી ઋચાથી દીપ દર્શાવવો. (૪૭). તેરમી ઋચાથી નૈવેદ્ય ધરાવવું અને ચૌદમી ઋચાથી તાંબૂલ, ફળ અને દક્ષિણા આપવી. પંદરમી ઋચાથી આરતી કરવી અને સોળમી ઋચાથી પુષ્પાંજલિ આપવી અને પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. (૪૮-૪૯). દેવમંદિરના ગર્ભદ્વારમાં, પાછળના ભાગમાં કે એકદમ સંમુખ નમસ્કાર કરવા નહિ. નમસ્કાર કેવી રીતે કરવા તેનું વિધાન કહું છું. (૫૦).

સૌ પ્રથમ પ્રદક્ષિણા કરવી અને પછી વંદન કરવાં. માતા, પિતા અને ગુરુની પાસે જઈને તરત જ વંદન કરવાં. (૫૧). બ્રાહ્મણ આવતો દેખાય તો સામે જઈને ભક્તિથી પ્રણામ કરવા. ભરી સભામાં એક વાર પ્રણામ કરવા. (૫૨). જ્ઞાનમાં મોટો હોય કે ઉંમરમાં મોટો હોય તે વંદન કરવા યોગ્ય છે. જ્ઞાન અને ઉંમરમાં નાનો હોય તે વંદનને યોગ્ય નથી. (૫૩). હાથમાં સમિધ, ફૂલ, ચોખા અને દર્ભ લઈને આવનારને સમજુ માણસ વંદન કરતો નથી. જો પોતાના હાથમાં એ બધું હોય તો તો ખાસ વંદન કરવાં નહિ. (૫૪). જે કોઈ સ્નાન વગેરે કરતો હોય, ક્રોધે ભરાઈને દોડતો હોય, ધનનો અભિમાની હોય, ડાઘુ હોય, અથવા મૂર્ખ હોય તો એ વંદન કરવા યોગ્ય નથી. (૫૫). બ્રાહ્મણને કદી પણ એક હાથથી વંદન કરવાં નહિ. જેમ દેવને વંદન કરે તેમ બે હાથ જોડીને વંદન કરવાં. (૫૬).

પછી ગીત, વાદ્ય, નૃત્ય વગેરેથી દેવને સંતુષ્ટ કરીને સ્તોત્ર વગેરેથી પ્રાર્થના કરવી. (૫૭). પછી સનક વગેરેની પૂજા કરી, મંત્ર જાપ કરવો. ત્યાર પછી ઉત્તર પૂજા કરીને વિસર્જન કરવું. (૫૮). પોતાના હૃદયમાં ભક્તિપૂર્વક

દેવની સ્થાપના કરવી. આ રીતે પૂજન કરતાં પૂજા કરનાર ભુક્તિ અને મુક્તિ બધું પામે છે. (૫૯). ત્યાર પછી પાંચ પાપનો નાશ કરનાર વૈશ્વદેવ કરવો. સૌ પ્રથમ સંકલ્પ મૂકી, પછી ભાતને ઘીથી સંસ્કારિત કરી, કુંડમાં વિધિપૂર્વક અગ્નિ પ્રજ્વલિત કરીને, ધ્યાન ધરીને, એક ભાગ જવાળામાં હોમવો. (૬૦-૬૧). બીજો ભાગ બલિહરણ માટે, ત્રીજો ભાગ પિતૃદાન માટે, ચોથો ભાગ કૂતરા અને કાગડાને માટે એમ બ્રાહ્મણે તૃપ્ત કરવા. (૬૨). પાંચમો ભાગ સનક વગેરેને અર્પણ કરવો. અન્ન ન મળે તો ઘી, ચોખા અને ફળ વગેરે અર્પવાં. (૬૩).

વૈશ્વદેવના સમયે જે કોઇ અતિથિ આવે તે પછી ભલે ચોર કે ચાંડાળ હોય, તો પણ તેને સારી રીતે તૃપ્ત કરવો. (૬૪). યમરાજ પોતાના દૂતને કહે છે કે જ્યાં વૈશ્વદેવ ન થતો હોય, અતિથિની સરભરા થતી ન હોય કે અન્નદાન અપાતું ન હોય એવા ગૃહસ્થી જનને તરત જ અહીં લઇ આવો. આવાને સારી રીતે શિક્ષા કરવાની ભગવાન વિષ્ણુએ મને આજ્ઞા ફરમાવી છે. (૬૫-૬૬). જે ઘરમાં અતિથિનો રોજ સત્કાર થતો હોય ત્યાં કોઇ પણ સંજોગોમાં જવું નહિ. એ તો વંદનને યોગ્ય છે. (૬૭). આ સમયે માતાનો હત્યારો કે પિતાનો હત્યારો આવે કે અત્યંત નીચ વ્યક્તિ આવે તો પણ તેને તરત જ યથાશક્તિ અન્ન આપવું. (૬૮). આવા સમયે આવેલા બ્રાહ્મણને એનું કુળ કે ગોત્ર જોયા વિના તૃપ્ત કરવો. અતિથિ જતો રહેતાં પિતૃઓ ક્રોધે ભરાય છે. (૬૯).

વૈશ્વદેવ કરતાં પહેલાં અતિથિ આવી ચઢે તો એને ભિક્ષા આપતાં એ વૈશ્વદેવનું ફળ છે એમ સમજવું. (૭૦). બલિહરણનું વિસર્જન પોતે ન કરવું પરંતુ બીજા પાસે કરાવવું. પોતાનાથી જાતે બલિહરણ થઇ જાય તો ચાંદ્રાયણ વ્રત કરવું. (૭૧). બલિ વિસર્જન કર્યા વિના જમી લે તો એને દોષ લાગે છે. એ દોષમાંથી મુક્ત થવા છ પ્રાણાયામ કરવા. (૭૨). આંગણામાં કાકબલિ નાંખીને પછી ગાયને ઘાસ નીરવું અને પછી પિંડ રહિત રોજ શ્રાદ્ધ કરવું. (૭૩). ત્યાર પછી ગાય દોહવામાં જેટલો સમય લાગે તેટલો સમય અતિથિની ધીરજપૂર્વક રાહ જોવી અને અતિથિ આવે તો એની ભાવથી પૂજા કરવી. (૭૪). એ થાકયો પાકયો અને ભૂખ્યો હોય તો સ્વાદિષ્ટ અન્ન જમાડવું. સાંજે પણ રોજ જ અતિથિની રાહ જોવી. (૭૫).

જો ઉત્તમ બ્રાહ્મણ આવી ચઢે તો સમજીને એની પૂજા કરવી. બ્રાહ્મણ સંતુષ્ટ થતાં અગ્નિ વગેરે બધા દેવો સંતુષ્ટ થાય છે. (૭૬). એના પગ ધોવાથી પિતૃઓ સંતુષ્ટ થાય છે અને એના જમવાથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર સંતુષ્ટ થાય છે અને પ્રસન્ન પણ થાય છે. (૭૭). જ્યારે બ્રહ્મચારી કે સંન્યાસી ઘરે આવે ત્યારે તેને જમાડવાથી અનહદ પુણ્ય મળે છે. (૭૮). એને એક કોળિયા જેટલું અન્ન આપવાથી મેરુ જેટલું અન્ન દાન કર્યાનું પુણ્ય મળે છે અને શરૂમાં તથા અંતમાં થોડું પાણી પાવાથી સાગર જેટલું પાણી પાયાનું દાન કર્યાનું પુણ્ય મળે છે. (૭૯). આવેલા અતિથિને તરછોડીને જે નીચ બ્રાહ્મણ જમી લે છે તે કૂતરાની યોનિમાં જન્મીને પછી ગધેડો થાય છે. (૮૦).

અતિથિને જમાડ્યા પછી બાળક અને વૃદ્ધ સાથે બેસીને ભોજન લેવું અને કદી પણ પંક્તિભેદ કરવો નહિ. (૮૧). બન્ને હાથ, બન્ને પગ અને મોં એમ પાંચ ભીનાં રાખીને મૌન રાખીને જમવાથી બ્રાહ્મણ સો વર્ષના આયુષ્યવાળો થાય છે. (૮૨). બ્રાહ્મણ હોય તેણે હંમેશાં પૂર્વ દિશામાં મોં રાખીને, પલાંઠી વાળીને, ભસ્મથી ચતુષ્કોણ મંડળ કરીને જમવું. (૮૩). ક્ષત્રિયે ત્રિકોણ મંડળ કરવું, વૈશ્યે ગોળ મંડળ કરવું અને શૂદ્રે અર્ધચંદ્રાકાર મંડળ કરવું. આ રીતે કરેલાં મંડળ યોગ્ય છે. (૮૪). વસુ, રુદ્ર અને આદિત્યનું આવાહન કર્યા પછી પાત્રને ઉપર

મૂકીને સાવધાનીપૂર્વક ભોજન કરવું. (૮૫).

મંડળ કાઢ્યા વગર જમવાથી ભૂત, પિશાચ વગેરે અન્નનો રસ હરી લે છે. માટે સમજુએ મંડળ કરીને જમવું. (૮૬). પૂર્વદિશામાં મોં રાખીને જમવું શ્રેષ્ઠ ગણ્યું છે, પશ્ચિમ દિશામાં મુખ કરીને જમવું મધ્યમ ગણ્યું છે. પિતૃકાર્યમાં ઉત્તર દિશામાં મોં રાખીને જમવું અને કોઇ કામના સિદ્ધ કરવાની હોય તો દક્ષિણ દિશામાં મોં રાખીને જમવું. (૮૭). એક પણ ચોક્કસ દિશા ન હોય એ રીતે અવ્યવસ્થિત બેસીને જમવાનો નિષેધ છે.

ભોજન પાત્ર વિષે પણ કહું છું. સોનાનું કે ચાંદીનું પાત્ર, કમળના પાનનું કે ખાખરાના પાનનું પાત્ર શ્રેષ્ઠ મનાય છે. (૮૮).

ગૃહસ્થે તાંબાંના પાત્રમાં જમવું નહિ. સંન્યાસી માટે તાંબાંનું, સ્ફટિકનું, લાકડાંનું કે પથ્થરનું પાત્ર શ્રેષ્ઠ ગણાયું છે. આ સિવાયની અન્ય ધાતુનું પાત્ર સંન્યાસી માટે વર્જ્ય છે. (૮૯). કેળના ગર્ભપત્રમાં, ખાખરાના મધ્યપત્રમાં અને વેલીનાં પાંદડામાં જમે તો ખાસ ચાંદ્રાયણ વ્રત કરવું. (૯૦). વડ, આકડો અને પીપળાનાં પાન ઉપર જમવાથી થતા દોષની શુદ્ધિ ચાંદ્રાયણ વ્રત વિના થતી નથી માટે એ પત્રનો ત્યાગ કરવો. (૯૧). લોખંડ કે માટીના પાત્રમાં કે જમીન કે વસ્ત્રમાં જમનાર બ્રાહ્મણ ચોક્કસ નરકમાં જાય છે. (૯૨). ગૃહસ્થીને માટે મુખ્યત્વે કાંસાંનું પાત્ર યોગ્ય ગણ્યું છે. એમાં જમવાથી બળ, આયુષ્ય, પ્રજ્ઞા અને યશમાં વધારો થાય છે. (૯૩). આ પંચમાનથી અધિક માપનું હોવું જોઇએ. એનાથી ઓછું તો લેવું જ નહિ. સોળ માનવાળું પાત્ર સુવર્ણપાત્ર સમાન છે. (૯૪). સંન્યાસી, બ્રહ્મચારી અને વિધવા સ્ત્રીને કાંસાંનું પાત્ર વર્જ્ય છે. એમને માટે અભ્યંગ સ્નાન અને પાન પણ ખાવાની મનાઇ છે અને એ નિંદાપાત્ર છે. (૯૫).

દિવેલીના પાનના પાત્રનો પણ નિષેધ છે. કાંસાંનું ભાંગેલું પાત્ર તો કૂતરાના ચામડાથી પણ એકદમ હલકું મનાયું છે અને બિલકુલ નિષેધપાત્ર છે. (૯૬). સારો બ્રાહ્મણ પતિત પાસે બેસીને ભોજન કરે નહીં અને સાંજે શૂદ્રના જમ્યા પછીનું વધેલું અન્ન જમે નહીં. (૯૭). શ્રાદ્ધના દિવસોમાં રાત્રે નાનાં બાળકો સાથે જમે નહીં અને ખાનદાન કુળમાં જન્મેલો એ પોતાના હાથે આપોશાન જળ લે નહીં. (૯૮). અત્તર અને સુગંધી દ્રવ્યવાળા જળથી પણ જાતે સ્નાન ના કરે. પરંતુ બીજાના હાથે સ્નાન કરે છે. જાતે સ્નાન કરવાથી બુદ્ધિમાં મંદતા આવે છે. (૯૯). એ જ રીતે પોતાની જાતે સ્વમંડળ ન કરે. એમ કરવાથી પુત્રનું મૃત્યુ થાય અને પોતાનું આયુષ્ય ઓછું થાય છે. (૧૦૦).

પીરસતી વખતે પગે લાગીને પછી ઘી પીરસે. પછી દૂધપાક કે ખીર પીરસે અને પછી અન્ય અન્ન પીરસે. (૧૦૧). પછી ગાયત્રી મંત્રથી બધાં અન્ન પર પ્રોક્ષણ કરવું. પછી તરત જ વિધિસર મંત્રથી ચારે બાજુ પાણી ફેરવે. (૧૦૨). જમણી બાજુએ મંત્ર સહિત ચિત્રાહુતિ આપે અને પછી એનું વિસર્જન કરી બ્રાહ્મણ પોતાના હાથ ધૂએ. (૧૦૩). ડાબા હાથનો અંગૂઠો, તર્જની અને મધ્યમાથી ભોજનપાત્ર લઇને પછી આપોશાન કરે. (૧૦૪). પછી એ મંત્ર સહિત આપોશાન જળ લે. જો આપોશાન કર્યા વગર જો બીજું જળ લે તો તે જળ કૂતરાના મૂત્ર સમાન છે. (૧૦૫). આપોશાન હાથમાં લીધા પછી કોઇને નમન કરવું નહિ કે આશીર્વાદ આપવા નહિ. બીજાએ પણ એને નમવું નહિ. (૧૦૬). આમ કરવાથી બંનેને દોષ લાગે છે. એટલે મૌન રાખીને મંત્ર બોલીને જળ પી લેવું

અને મુખમાં પ્રાણાહુતિ આપવી. (૧૦૭). આપોશાન કર્યા વગર જે જમે તેને પાપ લાગે છે. એકસો આઠ વાર ગાયત્રી મંત્ર જપવાથી બ્રાહ્મણ શુદ્ધ થાય છે. (૧૦૮). વેદમાં જણાવ્યા મુજબનું પ્રાણાહુતિનું વિધાન તને કહું છું. આ પ્રાણાગ્નિ હોત્ર ખરેખર બધાં પાપો હરી લેનારું છે. (૧૦૯). "અહં વૈશ્વાનરો" તથા "અન્નં બ્રહ્મ" એ મંત્રો બોલી એના અર્થનું ચિંતન કરતાં કરતાં જમવાથી સારી રીતે મુકત થવાય છે. (૧૧૦).

અંગૂઠો, તર્જની અને મધ્યમાથી પ્રાણાહુતિ આપવી. અંગૂઠો, મધ્યમા અને અનામિકાથી અપાનાહુતિ આપવી. અંગૂઠો, અનામિકા અને ટચલી આંગળીથી વ્યાનાહુતિ આપવી. અંગૂઠો, તર્જની અને ટચલી આંગળીથી ઉદાનાહુતિ આપવી અને પાંચે આંગળીથી સમાનાહુતિ આપવી. આ પાંચે કોળિયા દાંતને ન અડે એ રીતે જીભથી ગળે ઉતારી દેવા.④ (૧૧૧-૧૧૩). પાંચ સ્થળે મૌન રાખવાથી બધા હેતુ સરે છે. જો સ્નાન કરતી વખતે મૌન ન રાખે તો વરુણ બધું ફળ હરી લે છે.⑤ (૧૧૪). હોમ કરવામાં મૌન રાખવું, નહિ તો લક્ષ્મી જતી રહે છે. જમતી વખતે મૌન ન રાખે તો અપમૃત્યુ થાય છે. (૧૧૫).

જો આ શકય ના હોય તો પ્રાણાહુતિ સુધી પણ મૌન રાખે. જેના પિતા જીવતા હોય કે જેનો મોટો ભાઇ જીવતો હોય તેણે મૌન રાખવું નહિ. (૧૧૬). શ્રાદ્ધના ભોજનમાં બધાએ ફરજિયાત મૌન રાખવું. માટે આ પ્રમાણે જાણીને વર્તવું અને પોતાની જીભને પોતાને વશ રાખવી. (૧૧૭). પ્રવાહી અને ગળ્યું અન્ન પહેલાં લેવું. ખાટું અને કઠણ અન્ન વચ્ચે લેવું. તીખું અને પ્રવાહી અન્ન છેલ્લે લેવું જેથી તરત જ પચી જાય. (૧૧૮). આનાથી વિરુદ્ધ થતાં બળનો નાશ થાય છે. ગાયને પાણી પીતાં જેટલો સમય થાય એટલા સમયમાં ડાહ્યા માણસે જમી લેવું જોઇએ. (૧૧૯). સંન્યાસીએ આઠ કોળિયા, વાનપ્રસ્થીએ સોળ કોળિયા, ગૃહસ્થીએ બત્રીસ કોળિયા લેવા અને બ્રહ્મચારીએ ઇચ્છા મુજબ જમવું. (૧૨૦). મોઢામાં સમાય તેવા મધ્યમ કદના કોળિયા લેવા. એ લેતાં પાત્રમાં અન્ન પડે તો એ ઉચ્છિષ્ટ ભોજન મનાય છે. (૧૨૧). કોળિયો લઇ મોંમાં મૂકી અડધો ખાય અને બાકીનો વધેલો અડધો કોળિયો પાછો પાત્રમાં મૂકી અને પછી પાછો ખાય તો એ દોષના નિવારણ માટે ચાંદ્રાયણ વ્રત કરે. (૧૨૨). એક જ પાત્રમાં બીજાની સાથે જમવા બેસે નહીં. બાળક સાથે એક પાત્રમાં જમવામાં દોષ નથી. એ સિવાયના સાથે જમવામાં દોષ લાગે છે. (૧૨૩). ઘી, દૂધપાક કે ખીર અને મીઠું સિવાય બીજી વસ્તુ થોડી રહેવા દઇને બાકીની ખાવી. પાત્ર એક વાર પકડ્યા પછી છોડવું નહિ અથવા તો બિલકુલ પકડવું જ નહિ. (૧૨૪). માથે વસ્ત્ર વીંટીને, અથવા જોડા પાસે બેસીને જમવું નહિ. નહિતર રાક્ષસો અન્નની મીઠાશ હરી લે છે. (૧૨૫).

ડાબા પગ પર હાથ મૂકીને જમનાર રોગી થાય છે અને પહોળાં આંગળાં કરીને જમે તે જાણે માંસ ખાતો હોય એવું મનાય છે. (૧૨૬). હાથી કે ઘોડા પર સવાર થઇને, દેવ મંદિરમાં, સ્મશાનમાં કે શયનખંડમાં કદી પણ જમવું નહિ. (૧૨૭). હાથમાં અન્ન લઇને, કે ભીના વસ્ત્રમાં અન્ન લઇને તેમજ ઘૂંટણની બહાર હાથ મૂકીને કદી પણ જમવું નહિ. (૧૨૮). સ્નાન કર્યા વગર કદી પણ જમવું નહિ. એવું ભોજન કીડા ખાધા બરાબર છે. પાંદડાંના પાછળના ભાગે કે અંધારામાં પણ જમવું નહિ. (૧૨૯). (જમતાં જમતાં) જો દીવો હોલવાઇ જાય તો સૂર્યનું સ્મરણ કરીને, ફરીથી દીવો પ્રગટાવીને પછી પહેલાંની જેમ જમવું. (૧૩૦). પાત્રમાં જે અન્ન હોય અને જેટલું હોય તેટલું જ જમવું. બીજું અન્ન લઇને જમવાથી જમનારને દોષ લાગે છે. (૧૩૧). જો ખાવામાંથી વાળ નીકળે તો તે અન્નનો

ત્યાગ કરવો. ખાતાં ખાતાં વાતો ન કરવી કે આમ તેમ જોવું નહિ. (૧૩૨). જમતાં જમતાં થોડું ખાવાનું પત્ની માટે વધે એ રીતે જમે. આમ ન કરે તો પતિને દોષ લાગે છે અને રાખેલું અન્ન પત્ની ના જમે તો તેને દોષ લાગે છે. (૧૩૩). દેવ પાસે બેસીને ના જમવું, અવાવરું ઘર હોય ત્યાં બેસીને ના જમવું, પાણી હોય ત્યાં જમવું નહિ અને સંધ્યા સમયે જમવું નહિ. (૧૩૪). પીરસનારી સ્ત્રીનું મોં જોવું નહિ. તેમજ લગ્ન પ્રસંગે કે એવા અન્ય પ્રસંગે સ્ત્રી સાથે જમવું નહિ. (૧૩૫).

પાણી પીતાં પીતાં વધેલું પાણી ફરી પીએ તો એમાં દારૂ પીવા સમાન દોષ લાગે છે. અથવા વસ્ત્રથી જે પાણી પીએ છે તે નરકમાં જાય છે. (૧૩૬). અવાજ થાય એ રીતે જે પાણી પીએ છે અથવા ફૂંક મારી મારીને જે ખીર કે દૂધપાક ખાય છે તેને દારૂ પીવા સમાન દોષ લાગે છે. (૧૩૭). જે ઊભા ઊભા પાણી પીએ છે, પાણીમાં (જળાશયમાં) જઇને જે મુખથી જળ પીએ છે અથવા ખોબે ખોબે જળ પીએ છે તે સુરાપાન સમ મનાય છે.[૬] (૧૩૮). ડાબા હાથમાં પાત્ર રાખીને, બિછાના પર બેસીને, સભામાં અથવા એકાસને જે જળ પીએ છે તે દારૂપાન સમાન છે. (૧૩૯). તૂટેલાં પાત્રમાં અન્ન ના આપે તેમજ જમતાં જમતાં કૂતરાને, રજસ્વલા સ્ત્રીને તથા ચાંડાલને ન જુએ. (૧૪૦).

જમતાં જમતાં હલકી વર્ણનાનો અવાજ પણ સાંભળે નહિ અને કાને પડી જાય તો મોંમાં હોય તે અન્ન પણ થૂંકી નાંખીને તરત જ ઊઠી જાય. (૧૪૧). જ્યાં દળવાનો કે ખાંડવાનો અવાજ આવતો હોય ત્યાં અથવા ગાળાગાળી કે ઝઘડો થતો હોય તો એ ચાલતો હોય ત્યાં સુધી જમે નહિ. (૧૪૨). ઓળખતા ન હોઇએ એવી અપરિચિત વ્યક્તિને સાથે લઇને જમવા બેસવું નહિ. (બેસવું જ પડે તો) ભસ્મથી આંતરો કરી દેવાથી દોષ લાગતો નથી. (૧૪૩). કાળાં લૂગડાં પહેરેલી સ્ત્રીએ પીરસેલું અન્ન દોષકર છે. એ જ રીતે કચ્છ પહેર્યા વિના પીરસનારનું અન્ન પણ એંઠું અન્ન છે એમ માનવું. (૧૪૪). આવું માનીને જ્ઞાનીએ ભોજન કરવું. એંઠું અન્ન જમીન પર મૂકીને પછી આપોશાનનું કરવું. (૧૪૫).

જમ્યા પછીના આપોશનનું અડધું જળ એંઠાં અન્ન પર છાંટી, ઊઠીને બહાર જઇને તરત જ છ કોગળા કરવા. (૧૪૬). ત્યાર પછી હાથ અને મોં ધોવાં. તે (કોગળા કરતાં) પહેલાં (હાથ-મુખ) ધોવાથી દોષ લાગે છે. તર્જનીથી મુખ સાફ કરવાથી રૌરવ નરકની પ્રાપ્તિ થાય છે અને દેવોના રોષને પાત્ર બને છે. (૧૪૭). હાથ ધોઇને તરત જ દાંત સાફ કરીને શ્રેષ્ઠ બ્રાહ્મણે નૈઋત્ય દિશામાં પવિત્ર દર્ભ ફેંકી દેવો. (૧૪૮). હાથ પગ ધોઇને અને આચમન કરીને પછી તરત જ હાથમાં થોડું જળ લઇને આંખને લગાડવું નહિતર આંખનો રોગ થાય છે. (૧૪૯). પછી બે વાર આચમન કરીને, યોગ્ય મંત્ર ભણીને નાભિ પર હાથ ફેરવવો અને ફરી પાછું બે વાર આચમન કરવું. (૧૫૦).

પછી અગસ્ત્ય વગરે ઋષિનું સ્મરણ કરીને શ્રેષ્ઠ બ્રાહ્મણે અગ્નિ પર હાથ તપાવવા. (૧૫૧). જેના પિતા જીવતા હોય કે મોટો ભાઇ જીવતો હોય તેણે વસ્ત્રથી લૂછીને હાથ કોરા કરવા. (૧૫૨). પછી પોતાના શ્રીગુરુનું અને કુળદેવનું સ્મરણ કરવું. આ શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેની ભોજન વિધિ છે જે સુખ આપનારી છે. (૧૫૩).

બ્રાહ્મણે કહ્યું કે હે ગુરુજી ! કેવું અન્ન નહિ ખાવું તે વિષે પણ કહો. એટલે શ્રીગુરુએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તું સાંભળ. (૧૫૪).

વૈશ્વદેવ કર્યા વગરનું, બહુ ખારું અને ઘણા પાસેથી એકઠું કરીને રાંધેલું અન્ન ખાવું નહિ. વળી સફેદ રીંગણાં, લસણ, ડુંગળી, ગાજર, ખરાબ જગ્યાએ ઊગેલું, બિલાડીના ટોપ વગેરે અને વરસાદનું નવું પાણી- ત્રણ દિવસ સુધી વર્જ્ય ગણવામાં આવ્યાં છે. (૧૫૫-૧૫૬). નવી વિયાયેલી ગાયનું દૂધ દશ દિવસ સુધી પીવું નહિ. બળેલું અને નખ તથા વાળવાળું અન્ન ત્યજી દેવું. (૧૫૭). ગાય, ઉંદર કે બિલાડીએ મોં માંડ્યું હોય તે હંમેશાં વર્જ્ય છે. એ જ રીતે કૂકડાએ અભડાવ્યું હોય અથવા એંઠાંએ સ્પર્શ કરેલું હોય તે અન્ન વર્જ્ય છે. (૧૫૮). કડછીથી પીરસવાની વસ્તુ હાથથી પીરસે અથવા હાથથી પીરસવાનું કડછીથી પીરસે તો તે અન્ન પણ ત્યજી દેવું. (૧૫૯). તીખાં તમતમતાં તેમજ વાસી અન્નનો પણ તરત ત્યાગ કરી દેવો. દૂધ, ઘી કે તેલમાં પકવેલું અન્ન વાસી થતું નથી. (૧૬૦).

વડાં, લાડુ, ધાણી, ચણા, કંદમૂલ, પાપડ વગેરે કદી પણ વાસી થતાં નથી. (૧૬૧). જે બ્રાહ્મણ દૂધ, દહીં વગેરે વેચતો હોય તેના ઘરના અન્નનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો. તલના મિશ્રણવાળું અન્ન દિવસે જમવું પણ રાત્રે જમવું નહિ. (૧૬૨). આમળાં, ભૂરું કોળું, પટોળ-પંડોળાં, બીલાં અને મૂળા બ્રાહ્મણે પડવાના દિવસે ખાવાં નહિ. (૧૬૩). આઠમને દિવસે ઔદુંબરનું ફળ ખાવું નહિ, રાત્રે આમળાં ખાવાં નહિ. તેમાં પણ સાતમને રવિવારે તો ભૂલેચૂકે પણ ખાવાં નહિ. (૧૬૪). શુક્રવારે બીલાં અને શનિવારે શમીનું ફળ ખાવાથી લક્ષ્મી ઝડપથી જતી રહે છે. (૧૬૫). રાત્રે આમળાં ખાવાથી બુદ્ધિનો નાશ થાય છે અને સાતમને રવિવારે ખાવાથી ખાસ વીર્યનાશ થાય છે. (૧૬૬).

ભોજન પછી બ્રાહ્મણને ચૂનો, સોપારી સાથેનું પાન આપવું અને પોતે પણ ખાવું. (૧૬૭). પાનનું એક બીડું આપવાથી વ્યક્તિ સુખી થાય છે. બે બીડાં આપવાથી ફળ મળતું નથી. ત્રણ બીડાં આપનાર મહાન ભાગ્યશાળી ગણાય છે અને ચાર બીડાં દુ:ખ આપનાર ગણાય છે. પાંચ બીડાં આપવાથી પ્રજ્ઞા અને આયુષ્ય વધે છે જ્યારે કોઇને પણ છ બીડાં આપવાં નહિ કારણ કે એ મૃત્યુ ઉપજાવનાર મનાય છે. (૧૬૮-૧૬૯). પાનનું ડીચું કદી પણ ખાવું નહિ કારણ કે એ રોગ જન્માવનારું છે. આગળનો ભાગ ખાવાથી પાપનો નાશ થાય છે અને વધુ પાકી ગયેલું પાન ખાવાથી નુકસાન થાય છે. (૧૭૦). પાનની પાછળનો ભાગ (નસ) ખાવાથી બુદ્ધિનો નાશ થાય છે અને એકી સાથે બે પાન ખાવાથી ઐશ્વર્યનો નાશ થાય છે. (૧૭૧). પાન વિના એકલી સોપારી ખાનાર અપાર દુ:ખ પામે છે. સાત જન્મ સુધી દારિદ્રય ભોગવી અંતે અજ્ઞાનતાને પામે છે. (૧૭૨). બ્રહ્મચારી, સંન્યાસી, વિધવા અને રજસ્વલા સ્ત્રી જો પાન ખાય તો તે માંસ અને દારૂ ખાધા સમાન છે. (૧૭૩).

પછી બ્રાહ્મણે પુરાણ વગેરે સાંભળી સાંજે તરત વિધિપૂર્વક સાયંસંધ્યા કરી હોમ વગેરે કરવો. (૧૭૪). જો ભૂખ (ઇચ્છા) હોય તો મધ્યરાત્રિ પહેલાં દૂધના મિશ્રણવાળું અન્ન લેવું. રાત્રે કદી પણ ભારે અન્ન લેવું નહિ. (૧૭૫).

રાત્રે ત્રણ કલાક સુધી વેદનો અભ્યાસ કરે અને પછી બધાં કર્મો હરિને ખાસ અર્પણ કરીને રાત્રે વિધિપૂર્વક શયન કરે. (૧૭૬).

પીપળો, ઔદુંબર, પીપળી તથા હાથી દાંત અને હાડકામાંથી બનાવેલો ખાટલો અત્યંત નિંદાપાત્ર ગણ્યો છે. (૧૭૭). જૂના પુરાણા લાકડાનો અથવા ત્રણ પાયાનો ખાટલો પણ ઘણો દૂષિત ગણ્યો છે. આ સિવાયનું લાકડું સારા દિવસે લઈને પોતાને અનુકૂળ રહે એ રીતે યોગ્ય ખાટલો પ્રયત્નપૂર્વક તૈયાર કરવો. ધનિષ્ઠા, ભરણી અને મૃગ નક્ષત્રમાં ખાટલો તૈયાર કરવો નહિ. (૧૭૮-૧૭૯).

રવિવારે ખાટલો ભરવાથી ખૂબ લાભ થાય છે, સોમવારે ભરવાથી ખૂબ સુખ મળે છે, મંગળવારે ભરવાથી ઘણા દુ:ખી થવાય અને બુધે ભરવાથી હંમેશની પીડા રહે છે. ગુરુવારે ભરવાથી પુત્ર લાભ થાય છે. તેમાં પણ શુક્રવારે તો ખાસ (પુત્ર લાભ) થાય છે અને શનિવારે ભરવાથી મૃત્યુ યોગ થાય છે. આવું જાણીને ખાટલો ભરવો. (૧૮૦-૧૮૧).

ધીરગંભીર વ્યક્તિએ પોતાના ઘરમાં પૂર્વ દિશામાં માથું રાખીને, પ્રવાસમાં પશ્ચિમ દિશામાં માથું રાખીને અને સાસરામાં દક્ષિણ દિશામાં માથું રાખીને સૂવું. વિરુદ્ધ દિશામાં (ઉત્તર અથવા દિશાહીન અવ્યવસ્થિત) કદી સૂવું નહિ. (૧૮૨). (રાત્રે સૂતી વખતે) માથા પાસે પાણીનો લોટો રાખીને પછી રાત્રિ સૂક્ત ભણવું અને પછી વિષ્ણુનું ખાસ સ્મરણ કરવું. (૧૮૩). પછી અગસ્ત્ય, હરિ, મુચકુંદ, આસ્તિક ને કપિલ ઋષિનું સ્મરણ કરીને, પછી સાપની સ્તુતિ કરીને પછી સૂઇ જવું. (૧૮૪). જૂના પુરાણા મકાનમાં, ઝાડ નીચે, દેવ મંદિરમાં, દેવ સમક્ષ કે રસ્તામાં કદી સૂવું નહિ. (૧૮૫).

માતા-પિતા તથા ગુરુના શયન ખંડમાં, રાફડા પાસે, પાણી પાસે, જળાશયની આગળ, ઘોર (બીક લાગે તેવા) સ્થળે, સ્મશાનમાં, ભાંગ્યા-તૂટ્યા મકાનમાં, મીઠી વસ્તુ પાસે કે અનાજ પાસે સૂવું નહિ. (૧૮૬-૧૮૭). ગુરુની પાસે પલંગમાં કદી સૂવું નહિ. માથે કપડું વીંટ્યા વિના, નગ્ન અથવા ભીનાં વસ્ત્રે કદી પણ સૂવું નહિ. (૧૮૮). આકાશ નીચે સૂવું નહિ. દીવો બળતો હોય ત્યાં સૂવું નહિ. રજોદર્શન પહેલાં અને રજોદર્શન પછી ચાર દિવસ સુધી સ્ત્રી સાથે કદી સૂવું નહિ. જનોઇ કોટે (ગળે) પહેરીને સૂવું. સ્ત્રીની યોનિ જોવાથી આયુનો નાશ થાય છે. (૧૮૯-૧૯૦). માટે સ્ત્રીની સાથે સૂતી વખતે દીવો સળગતો રાખવો નહિ. સૂતી વખતે સ્ત્રીએ સફેદ વસ્ત્ર પહેરવાં. (૧૯૧). આસમાની રંગનું વસ્ત્ર પહેરેલી સ્ત્રીના સંગથી જે સંતાન થાય તે ચાંડાલ સમાન નિંદાપાત્ર છે તેથી સફેદ વસ્ત્ર શુભ ગણાયું છે. (૧૯૨). જ્યાં સુધી રજોદર્શન ના થયું હોય ત્યાં સુધી સંગ કરવો નહિ. ગર્ભાધાન સંસ્કાર કર્યા વિના સંગ કરવાથી દોષ લાગે છે. (૧૯૩). વંધ્યા, બહુ સંતાનવાળી કે ઘરડી સિવાયની બીજી સ્ત્રીને ઋતુકાળ દરમ્યાન છોડીને જે પતિ પરગામ જતો રહે છે તેને ગર્ભપાત (ગર્ભહત્યા)નું પાપ લાગે છે. કામવૃત્તિથી મુકત થયેલા વિરકતને આ દોષ લાગતો નથી. (૧૯૪-૧૯૫).

(રજસ્વલા થયાના) ચોથે દિવસે સ્ત્રી સંગ કરવાથી અલ્પ આયુષ્યવાળો પુત્ર થાય છે, પાંચમે દિવસે કન્યા થાય છે અને છઠ્ઠે દિવસે તંદુરસ્ત શરીરવાળો પુત્ર થાય છે. (૧૯૬). એકી દિવસમાં કન્યા અને બેકી દિવસમાં પુત્ર થાય છે. સોળ દિવસના આ ઋતુકાળ દરમ્યાન ચંદ્રબળ ખાસ જોવું. (૧૯૭). ડાહ્યા માણસે મૂળ, મઘા અને રેવતી નક્ષત્રમાં, તહેવારના દિવસે તથા દિવસ દરમ્યાન સ્ત્રી સંગ કરવો નહિ. (૧૯૮). પતિ-પત્ની બંનેએ આનંદમાં રહેવું અને ક્રોધ કરવો નહિ. વીર્યસ્રાવ વખતે જેવી વૃત્તિ હોય છે તેવો પિંડ થાય છે. (૧૯૯).

શ્રીગુરુએ બ્રાહ્મણને કહ્યું કે પરાશરમુનિએ ઋષિમુનિઓને આ શ્રેષ્ઠ દ્વિજાચાર પ્રેમથી કહ્યો હતો. (૨૦૦). આ પ્રમાણે જે કોઇ અહીં વર્તે છે તેને ક્યારેય પણ ગરીબાઇ આવતી નથી. એના ઘરમાં કામધેનુ અને લક્ષ્મી રહે છે અને દેવો પણ એને વંદન કરે છે. (૨૦૧). આવી વ્યક્તિ પુત્ર-પૌત્ર સાથે સો વરસ સુધી આનંદથી જીવે છે. એને મૃત્યુની બીક લાગતી નથી અને એ જ્ઞાની થાય છે. (૨૦૨). એને કાળમૃત્યુ જ ન રહે તો પછી અપમૃત્યુની તો વાત જ ક્યાં રહી? માટે આ પ્રમાણે જીવીને હે બ્રાહ્મણ ! તું સુખી થા. (૨૦૩).

શ્રીગુરુનાં વચન સાંભળીને એ ગુરુનાં ચરણમાં ઢળી પડ્યો અને કહેવા લાગ્યો કે મનુષ્યના શરીરમાં તું સાક્ષાત્ ત્રિમૂર્તિ જ છે. તારો આ ઉપદેશ પણ ધન્ય કરી દેનારો છે. (૨૦૪). કરુણાસાગર હે શ્રીગુરુ ! તું ભક્તો માટે જ અવતર્યો છે. તેં જ્ઞાન જ્યોતિને તેજસ્વી કરી અજ્ઞાનનું અંધારું દૂર કરી દીધું છે. (૨૦૫). આવું કહીને ગુરુનાં ચરણમાં ફરી પાછાં વંદન કર્યાં. સંતુષ્ટ થયેલા શ્રીગુરુએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તું શંકા કરીશ નહીં. (૨૦૬). મેં તને જે આચાર કહ્યો તે પ્રમાણે વર્તીને પરાન્ન ખાવાનું છોડી તું સુખેથી રહે. તારા ઘરમાં ગરીબાઇ રહેશે નહિ. (૨૦૭). તારા મનમાં જે જે ઇચ્છા થશે તે બધી ઇચ્છા પૂર્ણ થશે. પુત્ર-પુત્રીને પામીને અંતે તું મુક્તિ પામીશ. (૨૦૮). આવું વરદાન પામીને સંતુષ્ટ થઇને બ્રાહ્મણ ઘરે ગયો અને (શ્રીગુરુએ કહ્યા પ્રમાણે) કર્મ કરીને થોડા સમયમાં જ બધી ઇચ્છિત વસ્તુ પામ્યો. (૨૦૯).

સાચે જ શ્રીગુરુલીલા એવી પાવનકારી છે કે જે સાંભળવાથી ભલે મૂઢ હોય તો તે પણ સંસાર તરી જશે. (૨૧૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'આચારાધ્યાયે દ્વિજાચારકથન'** નામનો **એકાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૧

(૧) માનસ પૂજા શ્રેષ્ઠ, ઉત્તમ છે. યજ્ઞ, હવન કરવા માટે તૈયાર કરેલી વેદીની પૂજા મધ્યમ અને પ્રતિમાની પૂજા સૌથી હલકી કક્ષાની ગણી છે. વ્યક્તિ મનની એકાગ્રતા કરી, પૂજનમાં તનને બદલે મનને જોડે એ જરૂરી છે. તનથી થાય તે વેઠ જેવું પણ બને. મનથી થાય તે જ બરાબર-સમ્યક્ છે.

(૨) ગુરુની આજ્ઞા થાય તો બ્રાહ્મણ વેદોક્ત મંત્રથી પ્રતિમાનું પૂજન કરી શકે અને સ્ત્રી કે શૂદ્ર પૌરાણિક મંત્રથી પૂજન કરી શકે. ગુરુ આજ્ઞાથી લાકડાંની કે પથ્થરની પ્રતિમા પૂજે તો પણ એ દેવ બને છે. ટૂંકમાં ગુરુની આજ્ઞા

મુજબ જીવન જીવવાનું.

(૩) દોહરા ૩૧ થી ૩૫ અને ૪૭ થી ૪૯માં ષોડશોપચાર પૂજનની વિધિ છે અને તે પુરુષ સૂકતના-પુંસૂકતના-શ્લોકથી કરવાનું જણાવે છે.

ષોડશોપચાર એટલે સોળ ઉપચાર. એ સોળ ઉપચાર આ પ્રમાણે છે :-

૧. આવાહન ૨. આસન ૩. પાદ્ય ૪. અર્ઘ્ય ૫. આચમન ૬. સ્નાન ૭. વસ્ત્ર ૮. યજ્ઞોપવીત ૯. ગંધાક્ષત ૧૦. પુષ્પ ૧૧. ધૂપ ૧૨. દીપ ૧૩. નૈવેદ્ય ૧૪. તાંબૂલ (પાન), ફળ અને દક્ષિણા ૧૫. આરતી ૧૬.પુષ્પાંજલિ.

આ સોળ ઉપચારો પુરુષ સૂકતની ૧૬ ઋચાથી કરવા. (પુરુષસૂકત માટે જુઓ પાન નં. vi)

(૪) ભગવાનને જમાડવાના છે, ભગવાન જાતે જમી લેતા નથી. પાંચ ગ્રાસ મુદ્રા- પાંચ કોળિયા મોંમાં મૂકવાની મુદ્રા- કરતી વખતની વિધિ આ પ્રમાણે છે.

૧. પ્રથમ ગ્રાસ : ૐ પ્રાણાય સ્વાહા (પ્રાણ=પ્ર+આન). અંગૂઠો, તર્જની અને મધ્યમા.

૨. બીજો ગ્રાસ : ૐ અપાનાય સ્વાહા (અપાન=અપ+આન). અંગૂઠો, મધ્યમા અને અનામિકા.

૩. ત્રીજો ગ્રાસ : ૐ વ્યાનાય સ્વાહા (વ્યાન=વિ+આન). અંગૂઠો, અનામિકા અને કનિષ્ઠા(ટચલી આંગળી)

૪. ચોથો ગ્રાસ : ૐ ઉદાનાય સ્વાહા (ઉદાન=ઉત્+આન). અંગૂઠો, તર્જની અને કનિષ્ઠા.

૫. પાંચમો ગ્રાસ : ૐ સમાનાય સ્વાહા (સમાન=સમ+આન). અંગૂઠો અને બાકીની ચારેય આંગળી.



(૫)

મૌન ક્યાં અનિવાર્ય છે?	મૌન ન રાખીએ તો શું થાય?
(૧) સ્નાન કરતી વખતે	• સ્નાનનું ફળ વરુણદેવ હરી લે.
(૨) હોમ કરતી વખતે	• લક્ષ્મી જતી રહે.
(૩) જમતી વખતે	• અપમૃત્યુ થાય.
(૪) શ્રાદ્ધમાં	• દોષ લાગે-પ્રાયશ્ચિત કરવું પડે.
(૫) જપ કરતી વખતે	• દોષ લાગે-પ્રાયશ્ચિત કરવું પડે.

(૬) ધર્મમાં કહેલા નિયમો વૈજ્ઞાનિક છે. ફકત એ વિજ્ઞાન રજૂ કરવાનું છે. પાણી ઊભા ઊભા પીએ તો દારૂ પીએ છે એમ માનવું.

પાણી પીવાના નિયમો:

૧. ગરમીમાંથી આવીને તરત નહીં પીવું ૨. ઊભા ઊભા નહીં પીવું. ૩. એક ઘૂંટડે નહીં પીવું. ધીમે ધીમે પીવું. ૪. ફ્રિઝ-બરફનું પાણી નહીં પીવું.

બરફના ઠંડા પાણીને 'મરેલું પાણી' કહે છે. તે આપણી પાચન શક્તિ મારી નાખે છે. કોઇ ઝાડના મૂળ પાસે બરફની લાદી મૂકીએ તો ઝાડ કાળક્રમે મરી જાય છે.

(૭) આ દોહરામાં 'રંગ' વિશેનું વિજ્ઞાન છે. અત્યારે **'Colour Therapy'**નો વિકાસ થયો છે. દરેક રંગને એની વિશિષ્ટતા છે.લાલ રંગ 'દાહક' છે પરંતુ જો એને પીળા રંગનું બેક ગ્રાઉન્ડ મળે તો સોહામણો બને છે. હળદર-કંકુના રિવાજમાં પણ આ સમજ છે. ટ્રાફિક સિગ્નલમાં પણ પહેલાં લાલ પછી પીળી અને પછી લીલી લાઇટ હોય છે. લીલો રંગ તાજગી (**Freshness**) આપે છે અને તેથી લગ્ન સુખ માણતી વખતે સફેદ વસ્ત્ર પહેરવાં. એ વસ્ત્ર મંગલકારી છે. યુદ્ધમાં પણ શાંતિનો સંદેશો સફેદ વાવટાથી જ અપાય છે.

ધર્મની વાતોની ન તો હાંસી ઉડાડવી જોઇએ કે ન તો એનું જડતાથી આચરણ કરવું જોઇએ. જેનું પાલન શ્રેયકર જણાય તેનું અચૂક પાલન કરવું. જમતાં જમતાં અન્નનો દાણો અન્નનળીને બદલે શ્વાસનળીમાં જાય તો પછી શું થાય તે આપણે જાણીએ છીએ અને આ બન્ને નળી પાસે પાસે આવેલી છે. માટે મૌન રાખી-શાંતિથી-આનંદપૂર્વક જમવું. ક્રોધ કર્યા પછી ભૂખ મરી જાય છે. મન આનંદમાં હોય ત્યારે જ ભોજનમાં, ભજનમાં કે લગ્નજીવનમાં આનંદ આવે.

●

અધ્યાય : ૯૨

આ અધ્યાયનું નામ **'વિપ્રાન્નપૂરણ'** છે. આ અધ્યાયમાં **૯૨** દોહરા છે.

નિરંજને અલખગુરુને શ્રીગુરુએ કરેલી લીલાનું વર્ણન કરવાનું જણાવ્યું એટલે અલખે એને શાબાશી આપતાં કહ્યું કે તું શ્રેષ્ઠ શિષ્ય છે. તને ધન્ય છે. જે લીલા હું થોડીવાર માટે ભૂલી ગયો હતો તે તારે કારણે યાદ આવી ગઇ છે. (૧-૪).

ગાણગાપુરમાં આવીને ભાવિક ભકતો બ્રાહ્મણ ભોજન કરાવતા હતા. અનેક ભકતોના આવવાને લીધે રોજ જ બ્રહ્મભોજનનો કાર્યક્રમ ચાલતો હતો. બ્રહ્મભોજન વિનાનો એક પણ દિવસ ખાલી જતો ન હતો. (૫-૬).

એવામાં ભાસ્કર નામનો એક દરિદ્રી બ્રાહ્મણ શ્રીગુરુનાં દર્શને આવ્યો. એ ત્રણ જણા પૂરતું ભિક્ષાન્ન લઇને આવ્યો હતો. આવીને શ્રીગુરુને પ્રણામ કર્યા. ભકતોએ તેને જમવા બોલાવ્યો એટલે એ ભિક્ષા માટેનાં અન્નની પોટલી વસ્ત્રોથી ઢાંકી મઠમાં મૂકીને જમવા ગયો. રાત્રે માથા નીચે પોટલી મૂકીને સૂઇ જતો હતો. (૭-૧૧).

એ રોજ આમંત્રણ મળવાથી જમવા જતો હતો એટલે કેટલાક કપટી લોકોએ ઘણી ટીકા કરી. એની ટીકા તથા મશ્કરી સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે તું આજે મને ભિક્ષા કરાવ. આ સાંભળીને ભાસ્કર ખૂબ રાજી થયો અને ત્રણ જણની ભિક્ષા માટેની જરૂરી સામગ્રી લઇ આવ્યો. (૧૨-૨૨).

એક ભકતે ભિક્ષા કરાવવાની પોતાની ઇચ્છા જણાવી તો શ્રીગુરુએ તેને ના કહી. તેથી બ્રાહ્મણોને થયું કે આજનું ભોજન ગયું. એટલે શ્રીગુરુએ બધાંને કહ્યું કે આજે બધાં સહકુટુંબ અહીં જ જમજો. રસોઇ તૈયાર થઇ એટલે શ્રીગુરુએ ભાસ્કરને કહ્યું કે નદી પર જઇને બધા બ્રાહ્મણને આમંત્રણ આપી બોલાવી લાવ. ભાસ્કર બોલાવવા ગયો તો ભાસ્કરને બ્રાહ્મણોએ કહ્યું કે અમે નથી આવવાના. એટલે શ્રીગુરુએ બીજા માણસને બોલાવવા મોકલ્યો. શ્રીગુરુની આજ્ઞાથી ભાસ્કરે આરાધના કરતાં જમવા આવવાનું આમંત્રણ આપ્યું. શ્રીગુરુએ બધી રસોઇ પોતાની પાસે મુકાવી અને એના પર પોતાની છાટી ઢાંકવા આપી. ત્રણ જણાની રસોઇથી ચાર હજાર માણસો જમ્યા પછી પણ રસોઇ તો હતી તેટલી જ રહી. શ્રીગુરુએ એ વધેલી રસોઇ જળમાં નંખાવી જળચરને તૃપ્ત કર્યા. સાક્ષાત્ ત્રિમૂર્તિ એવા શ્રીગુરુ રીઝતાં શું ન થાય? (૨૩-૯૨).

વિનયપૂર્વક નમ્ર બનીને શિષ્ય નિરંજન ફરી પાછો બોલ્યો કે હે અલખજી ! હું આપને પ્રણામ કરું છું. આપ શ્રીગુરુની લીલા વિષે આગળ કહો. (૧). પેલા બ્રાહ્મણને કૃતાર્થ કર્યા પછી શું બન્યું? ગુરુનું માહાત્મ્ય સમજી ન શકાય એવું છે. આપ કૃપા કરીને એ બધું કહો. (૨).

અલખ બોલ્યા કે હે શિષ્ય શિરોમણિ ! શાબાશ ! તને ધન્ય છે. તારા કારણે મને પણ અનન્ય લાભ મળે છે. (૩). થોડીવાર માટે મને આ લીલાનું વિસ્મરણ થયું હતું. એ બધું મને પાછું યાદ આવ્યું છે. હું તને સુંદર

એવી અન્ય લીલા કહું છું. (૪). ભાવિક ભકતો શ્રીગુરુની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી ગાણગાપુરમાં આવીને બ્રહ્મભોજન કરાવતા હતા. (૫). ત્યાં અનેક ભકતો આવતા હતા અને રોજ જ બ્રાહ્મણ ભોજન ચાલતું હતું. (બ્રહ્મભોજન વિનાનો) એક પણ દિવસ ખાલી પડતો ન હતો. (૬).

કશ્યપ ગોત્રનો ભાસ્કર નામનો એક અતિશય ગરીબ બ્રાહ્મણ શ્રીગુરુનાં દર્શને આવ્યો. (૭). ગુરુને ભિક્ષા કરાવવાના હેતુથી ત્રણ જણા પૂરતી ઊંચા પ્રકારના ચોખા વગેરેની થોડી સામગ્રી લાવ્યો હતો. (૮). આવીને શ્રીગુરુનાં ચરણમાં ભક્તિભાવથી પ્રણામ કર્યા ત્યારે ભકતોએ એ (ભાસ્કર) બ્રાહ્મણને જમવા બોલાવ્યો. (૯). સામગ્રીની પોટલીને વસ્ત્રથી ઢાંકીને મઠમાં મૂકી એ બ્રાહ્મણ ભાવથી જમવા માટે ગયો. (૧૦). પોતાનું નિત્ય દૈનિક કર્મ કરીને, સાંજે મઠમાં આવીને, માથા નીચે પોટલી મૂકીને શાંતિથી ઘસઘસાટ ઊંઘી જતો. (૧૧). આ પ્રમાણે રોજ જ ચાલતું હતું અને એને રોજ જ જમવાનું આમંત્રણ મળતું હતું. બ્રહ્મભોજન કરાવવા માટે અસંખ્ય ભકતજનો આવતા હતા. (૧૨).

ભાસ્કર પ્રેમપૂર્વક રોજ ત્યાં જમવા જતો હતો એ જોઇને કપટી લોકો બોલવા લાગ્યા કે આ તો પેટભરુ છે. (૧૩). ગુરુને જમાડવા માટે આવ્યો છું એમ કહીને પોતાના દેહને પોષે છે. એક જણ માટેનું જરૂરી સીધું પણ લાવ્યો નહિ હોય તો પછી ગુરુના તો અનેક શિષ્યો છે એની સમારાધના કેવી રીતે કરશે? એને (ભિક્ષા કરાવવા આવ્યો છું) એવું બોલતાં શરમ પણ આવતી નથી. (૧૪-૧૫).

એકે કહ્યું કે અલ્યા ભિખારી ! આજે જાતે રાંધીને તું બધાને માધુકરી આપ. આમ રોજ મફતનું જમતાં તને લાજ શરમ નથી આવતી? (૧૬). હરામ (મફત)નું ખાઇને અહીં ગધેડાની જેમ પડી રહ્યો છે અને પાછો કહે છે એમ કે હું સમારાધના કરીશ. તારું મોઢું જરા આ બાજુ કર.① (૧૭). આમ અનેક રીતે બ્રાહ્મણો એની મશ્કરી કરતા હતા. આ બધું સહન કરીને પણ ભાસ્કર ત્યાં ત્રણ મહિના રહ્યો. (૧૮).

આમ ત્રણ માસ વીતી ગયા એટલે એક દિવસ મશ્કરી સાંભળીને કૃપાસાગર શ્રીગુરુએ એને તરત જ પોતાની પાસે બોલાવીને જાતે કહ્યું કે હે સુવિપ્ર ! તું આજે જાતે રસોઇ બનાવીને મને જમાડ.② (૧૯-૨૦).

શ્રીગુરુનાં આવાં વચનો સાંભળીને બ્રાહ્મણને ખૂબ આનંદ થયો. ગુરુ ચરણમાં વંદન કરીને પછી એ દુકાને ગયો અને બે જાતનાં શાક તથા લગભગ અઢી શેર (એક કિલો ૨૦૦ ગ્રામ) જેટલું ઘી લઇ આવ્યો અને પછી સ્નાન કરીને પવિત્ર થઇને રસોઇ કરવા લાગ્યો. (૨૧-૨૨). એ સમયે બીજા એક ભકતે આવીને શ્રીગુરુને કહ્યું કે હે શિવસ્વરૂપ ! મેં બધી તૈયારી કરી છે. આજે મારી ભિક્ષા સ્વીકારો. (૨૩). એટલે શ્રીગુરુએ કહ્યું કે આજે તમારી ભિક્ષા નહિ. આ સાંભળીને બીજા બ્રાહ્મણો બોલ્યા કે "લો ! આજનું મિષ્ટાન્ન ગયું. કોણ અભાગિયો શ્રીગુરુ પાસે પહોંચી ગયો હશે? ચાલો હવે ઘરે જઇએ." એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે ઘરે જશો નહિ. આજે બધા કુટુંબ સાથે અહીં જ જમજો. (૨૪-૨૫).

બ્રાહ્મણોએ વિચાર્યું કે મઠમાં અહીં સીધું સામાન હશે એટલે શ્રીગુરુ રસોઇ બનાવડાવીને બધાંને જમાડશે. (૨૬). આવું વિચારીને હા કહીને બધા બ્રાહ્મણો સ્નાન કરવા માટે ગયા એટલે શ્રીગુરુએ ભાસ્કરને કહ્યું કે બરોબર રસોઇ બનાવ. (૨૭). આજે ઘણા બ્રાહ્મણોને બોલાવ્યા છે એટલે બહુ વાર ના લગાડીશ. "જી, ગુરુજી"

એમ કહીને એ ઝડપથી રસોઇ કરવા લાગ્યો. (૨૮). થોડી જ વારમાં શ્રીગુરુ પાસે આવીને કહ્યું કે હે ગુરુજી ! રસોઇ તૈયાર છે. એટલે શ્રીગુરુએ કહ્યું કે જા બ્રાહ્મણોને નોતરું આપી આવ. (જમવા બોલાવી લાવ.) (૨૯).

ભાસ્કર બ્રાહ્મણ નદી કિનારે આવ્યો અને બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે મેં રસોઇ તૈયાર કરી દીધી છે અને શ્રીગુરુરાય બધાંને બોલાવે છે. (૩૦). એ સાંભળીને બ્રાહ્મણો બોલ્યા કે આટલા બધાની રસોઇ તૈયાર કરતાં તો હંમેશાં સાંજ પડે છે. જા અમે જમવા નથી આવવાના. તું આજે ગુરુજીને જમાડી દે. (૩૧). આવાં વચનો સાંભળીને ભાસ્કર બ્રાહ્મણ શ્રીગુરુ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે એ બ્રાહ્મણો તો આવવાની ના કહે છે અને કહે છે કે અમે અમારા ઘરે જમશું. આવું બોલીને મારી મશ્કરી કરે છે. આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હું તો બ્રાહ્મણો સાથે આજે પંગતમાં બેસીને જ ભિક્ષા લઇશ. (૩૨-૩૩). બધા બ્રાહ્મણોની સાથે મને ભિક્ષા આપશે તો જ હું તારી ભિક્ષા આનંદથી સ્વીકારીશ, નહિ તો નહિ સ્વીકારું. (૩૪). એટલે ભાસ્કર બોલ્યો કે હે ગુરુજી ! આપ જેમ કહેશો તેમ હું કરીશ. તમારાં વચન મારે શિરોમાન્ય છે. હું બ્રાહ્મણોની સાથે તમને ભિક્ષા આપીશ. (૩૫).

આમ કહીને એ મનોમન વિચારવા લાગ્યો કે આ સાક્ષાત્ ત્રિમૂર્તિએ જ અવતાર ધારણ કર્યો છે. એ શું કરવા માગે છે એની કોને ખબર? એ બુદ્ધિના સ્વામી પોતાનું બોલેલું સત્ય કરશે ! (૩૬). આવું વિચારીને હાથ જોડીને એ ફરી બોલ્યો કે હે સ્વામી ! હું એમને આમંત્રણ આપું છું તો એ લોકો હસીને મારી મશ્કરી કરે છે અને કહે છે કે જા, અમે નથી આવવાના. (૩૭). ત્યાં શ્રીગુરુએ બીજાને બોલાવીને કહ્યું કે મારી આજ્ઞાથી તું ત્યાં જા અને બધાંને જમવા માટે જલદીથી તેડી લાવ. (૩૮). તરત જ દોડીને શિષ્ય નદી પર ગયો અને શ્રીગુરુની આજ્ઞા કહી સંભળાવી. એટલે બધા બ્રાહ્મણો સ્નાન કરીને મઠમાં આવી પહોંચ્યા. (૩૯). શ્રીગુરુએ એમને કહ્યું કે હવે જલદી પતરાળાં માંડો. હે બ્રાહ્મણો ! આજે તમે બધા સહકુટુંબ અહીંયાં જ જમજો. (૪૦).

તમે બધા અહીં ઝડપથી ચાર હજાર પતરાળાં મૂકો એમ કહીને શ્રીસદ્‌ગુરુએ ભાસ્કરને કહ્યું કે તું આ બધાને જલદી જલદી પ્રાર્થના કરીને કહે કે હું આજે શ્રીગુરુની આરાધના કરું છું તો હે બ્રાહ્મણો ! તમે બધા તમારાં કુટુંબ સાથે જમવા પધારો. (૪૧-૪૨). શ્રીગુરુની આજ્ઞા મુજબ એણે બધા બ્રાહ્મણોને પ્રાર્થના કરી એટલે એ સાંભળીને બ્રાહ્મણો એની મશ્કરીરૂપે 'ખી ખી' એવું હસતાં હસતાં બોલ્યા કે તું કયાં બધાને આમંત્રણ આપે છે? (૪૩). દરેકને એક એક દાણો આપવાની પણ તારી શક્તિ નથી તો પણ બધાને નોતરું આપતાં તને લાજ શરમ પણ કેમ નથી આવતી? (૪૪). વૃદ્ધ બ્રાહ્મણોએ બધાને કહ્યું કે તમે લોકો નાહક આની નિંદા ના કરો. એ તો શ્રીગુરુની આજ્ઞાવશ બધાને નોતરે છે. એમાં એનો જરી પણ દોષ નથી. (૪૫).

આ સાંભળી બધાએ હા કહીને પતરાળી માંડી એટલે ભાસ્કરે શ્રીગુરુનું યોગ્ય ઉપચારથી પૂજન કર્યું. (૪૬). ભક્તિભાવથી આરતી સહિત પૂજન-અર્ચન કર્યું એટલે શ્રીગુરુએ એને કહ્યું કે તું પતરાળાં મૂક અને બધી રસોઇ મારી પાસે લાવ. આ સાંભળતાંની સાથે બ્રાહ્મણે તરત જ બધી રસોઇ શ્રીગુરુ પાસે મૂકી. (૪૭-૪૮). શ્રીગુરુએ તરત જ પોતાની છાટી એને આપીને કહ્યું કે મારા વસ્ત્રથી તું આ બધી રસોઇ વ્યવસ્થિત રીતે ઢાંકી દે. (૪૯). એ બ્રાહ્મણે કહ્યા પ્રમાણે ઢાંકી દીધું એટલે શ્રીગુરુએ અભિમંત્રિત કમંડળુજળથી બધી રસોઇ પર ક્ષણ માત્રમાં પ્રોક્ષણ કર્યું. (૫૦).

અધ્યાય : ૯૨

પછી ભાસ્કરને કહ્યું કે વસ્ત્રની નીચેથી પાત્રોમાં અન્ન લઇને બધાંને ઝટ ઝટ પીરસવા માંડ. (૫૧). અન્ય પાત્રમાં ઘી વગેરે લઇને બ્રાહ્મણોને માગ્યા પ્રમાણે પીરસ. તું કોઇ વિચાર કરીશ નહિ. (૫૨). અનેક પાત્રો લઇને ભાસ્કર ત્યાં પીરસવા લાગ્યો. આ જોઇને બધાંને ખૂબ આશ્ચર્ય થયું અને લોકો તો જોતા જ રહી ગયા. (૫૩). ગુરુએ આજ્ઞા કરી એટલે બીજા પણ એકદમ પીરસવા ઊઠ્યા. બધાએ ઉત્સાહપૂર્વક પીરસવા માંડ્યું પરંતુ અન્ન ખૂટતું ન હતું. (૫૪). અન્નનાં પાત્રો ભરી ભરીને, ફરી ફરીને લઇ જવા લાગ્યા. ઘી પણ કૂંડાં ભરીને પીરસવા લાગ્યા. શ્રીગુરુ પ્રસન્ન થઇ ગયા. (૫૫).

શ્રીગુરુ સહિત બધા જ ત્યાં જમવા બેઠા. ઝડપથી પીરસણ થવા લાગ્યું. ભાસ્કરે બધાંને પ્રાર્થના કરતાં કહ્યું કે થોડું મોડું થયું છે તો મને માફ કરજો. આપ સહુ થાક્યા પણ છો. તમોને જે જોઇએ તે નિ:સંકોચ માગી લેજો અને બધા શાંતિથી અને સ્વસ્થતાથી જમો. (૫૬-૫૭). આ રીતે બધાને જાતે વિનંતી કરીને પછી તરત જ ઘી પીરસવા લાગ્યો. બ્રાહ્મણોએ કહ્યું કે બસ ! ભાઇ ! બસ કર ! આજે તો આકંઠ તૃપ્તિ થઇ ગઇ. (૫૮). શાક, મિષ્ટાન્ન, દહીં, સાકર, વડાં, રાઇતાં વગેરે જેટલું જોઇએ તેટલું પીરસતાં ત્યાં બધા જ બ્રાહ્મણો તૃપ્ત થયા અને હાથ મોં ધોયાં અને એંઠાં પતરાળાં ફેંકી દઇને ક્ષણવારમાં બધું સાફ કરી નાંખ્યું. (૫૯-૬૦).

પછી ભાસ્કરે બધાંને પાનનાં બીડાં આપ્યાં. એટલે શ્રીગુરુ બોલ્યા કે હે બ્રાહ્મણ ! જે સ્ત્રી તથા બાળકો હજી જમવાનાં બાકી રહ્યાં છે તેને જલદીથી જમવા માટે નોતર. (૬૧). સમગ્ર દ્વિજસમાજ જમી ગયો એટલે શ્રીગુરુ બોલ્યા કે જા, ગામમાં જઇને ગામના બધા શૂદ્રોને બોલાવી લાવ. (૬૨). તે બધાને તેડી આણ્યા અને જમાડીને તૃપ્ત કર્યા પછી શ્રીગુરુ બોલ્યા કે હવે કોણ બાકી રહ્યું? એટલે ભાસ્કરે કહ્યું કે અંત્યજો બાકી રહ્યા છે. (૬૩). શ્રીગુરુએ પ્રસન્ન થઇને કહ્યું કે એમને બોલાવીને સ્ત્રી તથા પુત્ર સહિત જોઇએ તેટલું ખાવાનું આપીને તેમને પણ તૃપ્ત કરો. (૬૪). આમ ગુરુની આજ્ઞા મુજબ બધાંને બોલાવીને જોઇએ તેટલું ખાવાનું આપ્યું અને બધાંને રાજી રાજી કરી દીધાં. (૬૫).

ગામમાં કોઇ ભૂખ્યું રહ્યું નહિ અને બધાને સંતોષ થઇ ગયો. એટલે શ્રીગુરુએ કહ્યું કે ગામમાં રાજી થઇને સાદ પડાવો કે હજી પણ કોઇ ભૂખ્યો રહી ગયો હોય તો તે જમવા માટે આવે. શ્રીગુરુની આજ્ઞા મુજબ બ્રાહ્મણે એ પ્રમાણે કર્યું. (૬૬-૬૭). પ્રાણીમાત્ર ભૂખ્યું નથી એની ખાતરી કર્યા પછી ગુરુએ કહ્યું કે ભાસ્કર ! હવે તું પ્રેમથી જમી લે. (૬૮). એ બ્રાહ્મણે પણ જમી લીધું. એટલે ત્યાં શ્રીગુરુએ પૂછ્યું કે હવે રસોઇ જોઇને બોલ કે કેટલું વધ્યું છે? (૬૯). ભાસ્કરે કહ્યું કે હે ગુરુદેવ ! પહેલાં જેટલું હતું તેટલું જ હજી વધ્યું છે. એટલે શ્રીગુરુએ કહ્યું કે જા ! એ બધું જઇને જળમાં પધરાવી દે અને બધાં જળચરને યોગ્ય રીતે તૃપ્ત થવા દે. બ્રાહ્મણે તરત જ કહેવા પ્રમાણે કર્યું. બધાને પરમ આશ્ચર્ય થયું. (૭૦-૭૧).

તે દિવસે ત્યાં ચાર હજાર માણસ જમ્યું. બધા લોકોને ખૂબ નવાઇ લાગી. તેઓ અંદરોઅંદર વાત કરવા લાગ્યા કે આ કેવી નવાઇની વાત ! થોડી રસોઇમાં અપાર માનવ સમુદાય જમ્યો. આ સાંભળીને દંગ થઇને બધા કહેવા લાગ્યા કે આવું કોઇ દિવસ જોયું નથી. (૭૨-૭૩). બીજા કેટલાક કહેવા લાગ્યા કે શ્રીનૃસિંહસરસ્વતી સ્વયં પુરાણ પુરુષ છે. એમણે ખરેખર અન્નપૂર્ણાને બોલાવી હશે. એમાં શું નવાઇ જેવું છે? (૭૪). બીજું કોઇ બોલ્યું કે

પહેલાં મહાભારતમાં એવી કથા સાંભળી હતી કે પાંડવોના ઘરે દુર્વાસા ઋષિ પોતાના શિષ્યોના સંઘ સાથે આવ્યા હતા ત્યારે દ્રૌપદીએ પોતાના સત્ત્વભંગના ભયથી યદુપતિ ભગવાન કૃષ્ણને પ્રાર્થના કરી હતી અને એ ભકતોનો મિત્ર દોડ્યો હતો અને તરત જ જરૂરી અન્નની વ્યવસ્થા કરી હતી. પરંતુ આ તો સાંભળ્યું હતું જ્યારે અહીં તો આ અપૂર્વ એવી લીલા નજરોનજર જોવા મળી હતી. (૭૫-૭૭). ભલે એ દંડધારી માનવ સમા દેખાય પરંતુ સાચે જ ! એ ત્રિમૂર્તિનો સાક્ષાત્ અવતાર છે. અરે ! આ સામાન્ય માનવી નથી. એના અપાર મહિમાને કોણ જાણી શકે એમ છે? (૭૮). જે કોઇ એને મનુષ્ય સમજશે તે નરકમાં જ જશે. શ્રીગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. એના ગુણનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી. (૭૯).

ત્રણ જણા પરાણે જમે એટલી સામગ્રી હતી. એમાંથી ચાર હજાર માનવીને જમાડ્યા. એ સાક્ષાત્ ઇશ્વર નહિ હોય તો આવું કેવી રીતે બની શકે? (૮૦). વળી એક બીજું અચરજ પણ સહુએ સગી આંખે જોયું હતું કે સતીના મરી ગયેલા પતિને ફરીથી જીવતો કર્યો હતો. (૮૧). સંન્યાસી ત્રિવિક્રમભારતીને કેવું વિશ્વરૂપ દર્શન કરાવ્યું હતું? એના અનુપમ મહિમાનું કોણ વર્ણન કરી શકે? (૮૨). ભિક્ષા માટે ગયા ત્યાં વાંઝણી ભેંસને દોહરાવીને દૂધ કઢાવ્યું અને હલકી જાતિના માણસના મુખે વેદો બોલાવ્યા હતા. (૮૩). કેટલા રોગીઓને માત્ર દર્શન દઇને જ સાજા કરી દીધા હતા? આવી તો ચિત્ર-વિચિત્ર અનેક લીલાઓ એમણે કરી છે. (૮૪).

આવો સમર્થ બીજો કોણ છે? નક્કી, ખરેખર એ ત્રિમૂર્તિ દેવ જ છે. એ દર્શનમાત્રે ભકતની ઇચ્છા પૂરી કરી દે છે. (૮૫). દેવની આરાધના કરીએ તો દેવ પણ મદદ કરવામાં વાર લગાડે છે. પરંતુ અહીં તો મદદ કરવામાં પળવારનો પણ વિલંબ થતો નથી. એ ખરેખર સાક્ષાત્ ઇશ્વર જ છે. (૮૬). લોકો આ રીતે અંદરોઅંદર વાતો કરતા હતા અને એને ચમત્કાર માનતા હતા. આ બધાથી શ્રીગુરુની ત્રિભુવનમાં પ્રસિદ્ધિ થઇ ગઇ. (૮૭). પછી ત્યાં ભાસ્કરને શ્રીગુરુએ આશિષ આપતાં કહ્યું કે હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! તું સ્ત્રી, પુત્ર અને લક્ષ્મી સહિત અહીં સુખી થા.③ (૮૮).

હે શિષ્ય નિરંજન ! શ્રીગુરુનું ચરિત્ર આવું દિવ્ય છે અને પરિણામે અનેક લોકો ત્યાં એમના શિષ્ય થયા. (૮૯). દૂર દૂરથી આવીને એમની નિત્ય નિરંતર સેવા કરતા હતા. એમની નિષ્ઠા જોઇને શ્રીગુરુ જલદીથી પ્રસન્ન થતા હતા. (૯૦). શ્રીગુરુ દુખિયાના બેલી છે અને કલ્પવૃક્ષ સમાન છે. એ ભકતને કદી ભૂલતા નથી. રંગને એના પ્રમાણ તરીકે માનો. (૯૧). બધા તર્ક-કુતર્ક છોડીને રાત દિવસ એને જ ભજો (એની જ સેવા કરો). ગુરુ સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે. એ પ્રસન્ન થતાં શું ન આપે? (૯૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વિપ્રાન્નપૂરણ'** નામનો **બાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૨

(૧) નબળી આર્થિક સ્થિતિવાળો પરંતુ અડગ નિષ્ઠાવાળો ભાસ્કર નામનો ગરીબ વિપ્ર ગુરુને ભિક્ષા કરાવવા આવ્યો હતો. રોજ રોજ સમારાધના કરાવનાર હોવાથી બધાની સાથે એ જમતો હતો. બીજા બ્રાહ્મણોની આંખમાં અને વાણીમાં ભાસ્કર પ્રત્યે કેવું ઝેર છે એ દોહરા ૧૪ થી ૧૭માં સરસ રીતે દર્શાવ્યું છે. આવા કુટિલજનો કેવળ શ્રીનૃસિંહસરસ્વતીના જમાનામાં જ હતા એવું નથી. બીજાનું જમનાર પ્રત્યે પણ આવો દ્વેષ જન્મે તો એ વ્યક્તિનું વ્યક્તિત્વ કેટલું હલકું કહેવાય?

(૨) શ્રીગુરુને ભકત માટે કેટલો પ્રેમ હોય છે કે એમણે ભાસ્કરની મશ્કરી સાંભળીને સામેથી કહ્યું કે તું મને આજે ભિક્ષા કરાવ અને પછી બધા બ્રાહ્મણોને અને આખા ગામને જમાડીને એમણે જે લીલા કરી એમાં ભાસ્કરના શ્રેષ્ઠ ગુરુભાવનો સ્વીકાર છે. જ્યારે શ્રીગુરુ ભકતનું ઉપરાણું લઇને એની મદદે દોડે ત્યારે એ ધન્ય ભકતનું સ્મરણ પણ આપણને પાવન કરી દે છે. "ભકતાધીનો ભાવનરૂપો ગુરુરાધ:" એવું દત્તપ્રણતિમાં પૂ.બાપજીએ જે લખ્યું છે તે આવા પ્રસંગોને જ પ્રગટ કરે છે.

(૩) શ્રીગુરુએ કુટિલજનોની મશ્કરીના જવાબરૂપે લીલા તો કરી જ પરંતુ ભાસ્કરને માગ્યા વગર આશીર્વાદ આપ્યા. આશીર્વાદમાં કહ્યું કે તું સ્ત્રી તથા પુત્ર સાથે સુખી થા. તું લક્ષ્મીવાળો થા અને તું બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ થા. પોતાના કરતાં પણ પોતાના ભકતો ગુરુને વધારે વહાલા હોય છે એનો આ પુરાવો છે. "સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહીં" એ ન્યાયે આપણે પણ પૂ. બાપજી પ્રત્યે અને વિશ્વ પ્રત્યે ભાવનાત્મક જીવન જીવીએ તો પછી બાકીનું તો પૂ.બાપજી સંભાળી લેશે. **"જે અવધૂતને સંભારે, અવધૂત તેને સંભાળે"**.

●

અધ્યાય : ૯૩

આ અધ્યાયનું નામ **'વંધ્યાપુત્રપ્રદાન'** છે. આ અધ્યાયમાં **૧૬૦** દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે સાઠ વરસની વાંઝણી સ્ત્રી પુત્રને જન્મ આપે છે એ લીલાકથા હવે તું સાંભળ. આપસ્તંબ શાખાનો શૌનક ગોત્રનો સોમનાથ નામે એક બ્રાહ્મણ હતો. ગંગા નામે એની પતિવ્રતા સ્ત્રી હતી. ગંગાને સાઠ વરસ થવા છતાં સંતતિ ન હતી. (૧-૪).

પતિસેવામાં રચીપચી ગંગા નિત્ય શ્રીગુરુમહારાજનાં દર્શને આવતી અને એમની પૂજા કરી આરતી ઉતારતી. એક દિવસ શ્રીગુરુએ પ્રસન્ન થઇને પૂછ્યું કે તારા મનની શી ઇચ્છા છે? એણે વંધ્યા સ્ત્રીના જીવનની દુ:ખની કહાણી કહીને કહ્યું કે હવે આ જન્મે તો સંતાન નહિ થાય પરંતુ આવતા જન્મે સંતાન થાય એવા આશીર્વાદ આપો. (૫-૨૦).

શ્રીગુરુએ કહ્યું કે આવતા જન્મમાં બધું કોણ યાદ રાખે? તને આ જ જન્મમાં દીકરી તથા દીકરો થશે. ગંગાએ કહ્યું કે અશ્વત્થ (પીપળા)ની તો બહુ પૂજા કરી પણ તેનાથી કાંઇ વળ્યું નહિ પરંતુ તમારી કૃપાથી સંતાન થશે એમ જણાય છે. શ્રીગુરુએ કહ્યું કે અશ્વત્થની પૂજા કદી નિષ્ફળ જતી નથી. હવે તું મારી સાથે અશ્વત્થની પૂજા કરીને સંતતિ પ્રાપ્ત કર. (૨૧-૩૬).

પછી શ્રીગુરુએ ભીમા-અમરજાના સંગમે આવેલા અશ્વત્થનું પૂજન કરવા કહ્યું અને ગંગાની વિનંતીને માન આપી અશ્વત્થનો મહિમા કહ્યો. (૩૭-૧૦૩).

શ્રીગુરુને પગે લાગીને ગંગા ઊઠી અને એમના જણાવ્યા મુજબ સંગમે જઇ અશ્વત્થનું પૂજન-અર્ચન કરવું શરૂ કર્યું. સ્વપ્નમાં થયેલા આદેશ મુજબ શ્રીગુરુની પ્રદક્ષિણા કરી એમણે આપેલાં બે ફળોનું ભક્ષણ કર્યું. (૧૦૪-૧૧૭).

શ્રીગુરુની કૃપાથી એ રજસ્વલા ધર્મમાં આવી અને થોડા સમયમાં એને એક દીકરી જન્મી અને પછી દીકરો પણ જન્મ્યો. શ્રીગુરુએ એ કન્યાને પોતાના હાથમાં લઇને એના ઉજ્જવળ ભવિષ્યનું કથન કર્યું. (૧૧૮-૧૫૬).

શ્રીગુરુની લીલાનું વર્ણન કરતું આ શ્રીગુરુલીલામૃત જન્મમરણને-સંસારને- પેલે પાર લઇ જાય છે. (૧૫૭-૧૬૦).

અલખ કહે છે કે હે સુધન્ય શિષ્ય ! સાઠ વરસની વાંઝણી સ્ત્રીએ સુપુત્રને જન્મ આપ્યો એ લીલા તું આગળ સાંભળ. (૧). શૌનક ગોત્ર અને આપસ્તંબ શાખાનો સોમનાથ નામે એક વેદ જાણનારો બ્રાહ્મણ હતો. (૨). એ હંમેશાં પ્રેમથી શાસ્ત્રોક્ત કર્મ કરતો હતો. એની ગંગા નામે પતિવ્રતા સ્ત્રી હતી. (૩). એને સાઠ વરસ થવા છતાં

સંતાન થયું ન હતું અને ગામમાં વંધ્યા તરીકે ખૂબ જાણીતી હતી. (૪). પતિ સેવામાં રચીપચી રહેનારી, ભોળી અને ભાવિક એવી એ શ્રદ્ધાપૂર્વક શ્રીગુરુના નિત્ય નિયમિત દર્શન કરતી હતી. (૫).

ધૂપ, દીપ વગેરે યથોપચારથી શ્રીગુરુની પૂજા કરીને પછી પ્રેમથી આરતી કરતી હતી. આ રીતે ઘણો સમય પસાર થયો. (૬). એક દિવસ એના પર પ્રસન્ન થઇને શ્રીગુરુએ પૂછ્યું કે હે બ્રાહ્મણ સ્ત્રી ! તું અહીં રોજ કેમ આવે છે? અને રોજ કેમ આરતી વગેરે કરે છે? તું આ કષ્ટ કેમ ઉઠાવે છે? તારા મનની શી ઇચ્છા છે તે કહે. (૭-૮). તારા મનમાં જે ઇચ્છા હોય તે તું ખુલ્લા દિલે વિગતે કહે. શ્રીગુરુની કૃપાથી ભગવાન એ ઇચ્છા પૂરી કરશે. (૯). શ્રીગુરુનું એવું વચન સાંભળીને પગે લાગીને એ બોલી કે હે ગુરુરાયા ! 'પુત્ર ન હોય તેની સદ્‌ગતિ થતી નથી' એવું બધાં શાસ્ત્રો કહે છે. (૧૦).

'વંધ્યા સ્ત્રીનું મોં જોવું નહિ' એવું લોકો કહે છે. "હું મહાદોષથી ભરેલી એવી પાપી છું", આવું કહીને લોકો મારી ટીકા કરે છે. (૧૧). જે સ્ત્રીની કુખેથી સંતાન જન્મતું નથી તેનો જન્મ ફોગટ ગણાય છે. પિતૃલોકમાં બંને કુળના પિતૃઓ મુક્તિ માટે રાહ જુએ છે. (૧૨). પિતૃઓને હંમેશાં એવી ઝંખના રહેતી હોય છે કે અમારા કુળમાં પુત્ર થતાં એ દુર્ગતિમાંથી અમારો ઉદ્ધાર કરશે. (૧૩). જેના ઘરમાં પુત્ર નથી તે ઘર ઘર નથી પણ સ્મશાન છે એમ સમજવું. એને માટે જંગલ બહુ દૂર નથી. ઘર જંગલ સમાન જ છે. (૧૪). સાધ્વી સ્ત્રીઓ રોજ નાના બાળકને આંગળીથી ઝાલીને પ્રેમથી રમાડતી રમાડતી સ્નાન માટે આવે છે. (૧૫). આનંદથી પોતાની કેડે ઊંચકીને બધી કિલ્લોલ કરતી હોય છે. પરંતુ મારા નસીબમાં એ સુખ નથી. કમનસીબ એવી હું તદ્દન નકામી છું. (૧૬). કેડે ઊંચકવા માટે મારે બાળક નથી. મારા કમનસીબને ધિક્કાર છે. મારે પુત્ર કે પુત્રી કાંઇ નથી. મારો જન્મ નિરર્થક છે. (૧૭). પુત્ર વિના પરલોક મળતો નથી. પિંડ આપનાર કોઇ ન હોવાથી પિતૃઓની અધોગતિ થાય છે. મને ધિક્કાર છે. (૧૮). હે ગુરુજી ! મારાં સાઠ વરસ પાણીમાં ગયાં. હવે મારે જીવવું નથી. હે તાત ! હવે પછીનો જન્મ મંગલમય થાય એવું વરદાન આપ. (૧૯). હવે પછીના જન્મમાં પુત્રવતી થાઉં એવી એક જ ઇચ્છા મનમાં રહી છે. એમ બોલીને તે પગે પડી.① (૨૦).

એનાં એવાં વચન સાંભળીને શ્રીગુરુ ત્યારે હસ્યા અને કહ્યું કે ભાવિની કોને ખબર છે? અને હવે પછીના જન્મમાં યાદ પણ શી રીતે રહે? (૨૧). તું અહીં આવીને હંમેશાં ભક્તિભાવથી આરતી કરતી હતી એનાથી હું પ્રસન્ન થયો છું. જા, તને પુત્રી અને પુત્ર એમ બંને થશે અને એ પણ આ જન્મે જ થશે એમાં તું શંકા લાવીશ નહિ. આવું શ્રીગુરુ પ્રેમથી બોલ્યા. સતીએ તરત જ વંદન કર્યાં અને સાડીના પાલવે ગાંઠ વાળી અને બે હાથ જોડીને કહેવા લાગી કે હે દયાના સાગર શ્રીગુરુ ! હું તારા બોલને વધાવી લઉં છું.② (૨૨-૨૪). પરંતુ મને સાઠ વરસ થઇ ગયાં છે. હવે મને અટકાવ પણ આવતો નથી. તો પછી હે પ્રભુ ! પુત્ર કેવી રીતે થશે? મારો ભાવ પવિત્ર છે. (૨૫).

મેં પુત્રપ્રાપ્તિ માટે વિવિધ પ્રકારનાં વ્રતો કર્યાં અને અનેક તીર્થો સેવ્યાં. પ્રેમથી પીપળાનું પૂજન પણ કર્યું. પરંતુ એ બધું નિષ્ફળ નીવડ્યું. (૨૬). બધાએ કહ્યું કે તું પીપળાની પ્રદક્ષિણા કર. એનાથી તારી ઇચ્છા ફળશે અને તને પુત્ર પણ થશે. (૨૭). લોકોનું કહેવું માનીને હે પ્રભુ ! આજ દિન સુધી અડગ વિશ્વાસથી પ્રદક્ષિણા વગેરે કરીને હું પીપળાને સેવું છું. પરંતુ મારી બધી મહેનત નકામી ગઇ. (૨૮). હવે તો આ જન્મમાં સ્વપ્નમાં પણ

પુત્ર થવાની શકયતા નથી. હું તદ્દન નિરાશ થઇ ગઇ છું. પરંતુ હવે પછીના જન્મમાં પુત્ર થાય એવી ઇચ્છાથી ટેક રાખીને હજી પણ હું પીપળાને સેવું છું. પણ હે સ્વામી ! હવે તું પ્રસન્ન થયો છે એટલે તું પુત્રરૂપી ખજાનો આપશે એવો વિશ્વાસ આવ્યો છે. (૨૯-૩૦). હે તાત ! હવે આ જન્મે જ સંતાનનું મુખ જોઇશ એ વાત નિશ્ચિત છે. તારું બોલેલું નિષ્ફળ જાય નહિ કારણ કે તું સાક્ષાત્ નરહરિ છે. (૩૧).

તેં આ વરદાન આપ્યું છે તેથી હવે હૈયામાં વિશ્વાસ આવ્યો છે. તેં તો હાસ્ય કર્યું અને મેં પાલવના છેડે મજબૂત ગાંઠ વાળી છે. (૩૨). ભવિષ્યમાં પુત્ર થાય એવી આશાથી હું પીપળાને ખોટી ભજતી રહી પરંતુ હે સ્વામી ! તું પ્રસન્ન થયો છે એટલે હવે મને પુત્ર થશે. (૩૩). આ અશ્વત્થ મને શું આપવાનો હતો? મેં મૂરખીએ એનું નકામું સેવન કર્યું અને બહુ દિવસ સુધી નકામું દુ:ખ વેઠ્યું અને તેમ છતાં સુખનો રસ્તો જોયો નહિ. (૩૪).

એનાં આવાં વચન સાંભળીને શ્રીગુરુરાય હસીને બોલ્યા કે અશ્વત્થની સેવા કદી નકામી જતી નથી. એ ખરેખર પુણ્યપ્રદ છે. (૩૫). તું એની નિંદા ન કર. એનું સેવન પુણ્ય આપનારું છે. મારી સાથે અશ્વત્થને પણ ભજ. જેથી તને પુત્ર રત્ન થશે. (૩૬). હું કહું એ રીતે તું વ્રત આચર. જ્યાં ભીમા અને અમરજા બંને નદી મળે છે ત્યાં આવેલું સંગમ સ્થાન ખૂબ પવિત્ર છે. (૩૭). હે સતી ! હું ત્યાં અશ્વત્થ સમીપ સદા રહું છું. માટે મારી સાથે સાથે એનું પણ તું અર્ચન કર. (૩૮). એ કલ્પવૃક્ષ છે અને તારી મનોકામના ચોક્કસ પૂર્ણ કરશે. હું જ્યાં વસું છું તે અશ્વત્થ પ્રત્યક્ષ નારાયણ છે. (૩૯). પુરાણ વગેરેમાં એનો અનુપમ મહિમા સવિસ્તર કહ્યો છે. તું એમાં શંકા ન કરીશ. (૪૦).

શ્રીગુરુનાં એવાં વચન સાંભળીને, વંદન કરીને એ સ્ત્રી બોલી કે હે ગુરુ ! તમે કૃપા કરીને એ અશ્વત્થનું માહાત્મ્ય કહો. (૪૧). હે પ્રભુ ! એનો મહિમા સાંભળવાની મારી ઇચ્છા છે. જેથી મારું મન સ્થિર થાય અને હું એનું ભક્તિપૂર્વક સેવન કરું. (૪૨).

શ્રીગુરુએ કહ્યું કે તું એની નાહકની નિંદા કરે છે. એનું માહાત્મ્ય અમાપ છે અને દેવો પણ તેમાં વસે છે. (૪૩). બ્રહ્માંડપુરાણમાં અશ્વત્થનો મહિમા વર્ણવવામાં આવ્યો છે અને સ્વયં બ્રહ્માજીએ નારદમુનિને એ મહિમા કહ્યો છે. (૪૪). ત્રણે લોકમાં જેઓ ફરતા રહે છે તે બ્રહ્માના પુત્ર નારદમુનિ એક દિવસ ઋષિના આશ્રમમાં ગયા. (૪૫).

નારદમુનિને જોઇને ઋષિવૃંદે પાદ્ય, અર્ઘ્ય વગેરેથી એમનું પૂજન કરી એમનું આદરપૂર્વક સ્વાગત કર્યું. (૪૬). બધા ઋષિઓએ નમ્ર બનીને વિનયપૂર્વક અશ્વત્થનો મહિમા પૂછ્યો ત્યારે નારદજીએ કહ્યું કે હે ઋષિવરો ! હું તે કહું છું તે તમે સાંભળો. (૪૭). આજે ફરતો ફરતો હું બ્રહ્મલોકમાં ગયો હતો. ત્યાં મેં પણ ભાવપૂર્વક બ્રહ્માજીને પૂછ્યું હતું કે હે પિતાજી ! બધા લોકો પીપળા (અશ્વત્થ)ને વિષ્ણુ સ્વરૂપ કહે છે તો તેનું સેવન કેવી રીતે કરવું જોઇએ અને અશ્વત્થનું માહાત્મ્ય શું તે મને કૃપા કરીને કહો. શા માટે એ દેવસ્વરૂપ છે એ પણ વિસ્તારથી કહો. (૪૮-૫૦).

બ્રહ્માજી બોલ્યા કે અશ્વત્થના મૂળમાં મારો વાસ છે. મધ્યમાં વિષ્ણુનો વાસ છે અને ઉપરના ભાગે ખાસ શંકરનો વાસ છે. (૫૧). દક્ષિણ શાખામાં સાક્ષાત્ મૃત્યુંજય છે, પશ્ચિમ શાખામાં વિષ્ણુ છે અને ઉત્તર શાખામાં મારો

વાસ છે. (૫૨). પૂર્વ શાખામાં ઇંદ્ર વગેરે દેવો વસે છે અને અન્ય શાખામાં વસુ, આદિત્ય વગેરેનો વાસ છે. (૫૩). મૂળ, અંકુર વગેરેમાં ગાયો, ઋષિઓ, બ્રાહ્મણો, વેદ, યજ્ઞ વગેરેનો નિત્ય વાસ રહેલો છે. (૫૪). પૂર્વમાં નદીઓ, સાગરો અને તીર્થો વસી રહ્યાં છે. પવિત્ર એવું અશ્વત્થનું આ વૃક્ષ ત્રિભુવનમાં પૂજ્ય છે. (૫૫).

મૂળમાં '**અ**'કાર છે, થડમાં '**ઉ**'કાર છે અને પુષ્પ તથા ફળમાં '**મ**'કાર છે. આમ (ૐકાર સ્વરૂપ) અશ્વત્થ શ્રેષ્ઠ છે. (૫૬). જેમાં ત્રિમૂર્તિ સહિત બધા જ દેવો અને વસુ, રુદ્ર, આદિત્યો વગેરે પણ જલદી ઇચ્છા ફળીભૂત કરનારા છે. (૫૭). એનું માહાત્મ્ય અનુપમ છે અને એનું વર્ણન કોણ કરી શકે એમ છે? આ અશ્વત્થ એ કલ્પવૃક્ષ છે એમાં સહેજ પણ શંકા કરીશ નહિ. (૫૮). મુનિવૃંદે નારદને ફરીથી પ્રણામ કરીને કહ્યું કે અમને અશ્વત્થનો અર્ચનવિધિ કહો. (૫૯).

એક દિવસ બધાએ ભેગા થઇને અથર્વાણને પૂછ્યું હતું ત્યારે એમણે સેવન કરવાનો સામાન્ય વિધિ કહ્યો હતો. (૬૦). હે બ્રહ્મર્ષિ મુનિ ! તમને ધન્ય છે. તમે બધા ધર્મને જાણનારા છો એટલે અમને બધું વિસ્તારપૂર્વક કહો. આવું કહીને બધાએ અનન્યભાવે પ્રાર્થના કરી. (૬૧). નારદજીએ કહ્યું કે પિતાજી પાસેથી અશ્વત્થની જે સેવાવિધિ મેં સાંભળી છે તે તમે બધા સાંભળો. (૬૨).

પોષ, ચૈત્ર અને અષાઢ મહિનામાં, ગુરુ અને શુક્રનો અસ્ત હોય ત્યારે અને ચંદ્ર પ્રતિકૂળ હોય ત્યારે (અશ્વત્થ સેવાવિધિ) શરૂ કરવી નહિ. (૬૩). જે મહિનાઓનો નિષેધ કર્યો છે એ સિવાયના મહિનાઓમાં શુભ દિવસે ઉપવાસ કરીને અહીં સેવાવ્રતની શરૂઆત કરવી. (૬૪). રવિવારે, મંગળવારે અને શુક્રવારે, સંક્રાંતિમાં, પર્વના દિવસે, વ્યતિપાતના દિવસે, વૈધૃતિની રાત્રે, રિક્તા (ખાલી) તિથિ (ચોથ, નોમ અને ચૌદસ)માં અને બીજા દિવસોમાં (પાછલા બપોરના) ત્રણથી છ વાગ્યા સુધીના સમયમાં તથા દિવસ અને રાતના સંધિકાળના સમયમાં ડાહ્યા માણસે અશ્વત્થને અડકવું નહિ. (૬૫-૬૬).

નિંદા, પાખંડ, જુગાર, વાદ-વિવાદ, જૂઠાણું વગેરે છોડી દઇને, શુદ્ધ થઇને આ અશ્વત્થ વ્રતનું આચરણ કરવું. (૬૭). વસ્ત્ર સહિત સ્નાન કરીને પછી શુદ્ધ વસ્ત્રો પહેરી, ગંગા તથા જમુનાના જળ ભરેલા કળશનું રંગોળીથી સુશોભિત કરેલી જમીન પર વિધિપૂર્વક સ્થાપન કરી, તેનું અર્ચન કરી, પુણ્યાહવાચન કરી, પોતાની કામનાને અનુલક્ષીને તરત જ સંકલ્પ મૂકી, કળશજળથી અશ્વત્થનો સાત વાર ભક્તિભાવથી અભિષેક કરી ફરી પાછું સ્નાન કરવું. (૬૮-૭૦).

પછી એ દેવસ્વરૂપ અશ્વત્થની પુરુષસૂક્તથી ષોડશોપચારે પૂજા કરવી. (૭૧). શંખ, ચક્ર, તલવાર, શક્તિ, ધનુષ્ય, બાણ, વરદહસ્ત અને અભયપ્રદ હસ્ત એમ આઠ ભુજાધારી મહાન વિષ્ણુ નારાયણની શ્રીસાથેની, પીળું વસ્ત્ર પહેરેલી મૂર્તિનું અંતરમાં અશ્વત્થ સહ ધ્યાન ધરીને એનાં મૂળનું પૂજન કરવું. (૭૨-૭૩). અશ્વત્થ વૃક્ષને સૂતર કે વસ્ત્ર વીંટાળીને શક્તિ પ્રમાણે ધીમી ગતિથી પ્રદક્ષિણા કરવી. (૭૪). કાયા, વાણી અને મનથી સંયમ પાળીને પુરુષસૂક્તથી કે મૌનથી હજાર નામથી ભક્તિપૂર્વક મંદગતિથી માણસે પ્રદક્ષિણા કરવી અને શરૂઆતમાં, વચ્ચે અને છેવટે પ્રણામ કરવા. (૭૫-૭૬). ગર્ભવતી સ્ત્રી પોતાના માથા ઉપર પાણીથી ભરેલો ઘડો મૂકીને જે રીતે ધીમી ગતિથી ચાલે છે તે રીતે મંદગતિથી માણસે પ્રદક્ષિણા કરવી. (૭૭). આ રીતે પ્રદક્ષિણા કરવાથી ડગલે ને

પગલે અશ્વમેધયજ્ઞનું ફળ ચોક્કસ પામે છે. અશ્વત્થની પ્રદક્ષિણા ખરેખર પાવનકારી છે. (૭૮). જો વ્યક્તિ ભાવપૂર્વક અશ્વત્થની બે લાખ પ્રદક્ષિણા કરે તો ગમે તેવી ભયંકર બ્રહ્મહત્યા લાગી હોય તો તે પાપ પણ ટળે છે. (૭૯). જેમાં ત્રિમૂર્તિનો વાસ છે એવા અશ્વત્થની સેવાના ફળનું અહીં કોણ વર્ણન કરી શકે? એના સેવનથી મહાપાપ પણ નષ્ટ થાય છે. (૮૦).

પ્રદક્ષિણા કરવાથી રોગનો ખરેખર નાશ થાય છે. એનું ખાસ સેવન કરવાથી લાખો રૂપિયાનું દેવું પણ ચૂકતે થાય છે. (૮૧). આમ પ્રદક્ષિણાના ફેરા ફરવાથી જન્મ, મૃત્યુ, ઘડપણ અને અન્ય બધી બીક નાશ પામે છે અને ગ્રહબાધા ત્રાસ આપતી નથી. (૮૨). અશ્વત્થની સેવા કરવાથી પુત્રકામના તરત જ ફળે છે. આ અશ્વત્થની સેવા ચારેય વર્ગને આપનારી છે. (૮૩). ધનની ઇચ્છાવાળાને ધન, વિદ્યાની ઇચ્છાવાળાને જ્ઞાન, પુત્રની ઇચ્છાવાળાને પુત્ર અને મોક્ષની ઇચ્છાવાળાને મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૮૪). શનિવારે અશ્વત્થને સ્પર્શ કરતાં કરતાં ભક્તિપૂર્વક મૃત્યુંજયનો જપ કરવાથી માણસ કાળ પણ જીતી લે છે. તો પછી અપમૃત્યુની વાત તો રહી જ ક્યાં? એ પૂર્ણ આયુષ્ય ભોગવે છે અને ગ્રહની પીડા દૂર થાય છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૮૫-૮૬).

અશ્વત્થ પાસે બેસીને 'કોણસ્થ મંત્ર' જપવાથી પનોતી ચોક્કસ ટળે છે અને મનુષ્ય એ પનોતીમાંથી છુટકારો મેળવે છે. (૮૭). આ રીતે દૃઢ વિશ્વાસથી જે અશ્વત્થને ભજે છે તેની બધી મનોકામના સિદ્ધ થાય છે. એમાં કોઇ શંકા જ નથી. (૮૮). અમાસ અથવા ગુરુવારે એની છાયામાં જળથી સ્નાન કરતાં ક્ષણમાત્રમાં બ્રહ્મહત્યા ટળી જાય છે. (૮૯). અશ્વત્થની નીચે એક બ્રાહ્મણને જમાડવાથી કરોડ બ્રાહ્મણો જમાડવાનું પુણ્ય માણસને અહીં મળે છે. (૯૦). અશ્વત્થની નીચે બેસીને જે એક વાર મંત્રનો જપ કરે છે તેને અનંત જપ કર્યાનું ફળ મળે છે અને વેદપાઠ કરવાનું ફળ મળે છે. (૯૧). જે કોઇ અશ્વત્થ રોપે છે તે તેનાં બેતાળીસ કુળને સ્વર્ગમાં લઇ જાય છે એમાં કોઇ સંદેહ નથી. (૯૨). જે કોઇ મહાપાપી અશ્વત્થના વૃક્ષને છેદે છે તે પિતૃઓ સાથે લાંબા સમય સુધી નરકમાં રહે છે. (૯૩). અશ્વત્થની નીચે દરરોજના પાંચ યજ્ઞ કરવાથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે અને પુત્રપ્રાપ્તિ પણ થાય છે. (૯૪). અશ્વત્થનો આ મહિમા બ્રહ્માએ નારદને કહ્યો અને નારદના મુખે સમગ્ર ઋષિગણોએ સાંભળ્યો. (૯૫).

પછી પાછું નારદે શાસ્ત્રોકત વિધિ કહી સંભળાવી. ડાહ્યા માણસે પ્રદક્ષિણાની સંખ્યાનો દશાંશ હોમ કરવો. (૯૬). હોમના દશમા ભાગ જેટલા બ્રાહ્મણોને ભોજન કરાવવું. બ્રહ્મચર્યનું પાલન કરીને અને હવિષ્યાન્ન ખાઇને આ વ્રતનું આચરણ કરવું. (૯૭). આવું વ્રતાચરણ કરીને અંતમાં એનું ઉદ્યાપન કરવું અને સારા બ્રાહ્મણને યથાશકિત સોનાનો અશ્વત્થ આપવો. (૯૮). વાછરડા સહિત અલંકારવાળી સફેદ ગાય સુશીલ કુટુંબના બ્રાહ્મણને વિધિપૂર્વક આપવી. (૯૯). અશ્વત્થની નીચે તલનો મોટો ઢગલો કરી, તેને વસ્ત્રથી ઢાંકી દઇને જે બુદ્ધિશાળી વ્યક્તિ બ્રાહ્મણને આપી દે છે તેને પોતાનું બધું જ મનોવાંછિત મળે છે. આવું ઇષ્ટ વિધાન નારદે (ઋષિગણને) કહ્યું એમ વંધ્યા સ્ત્રીને શ્રીગુરુ કહે છે. (૧૦૦-૧૦૧).

બધા સંશયો મૂકી દઇને તું પણ એ વ્રત આચર. સંગમ ઉપર એ કલ્પવૃક્ષરૂપ અશ્વત્થ છે જ. (૧૦૨). એ જ ખરેખર મારું સ્થાન છે. તું ભાવપૂર્વક એનું સેવન કર. તારી ઇચ્છા પૂરી થશે અને સુલક્ષણા પુત્રી અને પુત્ર

થશે. (૧૦૩).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને, નમ્રતાથી પગે લાગીને બે હાથ જોડીને એ બ્રાહ્મણ સ્ત્રી બોલી કે હું સાઠ વરસની તો થઇ ગઇ છું અને પહેલેથી જ વંધ્યા છું તો મને કેવી રીતે પુત્ર થશે? તો પણ તું પ્રમાણ છે. તારું આ કહેવું માનીને હું ભક્તિભાવથી (અશ્વત્થને) ભજીશ. સ્વયં વેદ પણ કહે છે કે ગુરુનું વાકય કામધેનુ સમાન છે. (૧૦૪-૧૦૬). મારે અશ્વત્થથી શું કામ? મારે મન તારું વાકય કામધેનુ સમાન છે. તેં જેમ કહ્યું છે તે પ્રમાણે હું તરત જ તારાં ચરણનું સેવન કરીશ. (૧૦૭).

આમ કહીને સંગમ ઉપર જઇને એણે ષટ્કુલતીર્થમાં સ્નાન કર્યું અને શ્રીગુરુએ કહ્યા પ્રમાણે અશ્વત્થનું ભાવપૂર્વક સેવન કર્યું. (૧૦૮). ત્રણ દિવસ સુધી એણે ભક્તિભાવથી આરાધના કરી અને અશ્વત્થ સહિત શ્રીગુરુચરણને ભજ્યાં. આમ ત્રણ દિવસ થતાં એણે રાત્રે સ્વપ્નમાં જોયું કે એક બ્રાહ્મણે આવીને વચન આપ્યું કે તારી મનની ઇચ્છા હવે અહીં સિદ્ધ થશે. (૧૦૯-૧૧૦). તું ગાણગાપુરમાં જઇ ભક્તિભાવથી શ્રીગુરુની એક હજાર પ્રદક્ષિણા કર અને પછી એને નમ્રતાપૂર્વક પગે લાગજે અને શ્રીગુરુ તને જે આપે તેનું તું ભક્ષણ કરજે એટલે તારું કામ થઇ જશે. હે ભામિની ! તું શંકા કરીશ નહિ. તું (હવે) ગુરુ પાસે જા. (૧૧૧-૧૧૨).

સ્વપ્નમાં આવું જોઇને એ તે જ ક્ષણે જાગી ગઇ. જ્યાં સાક્ષાત્ કલ્પદ્રુમ બિરાજમાન હોય ત્યાં પ્રેમ નકામો જતો નથી. (૧૧૩). ભક્તિપૂર્વક અશ્વત્થની સેવા કરી તે શ્રીગુરુ પાસે આવી અને આનંદથી શ્રીગુરુની પ્રદક્ષિણા કરી, શ્રીગુરુનાં ચરણમાં વંદન કર્યાં. (૧૧૪). ત્યાં શ્રીગુરુએ હસીને એને બે ફળ આપ્યાં અને કહ્યું કે તું આ ફળનું ભક્ષણ કર. તારી ઇચ્છા સિદ્ધ થઇ એમ સમજી લે. (૧૧૫). તું તારા ઘરે જઇને સુખેથી પારણાં કર. જા, તને દીકરી અને દીકરો આપ્યાં. તું એમાં શંકા કરીશ નહિ. (૧૧૬).

શ્રીગુરુની આજ્ઞાથી એણે પછી પારણાં કર્યાં અને યથાયોગ્ય દાન આપીને બંને ફળ ખાધાં. (૧૧૭). જે દિવસે એણે વ્રતની સમાપ્તિ કરી એ જ દિવસે એ બ્રાહ્મણ સ્ત્રી ગુરુ કૃપાથી રજસ્વલા ધર્મવાળી થઇ. (૧૧૮). ત્રણ દિવસ સુધી મૌન રાખી, શ્વેત વસ્ત્ર પહેરી, મનની ચંચલતા છોડી, હવિષ્યાન્ન ખાઇને રહી. (૧૧૯). ચોથે દિવસે સ્નાન કરીને શુદ્ધ થઇને દૂર રહીને આનંદથી શ્રીગુરુનાં દર્શન કર્યાં. (૧૨૦). પાંચમે દિવસે એ પતિ સાથે આવી અને શ્રીગુરુનાં ચરણકમળનું ભાવથી અર્ચન કર્યું. એટલે શ્રીગુરુએ કહ્યું કે તું પુત્રની મા થા. (૧૨૧).

પતિ સાથે શ્રીગુરુને નમન કરીને પછી એ ઘરે આવી અને એ સુંદરી પતિ સાથેના સંગથી તે જ દિવસે ગર્ભવતી થઇ. (૧૨૨). એને ગર્ભવતી જોઇને લોકોને ખૂબ આશ્ચર્ય થયું અને એ લોકો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે આ તો ગજબનું આશ્ચર્ય ગણાય. (૧૨૩). સાઠ વરસની વંધ્યા સ્ત્રી ગર્ભવતી થઇ. ખરેખર સોમનાથના ભાગ્યનો તો પાર નથી. (૧૨૪). સોમનાથે પણ શ્રીગુરુની આજ્ઞાથી સંતોષપૂર્વક શાસ્ત્રોકત વિધિ અનુસાર પુંસવનાદિ (ગર્ભાધાન) સંસ્કાર કર્યા. (૧૨૫). આઠમે મહિને સીમંતના સંસ્કાર કર્યા અને ગુરુના કહ્યા પ્રમાણે બ્રાહ્મણોને વાયનદાન આપ્યાં. (૧૨૬).

જેના માથે સફેદ વાળ આવી ગયા હતા અને જે પહેલેથી જ વંધ્યા હતી તે સ્ત્રી ગર્ભવતી થઇ અને બધાંને કૌતુકથી વાયન આપે એનાથી બીજું મોટું શું આશ્ચર્ય હોઇ શકે? એમ બધા લોકો કહેવા લાગ્યા. અપૂર્વ ફળ આપનાર

શ્રીગુરુકૃપાને ધન્ય છે. (૧૨૭-૧૨૮). શ્રીનૃસિંહસરસ્વતી તો સાક્ષાત્ વરદાન આપનાર ત્રિમૂર્તિ જ છે અને ભકતોનો ઉદ્ધાર કરવા માટે જ તે પૃથ્વી પર અવતર્યા છે. (૧૨૯). આમ લોકોએ વિવિધ રીતે શ્રીગુરુનું સ્તવન કર્યું અને ગંગાએ આનંદિત હૈયે બધાંને શુભ વાયન દાન કર્યાં. (૧૩૦). એણે આવીને આનંદપૂર્વક શ્રીગુરુનાં ચરણમાં પ્રણામ કર્યા એટલે ભકતવત્સલ શ્રીગુરુએ આશિષ આપ્યા. (૧૩૧).

પતિવ્રતા(ગંગા)એ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને હૃદયમાં આનંદિત થઇને વિનયપૂર્વક (શ્રીગુરુનું) સ્તવન કરતાં કહ્યું કે હે વિશ્વેશ્વર ! તમારો જય હો ! જય હો ! હું તમને નમન કરું છું. (૧૩૨-૧૩૩). તું બ્રહ્મા હરિ હર રૂપ છે. તારી કૃપા થવાથી મારું રૂપ બદલાઇ ગયું છે. તું ખરેખર અજ અને અવ્યય છે. ખરેખર ભકતોને માટે જ તું પૃથ્વી પર અવતર્યો છે. હું અનન્ય ભાવે પ્રણામ કરું છું. (૧૩૪). હે પ્રભુ ! તારા પરાક્રમનો પાર નથી. તું અનાથનો નાથ છે. તારો મહિમા કોણ સમજી શકે એમ છે? હું કેવી રીતે એનું વર્ણન કરી શકું? (૧૩૫).

આ રીતે સ્તવન કરીને એ બ્રાહ્મણ સ્ત્રી (ગંગા)એ શ્રીગુરુનાં ચરણમાં વંદન કર્યાં અને પછી શ્રીગુરુની આજ્ઞા લઇને પતિની સાથે પોતાના ઘરે ગઇ. (૧૩૬). નવ માસ પૂરા થતાં શુભ દિવસે એણે કન્યાને જન્મ આપ્યો. જ્યોતિષીઓએ આવીને તેનું પ્રેમથી ભવિષ્યકથન કર્યું. (૧૩૭). જ્યોતિષીઓએ કહ્યું કે હે બ્રાહ્મણ ! આ કન્યા સુલક્ષણા છે. એનાથી કુળની વૃદ્ધિ થશે અને એને આઠ દીકરા થશે. (૧૩૮). આ સાંભળીને સોમનાથને અતિશય હરખ થયો. એણે બ્રાહ્મણ વગેરેને ધન-ધાન્યનું ઘણું દાન કર્યું. (૧૩૯). વૃદ્ધિસૂતક પૂરું થતાં પતિવ્રતાએ વિધિપૂર્વક સ્નાન કર્યું અને પતિની સાથે પુત્રીને લઇને ગુરુનાં દર્શન માટે આવી. (૧૪૦).

ભક્તિભાવથી કન્યાને શ્રીગુરુચરણમાં મૂકીને (ગંગાએ) અનન્ય ભાવથી ગુરુનાં ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા. (૧૪૧). 'હે પુત્રવતી સ્ત્રી ! તને ધન્ય છે. તું ઊઠ ! ઊઠ !' એમ કહીને શ્રીગુરુએ આનંદથી એને આશ્વાસન આપ્યું. (૧૪૨). પછી ચરણમાંથી માથું ઊંચું કરીને એણે શ્રીગુરુને કહ્યું કે હે સ્વામી ! આ પુત્ર નથી. આ તો કન્યા જન્મી છે. હે તાત ! તું તારું વચન ભૂલીશ નહિ. (૧૪૩). ત્યારે એનાં વચન સાંભળીને શ્રીગુરુએ હસીને કહ્યું કે હે સ્ત્રી ! તું શંકા ના કર. તને આ જન્મે જ પુત્ર પણ થશે.③ (૧૪૪). એવું કહીને પછી સ્મિત સહિત કન્યાને હાથમાં લીધી અને બધા સાંભળે એમ એનું ભવિષ્ય કહેવાનું શરૂ કર્યું.④ (૧૪૫).

આ સુંદર કન્યા સો વરસના આયુષ્યવાળી થશે અને એ પણ સૌભાગ્યવતી તરીકેનું પૂર્ણ સુખ ભોગવશે. (૧૪૬). એને પતિ તરીકે ચારે વેદોનો જાણકાર જ્ઞાની મળશે. એના કુળમાં અખંડ ઐશ્વર્ય રહેશે. (૧૪૭). પુણ્યશીલ, સમજુ અને પતિવ્રતા એવી આ કન્યકા જગતમાં સર્વવંદ્ય અને પ્રખ્યાત થશે. (૧૪૮). એનાં દર્શન કરવા માટે દક્ષિણ દેશમાંથી રાજા આવશે એમ શ્રીગુરુએ કહ્યું. (૧૪૯). શ્રીગુરુએ ફરી પાછું કહ્યું કે તને પુત્ર પણ થશે જ. બોલ, તારે કેવો પુત્ર જોઇએ છે? મૂરખ કે વિદ્વાન? (૧૫૦). શ્રીગુરુએ કહ્યું કે તને સો વરસના આયુષ્યવાળો મૂર્ખ (પુત્ર) જોઇએ છે કે ટૂંકા આયુષ્યવાળો વિદ્વાન (પુત્ર) જોઇએ છે? સાધ્વીએ નમન કરીને કહ્યું કે મૂર્ખ પુત્ર મેળવીને હું શું કરું? (૧૫૧). તું મને પાંચ પુત્રનો પિતા થાય એવો સારો અને જ્ઞાની પુત્ર થાય એવું વરદાન આપ. (૧૫૨). ભકતવત્સલ શ્રીગુરુએ પ્રેમથી 'તથાસ્તુ' કહ્યું. પછીથી પતિ અને પત્ની બંને વંદન કરીને ઘરે ગયાં. (૧૫૩). સતીને વેદશાસ્ત્રનો જાણકાર પુત્ર થયો અને ગુરુકૃપાથી એ પુત્રને પણ પાંચ પુત્રો થયા. (૧૫૪).

શ્રીગુરુએ કન્યાનું જે ભવિષ્ય ભાખ્યું હતું તે જ પ્રમાણે બધું અક્ષરશ: સત્ય થયું અને તે સરસ્વતીના નામથી વિખ્યાત થઇ.(૧૫૫).

એના પતિએ સોમયાગ કર્યો અને શ્રીગુરુની કૃપા થતાં ચારેય રાષ્ટ્રોમાં એની કીર્તિ ફેલાઇ. (૧૫૬).

એકદમ ઘરડી વંધ્યા સ્ત્રીને આમ પુત્રી અને પુત્ર થયાં. શ્રીગુરુની કૃપા થતાં કયું કાર્ય અશકય બને? (૧૫૭). જેનો જેવો નિશ્ચય, તેવી તેને સિદ્ધિ મળે છે. માટે અનન્ય નિષ્ઠાથી અને નિષ્કપટ ભાવે શ્રીગુરુને ભજો. (૧૫૮). ઘર આંગણે ગંગા આવી છે ત્યારે અભાગિયો જીવ આ અમૃતનીર છોડીને મૃગજળ લેવા દૂર જાય છે. (૧૫૯). શ્રીગુરુલીલામૃત બધું જ મનોવાંછિત આપનાર છે. હે **રંગ** ! આનું સેવન કરનાર કોણ સંસારને પેલે પર ન જાય? (૧૬૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વંધ્યાપુત્રપ્રદાન'** નામનો **તાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૩

(૧) સ્ત્રી જ્યારે માતા બને છે ત્યારે એનું સ્ત્રીત્વ સંપૂર્ણતાને પામે છે એ વિધાન સમજવા જેવું છે. દરેક વ્યક્તિ સર્જન દ્વારા આનંદ મેળવવા મથે છે. એન્જિનિયર કોઇ મકાન કે પુલ બાંધે તો એ એનું સર્જન છે પરંતુ એ જડ સર્જન છે. જ્યારે સંતાન તો માતાનું ચેતનવંતું સર્જન છે. જે સ્ત્રીને સંતાન ન હોય તેને પોતાને જ આ ઊણપ કોરી ખાતી હોય છે અને વધારામાં લોકો એને વંધ્યા કહીને, અપશુકનિયાળ ગણીને એને વધારે દુ:ખી કરે છે. ખરેખર તો આવી વ્યક્તિના મનનું જતન કરવું જોઇએ. એને કઠણ વચન કહેનારી પણ પાછી સ્ત્રી જ હોય છે. એટલે દોહરા ૧૦ થી ૨૦માં સંતાન વિશેના સ્ત્રીના વિચારો ખૂબ સરસ રીતે રજૂ થયા છે જે અભ્યાસ કરવા જેવા છે.

(૨) 'શાંતિ પમાડે તેને સંત કહીએ' એવું સંતો માટે કહેવાયું છે અને સમર્થ સંત તો કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ હોવાથી શ્રીગુરુએ વંધ્યા સ્ત્રીને કહ્યું કે આગલા જન્મની વાત તો કોણે જાણી છે? તને આ જ જન્મે કન્યા અને પુત્ર થશે. આવું સાંભળીને એ સ્ત્રીના હૈયે કેટલી ટાઢક વળી હશે? જે સ્થાન તનના અને મનના શ્રમ હરે તે જ આશ્રમ કહેવાય. શ્રીગુરુલીલામૃતમાં ઘણી જગ્યાએ વાણીમાં નિર્મળતા અને મીઠાશ રાખવાની શીખામણ આપવામાં આવી છે.

આંખમાં અમી તો દુનિયા ગમી.
જીભમાં અમી તો દુનિયા નમી.

જીવનમાં યોગ કે જ્ઞાનનાં કપરાં ચઢાણ ન ચઢી શકાય તો પણ મીઠી વાણીભર્યો વ્યવહાર તો જરૂર કરી શકાય. માણસ જ્યારે જ્યારે બોલે છે ત્યારે ત્યારે એ એના અસલ સ્વરૂપને પ્રગટ કરે છે.

"નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમ તણી સરવાણી,
વિચાર ઊંચા, જીવન સાદું, એવું જીવે સાચો સાધુ."

આવા સાચા સાધુપણાને જેટલું પામી શકાય તેટલું પામવાનો પ્રયત્ન કરીએ એ જ સાચી રંગભક્તિ ગણાય. પ.પૂ. બાપજીને પણ આવા વ્યવહારથી આનંદ જ થાય.

(૩) સમર્થ સંતની અલૌકિક રીત અહીં જોવા મળે છે. વિપ્ર પતિવ્રતા સ્ત્રી પુત્રી સાથે શ્રીગુરુને દંડવત્ પ્રણામ કરે છે ત્યારે ત્રિકાલજ્ઞ શ્રીગુરુને શું ખબર નહીં હોય કે આ કન્યા રત્ન છે? આમ છતાં દોહરા ૧૪૨માં "ઊઠ ઊઠ સતી ધન્ય તું, પુત્રવતી હે નાર" કહે છે. શું કામ? એ દ્વારા શ્રીગુરુ સતીને ભાવિની એંધાણી આપે છે. પૂ.શ્રીના અનન્ય ભકત અને નારેશ્વરના હાલના સર્વધર્મકર્મના આચાર્યના પિતા શ્રી વિશ્વનાથભાઇને લગ્ન પછી સંતાન ન હતું અને લોકોની ટીકા-ટિપ્પણીથી વ્યાકુળ થયેલાં એમનાં પત્ની સ્વ.કાન્તાબેને રડતાં રડતાં પૂ.માજીને વાત કરી અને પછી પૂ.માજીએ જ્યારે બાપજીને વાત કરી ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે અત્યારે તો વિશ્વનાથ અને કાન્તા જ છોકરાં જેવાં છે ને ! એ તો ભગવાન આપશે. બસ ! સમર્થ સંતની આ વાણી અને પછી તો સર્વદમનભાઇ, કિશોરભાઇ અને સુરેશભાઇ- એવા ત્રણ દીકરા અને બે દીકરી પણ થઇ !! પરંતુ આવી કૃપા મળે કયારે? ભકતની એવી પાત્રતા પણ જોઇએ ને ! .

(૪) શ્રીગુરુ કન્યાને પોતાના હાથમાં લઇને એના ભાવિ વિષે કહે છે. તો શ્રીગુરુને ભકત સોમનાથ અને તેનાં પત્ની વિશે કેવો હૃદયનો ભાવ હશે? પૂ.શ્રીને વિશ્વનાથભાઇ પ્રત્યે કેવો ભાવ હશે તે એમના પ્રથમ પુત્રનું 'સર્વદમન' એવું નામ પૂ.શ્રીએ જાતે પાડેલું. સંત પાસે માગીએ અને મળે તે ખરા આશીર્વાદ નથી. સંતનું હૈયું આનંદથી ઊછળે અને આપે તે જ સાચા આશીર્વાદ. આવા આશીર્વાદ પામવાને આપણે પાત્ર બનીએ તો પણ ઘણું.

●

અધ્યાય : ૯૪

આ અધ્યાયનું નામ **'શુષ્કકાષ્ઠોજીવન'** છે. આ અધ્યાયમાં **૧૪૨** દોહરા છે.

આ અધ્યાયમાં અલખ નિરંજનને શુષ્ક કાષ્ઠને નવાં પાંદડાં ફૂટ્યાં તે અંગેની શ્રીનૃસિંહસરસ્વતીની લીલાનું વર્ણન કરે છે. નરહરિ નામનો બ્રાહ્મણ યજુર્વેદી અને ભાર્ગવ ગોત્રી હતો. તેને કોઢ નીકળ્યો હતો. શ્રીગુરુના શરણે આવી એણે પોતાનાં દુ:ખની વાત કરી અને કહ્યું કે હું હવે આપને શરણે આવ્યો છું. શ્રીગુરુએ એને ઔદુંબરનું ચાર વર્ષ જૂનું સૂકું લાકડું બતાવી અને કહ્યું કે તું એને સંગમ ઉપર ભીમા તટ પર વૃક્ષની જેમ રોપ અને એને એના પૂજન-સેવનની વિધિ બતાવી કહ્યું કે જે દિવસે એને પાંદડાં ફૂટશે તે દિવસે તારો કોઢ દૂર થશે. (૧-૨૩).

ભકત નરહરિએ શ્રીગુરુના કહ્યા પ્રમાણે કર્યું અને ભક્તિપૂર્વક અનુષ્ઠાન શરૂ કર્યું. ગુરુનું કહેવું કદી જૂઠું હોય જ નહિ. દૃઢ વિશ્વાસથી ઉપવાસ કરીને એ ભજતો હતો. ઘણાએ એને સમજાવ્યો પણ એ માન્યો નહિ એટલે લોકોએ શ્રીગુરુને કહ્યું કે આ ઉપવાસ કરીને સૂકાં લાકડાંને સેવે છે તો આપ એને સમજાવો. શ્રીગુરુએ કહ્યું કે આવી બાબતમાં જેની જેવી ભાવના હોય તેવી તેને સિદ્ધિ મળે છે. એમ કહીને સ્કંદપુરાણ અંતર્ગત ગુરુભક્તિ દર્શાવતી શબરની વાર્તા કહી સંભળાવી અને ગુરુમાં અનન્ય શ્રદ્ધા અને ભાવ રાખનાર શબર કેવી રીતે તરી ગયો તે વાત કહી સંભળાવી. (૨૪-૧૧૪).

પછી શ્રીગુરુએ ભકતોને કહ્યું કે એ નરહરિની શ્રદ્ધા અને નિષ્ઠા સારી છે તો ત્યાં જઇએ. શ્રીગુરુ ત્યાં ગયા અને પોતાના કમંડલમાંથી જળ લઇ ઔદુંબરનાં લાકડાં પર પ્રોક્ષણ કર્યું. પ્રોક્ષણ કરતાંની વારમાં જ એને નવાં પાંદડાં ફૂટ્યાં અને એ ભકત સુંદર દેહવાળો થયો. એણે શ્રીગુરુનું સ્તવન કર્યું. શ્રીગુરુએ પછી નરહરિને અનેક પ્રકારના આશીર્વાદો અને વરદાનો આપ્યાં અને શ્રીગુરુએ ભાખેલા ભવિષ્ય પ્રમાણે જ બધું થયું. શ્રીગુરુકથા અસાર એવા સંસારમાં દાનવને પણ દેવ બનાવી દે છે. (૧૧૫-૧૪૨).

અલખે કહ્યું કે હે શિષ્ય (નિરંજન) ! સૂકાં લાકડાંને પાંદડાં ઉગાડીને વિચિત્ર રોગ હરી લીધો એ પવિત્ર કથા આગળ સાંભળો. (૧). જ્યારે શ્રીગુરુ ગાણગાપુરમાં રહેતા હતા ત્યારે ત્યાં કુષ્ઠ રોગથી પીડાતો નરહરિ નામનો એક યજુર્વેદી અને ભાર્ગવ ગોત્રી બ્રાહ્મણ આવ્યો અને ભક્તિભાવથી શ્રીગુરુચરણમાં વંદન કર્યાં. (૨-૩). બંને હાથ જોડીને ખૂબ આદરપૂર્વક સ્તવન કરતાં એણે કહ્યું કે હે ભકતવત્સલ ગુરુ ! હું અહીં આપને શરણે આવ્યો છું. (૪). તું પરમપુરુષ છે અને તારું નામ સાંભળીને હું અહીં આપની પાસે આવ્યો છું. હે પરં જ્યોતિ ! હું તમને નમું છું. તમારો જય હો ! જય હો ! હે ત્રિમૂર્તિ ! તું મારો ઉદ્ધાર કર. (૫).

આ સંસારમાં જન્મીને હું પથ્થર જેવો પાકયો છું. હે સંત(રાજ) ! શ્રેષ્ઠ બ્રાહ્મણો મને કોઢિયો કહીને મારી નિંદા કરે છે. (૬). હું આપસ્તંબ શાખા બધી યજુર્વેદની ભણ્યો છું તો પણ બ્રાહ્મણો મને વિકલાંગ ગણીને

ધિક્કારે છે. (૭). સવારના પહોરમાં ઊઠીને કોઇ મારું મોં જોવા રાજી નથી. વળી મને કદી જમવા બોલાવતા નથી. આને લીધે મને ખૂબ દુ:ખ થાય છે. (૮). હવે મારે જીવીને શું કરવાનું? હે સ્વામી ! હવે હું કંટાળી ગયો છું. મેં ગયા જન્મે સાચે જ અગણિત પાપો કર્યાં હશે. (૯). હું એનું જ ફળ ભોગવી રહ્યો છું. એમાં હું કોનો વાંક કાઢું? પણ હે પ્રભુ ! હવે આ સહન નથી થતું. તું હવે મારા તરફ તરત કૃપાદૃષ્ટિ કર. (૧૦).

મેં ભક્તિપૂર્વક વિવિધ પ્રકારનાં વ્રત તથા તીર્થયાત્રા કર્યાં છે અને બધા દેવોને પૂજ્યા છે તો પણ મારો રોગ મટ્યો નથી. (૧૧). હે ગુરુદેવ ! હું એવો નિશ્ચિય કરીને અહીં આવ્યો છું કે જો હવે તું કરુણા નહીં કરે તો તારાં ચરણમાં તરત જ પ્રાણત્યાગ કરીશ. (૧૨). પોતાનો એવો નિશ્ચય કહીને પછી વિનયપૂર્વક નમ્ર બનીને એણે કહ્યું કે હે હરિ ! તું દયા કર. મેં તારાં ચરણમાં મારી જાત સમર્પી દીધી છે. (૧૩). પારસમણિ અને લોખંડની માફક તારું આ દર્શન ધન્યતા દેનારું થજો. એમ કહીને વારંવાર વંદન કરીને અનન્ય ભાવથી સ્તુતિ કરવા લાગ્યો. (૧૪). એનાં દયા ઉપજે એવાં વચનો સાંભળીને દીનદયાળ બોલ્યા કે તેં ગયા જન્મે જે મહાપાપ કર્યું છે તેનું જ ચોક્કસ આ પરિણામ છે. (૧૫). એ પાપને લીધે જ તને આ ભયંકર કોઢ નીકળ્યો છે. તેમ છતાં તું એની ચિંતા કરીશ નહીં. એ કોઢ દૂર થઇ જશે.① (૧૬).

હું તને આ દોષનું નિવારણ કરે એવો એક સરસ ઉપાય કહું છું. એનાથી તું દોષરહિત (શુદ્ધ) થશે અને તારું શરીર પણ દિવ્ય થઇ જશે. (૧૭). એ જ સમયે એક માણસ ઔદુંબરનું ચાર વરસ જૂનું લાકડું બાળવા માટે લઇ જતો હતો. (૧૮). એ જોઇને શ્રીગુરુ બોલ્યા કે હે બ્રાહ્મણ ! તું પેલું લાકડું લઇ આવ અને હું કહું એ પ્રમાણે તું તરત જ કર. (૧૯). તું સંગમ ઉપર જા અને ભીમા નદીના કિનારે પૂર્વ દિશામાં શંકા લાવ્યા વગર ઝાડની જેમ રોપ. (૨૦).

પછી ઝડપથી સ્નાન કરીને સંગમના ઇશ એવા અશ્વત્થને વિધિવત્ પૂજ અને સંગમમાં તરત જ પાછું સ્નાન કર. (૨૧). મારા કહેવા પ્રમાણે તું દૃઢ પ્રેમથી એ સૂકાં લાકડાં ઉપર જળથી ભરેલા બે કળશ સવાર, બપોર અને સાંજ એમ ત્રણવાર રેડ. (૨૨). જે દિવસે એ લાકડાંને પાંદડાં ફૂટશે તે દિવસે તું નીરોગી થઇ જશે અને તારું શરીર પણ સરસ થઇ જશે. (૨૩). શ્રીગુરુની એવી આજ્ઞા સાંભળીને એ બ્રાહ્મણ તરત જ દૃઢ વિશ્વાસથી લાકડાંની નજીક ગયો. (૨૪). માથા ઉપર એ લાકડું મૂકીને એ ભીમા તટ પર ગયો અને સંગમેશની પૂર્વમાં પ્રેમથી રોપ્યું. (૨૫).

ગુરુએ જેવું જેવું કહ્યું હતું તેવું જ તે બ્રાહ્મણે દૃઢ વિશ્વાસથી અને એકનિષ્ઠ ભક્તિથી કર્યું. (૨૬). સાતેય દિવસ પ્રેમથી ઉપવાસ કરીને એ જળથી બે ઘડા ભરીને શ્રદ્ધાપૂર્વક લાકડા ઉપર સિંચન કરતો હતો. (૨૭). એનું આવું નિરર્થક કૃત્ય જોઇને શ્રીગુરુનાં વચનનું રહસ્ય જાણે ન સમજાવતા હોય તેમ બીજા બ્રાહ્મણો એને કહેવા લાગ્યા કે હે બ્રાહ્મણ ! અરે ! તું આ શું કરે છે? સૂકાં લાકડાંને જીવનભર જળ સિંચવાથી પણ એ શું કોઇ દિવસ સજીવન થાય ખરું? (૨૮-૨૯). શ્રીગુરુ તો કૃપાનો સાગર અને ભકતોને વરદાન આપનારો છે. એ દયા કરવાના હોય તો તરત જ કરી દે છે. પરંતુ તારું નસીબ ખરાબ છે અને તારા પાપમાંથી છુટાય એવું છે જ નહિ તેથી તને આ સૂકું લાકડું આપ્યું છે. શ્રીગુરુનું એવું કહેવું સાચું માનીને તું શું કામ નાહકનું દુ:ખ વેઠે છે? (૩૦-૩૧).

એમનાં આવાં વચન સાંભળીને બ્રાહ્મણે પ્રણામ કરીને કહ્યું કે ગુરુનું વચન તો કામધેનુ સમાન છે. એમનું બોલેલું ખોટું પડે જ કેવી રીતે? (૩૨). શ્રીગુરુનો સંકલ્પ સત્ય જ હોય, એમનું વચન કદી પણ જૂઠું થાય જ નહિ. મારા હૃદયમાં અખૂટ ધીરજ છે. આ કાષ્ઠનું વૃક્ષ થશે જ. (૩૩). મને દૃઢ વિશ્વાસ છે કે શ્રીગુરુનું આ વાક્ય ખોટું નહીં પડે. ભલે મારું મૃત્યુ આવે પરંતુ હું ગુરુવચન ઉપરનો ભરોસો નહીં છોડું.② (૩૪). આમ કહીને, બધાના રોકવા છતાં એ સૂકાં લાકડાંને ભક્તિપૂર્વક પહેલાંની જેમ જ ભજવા લાગ્યો. (૩૫).

એક દિવસ એ શિષ્યો ગુરુ પાસે જઇને કહેવા લાગ્યા કે હે શ્રીગુરુ ! આપે પેલા બ્રાહ્મણને શું કહ્યું છે? એને સૂકાં લાકડાંનું સેવન કરવા કહ્યું છે? (૩૬). સાત દિવસથી ઉપવાસ કરીને તમારા ઉપર ભરોસો રાખીને એ સૂકાં લાકડાંને ભજે છે. (૩૭). મૂરખની જેમ આવાં દુ:ખ નાહકનાં તું શું કામ વેઠે છે એમ કહીને અમે એને વારવા છતાં એ અમારું તલભાર માનતો નથી. (૩૮). ઊલટાનું અમને કહેવા લાગ્યો કે મારે લાકડાથી શું કામ છે? મારે તો ગુરુનાં વચનથી કામ છે. એણે એની લાજનો વિચાર કરવાનો છે. (૩૯). હૃદયમાં આવો મક્કમ નિશ્ચય કરીને એ સૂકાં લાકડાંને ભજે છે અને એણે સાત દિવસથી પાણી પણ પીધું નથી. (૪૦).

શિષ્યોનું એવું કહેવું સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે જેની જેવી ભાવના હોય તેને તેવી સિદ્ધિ મળે છે. (૪૧). અહીં શ્રીગુરુનું વચન એ ખરેખર શિષ્યને તારનારું છે. જો એની ભાવના શુદ્ધ હોય તો એને તરત જ ફળ મળે છે.③ (૪૨). હું તમને સ્કંદપુરાણમાં આવતી એક પવિત્ર ઐતિહાસિક કથા કહું છું. આ કથા જે દૃઢભક્તિ આપનારી છે તે સૂતે ઋષિઓને કહી હતી. (૪૩). નૈમિષારણ્યમાં ઋષિમુનિઓએ જ્યારે સૂતપુરાણીને ગુરુભક્તિના પ્રકાર વિશે પૂછ્યું ત્યારે સૂતે કહ્યું કે હે ઋષિઓ ! તમે સાંભળો. આ ભવસાગર તરવા માટે ગુરુભક્તિ જેવું સુગમ સાધન બીજું કોઇ નથી. (૪૪-૪૫). સદ્‌ગુરુ યોગ્ય છે કે અયોગ્ય એવો વિચાર કર્યા વગર માણસે એને (સદ્‌ગુરુને) બ્રહ્મમય માનીને એને દૃઢ રીતે સેવવા જોઇએ. (૪૬). જેની ભક્તિ દૃઢ હોય છે તે ક્ષણમાં જ સિદ્ધિ પામે છે. માટે હોશિયાર વ્યક્તિ શંકા ત્યજીને ગુરુને ભજે છે. (૪૭). ગુરુની ઊણપ જોવી નહીં. એને મનુષ્ય તરીકે જોવા નહીં. એને ત્રિમૂર્તિ માનીને એની સેવા કરવી. (૪૮). હૃદયમાં આવો દૃઢ નિશ્ચય કરીને જે ગુરુનાં ચરણ સેવે છે તેના પર સાક્ષાત્ શંકર પ્રસન્ન થાય છે. (૪૯). મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, ઇષ્ટદેવ, જ્યોતિષી, વૈદ્ય અને ગુરુ (આ સાત) માં જેની જેવી ભાવના હોય તેવી સિદ્ધિ તેને મળે છે. (૫૦).

મંત્ર વગેરેમાં જેવી ભક્તિ હોય તેવું સાક્ષાત્ ફળ મળે છે. ગુરુને ભગવાન શંકર માનીને ભજવાથી ભગવાન શંકર પ્રસન્ન થાય છે. (૫૧). આ ગુરુભક્તિ તરત જ ફળ આપનારી છે. આ અંગે હું તમને એક દૃષ્ટાંત કથા કહું તે હે ઋષિઓ ! તમે પ્રેમથી સાંભળો. (૫૨). જૂના જમાનામાં પાંચાલ દેશમાં સિંહકેતુ નામે એક રાજા હતો. એને ધનંજય નામે પુત્ર હતો જે ધાર્મિક, ન્યાયી અને પ્રામાણિક હતો. (૫૩). જ્યાં પીવા પાણી પણ ના મળે એવા નિર્જન વનમાં કેવળ ભિલને સાથે રાખીને એક દિવસ એ રાજકુમાર શિકારે ગયો. (૫૪). ભિલની સાથે જંગલમાં ફરતાં ફરતાં એ અતિશય થાકી ગયો. એને સખત તરસ લાગી અને ગરમીથી દેહ પણ બળવા લાગ્યો. (૫૫).

આ રીતે ઘોર જંગલમાં ફરતાં દૂરથી એક ભાંગ્યું તૂટ્યું શિવાલય જોયું એટલે ભિલની સાથે તે ત્યાં પહોંચ્યો. (૫૬). ત્યાં જમીન પર અનેક સુંદર લિંગો પડ્યાં હતાં. તેમાંથી એક પોતાના હાથમાં લઇને ભિલ બોલ્યો

કે આ લિંગ (બાણ) ખૂબ મનોહર છે. (૫૭). એ લિંગ લઇને તરત જ રાજકુમાર પાસે દોડી ગયો. એને જોઇને રાજકુમારે પૂછ્યું કે તું આ શું લઇ આવ્યો? (૫૮). તું આ લિંગનું શું કરીશ? તેં નકામું શું કામ લીધું? જો અહીંયાં પણ કેટલાં મનોહર લિંગ પડ્યાં છે ! (૫૯). એ ભિલે કહ્યું કે મને એની પૂજા કરવાની ઇચ્છા થાય છે. એ હેતુથી આ લિંગ લીધું છે. એ સિવાય બીજું કોઇ કારણ નથી. (૬૦). ભિલનાં એ વચન સાંભળીને રાજકુમાર હસીને બોલ્યો કે આ લિંગ તો ખરેખર શ્રેષ્ઠ જ છે. એમાં કોઇ શંકા નથી. (૬૧). તું એની એકનિષ્ઠાથી પૂજા કર જેથી તું સિદ્ધિ પામીશ. એટલે ભિલે કહ્યું કે કૃપા કરીને મને એની પૂજા કરવાની વિધિ કહો. (૬૨). હું તો શબર જાતિનો મૂઢ માણસ છું. મને વિધિ-વિધાનની કોઇ જાણકારી નથી. તમે મારા ગુરુ બનો અને મને સમગ્ર અર્ચન વિધિ કહો. (૬૩).

રાજકુમાર બોલ્યો કે તું આ શિવલિંગ તારા ઘરે લઇ જા અને એની શુદ્ધ સ્થાનમાં સ્થાપના કર અને એને ભગવાન શંકર માનીને ગંધ, અક્ષત, ફૂલ વગેરેથી પત્ની સાથે એકનિષ્ઠ ભાવ-ભક્તિથી એની પૂજા કર. (૬૪-૬૫). વિવિધ પ્રકારનાં પુષ્પો, બીલીપત્ર, ગંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી રોજ પ્રેમપૂર્વક પૂજા કર. (૬૬). નૈવેદ્યમાં રોજ તાજી ચિતાભસ્મ લિંગને ધરાવી પત્ની સહિત તારે પ્રસાદ લેવો. (૬૭). પૂજાની વિધિ એવી છે કે તું જે જે વસ્તુ ખાતો હોય તે બધી વસ્તુ પહેલાં એને ધરાવી પછી એ વસ્તુ પ્રસાદરૂપે તારે લેવી. (૬૮). રાજકુમારે જે આ બધું કહ્યું તે સમજુ ભીલે સાંભળ્યું અને રાજકુમારને વંદન કરીને લિંગની પૂજા કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો. (૬૯).

એ લિંગ લઇને, સંતુષ્ટ થઇને એ (ભિલ) ઘરે ગયો અને જઇને પત્નીને કહ્યું કે આજે મારા પર ભગવાન શંકર પ્રસન્ન થયા છે. (૭૦). ગુરુએ કહ્યા પ્રમાણે શુદ્ધ સ્થાનમાં લિંગની સ્થાપના કરીને પત્ની સાથે અનન્ય ભક્તિથી દરરોજ શિવલિંગની પૂજા કરવા લાગ્યો. (૭૧). દરરોજ આનંદથી ચિતાભસ્મ ધરાવતાં આ રીતે દિવસો પસાર થતા હતા ત્યાં એક દિવસ એવું બન્યું કે તપાસ કરવા છતાં અને ગામે ગામે રખડવા છતાં ક્યાંયથી તાજી ચિતાભસ્મ ના મળી. સાત ગામ રખડીને થાક્યો પાક્યો ઘરે આવ્યો. (૭૨-૭૩). ચિંતાગ્રસ્ત અને ઉદાસીન એ ભિલે પત્નીને પૂછ્યું કે હે પ્રિયે ! હવે હું શું કરું? હું સાચે જ મારા પ્રાણનો ત્યાગ કરીશ. (૭૪). ચિતાભસ્મ વગર શિવલિંગની પૂજા થશે નહિ અને બધી દિશામાં શોધવા છતાં ક્યાંયથી તાજી ચિતાભસ્મ મળી નથી. (૭૫).

ગુરુએ જણાવ્યા પ્રમાણેનાં (ભસ્માર્ચન અને) નૈવેદ્ય વિના કેવી રીતે પૂજા થાય? હે પ્રિયે ! ભસ્મ વિનાની પૂજા નિરર્થક છે. (૭૬). જે કોઇ ગુરુના કહ્યા પ્રમાણે કરતો નથી તેનો નરકમાં વાસ થાય છે. એને પાપ લાગી જાય છે (એનાથી પાપ દૂર રહેતું નથી) અને એ કાયમનો દરિદ્રી રહે છે. (૭૭). એની અધોગતિ થાય છે અને એ સદા માટે નરકમાં જ રહે છે. જે શ્રીગુરુનાં વચનનું પાલન કરે છે તે સંસારસાગર તરી જાય છે. (૭૮). વેદ અને શાસ્ત્રો આવું કહે છે અને મેં પણ એવું સાંભળ્યું છે. હે શબરી ! આ લિંગને માટે હું મારા પ્રાણ ત્યાગીશ. (૭૯).

પતિનાં એવાં વચન સાંભળીને શબરીએ કહ્યું કે તમે શું કામ ચિંતા કરો છો? હું તમને ચિતાભસ્મ મળે એમ કરું છું. (૮૦). હે નાથ ! ઘરમાં ઘણાં લાકડાં ભર્યાં છે. તમે મને ઘરમાં પૂરીને જલદીથી સળગાવી દો જેથી આ શરીર બળીને ખાખ થઇ જશે. (૮૧). પછી એ ભસ્મને પ્રેમથી લઇ શિવને અર્પણ કરો. તમે વ્રતનો ભંગ કરશો નહીં.

હું આ તમને રાજીખુશીથી કહું છું. (૮૨). આ દેહ જેનો જન્મ થયો છે તેનો નાશ પણ નિશ્ચિત છે. એટલે શિવની પૂજા માટે હું ખાસ એ અર્પણ કરું છું. (૮૩).

પત્નીનાં આવાં વચન સાંભળીને દુ:ખી થઇને ભિલ બોલ્યો કે નિર્દય બનીને તારા પ્રાણ કેવી રીતે લઉં? (૮૪). એક તો તારી ભરજુવાની છે અને બીજું તારું રૂપ પણ અનુપમ છે અને તેં હજી સુધી સંતાનનું સુખ પણ જોયું નથી. (૮૫). હજુ તારું મન તૃપ્ત થયું નથી અને તેં સુખ પણ જોયું નથી. તારાં મા બાપે મને તારું રક્ષણ કરવાની જવાબદારી સોંપી છે. (૮૬). હું તને સૂર્યચંદ્રની સાક્ષીએ પરણ્યો છું અને મારા પ્રાણની જેમ તને જાળવીશ એમ કહીને તને ઘરે લાવ્યો છું. (૮૭). એટલે જો હું તને બાળી દઉં તો મને ન છુટાય એવું પાપ લાગે. લોકો મને સ્ત્રી હત્યારો કહે. તારી હત્યા કેવી રીતે થાય? (૮૮). તને મારી નાખું પછી ભગવાન શંકર કેવી રીતે રાજી થાય? આ તો પુણ્ય જાય અને ઊલટાનું પાપ માથે ચોંટે. (૮૯). તારાં મા-બાપ તારા મૃત્યુના દુ:ખે દુ:ખી થઇને મને શાપ આપે. તારું લાવણ્ય હજી પણ નૂતન અને અમાપ છે. (૯૦). જે દેહથી લોકો વ્રત-તીર્થ વગેરે કરે છે એ દેહને ક્રૂર થઇને હું કેવી રીતે જીવતો બાળી શકું? (૯૧).

આ સાંભળીને નમ્ર થઇને શબરીએ કહ્યું કે તમોને આવું અજ્ઞાન કેવી રીતે થયું? દુર્ગંધની ખાણ સમાન આ દેહનો વૃથા મોહ કેમ રાખો છો? (૯૨). (આ દેહ તો) સ્વપ્ન સમાન અને જલતરંગવત્ છે. જે જાયું તે ચોક્કસ જાવાનું. આ દેહ કદી પણ કાયમ રહેવાનો નથી. (૯૩). હે નાથ ! મારાં મા બાપે મને અર્ધાંગનારૂપે તમને (દાનમાં) આપી છે તો આવો ભિન્નતાનો ભાવ ક્યાં રહ્યો? અને હું કંઇ એવી કજાત નથી ! (૯૪). જેમ હું તારો આત્મા છું તેમ તું પણ મારો આત્મા છે. પોતાના દેહના જ અર્ધા ભાગને બાળવાથી ક્યાંથી દોષ લાગે? (૯૫). સંસારમાં જન્મ્યો છે તે નિશ્ચય જવાનો જ છે. મારા દેહનું સાફલ્ય કરો. (તેથી) ભગવાન શંકર પ્રસન્ન થશે.ⓕ (૯૬).

આમ વિવિધ રીતે પતિને સમજાવીને, જાતે જ ઘરમાં પુરાઇ જઇને પતિને કહ્યું કે હે પ્રિયનાથ ! હવે ઘર સળગાવી દો. (૯૭). શબરે પણ રાજી થઇને ઘરનું બારણું બંધ કરીને આગ લગાડી દીધી અને ઘર પણ બળીને તરત જ ખાખ થઇ ગયું. (૯૮). શબરી પણ ત્યાં બળી ગઇ. પછી શબરે એ ભસ્મ લઇને રોજની જેમ ભક્તિપૂર્વક ભગવાન શંકરને અર્પણ કરી. (૯૯). સંપૂર્ણ વિધિવત્ ભગવાનની પૂજા થતાં એ શબર અંતરમાં ખૂબ રાજી થયો અને પોતાની સ્ત્રી બળી ગઇ છે એનું સ્મરણ પણ ના રહ્યું. (૧૦૦). રોજની જેમ હાથમાં પ્રસાદ લઇને શબરે આનંદથી પત્નીને પ્રસાદ લેવા બોલાવી. (૧૦૧).

પત્ની તો આગમાં બળીને ખાખ થઇ ગઇ છે એ એને યાદ ન રહ્યું. એટલે પ્રસાદ લેવા પત્નીને પ્રેમથી બોલાવી !! (૧૦૨). ભગવાન શંકર પ્રસન્ન થયા અને પરિણામે શબરી પણ ઊઠીને હસતાં હસતાં પ્રસાદ લેવા દોડતી આવી. એના હૈયામાં હરખ માતો ન હતો. (૧૦૩). એ તો હાથમાં પ્રસાદ લઇને હરખાતી હરખાતી ઘરમાં ગઇ. ત્યાં શબરને ભાન થયું અને એ તો દંગ જ થઇ ગયો. (૧૦૪). પહેલાંની માફક જ ઘરને અને સ્ત્રીને જોઇને આશ્ચર્યમાં ડૂબી જઇને એ બોલ્યો કે હે પ્રિયે ! તું માને કે ના માને પણ મેં તને ઘરસહિત બાળી નાખી હતી અને તું પણ બળીને ખાખ થઇ હતી તો પછી તું જીવતી આવી ક્યાંથી? આ બધું કેવી રીતે બન્યું? (૧૦૫-૧૦૬).

શબરી બોલી કે હે નાથ ! મને એક વાત બરાબર યાદ છે કે જ્યારે ઘર બળી ગયું ત્યારે હું ઘરમાં સૂતી હતી. (૧૦૭). મને એકદમ બરાબરની ટાઢ ચઢી હતી તેથી હું ઘસઘસાટ ઊંઘી ગઇ હતી. તમારી પ્રસાદ લેવાની રાડ સાંભળીને હું ઝબકીને જાગી ગઇ. (૧૦૮). દેવની આ લીલા સમજાતી નથી. ભગવાન શંકર પ્રસન્ન થયા છે. જ્યાં શબરી આમ બોલી ત્યાં તરત જ ભગવાન સદાશિવ પ્રગટ થયા. (૧૦૯). પતિ-પત્ની બંને ભોળાનાથનાં ચરણમાં આળોટવા લાગ્યાં. ભગવાન શંકરે પ્રસન્ન થઇને કહ્યું કે કંઇ વરદાન માગો. (૧૧૦). પતિ-પત્નીએ કહ્યું કે હે ભગવાન શંકર ! આપનાં ચરણમાં અમારી કાયમની ભક્તિ રહે તથા આપનાં ચરણની અખંડ સેવા મળે એવું વરદાન આપો. (૧૧૧).

એવું કહીને બંનેએ વંદન કર્યાં ત્યાં પશુપતિનાથ બોલ્યા કે અહીં અખંડ સુખ ભોગવી સ્વર્ગમાં કરોડ વરસ સુખ ભોગવશો એવું હું તમને વરદાન આપું છું. એવું કહીને તરત જ ભગવાન શંકર અંતર્ધાન થયા. (૧૧૨-૧૧૩).

આ રીતે સૂતજીએ ઋષિઓને સવિસ્તર કથા કહી સંભળાવી અને કહ્યું કે જો દૃઢ વિશ્વાસ હોય તો વ્યક્તિ તરત જ ફળ મેળવે છે. (૧૧૪). આમ કહીને શ્રીગુરુએ શિષ્યોને કહ્યું કે ધન્ય છે એ બ્રાહ્મણને કે જે ભરોસો રાખીને ભક્તિપૂર્વક લાકડાંને ભજે છે. (૧૧૫). જેની જેવી ભાવના હોય તેવી તેને સિદ્ધિ મળે છે. આમ બોલીને દયાના સાગર એવા શ્રીગુરુ સંગમ ઉપર ગયા. (૧૧૬). ત્યાં પોતાનું નિત્યકર્મ કરીને શ્રીગુરુએ એ કુષ્ઠીને જોયો અને એની દૃઢતા જોઇને શ્રીગુરુ પ્રસન્ન થયા. (૧૧૭). કમંડળમાંથી જળ લઇને લાકડાં ઉપર છાંટ્યું અને તત્ક્ષણ એ સૂકાં લાકડાંમાં અંકુરો ફૂટ્યા. એના ઉપર અસંખ્ય પાંદડાં ફૂટ્યાં જે બધાએ જોયાં. સૂકું લાકડું ઔદુંબરનું વૃક્ષ થઇ ગયું !! (૧૧૯). ચિંતામણિના સ્પર્શથી જેમ લોખંડનું સોનું થઇ જાય તેમ શ્રીગુરુની અમૃતદૃષ્ટિથી લાકડું ઔદુંબરનું વૃક્ષ થઇ ગયું ! (૧૨૦). એ બ્રાહ્મણ તરત જ કોઢ વિનાનો અને સુંદર શરીરવાળો થઇ ગયો. તરત જ એણે આવીને શ્રીગુરુનાં ચરણમાં પ્રેમથી સાષ્ટાંગ પ્રણામ કર્યાં. (૧૨૧). હરખનાં આંસુથી ઊભરાતી આંખે પ્રણામ કરીને એ પ્રેમપૂર્વક સ્તવન કરવા લાગ્યો. હે દયાના સાગર ! હે દેવ ! હે નૃસિંહ યતિરાય ! હું આપને વંદન કરું છું. (૧૨૨).

સ્તોત્ર:

કોટિ (અસંખ્ય) સૂર્ય સમાન તેજસ્વી, અસંખ્ય ચંદ્ર સમાન શાંત, હે ત્રિમૂર્તિ વિશ્વનાથ ! દેવો દ્વારા જેનાં ચરણારવિંદ ભ્રમરની માફક પૂજાય છે, ભક્તિ દ્વારા મેળવી શકાય એવા, અત્રિનંદન તું અમને તારા પોતાના ગણીને અમારું પાલન કર. હે નૃસિંહસરસ્વતી ભગવાન ! હું આપનાં ચરણકમળને વંદન કરું છું. (૧).

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર સૂર્ય, શ્રીપાદ નામથી જાણીતા હે ગુણોના રાજા ! હે ગુણથી પર શ્રેષ્ઠ પ્રભો ! તમે અહીં સંન્યાસીનો વેષ સ્વીકાર્યો છે. ભકતો દ્વારા સેવાયેલા, ઇચ્છિત વસ્તુ આપનાર, આપ્તકામ, હે કામકલ્પ ! એવા હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું આપનાં આ ચરણારવિંદને વંદન કરું છું. (૨).

કામ, ક્રોધ વગેરે છ માતેલા હાથી ઉપર અંકુશ સમાન, હે સચ્ચિદાત્મ સ્વરૂપ ! સૌખ્યકંદ ! હે ઇંદ્રિયોના એકમાત્ર નિયંતા એવા આપને હું વંદન કરું છું. તમે ધર્મનું રક્ષણ કરવા માટે આ ધન્ય એવો માનવ વેષ ધારણ કર્યો

છે. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું આપના પાદારવિંદને વંદન કરું છું. (૩).

સૂર્ય અને ચંદ્ર જેની આંખ છે, જે ભકતો માટે કામધેનુરૂપ છે, જેનાથી આ પંચભૌતિક જગત ઉત્પન્ન થાય છે, એમાં ટકી રહે છે અને અંતમાં જેમાં એનો લય થાય છે એવા હે વિભો ! હે નૃસિંહસરસ્વતી ભગવાન ! હું આપનાં પાદકંજમાં વંદન કરું છું. (૪).

લાલ કમળના પત્ર સમાન નેત્રવાળા, હાથમાં દંડ અને કમંડલુ ધારણ કરનારા, (પૂર્ણિમાના) પૂર્ણ ચંદ્રની શોભા સમાન મુખવાળા, આપના મુખ પર હાસ્યની શોભા અલૌકિક છે. વેદો પણ હંમેશાં આપનાં ચરણની રજ શોધતા ફરે છે એવા હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું આપનાં પાદાબ્જને વંદન કરું છું. (૫).

બ્રહ્મનાદ અને ૐકાર બિંદુથી પર, કલાથી પર, ન માપી શકાય એવા, ભવતાપથી તપ્ત થયેલા માટે કલ્પવૃક્ષ સમાન, સુખ અને શાંતિનું જે ઘર છે, સંસાર સાગરને તરવા માટે નૌકારૂપ, ગરીબાઇને સળગાવી મૂકનાર, ભીતિ હરી લેનાર અને સારરૂપ એવા હે નૃસિંહસરસ્વતી દેવ ! હું આપનાં ચરણકમળમાં વંદન કરું છું. (૬).

યોગના ધામરૂપ, પૂર્ણકામ સ્વરૂપ, નિજાનંદમાં મસ્ત રહેનાર, જન્મ અને મૃત્યુના વિરામસ્થાન સમાન અને જ્ઞાનીના અનામી આશરારૂપ, કૃષ્ણા, વેણી અને પંચગંગાના સંગમ ઉપર રહેનાર હે નૃસિંહસરસ્વતી વિભુ ! હું આપનું ધ્યાન ધરું છું અને આપનાં ચરણારવિંદમાં નમન કરું છું. (૭).

આદિ, મધ્ય અને અંત વિનાના, અપ્રમેય શકિત ધરાવનાર, વાણીથી પર, વાણી આપનાર, દૃષ્ટિથી અગોચર એવા હે આત્મક્રીડ ! આપ અદ્વિતીય અને પૂર્ણબ્રહ્મ છો. સંસારના જન્મમરણના પાશનો નાશ કરો. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું આપનાં ચરણમાં વંદન કરું છું. (૮).

❀

આ રીતે સ્તવન કરીને નરહરિએ ફરી પાછા પ્રણામ કર્યા અને કહ્યું કે હે નૃસિંહ ભગવાન ! તમે આ રીતે મારા પર ઘણી કૃપા કરી. (૧૨૩). આવું બોલીને લાંબો થઇને એ વારંવાર પ્રણામ કરવા લાગ્યો. એને ભક્તિથી પરિપ્લુત (ઉભરાતો) થયેલો જોઇને ગુરુને ખૂબ સંતોષ થયો. (૧૨૪).

હે જ્ઞાનના ભંડાર ! ઊઠ ! એને આ રીતે હિંમત આપીને એના માથા પર અભય કર મૂકીને એને પ્રેમપૂર્વક ઉઠાડ્યો.[૫] (૧૨૫). લાકડાં ઉપર પાંદડાં ફૂટેલાં જોઇને અને બ્રાહ્મણને સુંદર અંગવાળો જોઇને બધા લોકો વિસ્મય પામી ગયા અને શ્રીગુરુને ભાવથી વંદન કરવા લાગ્યા. (૧૨૬). શ્રીગુરુને માનપૂર્વક પગે લાગીને અને વંદન કરીને સ્તવન કરવા લાગ્યા. કોઢના રોગથી છુટકારો પામેલા બ્રાહ્મણ અને શિષ્યોની સાથે શ્રીગુરુ મઠમાં આવ્યા. (૧૨૭). આ સમાચાર જાણીને નગરજનો તથા બ્રાહ્મણો વગેરે પૂજાપો તથા આરતી લઇને સામે પગલે દોડ્યા. (૧૨૮). શ્રીગુરુએ બધાની સાથે મઠમાં પ્રવેશ કર્યો. બધાએ આનંદપૂર્વક પૂજન કર્યું અને ત્યાં ઉત્સવ થઇ રહ્યો. (૧૨૯). એ બ્રાહ્મણે પવિત્ર થઇને બ્રાહ્મણ ભોજન કરાવ્યું અને બધાને પરિવાર સહિત જમાડ્યા. (૧૩૦).

એને પોતાની પાસે પ્રેમથી બોલાવીને શ્રીગુરુએ પ્રસન્ન થઇને કહ્યું કે હે નરહરિ ! તું મારો ખાસ ભકત છે. (૧૩૧). જા ! તને સ્ત્રી-પુત્ર વગેરેનું સાંસારિક સુખ તથા સ્વર્ગનું સુખ પણ મળશે. તને ગાય, ઘોડા વગેરેની સંપત્તિ મળશે અને તારા વંશની વૃદ્ધિ પણ થશે. (૧૩૨). આમ કહીને યોગ વગેરેનો પ્રગટ ઉપદેશ આપીને શ્રીગુરુએ કહ્યું કે આજથી અમે પ્રેમથી તારું યોગેશ્વર એવું ઉત્તમ નામ પાડીએ છીએ અને બધા શિષ્યોમાં તું શ્રેષ્ઠ અને મારો અતિ પ્રિય શિષ્ય ગણાશે. (૧૩૩-૧૩૪). મારી કૃપાથી તારા કુળમાં જન્મનારા બધા જ વેદશાસ્ત્ર જાણનારા, આધ્યાત્મિક વૃત્તિવાળા અને વિદ્વાન થશે. (૧૩૫). તું હવે કોઇ ચિંતા કરીશ નહિ અને હવે પછી હું જેમ કહું તેમ મારી આજ્ઞા પ્રમાણે તું કર. તું મનમાં શંકા લાવીશ નહિ. (૧૩૬). તારો કોઢ દૂર થઇ ગયો છે તો હવે તું ઘરે જા અને તારી સ્ત્રી તથા પુત્રો વગેરેને લઇને જલદી અહીં આવ. તું એમાં વાર લગાડીશ નહીં. (૧૩૭). તું સ્ત્રી, પુત્રો વગેરેને લઇને આવીને ગામમાં મારી પાસે આનંદથી રહે. એથી તારું ચોક્કસ કલ્યાણ થશે. (૧૩૮). તારા ત્રણ પુત્રો મારી પૂજા (ભક્તિ) કરનારા થશે. એમાંથી એક તો યોગી થશે. તારા કુળમાં જન્મ લેનારા બધા જ મારા ભકત થશે એ વાતની તું ખાતરી રાખજે. (૧૩૯). એમ કહીને પ્રસન્ન થઇને પછી શ્રીગુરુરાયે એને આનંદથી વિદ્યાસરસ્વતીમંત્રનો વિધિસર ઉપદેશ કર્યો. (૧૪૦). શ્રીગુરુના કહેવા પ્રમાણે જ બધું થયું. હે નિરંજન ! ગુરુકૃપા આવી અગાધ હોય છે તે તું જાણી લે. (૧૪૧). અસાર એવા આ સંસારમાં ગુરુકથા જ સારરૂપ છે. જો નસીબજોગે એનો **રંગ** લાગે તો ઢોર જેવો માનવી પણ દેવરૂપ બની જાય છે. (૧૪૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શુષ્કકાષ્ઠોજ્જીવન'** નામનો **ચોરાણું મો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૪

(૧) આપણે કરેલાં કર્મોના ફળ સ્વરૂપે જે સુખ-દુ:ખ મળે છે તેને સંત હળવાં કરે છે. કોઢ થયો હોય તેનું મોં જોવા પણ લોકો રાજી ના હોય તો એનું એને પારાવાર દુ:ખ હોય છે. આવી તિરસ્કૃત થયેલી વ્યક્તિને સંત સ્વીકારે છે અને એને શાંતિ આપે છે. સંત પોતાની શક્તિ દ્વારા એ રોગને પણ દૂર કરે છે. સાચા સંતો આવું કરે છે પણ કહેતા ફરતા નથી. 'સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી' એવું પૂ.બ્રહ્મનંદનું ભજન સંત વિશે ઘણું બધું કહી જાય છે. સાચા સાધુને ઓળખવા પોતે સાધુ બનવું પડે.

(૨) દોહરા ૨૬ થી ૩૪ વારંવાર વાંચવા જેવા છે. સારું અને સાચું કરવાનું શરૂ કરીએ એટલે કસોટી થવા જ માંડે, વિઘ્નો આવવા જ માંડે. પણ શ્રીગુરુની કૃપાથી, શ્રીગુરુમાં અટલ ભરોસો રાખવાથી એ બધું દૂર થાય છે. 'હારા સો હરિસે મિલા' એ ન્યાયે શ્રીગુરુમાં અટલ ભરોસો રાખી, એના કહ્યા મુજબ કરવામાં જ શિષ્યનું શ્રેય છે. 'શ્રદ્ધા ફલતિ સર્વત્ર, ન મંત્રો ન દૈવતમ્' એ સૂત્ર હંમેશાં યાદ રાખવું ઘટે.

એક ભકત ગુરુમાં શ્રદ્ધા રાખીને, નિષ્ઠાપૂર્વક ગુરુના કહ્યા મુજબ ઔદુંબરના સૂકાં લાકડાંને જળ સિંચન કરે છે. આવી વ્યકિતને પ્રોત્સાહન આપવાને બદલે બીજા ચતુર અને પોતાના વિશે ઊંચો ખ્યાલ ધરાવતા ભકતો એને ગુરુના કહેવા પાછળનું રહસ્ય સમજાવે છે. આ પાછું ગુરુને પૂછ્યા વગર કહે છે અને તે ભકતને નિરુત્સાહી કરે તેવું કહે છે. તારો રોગ કોઇ પણ રીતે દૂર થાય એમ જ નથી એટલે તને ગુરુએ આ સૂકું લાકડું બઝાડી દીધું છે. તું પાણી રેડ્યા કર અને રાહ જોયા કર. આનાથી કાંઇ વળવાનું નથી. ગુરુને પૂછ્યા વિના આવું ડહાપણ કરવાની જરૂર ખરી? આમ છતાં ભકતે તો કહી દીધું કે મને વિશ્વાસ છે કે શ્રીગુરુએ કહ્યું છે તેથી આ સૂકાં લાકડાંને પાન ફૂટશે. આવો વિશ્વાસ હોય તો જ ગુરુ કૃપા ફળે.

શબરીને માતંગ ઋષિએ કહ્યું હતું કે તને ભગવાન રામનાં દર્શન થશે. તે પછી શબરીએ એક પણ પ્રશ્ન પૂછ્યા વગર શ્રદ્ધા અને વિશ્વાસથી વર્ષો સુધી રાહ જોઇ અને અંતે દર્શન કર્યાં.

આવા દોહરા વાંચીને આપણે આપણી જાતને સવાલ પૂછવાના રહે છે કે આપણામાં આવી શ્રદ્ધા છે ખરી?

(૩) દોહરા ૪૧ અને ૪૨ ખૂબ વિચારવા જેવા છે. "જેવી જેની ભાવના, સિદ્ધિ તેવી થાય". શિષ્યને દૃઢ વિશ્વાસ હોય, અડગ નિષ્ઠા હોય તો પછી એનું કાર્ય સિદ્ધ થાય છે. સાચું પૂછો તો શિષ્ય તો કાર્ય સિદ્ધ થાય છે કે નથી થતું તેનો પણ વિચાર નથી કરતો. મારા ગુરુએ કહ્યું તેમ કરવાની મારી ફરજ છે. **ગુરુને દેવ માનીને એના જીવતે-જીવત એમના નામના જપ કરી શકાય? પૂ.બાપજીએ મુ.બચુભાઇ (પૂ.પ્રેમ અવધૂતજી)ને જવાબ આપ્યો કે 'દેવભાવ' હોય તો કરી શકાય.** આ સમગ્ર જગત જ ભાવના ઉપર આધારિત છે.

"ભાવના હોય તો હોયે દિવાળી
ભાવ ના હોય તો હોળી રે" (પાપીગણુ) આ ઉકિત તદ્ન સાચી છે.

(૪) દોહરા ૮૧ થી ૯૬ અભણ દંપતીના સમજપૂર્વકના મધુર દાંપત્ય જીવનને પ્રકાશિત કરે છે. શબરી પોતે પતિનું વ્રત જળવાય તે માટે મરવા તૈયાર થાય છે અને શબર એને બાળવાની ના કહે છે એ અંગેની દલીલો ભણેલાને પણ વિચારતા કરી મૂકે છે.

"અરે ! સાચા પ્રેમી કવચિદપિ અપેક્ષા નવ કરે"

એ ઉકિત પ્રમાણે જેને સાચો પ્રેમ છે તે તો અપેક્ષા વગરના સમર્પણમાં માને છે. આપણે તો 'ભગવાન મારું આ કામ કરે તો હું એને પ્રસાદ ધરાવીશ' એવી વૃત્તિવાળા અને છતાંયે કહેવાઇએ ભણેલા ને સુધરેલા !

દાંપત્ય જીવનમાંથી મધુરતા ગઇ એટલે બધા દંભ-પાખંડ વધ્યા અને ભકિતનું દર્શન ન થતાં પ્રદર્શન થવા લાગ્યું.

(૫) જ્ઞાન ગુરુકૃપાથી, ભગવદ્કૃપાથી જ આવે છે. પુસ્તકો વાંચવાથી માહિતી મળે છે. શ્રીગુરુ કૃપા કરે અને શિષ્યને કહે કે હે જ્ઞાનરાશિ ! ઊઠ. એટલે વ્યકિતમાં જ્ઞાનપુંજ પ્રગટી ઊઠવાનો અને માથે અભય કર મૂકે એટલે એના યોગક્ષેમ વહન કરવાની ચિંતામાંથી મુકત થવાનો. આપણા પૂ.બાપજીએ આવાં તો કંઇ કાર્યો કર્યાં અને લોકોને અભય કરી દીધા. **સાચો સંત કરે, કરેલું કહે નહીં.**

અધ્યાય : ૯૫

આ અધ્યાયનું નામ **'ગુરુભક્તિપ્રકારવર્ણને કાશીયાત્રોપક્રમ'** છે. આ અધ્યાયમાં **૧૬૪** દોહરા છે.

નિરંજને બે હાથ જોડીને અલખને પૂછ્યું કે શું મારા પૂર્વજો પૈકી કોઇએ શ્રીગુરુને સેવ્યા હતા ખરા કે? તું તો બધું જ જાણે છે તેથી એ વાત મને સવિસ્તર કહે. (૧-૪). નિરંજનની આ વાત સાંભળીને અલખજીએ કહ્યું કે ગોદાવરીના કિનારે થયેલી લીલામાં આગળ જે સાયંદેવની વાત કરી હતી તે તારા પૂર્વજ હતા. જ્યારે શ્રીગુરુ ગાણગાપુરમાં આવીને રહ્યા ત્યારે તારા પૂર્વજ સાયંદેવે શ્રીગુરુનું સ્તવન કરીને દંડવત્ પ્રણામ કર્યા એટલે શ્રીગુરુએ પણ સંતોષ પામી, તેના માથે હાથ મૂકીને વરદાન આપ્યું કે, "જા, તારો સકળ વંશ મારી પૂજા કરનારો- મારો ભકત થશે." (૫-૩૩).

એક દિવસ ભિક્ષા લીધા પછી શ્રીગુરુ સાયંદેવને કુટુંબની કુશળતા વિશેના સમાચાર પૂછતા હતા ત્યારે સાયંદેવે પોતાના સાંસારિક જીવનની ક્ષેમકુશળતા વર્ણવી, શ્રીગુરુની સેવામાં રહેવાની પોતાની ઇચ્છા વ્યકત કરી. શ્રીગુરુએ કહ્યું કે મારી સેવા કરવાનું કામ અતિ કઠણ છે અને તેથી તને ખૂબ તકલીફ પડશે. આમ છતાં સાયંદેવે ગુરુ પ્રત્યેનો પોતાનો દેવભાવ પ્રગટ કર્યો એટલે શ્રીગુરુએ કહ્યું કે "ભલે. તને જેમ યોગ્ય લાગે તેમ કર." (૩૪-૫૦).

એક દિવસ એની નિષ્ઠા તપાસવા શ્રીગુરુએ લીલા કરી. સાંજે શ્રીગુરુ અને સાયંદેવ બે જણા જ સંગમ પર આવ્યા. સૂર્યાસ્ત થયો ના થયો ત્યાં જ ભયંકર વંટોળિયો ફૂંકાયો અને મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. ગુરુ વરસાદથી હેરાન ન થાય તેમ સાયંદેવ સેવા કરતો હતો. આ રીતે છ કલાક પસાર થઇ ગયા. વરસાદ બંધ થતાં જ ઠંડો પવન ફૂંકાયો એટલે શ્રીગુરુએ કહ્યું કે મને સખત ટાઢ ચઢી છે તેથી તું ગામમાં જઇને અગ્નિ લઇ આવ. પરંતુ અગ્નિ લેવા જાય અને પાછો આવે ત્યારે આજુબાજુ જોઇશ નહીં. સાયંદેવ અગ્નિ લઇને પાછો ફરતો હતો ત્યારે એને થયું કે શ્રીગુરુએ મને આજુબાજુ જોવાની કેમ ના પાડી હશે? એણે જ્યાં આજુબાજુ જોયું તો બન્ને બાજુ ફણાધર નાગ જોયા. ખૂબ ગભરાયેલો સાયંદેવ દોડતો દોડતો શ્રીગુરુ પાસે આવીને પગે પડ્યો ત્યારે પેલા બે સાપ પણ પ્રણામ કરીને જતા રહ્યા. શ્રીગુરુએ કહ્યું કે આ તો તારું રક્ષણ કરવા માટે મેં તારી સાથે મોકલ્યા હતા. શ્રીગુરુની ભક્તિ દૃઢવૃત્તિથી ન સ્વીકારનારને જ મોતની બીક રહે છે. (૫૧-૮૩).

સાયંદેવે પ્રાર્થના કરીને કહ્યું કે મને ગુરુભક્તિનો પ્રકાર સમજાવો ત્યારે જે કથા ભગવાન શંકરે પાર્વતીને સંભળાવી હતી તે સમગ્ર કથા શ્રીગુરુએ સાયંદેવને કહી સંભળાવી અને એ દ્વારા શ્રીગુરુની આજ્ઞા અનુસાર જુદી જુદી વસ્તુ લેવા નીકળેલા શિષ્યે કાશીની કરેલી યાત્રા વિશેનું માહાત્મ્ય સમજાવ્યું. (૮૪-૧૬૪).

ભાવભક્તિથી બે હાથ જોડીને નિરંજન બોલ્યો કે હે અલખ ! હે યોગેશ્વર ! આપનો જય હો ! હું આપનાં ચરણમાં મારો દેહ ન્યોછાવર કરી દઉં છું. (૧). તું ખરેખર ભવતારક છે અને અજ્ઞાનરૂપી અંધકારમાં પ્રકાશરૂપ છે. તેં વિવિધ ધર્મસભર રમ્ય ગુરુકથા કહી છે. (૨). એ સાંભળીને હું તો ધન્ય ધન્ય થઇ ગયો છું. તેથી તને પ્રેમથી પૂછું છું કે મારા પૂર્વજોએ શ્રીગુરુને કેવી રીતે પૂજ્યા હતા? (૩). તું સર્વજ્ઞ છે, ખરેખર જ્ઞાની પણ છે અને પરમ ગુરુનો શિષ્ય પણ છે માટે તું કૃપા કરીને એ બધી કથા વિસ્તારપૂર્વક કહે. (૪). શિષ્યનાં એ વચન સાંભળીને એ દયાળુ અલખજી બોલ્યા કે હે બાળક (નિરંજન) ! આગળ ઉપર ગોદા નદીના કિનારે શ્રીગુરુ પાસે જે સાયંદેવ આવ્યો હતો તે તારો પૂર્વજ છે અને શ્રીગુરુને પ્રેમથી પૂજીને તેમનો શિષ્ય થયો હતો. (૫-૬).

પછી ત્યાંથી શ્રીગુરુ દક્ષિણ ભાગમાં ગાણગાપુરમાં આવ્યા જ્યાં એમની અતિશય નામના થઇ. (૭). એમનું નામ સાંભળીને લોકો દર્શન માટે આવતા હતા અને એમનાં દર્શનમાત્રથી એમની મનોકામના તરત જ ફળતી હતી. (૮). ભકતવત્સલ એવા શ્રીનૃસિંહસરસ્વતી ગાણગાપુરમાં રહે છે એવી ખ્યાતિ સમગ્ર દેશમાં ફેલાઇ ગઇ. (૯). એ સાયંદેવ જ તારો પૂર્વજ છે અને એણે લોકોના મુખે શ્રીગુરુનો મહિમા સાંભળ્યો. (૧૦).

શ્રીગુરુનો નિર્મળ યશ સાંભળીને હર્ષભેર એ ભકતરાજ તરત જ ગાણગાપુરમાં આવ્યો. (૧૧). દૂરથી નગરને જોયું કે ત્યાંથી જ ડગલે ડગલે દંડવત્ કરતો કરતો પ્રેમથી ઝડપથી આવી પહોંચ્યો. (૧૨). વારંવાર પ્રણામ કરીને એ મઠમાં આવ્યો અને ત્યાં સાક્ષાત્ પરાત્પર પરબ્રહ્મ શ્રીગુરુને જોયા. (૧૩). શ્રીગુરુનાં ચરણોમાં પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને શ્રીગુરુનાં ચરણની ધૂળ એણે પ્રેમપૂર્વક પોતાના વાળથી સાફ કરી. (૧૪). બે હાથ જોડીને અને મનને એકાગ્ર કરીને, નમન કરીને એ સ્તવન કરવા લાગ્યો. હે શ્રીગુરુ ! બ્રહ્મા, હરિ અને હર અને તું એક જ રૂપ છો. (૧૫).

મારો જન્મ સફળ થઇ ગયો અને મારા પિતૃઓ કૃતાર્થ થઇ ગયા. તારા ચરણસ્પર્શમાત્રથી મારા કરોડો જન્મોનું પાપ નષ્ટ થઇ ગયું છે. (૧૬). હે પરમાત્મન્ ! તમારો જય હો ! જગતના હે સાક્ષાત્ જ્યોતિરૂપ ! હું તમને નમન કરું છું. હે નૃસિંહસરસ્વતી ! તમારો જય હો ! તમારો જય હો ! હે કરુણા કરનારા ! તમારો જય હો ! (૧૭). હે નાથ ! હું તારાં ચરણકમળનો મહિમા વર્ણવી શકું એમ નથી. હે ભકતવત્સલ વિભુ ! હું ફકત બે હાથ જોડું (પ્રણામ કરું) છું. (૧૮). તારાં ચરણોમાં બધાં જ તીર્થો છે અને તારા સિવાય બીજો કોઇ દેવ નથી. 'चरणं पवित्रं...' એવું વેદ કહે છે અને આપ એના પ્રત્યક્ષ પુરાવારૂપ છો. (૧૯). મૂઢ દૃષ્ટિવાળાને તું ભલે મનુષ્યરૂપ જણાય પરંતુ મને તો તું ત્રિમૂર્તિના અવતારરૂપ જ જણાય છે. (૨૦).

હાથમાં અમૃતનું કમંડળ ધારણ કરનાર તું સાચે જ બ્રહ્મા છે જેના સ્પર્શથી મરેલો પણ જીવતો થાય છે અને બ્રહ્માનંદમાં મસ્ત થઇને ફરે છે. (૨૧). તે જ રીતે તું દંડધારી વિષ્ણુ છે અને શરણાગતનો રક્ષક છે. તું ભકતની ગરીબાઇ દૂર કરી તેનાં પાપનો અને દુ:ખનો નાશ કરે છે. (૨૨). તું ભસ્મ અને રુદ્રાક્ષ ધારણ કરનાર ત્રિનેત્રધારી શંકર છે. તું તારી કરાલ દૃષ્ટિથી ત્રિતાપરૂપી (ત્રિ)પુરને બાળી દે છે. (૨૩). હે નૃસિંહસરસ્વતી ! તું તારા ભકતને પ્રેમપૂર્વક ચતુર્વર્ગને આપનારો છે. જન્મમરણની સાંકળરૂપ-સંસૃતિના રોગનો તું હરનાર છે. તું રુદ્ર પણ છે અને જગદ્ગુરુ પણ છે. (૨૪). ક્ષમા, શાંતિ વગેરે લક્ષણો જોતાં તું સાક્ષાત્ શ્રીહરિ છે. ભકતને માટે કામધેનુ સમાન

હે તાત ! તારાં ચરણોમાં જ બધાં તીર્થો આવેલાં છે. (૨૫). તેં સૂકાં લાકડાં પર પાંદડાં આણ્યાં અને વંધ્યા ભેંસને દૂધ આપતી કરી. તેં વંધ્યા સ્ત્રીના પેટે દીકરાનો જન્મ કરાવ્યો. તું ખરેખર ભગવાન શંકર જ છે. (૨૬). અન્નપૂર્ણા તારી સમીપમાં જ વસે છે તેથી તું વિષ્ણુ સ્વરૂપ છે. આ રહસ્યને ખુલ્લું કરવા માટે તેં ત્રિવિક્રમ મુનિને કલ્યાણકારી વિશ્વરૂપ બતાવ્યું અને અંત્યજના મુખથી વેદો બોલાવ્યા. (૨૭-૨૮).

તારો મહિમા અપાર છે અને તું સાક્ષાત્ ત્રિમૂર્તિરૂપ છે. તેં ભક્તોને માટે જ અવતાર લીધો છે. તારી કેટલી બધી કૃપા છે ! આ રીતે ગળગળો થઈને, સ્તવન કરીને રોમાંચિત શરીરથી સુદેહધારી સાયંદેવ વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યો. (૨૯-૩૦).

આનંદનાં ઊભરાતાં આંસુથી શરીર ભીંજાઇ ગયું છે અને તે શ્રીગુરુનું ભક્તિપૂર્ણ ભાવથી પ્રેમપૂર્વક સ્તવન કરવા લાગ્યો. (૩૧). શ્રીગુરુએ પ્રસન્ન થઈને, આશ્વાસીને માથે હાથ મૂકતાં કહ્યું કે તું મારો પરમ ભક્ત છે એમ તું માન. (૩૨). મને તારાથી સાચે જ સંતોષ થયો છે અને તેથી તને પ્રેમથી વરદાન આપું છું કે જા, તારો સમગ્ર વંશ મને પૂજનારો થશે. (૩૩). હવે તું સંગમ ઉપર જઈને, ત્યાં સ્નાન કરીને અને અશ્વત્થની પૂજા કરીને અહીં મઠમાં ભોજન લેવા આવ. એમાં તું વિલંબ કરીશ નહિ. (૩૪). આમ ગુરુની આજ્ઞા થતાં સુજ્ઞ સાયંદેવ સંગમે સ્નાન વગેરે પતાવીને ઝડપથી મઠમાં આવી પહોંચ્યો. (૩૫).

શ્રીગુરુની સોળ ઉપચારથી પૂજા કરીને શ્રીગુરુને મિષ્ટાન્ન તથા છ રસયુકત સ્વાદવાળી રસોઈની ભિક્ષા આપી. (૩૬). બધા શિષ્યો સાથે એને પણ પોતાની પાસે બેસાડીને ભક્તવત્સલ શ્રીગુરુએ બહુ પ્રેમથી ભોજન લીધું. (૩૭). ભોજન પછી ભક્તો સાથે આનંદથી બેસીને (વાતો કરતાં શ્રીગુરુએ) સાયંદેવને પૂછ્યું કે હાલ તું ક્યાં રહે છે? તારાં સ્ત્રી-પુત્રો ક્યાં છે? ઘરમાં બધું ઠીક ચાલે છે ને ! ત્યાં બધા ક્ષેમ કુશળ તો છે ને ! (૩૮-૩૯). જ્યારે શ્રીગુરુએ પરમ પ્રેમથી આ બધું પૂછ્યું ત્યારે સાયંદેવે વંદન કરીને બધું સવિસ્તર કહેતાં જણાવ્યું કે હે પ્રભુ ! તું તો બધું જ જાણે છે કે તેઓ ત્યાં ક્ષેમકુશળ છે. તારી આશિષથી અમે ઉત્તર કાંચીમાં સુખેથી રહીએ છીએ. (૪૦-૪૧). ઘરનો બધો જ વ્યવહાર ભાઇઓ તથા પુત્રો સંભાળે છે. હવે અહીં આપનાં ચરણમાં રહીને સેવા કરું એવી મારી ઇચ્છા છે. હે ગુરો ! આપનાં ચરણનું દાસ્ય આપો ! શ્રીગુરુએ એનાં વચન સાંભળીને કહ્યું કે મારી સેવા કરવાનું બહુ કપરું કામ છે. હું એક જ સ્થળે રહેતો નથી. હું કોઇ વાર ગામમાં રહું છું તો કોઇ વાર જંગલમાં રહું છું. મારી સાથે રહેવાથી તારે પારાવાર કષ્ટ સહન કરવું પડશે. હું તો સ્વાત્મમાં મસ્ત થઈને જ્યાં ત્યાં પડ્યો રહું છું. (૪૨-૪૫).

શ્રીગુરુનાં એ વચન સાંભળીને બ્રાહ્મણે પ્રણામ કરીને કહ્યું કે હે સ્વામી ! હું આપના શરણે આવ્યો છું. આપ મારો સ્વીકાર કરો. (૪૬). જે કોઇ ભાવપૂર્વક શ્રીગુરુની સેવા કરે છે તે ભવપાર થઇ જાય છે. પછી એને ક્યાંથી દુ:ખ હોય? એ તો સાચે જ હંમેશ માટે સુખી સુખી થઇ જાય છે. (૪૭). શ્રીગુરુ પ્રસન્ન થાય તો એ પોતે જ ચારેય પુરુષાર્થ આપી દે છે. પછી યમથી ડરવાનું પણ શું કારણ? ખરેખર ગુરુભક્તિ જ શ્રેષ્ઠ છે. (૪૮). સાયંદેવે આ પ્રમાણે ભક્તિપૂર્વક પ્રાર્થના કરી એટલે એનો વિનય જોઇને શ્રીગુરુ પ્રસન્ન થયા અને કહ્યું કે તને જેમ સૂઝે તેમ તું સેવાકાર્ય કર. જો તારો ભાવ દૃઢ હોય જ તો પછી તું ભલે સેવામાં રહે.① (૪૯-૫૦).

અધ્યાય : ૯૫

આ પ્રમાણે મનને સ્થિર કરીને એણે શ્રીગુરુની સેવા કરવાનું શરૂ કર્યું અને આ રીતે સેવા કરતાં કરતાં જોતજોતાંમાં ત્રણ મહિના વીતી ગયા. (૫૧).

એક દિવસ બીજા શિષ્યોને વિદાય કરીને શ્રીગુરુ સાયંદેવ સાથે સંગમ ઉપર ગયા. એની નિષ્ઠા ચકાસવા માટે શ્રીગુરુરાયે આ પ્રમાણે કર્યું અને એ બ્રાહ્મણ પણ નિર્ભય થઇને ભાવપૂર્વક ગયો. (૫૨-૫૩).

સાંજના સમયે (શ્રીગુરુ સાયંદેવ સાથે) સંગમ સ્થાન પર આવ્યા અને અશ્વત્થની નીચે બેસીને બંને જણા વાતો કરતા હતા. (૫૪). જેવો સૂર્યાસ્ત થયો કે તરત ભકતપ્રિય ગુરુનાથે એની નિષ્ઠા તપાસવા લીલા કરી. (૫૫). ત્યાં એકાએક ભયંકર વંટોળિયો ફૂંકાયો. એ વાવાઝોડામાં કંઇ કેટલાંયે ઝાડ ઊખડી ગયાં અને આકાશમાં પણ ધૂળ ઊડવા લાગી. (૫૬). પછી તો ધોધમાર વરસાદ તૂટી પડ્યો અને જાણે કે વરસાદની હેલી થઇ. રાત્રિનો સમય હોવાથી બધે અંધારું ઘોર હતું અને કશું જ દેખાતું ન હતું. (૫૭). ધન્ય છે એ સાયંદેવને કે જે ઠંડી અને વરસાદ સહન કરીને શ્રીગુરુની સંમુખ ઊભો રહીને એમની અનન્ય ભાવે સેવા કરતો હતો. (૫૮). શ્રીગુરુના માથા પર આડું કપડું ધરીને વરસાદને રોકવાનો અથાક પ્રયત્ન કરતો હતો. (૫૯). બે પહોર - છ કલાક- સુધી ધોધમાર વરસાદ વરસતો રહ્યો અને પછી એકદમ બરફ જેવો ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. (૬૦).

શ્રીગુરુએ કહ્યું કે હે સાયંદેવ ! મને એકદમ ટાઢ ચઢી છે. તું ગામમાં જઇને તાપવા માટે જલદી જલદી અગ્નિ લઇ આવ. (૬૧). આ સાંભળીને શ્રીગુરુની આજ્ઞા શિરોમાન્ય કરીને તે શિષ્ય તે જ ક્ષણે અગ્નિ લેવા ગયો. (૬૨). એને જતો જોઇને શ્રીગુરુએ હસીને કહ્યું કે આમ તેમ જોયા વગર સીધો જ ત્યાં જજે. (૬૩).

'ભલે' એમ કહીને એ ઝડપથી ગામના રસ્તે જવા લાગ્યો. અંધારામાં તેને રસ્તો સૂઝતો નથી એટલે તે અટકળ કરતો, કરતો જતો હતો. (૬૪). માથા ઉપર વરસાદ વરસતો હતો અને એકદમ ઠંડો પવન વાતો હતો. બધે ઘોર અંધારું વ્યાપેલું હતું એટલે પોતે પોતાની અટકળને આધારે જતો હતો. (૬૫). હૃદયમાં શ્રીગુરુનું ધ્યાન ધરતો ધરતો વીજળીનો ચમકારો થતાં તેના અજવાળે ક્ષણવાર માટે ઊભો રહીને વારંવાર રસ્તો નક્કી કરતો હતો. (૬૬). એ રીતે એ ગાણગાપુરના દરવાજે આવી પહોંચ્યો અને ચોકીદારને બધી હકીકત કહી સંભળાવી. (૬૭). એ વિગત સાંભળીને ચોકીદારે વાસણમાં અગ્નિ આપ્યો જે લઇને બ્રાહ્મણ તે જ ક્ષણે ઝડપભેર ચાલી નીકળ્યો. (૬૮). વીજળીના ઝબકારે પહેલાની જેમ રસ્તો નક્કી કરીને, શ્રીગુરુનું ધ્યાન કરતો કરતો એ અંધકારમાં નિર્ભય થઇને જતો હતો ત્યાં એને મનમાં વિચાર આવ્યો કે શ્રીગુરુએ બંને બાજુએ ન જોવાનું કેમ કહ્યું હશે? એનું શું કારણ હશે? (૬૯-૭૦). આમ વિચારીને જ્યાં એણે જમણી બાજુએ જોયું ત્યાં જ એણે મોટી ફેણવાળો સાપ જોયો અને એ જોતાં જ બીધો. (૭૧). આ રીતે ભયભીત થઇને જ્યાં ડાબી બાજુ દોડ્યો તો ત્યાં પણ મોટો સાપ જોયો અને જોઇને ખૂબ જ ગભરાઇ ગયો. (૭૨). પાંચ ફેણવાળા એ બંને મહાભયંકર નાગ બ્રાહ્મણ જ્યાં પણ જાય ત્યાં તેની પાછળ તરત જ દોડવા લાગ્યા. (૭૩). એ જે રસ્તે જતો હતો તે રસ્તો છોડીને વનમાં પેસી જીવ લઇને ત્યાંથી ભાગી છૂટ્યો પરંતુ ત્યાં પણ એની પાછળ પાછળ નાગ તો દોડ્યા જ. (૭૪). શ્રીગુરુનું હૃદયમાં સ્મરણ કરીને એ તરત જ દોડ્યો પરંતુ નાગ એનો પીછો છોડતા ન હતા એટલે એ અતિશય ગભરાયો. (૭૫).

હૃદયમાં હિંમત રાખીને અને ગુરુનાં ચરણનું ધ્યાન ધરતો ધરતો એ સુદૃઢ શરીરવાળો સાર્યદેવ સંગમ પાસે આવી પહોંચ્યો. (૭૬). એણે દૂરથી જોયું તો શ્રીગુરુની આજુબાજુ હજારો દીપ પ્રગટ્યા હતા અને બ્રાહ્મણો મોટેથી વેદઘોષ કરતા હતા. (૭૭). એ સાંભળીને એને ખૂબ જ આશ્ચર્ય થયું અને એ શ્રીગુરુ પાસે ગયો. તો ત્યાં તો ગુરુ એકલા જ હતા. એ જોઇને એ દિઙમૂઢ જ થઇ ગયો. (૭૮). શ્રીગુરુની પાસે પછી અગ્નિ પ્રજ્વલિત કરીને બીતાં બીતાં એણે શ્રીગુરુને પ્રણામ કર્યા. (૭૯). એટલામાં પેલા બંને સાપ પણ ત્યાં આવ્યા અને શ્રીગુરુનાં ચરણમાં નમન કરીને, જે રીતે આવ્યા હતા તે જ રીતે પાછા જતા રહ્યા. પેલો બ્રાહ્મણ તો પહેલેથી જ બીધેલો હતો. (૮૦).

શ્રીગુરુએ બ્રાહ્મણને પૂછ્યું કે તું આમ કેમ બીધેલો જણાય છે? આ બે સાપને તો મેં તારું રક્ષણ કરવા માટે મોકલ્યા હતા. (૮૧). તું બ્હીશ નહી. જો, મારી સેવા કરવી બહુ જ કપરી છે. માટે એનો પહેલેથી ખૂબ વિચાર કરીને પછી જ એને સ્વીકારવી.ⓩ (૮૨). શ્રીગુરુની ભક્તિ કરવાનું ખૂબ જ કપરું છે. પરંતુ જે દૃઢવૃત્તિથી સ્વીકારે છે તેને મોતની ભીતિની પણ શંકા રહેતી નથી. (૮૩). શ્રીગુરુનાં ચરણમાં પડીને સાર્યદેવે કહ્યું કે હે પ્રભુ ! મારા પર કૃપા કરીને મને ગુરુભક્તિના પ્રકાર વિશે કહો જેથી મારું ચિત્ત સારી રીતે સ્થિર થાય અને તારી પાસે રહીને તારી દૃઢપણે સેવા કરી શકું. (૮૪-૮૫).

એટલે શ્રીગુરુ બોલ્યા કે હું તને એક સરસ મજાની કથા કહું છું તે તું સાંભળ, જેથી સમય પણ જશે અને એટલામાં બ્રાહ્મમુહૂર્ત પણ થઇ જશે. (૮૬). એક વાર ભગવાન શંકર અર્ધાંગના પાર્વતીને લઇને કૈલાસમાં એકાંતમાં બેઠા હતા. (૮૭). ત્યાં પાર્વતીજીએ શંકરને કહ્યું કે હે સ્વામી ! કૃપા કરીને આપ સાક્ષાત્ (આપના શ્રીમુખે) મને ગુરુભક્તિનો પ્રકાર સંભળાવો. (૮૮). ભગવાન શંકર બોલ્યા કે ગુરુભક્તિ સર્વ સિદ્ધિ આપનારી છે એમ સમજો. શ્રીગુરુને સાક્ષાત્ શિવસ્વરૂપ માનીને એની હંમેશાં ભાવપૂર્વક સેવા કરવી. (૮૯). હે ભવાની ! હું તને એક પ્રાચીન કથા કહું છું તે તું ભાવપૂર્વક એકાગ્ર ચિત્તથી સાંભળ જેથી તને કોઇ સંદેહ રહેશે નહિ. (૯૦).

આ ગુરુભક્તિ સાચે જ સરળ છે અને તરત જ ફળ આપનારી છે. તપ અને અનુષ્ઠાન વગેરે તો ફળતાં વાર લાગે છે. (૯૧). વ્રત, દાન વગેરે તેમજ યજ્ઞ અને અનુષ્ઠાન અતિ કઠણ છે. સિદ્ધિ મેળવવી દુર્લભ છે. ત્યાં પળે પળે વિઘ્નનો સામનો કરવો પડે છે. (૯૨). જે માનવી ગુરુભક્તિ કરે છે તેને તરત જ ફળ મળે છે. એ ગુરુભક્તિમાં જ વ્રત, યજ્ઞ વગેરેનું બધું ફળ આવી જાય છે. (૯૩). માટે શ્રીગુરુ પાસે રહીને એની અનન્ય ભક્તિભાવથી સેવા કરવી જે તરત જ ફળ આપનારી નીવડે છે. (૯૪).

હે પાર્વતી ! હું તને એક દૃષ્ટાંત કહું છું તે તું સ્વસ્થતાથી સાંભળ. બ્રાહ્મણકુળમાં જન્મેલા, રૂપ અને સૌંદર્યવાળા વિખ્યાત એવા ત્વષ્ટા પોતાના કર્મમાં ખૂબ જ નિપુણ હતા. વ્રતબંધનને યોગ્ય થતાં પિતાએ એને સંસ્કાર આપીને ગુરુના ઘરે વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. એ પણ ત્યાં પ્રેમથી રહ્યા અને ખંતથી અભ્યાસ કરતા હતા. (૯૫-૯૭). એ બ્રહ્મચર્યનું પાલન કરીને શ્રીગુરુની એકનિષ્ઠ ભક્તિથી સેવા કરતો હતો. ત્યાં એક આશ્ચર્યકારક ઘટના ઘટી. (૯૮). એક દિવસ ત્યાં અતિશય વરસાદ પડ્યો અને પર્ણશાળા એકદમ જર્જરિત હોવાથી ત્યાં ઘણું પાણી અંદર ટપક્યું. (૯૯). એને બોલાવીને સદ્ગુરુએ પ્રેમપૂર્વક કહ્યું કે જો કેટલું બધું પાણી ફેલાયું છે. તું મજબૂત પર્ણશાળા-ઘર- બાંધ. (૧૦૦).

જો આ પર્ણકુટી દર વર્ષે જૂની-જર્જરિત થાય છે. તું એવું રમ્ય ઘર બાંધી દે જે સદા કાળ-નિત્ય નવું જેવું જ દેખાય. (૧૦૧). બધી જ જાતનાં રાચરચીલાંવાળું તું એવું મજબૂત ઘર બાંધ કે જે કદીયે ભાંગે તૂટે નહીં. (૧૦૨). એટલામાં એની પાસે જઇને ગુરુપત્નીએ પ્રેમથી કહ્યું કે હે શિષ્ય ! તું મારે માટે એવી વિશિષ્ટ પ્રકારની કંચુકી લાવ કે જે સીવી પણ ના હોય કે ગૂંથી પણ ના હોય. વળી એ રંગેલી પણ ન હોય અને છતાં મનને હરી લે એવી રમ્ય અંગનાની માપસરની હોય. મોટી કે નાની ન હોય. (૧૦૩-૧૦૪). એવામાં ગુરુજીનો દીકરો આવીને કહેવા લાગ્યો કે મારે માટે મારા પગના બરોબર માપની એક પાવડી લઇ આવજો જે નાની કે મોટી ના હોય. એને કાદવનો સ્પર્શ ના થાય અને જળ પર ચાલે તેવી અને જ્યાં જવાની મને ઇચ્છા થાય ત્યાં મને પળવારમાં લઇ જાય. (૧૦૫-૧૦૬). ત્યાં તો ગુરુની દીકરી આવી અને એનું વસ્ત્ર ખેંચીને આગ્રહ સહ કહેવા લાગી કે હે ભાઇ ! તું મને નિરાશ કરીશ નહીં. (૧૦૭). તું મારે માટે મનોહર એવાં બે કાનનાં ઘરેણાં લઇ આવજે. તેમજ રમવા માટે હાથી દાંતનું ઘર લઇ આવજે. જે એક જ થાંભલા પર રચાયું હોય અને એકદમ અનુપમ હોય. વળી એ કદી ભાંગે પણ નહીં કે કદી જૂનું પણ થાય નહીં એવું હોવું જોઇએ. (૧૦૮-૧૦૯). રમવા માટે એને જ્યાં લઇ જવાની મને ઇચ્છા થાય ત્યાં હું સહેલાઇથી લઇ જઉં એવું હલકું હોવું જોઇએ. (૧૧૦).

(ઘરની સાથે) સાથે રમવાનો સામાન પણ લાવજે જે કાયમ માટે નવો ને નવો જ જણાય અને રાંધવા માટે મણિનાં વાસણો પ્રેમથી લાવજે. જેમાં રાંધેલું કદી પણ વાસી ન થાય, ઠંડું ન પડી જાય અને સદા સર્વદા ગરમ રહે. (૧૧૧-૧૧૨). આ વાસણો એવાં જોઇએ કે જે રાંધવા છતાં અગ્નિથી કાળાં ન પડે. આવાં વાસણ સાથેનું તું મને ઘર લાવી દે. (૧૧૩).

આ ચારેયની માગણી સાંભળીને અને એનો સ્વીકાર કરીને ગુરુનું એ કાર્ય કરવા માટે જંગલમાં ગયો. (૧૧૪). એ મનથી વિચાર કરવા લાગ્યો કે હું બાળક અને બ્રહ્મચારી છું અને અજાણ છું. આ બધું કરવાની મારામાં ક્યાં શક્તિ છે? હું નાદાન શું કરી શકીશ? (૧૧૫). સ્વપ્નમાં પત્રાળું પણ ન કરી શકનાર હું આ બધું કેવી રીતે કરી શકીશ? આવું વિચારીને ત્યાં શ્રીગુરુનું સ્મરણ કર્યું. (૧૧૬). એણે મનોમન વિચાર્યું કે મને શ્રીગુરુ વગર બીજા કોનો આશરો છે? જો એમનું કહ્યું નહીં કરું તો એ મારા પર ચોક્કસ ક્રોધે ભરાશે. (૧૧૭). હવે હું કોના શરણે જાઉં? મને કોણ બચાવશે? દયાના સાગર એવા શ્રીગુરુ વગર અહીં બીજા કોઇનો આશરો નથી. (૧૧૮). જો હું એમનું કહેલું નહીં કરું તો મને તરત જ શાપ આપશે. હું તો બ્રહ્મચારી, નાનો બાળ છું. પછી એમનું કહ્યું કેમ ના કરું? (૧૧૯). શ્રીગુરુનું વાક્ય કામધેનુ સમાન છે અને હું કોઇ પણ ભોગે એ પ્રમાણે કરીશ જ. મારા પ્રાણ આપી દઇને પણ હું ગુરુનું કાર્ય પૂર્ણ કરીશ જ.③ (૧૨૦).

પણ હવે મારું શું થશે? હું કોની પાસે જાઉં? મારી શક્તિ ન હોવા છતાં એ કાર્ય કરવાનું મેં સ્વીકાર્યું તો છે જ. (૧૨૧). આ રીતે એ શિષ્ય જંગલમાં ચિંતા કરતો જતો હતો અને ચાલી ચાલીને થાકી ગયો હતો તેથી ક્ષણવાર માટે ત્યાં ઊભો રહ્યો. (૧૨૨). અંતરમાં ઉદાસ થઇને એ આગળ ચાલવા લાગ્યો ત્યાં એણે આનંદની મૂર્તિ સમા એક અવધૂતને જોયો. (૧૨૩). એ બ્રહ્મચારીને ચિંતાતુર જોઇને એ અવધૂત બોલ્યા કે તું કોણ છે? અને અહીં ક્યાંથી આવ્યો છે? (૧૨૪). તને શાની ચિંતા છે? તું શાનો વિચાર કર્યા કરે છે? હે બ્રહ્મચારી બાળક ! તું મને જે

સત્ય હોય તે વિસ્તારથી કહે. (૧૨૫).

એ સાંભળીને બ્રહ્મચારીએ વંદન કરીને કહ્યું કે હે મુનિરાય ! હું ચિંતાના સાગરમાં ડૂબી રહ્યો છું. તું મારો ઉદ્ધાર કર. (૧૨૬). તું મને અહીં ખજાનારૂપ આવી મળ્યો છે. જેમ ગાય પોતાના વાછરડા પાસે વાત્સલ્યભાવે દોડી આવે તેમ તું મારી પાસે દોડી આવ્યો છે. એટલે મારું બધું દુ:ખ જતું રહ્યું. (૧૨૭). જેમ ચાંદનીને જોતાં જ ચકોર મનમાં ખૂબ હરખાય તેમ તમને જોઇને હે પ્રભુ ! મને ખૂબ જ હરખ થયો છે. (૧૨૮). પૂર્વજન્મમાં મેળવેલા પુણ્યને આધારે ખજાનારૂપ તું મારા હાથમાં આવ્યો છે. તું ખરેખર કરુણાનો સાગર છે અને સાક્ષાત્ પરમ પુરુષ છે. (૧૨૯). મારા ગરીબ ઉપર દયા કરીને આ નિર્જન વનમાં અહીં તું કેવી રીતે આવી પહોંચ્યો? તું તારું નામ કહે. (૧૩૦). તું મને ગુરુ સ્વરૂપ જ જણાય છે અને ગુરુકૃપાથી તું સ્વયં ઈશ્વર જ અહીં આવ્યો છે. તને જોઇને મારું મન સ્થિર થયું છે. (૧૩૧). તું સાચે જ ભકતવત્સલ સદ્‌ગુરુ છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી અને હું બાળક તારો દાસ છું એમ કહીને એ બ્રહ્મચારી બટુકે અવધૂતનાં ચરણો પકડ્યાં અને ફરી ફરીને વંદન કર્યાં. એને ઉઠાડીને એ સંન્યાસીએ એને આલિંગન આપ્યું. (૧૩૨-૧૩૩). એને ધીરજ આપીને અને આનંદથી પાસે બેસાડીને બધું પ્રેમપૂર્વક પૂછ્યું. એટલે બ્રહ્મચારી બટુકે ગુરુ વગેરેએ જે જે માગ્યું હતું તે બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે હું તો નાદાન બાળક છું અને મારે માટે આ બધું લાવવું અતિ દુષ્કર છે અને તેમ છતાં એ કરવાની મારી શકિત ન હોવા છતાં મેં એ બધું કરવાનું આનંદપૂર્વક સ્વીકાર્યું છે અને તેથી હું ચિંતાના સાગરમાં ડૂબી રહ્યો છું. હે યતીશ્વર ! મને ઉગારો. (૧૩૪-૧૩૬).

આ સાંભળીને એને અભયદાન આપીને અવધૂતજી પ્રેમથી બોલ્યા કે હું તને તારા હિતની એક વાત કહું છું તે પ્રમાણે તું ચોક્કસ કરજે જેથી તારાં બધાં કાર્યો તરત જ સિદ્ધ થશે. (૧૩૭). આપણી બધી જ ઇચ્છા પૂરી કરનાર મહાક્ષેત્ર કાશીપુરીમાં જઇને તું ત્યાં વિશ્વનાથની આરાધના કર. (૧૩૮). આ ધરતી પચાસ કરોડ યોજનની છે. એનાથી પણ એ વધારે છે અને ત્યાં બ્રહ્માજી વગેરે જેવા પણ વરદાનો પામ્યા છે. (૧૩૯). જ્યાં બ્રહ્માજી જગતનું સર્જન કરવા માટેનું ઉત્તમ વરદાન પામ્યા છે અને શ્રીવિષ્ણુ જગતનું પાલન કરવાનું ઉત્તમ વરદાન પામ્યા છે. (૧૪૦).

આ કાશીપુરી મહાક્ષેત્રનાં દર્શનમાત્રથી જ સિદ્ધિ મળે છે. માટે તું જલદીથી ત્યાં જા. તારી બધી જ ઇચ્છા પૂરી થશે. (૧૪૧). તારા મનમાં જે જે ઇચ્છાઓ હશે તે બધી ઇચ્છાઓ ત્યાં પૂરી થશે. તું વિશ્વકર્મા થઇશ અને આ લોકમાં તારી ખ્યાતિ થશે. (૧૪૨). જ્યાં ચારે પુરુષાર્થો તરત જ સફળ થાય છે એવા કાશીથી ચઢિયાતું બીજું કોઇ ક્ષેત્ર નથી. આનાથી વધારે તને શું કહું? (૧૪૩). થોડાક દૂધની જ માગણી કરનાર ઉપમન્યુને જેમણે દૂધનો સાગર દઇ દીધો તે ભગવાન શંકર ત્યાં સદાકાળ જાગૃત છે. (૧૪૪). એ કાશીમાં આનંદકાનન નામનું સુમંગલકારી સ્થાન છે. ત્યાં બધી જ કામના નિશ્ચિતરૂપથી સિદ્ધ થાય છે. (૧૪૫).

કાશી એ તો બધા જ ધર્મની નગરી છે એ વાત તું શંકા રાખ્યા વગર માન. એ બધા લોકનું મોક્ષ સ્થળ છે અને મનની આશા પૂરનારી છે. (૧૪૬). કાશીવાસીનાં દર્શનથી તમામ પાપો નાશ પામે છે તો પછી એમાં રહેવાથી પ્રાપ્ત થતા પુણ્યનું વર્ણન તો કોણ કરી શકે? વ્યકિત આત્મસંતોષી બને છે. (૧૪૭). કાશી હાજરાહજૂર હોવા છતાં શા માટે તું ચિંતા કરે છે? કાશીના માહાત્મ્યનું વર્ણન કરવાની મારામાં બિલકુલ શકિત નથી. (૧૪૮).

તીર્થમયી કાશીની જે પરિક્રમા કરે છે તેને ડગલે ને પગલે અશ્વમેધનું ફળ મળે છે. (૧૪૯). ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અંગે વ્યક્તિ અહીં જે જે મનોરથો સેવે છે તે બધા મનોરથો માત્ર કાશીમાં જવાથી જ સિદ્ધ થાય છે. માટે તું ત્યાં જા. (૧૫૦).

આ સાંભળીને બ્રહ્મચારીએ તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પૂછ્યું કે એ કાશી ક્યાં આવી? હું આ જંગલમાં છું તો પેલું આનંદકાનન (જંગલ) વળી ક્યાં આવ્યું? એ પૃથ્વી પર છે કે પાતાળમાં? કે પછી સ્વર્ગમાં છે? હે યતિવર ! હું કશું જ જાણતો નથી. તું જ મને બધું કહે. (૧૫૧-૧૫૨). હે ગુરુનાથ ! આ ભવસાગરમાંથી તારનાર તું જ એક માત્ર છે. હવે મને જ્ઞાનનો ઉપદેશ કરીને હે તાત ! તું અહીં મારો ઉદ્ધાર કર. (૧૫૩). તારા વિના મને કાશીમાં કોણ લઈ જાય? અને 'તું મને ત્યાં લઈ જા' એવી પ્રાર્થના પણ તને કેવી રીતે કરી શકું? (૧૫૪). જો તારે ત્યાં કાર્યાનુસાર જવાનું જ હોય તો તું મને ત્યાં સાથે લઈ જા. હે નાથ ! તું મને જેવી બુદ્ધિ આપીશ તેમ હું કરીશ. (૧૫૫).

એવું કહીને એણે ચરણમાં વંદન કર્યાં એટલે સંન્યાસીએ પ્રસન્ન થઈને કહ્યું કે હું તને ત્યાં લઈ જઈશ અને મને પણ મોટો લાભ થશે. (૧૫૬). કાશીની યાત્રા કરતાં અહીં વધારે બીજો મોટો લાભ કયો છે? કાશીમાં નહીં રહેનાર મનુષ્યનો જન્મ નકામો છે. (૧૫૭).

તારે કારણે મને પણ કાશીનું દર્શન થશે. 'ચાલ' એમ કહીને તે જ ક્ષણે એની સાથે યતિ ચાલવા લાગ્યો. (૧૫૮). એને મનોવેગથી કાશીમાં લાવી દઈને પછી યોગીએ બ્રહ્મચારી બટુકને કહ્યું કે હે બ્રહ્મચારી બટુક ! તું હવે કાશીની યાત્રા કર. (૧૫૯). બટુકે કહ્યું કે મને યાત્રા કરવાની વિધિની ખબર નથી. તું જ મને કહે કે હું કેવી રીતે કાશીની યાત્રા કરું. (૧૬૦).

હું બાળક છું અને અજ્ઞાની છું. જ્યારે તું તો નિરાધારનો આધાર છે. હે તાત ! તું કૃપા કરીને એ બધી વિધિ વિગતવાર કહે. (૧૬૧). એ તપસ્વીએ બટુકને કાશીની યાત્રાની વિધિનું પ્રેમથી જે ક્રમવાર વર્ણન કર્યું તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે. (૧૬૨). શ્રીગુરુ એ વિધિ સાયંદેવને વિસ્તારપૂર્વક કહી રહ્યા છે જે સાંભળવાથી માણસ નિ:સંશય કૃતકૃત્ય થઈ જાય છે. (૧૬૩). **રંગ** કહે છે કે પાસે ખજાનો હોવા છતાં પણ અભાગી માણસ અથડાતો કુટાતો ફરે છે. પૂર્વપુણ્ય વિના આ રસ્તો મળતો નથી અને કર્મને અનુરૂપ બુદ્ધિ થાય છે. (૧૬૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**ગુરુભક્તિપ્રકારવર્ણને કાશીયાત્રોપક્રમ**' નામનો **પંચાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૫

(૧) સાચા સંતો વ્યક્તિને તપાસીને, તેની પરીક્ષા કરીને પછી જો તે યોગ્ય જણાય તો જ સેવાકાર્યમાં લે છે. 'બાવાજી, રામ રામ' એમ કહેતાંની વારમાં જ બાવાજી કહે કે 'તેરે ઘર મુકામ'. સાચા સંતો એવું કરતા નથી. સેવા ધર્મ પરમ ગહન છે અને યોગીઓને પણ અગમ્ય છે એવું કહેવાયું છે. 'સેવા ધર્મ તે પરમ કઠોરા' એવું તુલસીદાસજીએ ગાયું છે. સેવા એ પ્રેમનું બાહ્ય સ્વરૂપ છે અને જે પ્રેમ માટે કહેવાયું છે તે જ સેવા માટે પણ કહી શકાય કે "સેવા કરવી એ કલા છે પરંતુ નિભાવવી એ સાધના છે." ગુરુની સેવા કેટલી ઊંચી વસ્તુ છે તે તો જે જાણી શકે તે જ જાણે. ભાગવતમાર્તંડ પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રીજી સમર્થ જ્ઞાની અને વયમાં મોટા હોવા છતાં પૂ.પ્રેમ અવધૂતજી પ્રત્યે ઊંચો ભાવ દર્શાવતા તેનાં મૂળમાં પૂ.પ્રેમ અવધૂતજીની ગુરુસેવા જ હતી. આવી સેવા કરવાનું કાર્ય કોક જ કરી શકે.

ગુરુસેવાપદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ;
મંત્રતંત્ર કિંકર સહુ, ન રહે કાંઇ ખેદ. (અ. ૭૦/ દો. ૩૯)

સાયંદેવે સેવા માગી ત્યારે સેવા અંગેના કષ્ટનો ખ્યાલ આપી દીધો પરંતુ પછીથી સાયંદેવનો ભાવ જોઇને સેવા કરવા રહેવા દીધો.

(૨) સાયંદેવ સ્થૂળ રીતે સેવાકાર્યમાં સફળ રહ્યો. વરસાદ અને ઠંડી સહન કરી, શ્રીગુરુને વરસાદ ના ભીંજવે તેની કાળજી રાખી, અગ્નિ લેવા ગયો. એવાં બધાં કાર્યો એણે સફળતાપૂર્વક કર્યાં પરંતુ સેવાની સૂક્ષ્મતા જાળવવામાં થોડી ભૂલ કરી બેઠો. ગુરુએ કહ્યું કે 'આજુબાજુ જોઇશ નહીં.' તો પછી નહીં જ જોવાનું. પરંતુ જતી વખતે બધું બરાબર ચાલ્યું પણ આવતી વખતે મનમાં થયું કે ગુરુજીએ આજુબાજુ જોવાની કેમ ના કહી હશે? કેવળ શંકા જ નથી કરી. ગુરુની આજ્ઞા અવગણીને એણે આજુબાજુ જોયું. આ જોવાથી જ એ તકલીફમાં મુકાયો. સાચો સેવક ગુરુની આજ્ઞાનું શંકારહિત, તર્કરહિત પાલન કરે. આપણે આપણી જાતનું જાતે જ મૂલ્યાંકન કરીએ એ ઇચ્છનીય છે.

(૩) દોહરા ૧૨૦નું પહેલું ચરણ ગુરુ કહે એટલે તે સ્વીકારી લેવાનું. એને કામધેનુ સમાન જાણવું એમ કહે છે. પરંતુ બીજું ચરણ ગમે તે ભોગે ગુરુએ કહેલું કરવું જ એવી નિષ્ઠા સૂચવે છે. 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ'નો મંત્ર શિષ્યના જીવનમાં વણાયેલો દેખાવો જોઇએ. શિષ્યનો દૃઢ સમર્પણભાવ જુએ એટલે શ્રીગુરુ સંતોષ પામે અને પછી શિષ્યને પોતાના જેવો બનાવે છે. આ ગુરુની ભક્તિની રીત અને તેનું ફળ છે.

●

અધ્યાય : ૯૬

આ અધ્યાયનું નામ **'ગુરુભક્તિપ્રકારકથન'** છે. આ અધ્યાયમાં ૯૦ દોહરા છે.

શ્રીગુરુ સાયંદેવને કહે છે કે એ તપસ્વીએ બ્રહ્મચારી બટુકને શ્રીવિશ્વનાથનાં દર્શનની સઘળી વિધિ પ્રેમથી કહી સંભળાવી અને કહ્યું કે આ રીતે વિધિવત્ યાત્રા કરી તું તારા નામનું શિવલિંગ સ્થાપજે. આ રીતે યાત્રા કરવાથી તારી બધી ઇચ્છા પૂર્ણ થશે. તારા પર ભગવાન શંકરની કૃપા છે. એ શંકર ભગવાન તાર પર પ્રસન્ન થાય એવો નિશ્ચય કરી ગુરુનું સ્મરણ કર. આવું કહીને તપસ્વી ત્યાં જ અંતર્ધાન થઇ ગયા અને બટુક તો આશ્ચર્યચકિત થઇ ગયો. એને વિશ્વાસ થઇ ગયો કે આ ગુરુ જ હતા અથવા ગુરુકૃપાથી સાક્ષાત્ ઇશ્વર આવ્યા હતા. હવે મારું કાર્ય સિદ્ધ થશે એવો એને વિશ્વાસ આવ્યો. (૧-૧૦).

તપસ્વીના કહ્યા પ્રમાણે યાત્રા કરવાથી ભગવાન શંકર પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહ્યું એટલે એણે શ્રીગુરુએ તથા તેમનાં કુટુંબીજનોએ મંગાવેલી વસ્તુઓ માગી. ભગવાન શંકરે કહ્યું કે જા તને એ બધી વસ્તુ મળશે અને મારી કૃપાથી તું વિદ્યાનો સાગર થઇશ અને એ વિદ્યાસાગરથી તું વિશ્વકર્મા થઇશ. (૧૧-૨૦).

ત્વષ્ટાએ શ્રીગુરુએ મંગાવેલી બધી વસ્તુઓ સમર્પણ કરી તેથી શ્રીગુરુએ પણ એને આશીર્વાદ આપી, જ્ઞાની કરી એને ઘેર મોકલ્યો. ભગવાન શંકરે પાર્વતીને કહ્યું કે શ્રીગુરુની કૃપા આવી સમર્થ હોય છે. જેવી નિષ્ઠા દેવમાં હોય એવી જ નિષ્ઠા ગુરુમાં હોય તો જ આ તત્ત્વજ્ઞાન ગળે ઊતરે એવું છે. આ કથા શ્રીગુરુએ સાયંદેવને કહી સંભળાવી. સાયંદેવ ખૂબ જ પ્રસન્ન થયો અને એણે શ્રીગુરુની સ્તુતિ કરી. (૨૧-૪૩).

સાયંદેવ પોતાના કુટુંબકબીલાને ભાદરવા સુદ ચૌદશના રોજ ત્યાં લઇ આવ્યો. શ્રીગુરુએ સાયંદેવને કહ્યું કે આજે અનંત ચતુર્દશી છે તો તું પણ એ વ્રત કર. એટલે સાયંદેવે એ વ્રત કરવાની વિધિ વિશે અને એના માહાત્મ્ય વિશે પૂછ્યું. એ બધું હવે પછીના અધ્યાયમાં સમજાવાશે. (૪૪-૯૦).

પછી ગુરુએ (સાયંદેવને) કહ્યું કે તપસ્વીએ બ્રહ્મચારી બટુકને વિશ્વનાથનાં દર્શનની સઘળી વિધિ પ્રેમપૂર્વક કહી સંભળાવી. (૧). અંતર્ગૃહયાત્રા તથા પંચક્રોશી યાત્રા તેમજ દક્ષિણ માનસ અને ઉત્તર માનસયાત્રા એમ બધી જ યાત્રાની વિધિ કહી સંભળાવી. (૨). સ્નાન, દાન અને અર્ચન વિધિ ઉપરાંત શ્રાદ્ધ વગેરે અને પક્ષયાત્રા વગેરે બધું સવિસ્તર કહી સંભળાવ્યું. (૩). અન્નપૂર્ણા, વિશ્વનાથ, બિંદુ માધવ, ઢૂંઢિરાજ ગણપતિ, દંડપાણિ, ભૈરવ કાશી ગુફા, અનેક ગંગા લિંગ, દેવ-દેવી વગેરેની પૂજનવિધિ એમ એમણે બધું જ કહી સંભળાવ્યું.(૪-૫).

વળી એમ પણ કહ્યું કે હે બટુક ! કાશીની આ વિસ્તૃત યાત્રા કરીને તને સંતોષ થાય એટલે તારા નામનું શિવલિંગ પણ સ્થાપજે. (૬). આ યાત્રા વિધિપૂર્વક પૂર્ણ કરવાથી તારી બધી જ વાસના સંતોષાશે. એમાં તું જરા

પણ શંકા કરીશ નહિ. તું હવે ઊભો થા અને તરત જ સ્નાન કરી લે. (૭). તારા પર ગુરુની કૃપા છે અને તેથી ભગવાન શંકર તારા પર પ્રસન્ન થશે. હે સદ્‌બુદ્ધિવાળા બટુક ! તું હૃદયમાં દૃઢ નિશ્ચય કરીને તરત જ ગુરુનું સ્મરણ કર. (૮). બ્રહ્મચારી બટુકને આવું કહીને એ સંન્યાસી એકાએક અદૃશ્ય થઇ ગયો. એ જોઇને બટુકને ખૂબ જ આશ્ચર્ય થયું. અને વિચારવા લાગ્યો કે માન ન માન પણ આ શ્રીગુરુજી જ હતા અથવા શું ગુરુકૃપાથી સ્વયં ઇશ્વર જ આવ્યો હતો કે શું? એને હૃદયમાં દૃઢ નિશ્ચય થયો કે મારું કાર્ય સિદ્ધ થશે જ. (૯-૧૦).

કોઇ જાતની ઉપાસના વિના ભગવાન મારી પાસે આવ્યા એ ખરેખર મારી ગુરુભક્તિનું જ ફળ છે એમાં શંકાને સ્થાન નથી. (૧૧). બીજા બધા દેવો તો કાંઇ લીધા પછી જ આપણી બધી ઇચ્છા પૂરી કરે છે પરંતુ અહીં તો કશું આપ્યા વગર પરમેશ્વર પ્રસન્ન થયો એ કેવળ ગુરુકૃપાનું જ ફળ છે.① (૧૨). યજ્ઞ, દાન, તપ વગેરેથી પણ જેને પામવું મુશ્કેલ છે તે પરમેશ્વર ગુરુની કૃપાથી અનાયાસ સુલભ થઇ ગયો. (૧૩). આમ વારે વારે શ્રીગુરુને યાદ કરીને, ગુરુના કહ્યા પ્રમાણે એ સુંદર શરીરધારી બટુકે કાશીની યાત્રા કરી. (૧૪).

એની ભક્તિ જોઇને ભગવાન કાશીવિશ્વનાથ પ્રસન્ન થયા અને તે જ ક્ષણે સાંબ સ્વરૂપે પ્રગટ થયા અને કહ્યું કે તારી ઇચ્છા મુજબ વરદાન માગ. તું અન્ય શંકા કરીશ નહીં. એટલે ત્વષ્ટાએ પોતાની બધી જ વાત હરખભેર કહી સંભળાવી. (૧૫-૧૬). ગુરુજીએ અને તેમના કુટુંબીજનોએ જે કાંઇ માગ્યું હતું તે બધી વાત કહી સંભળાવી. ભગવાન (સાંબ) સદાશિવે તેને કહ્યું કે તું ચિંતા ના કરીશ. એ બધી વસ્તુ તને મળી જશે. (૧૭). હું તારા પર પ્રસન્ન થયો છું અને જા, તને માગેલી બધી વસ્તુ મેં આપી. મારા વરદાનથી તું તરત જ વિદ્યાસાગર થઇશ. (૧૮). તારી ગુરુભક્તિથી મને સંતોષ થયો છે. તું સાચેસાચ વિશ્વકર્મા જ છે અને તું વિદ્યાના ભંડાર સમાન થા. (૧૯). તેં ચારે પુરુષાર્થો અહીં સિદ્ધ કર્યા છે. તું સાચે જ સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્મા સમાન થઇશ. (૨૦).

આવું વરદાન પામીને સંતુષ્ટ થયેલા ત્વષ્ટાએ પોતાના નામના શિવલિંગની ત્યાં વિધિપૂર્વક સ્થાપના કરી. (૨૧). ગુરુએ અને બીજાએ જે જે માગ્યું હતું તે બધાનું એણે નિર્માણ કર્યું. જ્યાં સ્વયં ભગવાન જ પ્રસન્ન થયા ત્યાં કશું જ દુર્લભ હોતું નથી. (૨૨). ગુરુના ઘરે ઝડપથી આવીને એણે બધી વસ્તુઓ ગુરુ વગેરેના ચરણમાં વંદન કરીને સમર્પિત કરી. (૨૩).

શિષ્યને ભેટી પડીને શ્રીગુરુ આનંદભેર બોલ્યા કે હું તારી ભક્તિથી રીઝયો છું અને જ્ઞાનમાં તું સાગર સમાન છે. (૨૪). મેં તને જેવું કહ્યું હતું તેવું જ ઘર તું નિર્માણ કરીને લાવ્યો છે અને બીજી અવનવી વસ્તુઓ પણ તું લાવ્યો છે. જા ! તું ચિરંજીવી થા. (૨૫). સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં તારા કૌશલ્યનો તું વિસ્તાર કર અને હે બાળ ! તું નવા પ્રકારની શિલ્પસૃષ્ટિ રચીને અમર કીર્તિને પ્રાપ્ત કર. (૨૬). તું બધી જ વિદ્યા અને બધી જ કળા જાણે છે. તું ચંદ્ર-સૂર્ય રહે ત્યાં સુધી સુખી રહેશે એવી મારી તને આશિષ છે. (૨૭). આઠે સિદ્ધિ અને નવે નિધિ તારા ઘરમાં અખંડપણે રહેશે અને ચિંતા, દુ:ખ વગેરે તને સ્વપ્નમાં પણ હેરાન નહીં કરે. (૨૮).

ભગવાન શંકરે પાર્વતીજીને કહ્યું કે ગુરુ પાસેથી આવું વરદાન મેળવીને જ્ઞાની થઇને એ ઘરે ગયો. ગુરુની કૃપા આવી હોય છે. (૨૯). જે કોઇ ગુરુને એકનિષ્ઠ ભાવથી ભજે છે તેને પોતાની ઇચ્છા મુજબનું બધું જ મળે છે અને તે માનવી મુકત થાય છે એમાં શંકાને કોઇ સ્થાન નથી.② (૩૦).

આ સંસાર સાગરને પાર ઉતારવા માટે ગુરુ વગર બીજો કોઇ શક્તિમાન નથી. ગુરુનું ભજન કરવાથી ત્રણે દેવો પણ શિષ્યને વશ થાય છે. (૩૧). સ્વયં ત્રિમૂર્તિ પણ અહીં ગુરુને વંદન કરે છે. શ્રુતિ અને સ્મૃતિ કહે છે કે ગુરુ વિના કોઇ પણ સંજોગોમાં ગતિ થતી નથી. (૩૨). જેવી નિષ્ઠા દેવમાં હોય તેવી જ અનન્ય નિષ્ઠા શ્રીગુરુમાં હોય તો જ આ તત્ત્વાર્થ અંતરમાં સ્ફુરે છે. નહીં તો પછી પંડિત થઇને પોથાં-થોથાંમાં અથડાઇ મરે છે અને નકામા તર્ક વિતર્ક કરે છે. આવાની કલ્પને અંતે પણ મુક્તિ થતી નથી. (૩૩-૩૪). ભગવાન શંકરે પાર્વતીને જે પ્રેમપૂર્વક કહ્યું તે જ શ્રીગુરુએ સાયંદેવને વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યું. (૩૫).

આ વાત કરવામાં રાત્રી પસાર થઇ ગઇ અને સૂર્યનારાયણનો ઉદય થયો. શ્રીગુરુની કૃપારૂપી જ્યોતિથી ભક્તનું અંધારું ટળી ગયું. (૩૬). પછી એ બ્રાહ્મણે શ્રીગુરુનાં ચરણમાં પ્રસન્ન ચિત્તથી પ્રણામ કર્યા અને કહ્યું કે હે ગુરુરાય ! ખરેખર તું જ કૃપાનો ભંડાર છે અને બુદ્ધિનો પ્રેરક છે. (૩૭). ફરી પાછા પ્રણામ કરીને એણે કહ્યું કે હે ગુરુજી ! જ્યારે તમો કથા સંભળાવતા હતા ત્યારે એ કથા સાંભળતાં સાંભળતાં મેં અહીં અવનવો અનુભવ કર્યો. (૩૮). હે સ્વામી ! તું કથા કહેતો હતો ત્યારે આ સેવક તારી સાથે કાશીમાં હતો એવું મેં અનુભવ્યું. હે તાત ! એ હકીકત છે કે સ્વપ્ન તેની મને જાણ નથી. (૩૯). તેં કાશીયાત્રાનું જે રીતે સંપૂર્ણ વર્ણન કર્યું તે મેં તારી સાથે એ ક્ષેત્ર સહિત બધું જ અક્ષરશ: જોયું. (૪૦).

આમ બોલીને શ્રીગુરુનાં ચરણમાં વિનમ્રભાવે પ્રણામ કર્યા અને ભક્તિ સહિત ગદ્‌ગદ્‌ કંઠે આ પ્રમાણે સ્તવન કરવા લાગ્યો. (૪૧). હે નૃસિંહસરસ્વતી દેવ ! તું સાચે જ પરાત્પર પુરુષ છે. તું ભક્તોના મનમાં વસનારો છે. હે ગુરુદેવ ! તમે પરમહંસ છો. (૪૨). આ રીતે આદરપૂર્વક સ્તવન કરીને અને ફરીથી પ્રણામ કરી, હર્ષથી ગળગળો થઇ જઇને એણે સ્તોત્ર ગાયું તે તું સાંભળ. (૪૩).

સ્તોત્ર:

હે શ્રીહરિ ! સહુ પ્રથમ એક અને અદ્વિતીય એવો બ્રહ્મ તું જ હતો. હું એકમાંથી અનેક થાઉં એવી સ્ફૂરણા માત્રથી આ વિશ્વરૂપી અંડનું નિર્માણ કર્યું. ત્રિગુણાત્મક પ્રકૃતિવશ સંતોને સત્ત્વગુણમાં રમાડીને તું દુષ્ટનું દમન કરે છે. હે નૃસિંહસરસ્વતી ભગવાન ! તારાં એ ચરણકમળમાં હું નમન કરું છું. (૧).

કલિયુગમાં લોકોને કર્મથી વિમુખ અને ભ્રષ્ટ જોઇને, સૂર્ય સમાન અવતાર ધરીને તેં તારા પોતાના ભક્તોનું અજ્ઞાનરૂપી અંધારું હરી લીધું છે. લગભગ નાશ પામવાને આરે આવીને ઊભેલા ધર્મના સેતુ(પુલ)ને સ્થિરતાપૂર્વક સ્થાપીને તું આનંદ માણે છે. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! તારાં એ ચરણારવિંદને હું વંદન કરું છું. (૨).

હે વિભુ ! તું સર્વનો આનંદરૂપ અને શુદ્ધ તત્ત્વોની મૂર્તિરૂપ છે. ભીતિથી ઘેરાયેલાને અને ત્રાસી ગયેલા લોકોનો નતજન તારણહાર છે. સંન્યાસાશ્રમ સ્વીકારીને હીન અને દીનને તારી દઉં એવી તેં ઇચ્છા કરી એવા હે નૃસિંહસરસ્વતી દેવ ! તારાં ચરણાબ્જને હું પ્રણામ કરું છું. (૩).

તું મૂગાને બોલતો કરે છે અને અંધને ખરેખર દૃષ્ટિ આપે છે. વંધ્ય સ્ત્રી પુત્ર પામે છે અને પ્રેતમાં તું પ્રાણ પૂરે છે. તારા પ્રભાવને કોણ જાણી શકે એમ છે? તું લાકડાંને પણ પાંદડાં ઉગાડી શકે છે. એવા હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! તારાં ચરણસરોજને હું પગે લાગું છું. (૪).

તું મુકત સ્વરૂપે છે છતાં અમારો આશરો છે અને મુમુક્ષુ માટે કલ્પવૃક્ષ છે. સકામીજનો માટે તું કામધેનુ છે અને તું ગરીબાઇરૂપી દવ માટે મેઘ સમાન છે. દુરાચારીઓ માટે તું અગ્નિ સમાન છે. બધા વેદો તારા ભાટ છે. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! તારાં ચરણારવિંદમાં હું પાયે પડું છું. (૫).

હે પ્રભુ ! તું યોગીજનોનું લક્ષ્ય છે, તીર્થોનું પણ તીર્થ છે અને સંતજનોનું જીવન છે. સકામ કાર્ય કરનાર મનુષ્યોનું તું દૈવત છે, તું સંપત્તિની આનંદલીલાનો આધાર છે. એવા હે નિર્મળ જ્ઞાની ! તું વિદ્વાનોનો આશ્રય છે અને હે ત્રિમૂર્તિ ! સ્વભકતોનો તાત અને સદન છે. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું તારાં ચરણકમળને વંદન કરું છું. (૬).

હે અષ્ઠમૂર્તિ ! જ્યાં વેદો પણ મૂગા બની જાય ત્યાં પછી તને સંપૂર્ણ રીતે જાણવા માટે બીજો કોણ શકિતમાન છે? તું આ વિશ્વરૂપ છે, તું ઓમકાર સ્વરૂપ છે અને છતાં તું રૂપ વિનાનો છે. તું મૂર્ત અને અમૂર્ત બન્નેથી પર છે. હે નૃસિંહસરસ્વતી ભગવાન ! હું તારાં એવા ચરણસરોજને નમન કરું છું. (૭).

તારા હાથમાં દંડકમંડલુ છે, તારું આ રૂપ શાંત અને સચ્ચિદાનંદ મગ્ન છે. તું ભીમા અને અમરજાના સંગમ ઉપર વસે છે. હે ધીર પુરુષ ! મારા ચિત્તમાં હંમેશ માટે ધ્યેય સ્થિર થાય એવું તારનારું જ્ઞાન માગુ છું. હે નૃસિંહસરસ્વતી પ્રભુ ! હું તારાં એવા ચરણકમળને વંદન કરું છું. (૮).

આ પ્રમાણે સ્તવન કરીને શ્રીગુરુનાં ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા અને રોમાંચિત શરીરથી ગળગળો થઇને પ્રેમપૂર્વક બોલ્યો કે હે ગુરુનાથ ! તું ત્રિમૂર્તિનો જ અવતાર છે અને દેવોનો પણ દેવ છે. હે તાત ! મૂઢદૃષ્ટિથી જોનારાને તું મનુષ્યરૂપે જણાય છે. (૪૪-૪૫). તું સાચેસાચ કાશીવિશ્વનાથ જ છે અને તારી પાસે જ કાશી છે. તેં બીજાને નિમિત્ત કરીને મને પરમાર્થનું દર્શન કરાવ્યું. (૪૬). આ રીતે એ શ્રીગુરુનું સ્તવન કરતો હતો ત્યાં શ્રીગુરુ આનંદથી બોલ્યા કે હે સુજ્ઞ સાયંદેવ ! મેં તને આજે સમ્યક રીતે જે કાશીનું દર્શન કરાવ્યું છે તેનું ફળ તારી એકવીસ પેઢી સુધીના વારસોને મળશે. (૪૭-૪૮). તું મારો પરમ ભકત છે. તને જે દૃષ્ટાંત દેખાડ્યું છે તે પ્રમાણે હંમેશાં મારી પાસે રહીને મારી નિરાંતે સેવા કર. (૪૯). જો મારી સેવા કરવાની તને ઇચ્છા હોય તો તું યવનરાજાની નોકરી છોડી દે અને તારાં સ્ત્રી-પુત્રોને લાવીને મારાં દર્શન કરાવ. (૫૦). એને આમ કહીને શ્રીગુરુરાય મઠમાં ગયા. ગુરુના સહવાસને લીધે ભકત તો આનંદસાગરમાં ડૂબી ગયો. (૫૧). શ્રીગુરુની આજ્ઞાનુસાર સાયંદેવ ઘરે ગયો અને સ્ત્રી-પુત્ર વગેરેને લઇને શ્રીગુરુ પાસે પાછો આવી ગયો. (૫૨). ભાદરવા મહિનામાં સુદપક્ષની ચૌદસે એ પરમભકત પોતાનાં કુટુંબ સાથે ત્યાં આવ્યો. (૫૩). ડગલે ડગલે દંડવત્ કરતો કરતો સાયંદેવ ત્યાં આવી પહોંચ્યો અને ગળગળો થઇ જઇને તરત જ ગુરુનાં ચરણમાં માથું મૂકી દીધું. (૫૪). બે હાથ જોડીને ભાવપૂર્વક પ્રેમ સહિત સ્તવન

કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે ચંદ્રમૌલિ ! હું તને વંદન કરું છું. હે શ્રીગુરુ ! તું ત્રિમૂર્તિ જ છે. (૫૫).

તું બ્રહ્મા, હરિ અને શંકરરૂપ છે અને તું સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. તું મનુષ્ય સમાન દેખાય છે પણ હે તાત ! તારી લીલાનો પાર કોણ પામી શકે એમ છે? (૫૬). મારામાં તારો મહિમા ગાવાની ક્યાં શક્તિ છે? હે આદિપુરુષ ! મારા સદ્‌નસીબે તારાં ચરણકમળનું દર્શન થયું છે. (૫૭). ચંદ્રને જોઇને જેમ ચકોર રાજી રાજી થઇ જાય તેમ તારાં ચરણકમળનાં દર્શનથી અમને આનંદ આનંદ થઇ ગયો છે. (૫૮). પૂર્વ જન્મનો ભેગો થયેલો પાપનો બધો જ ઢગલો તારાં દર્શનમાત્રથી નાશ પામ્યો છે અને અમે બધાં બાળકો પુનિત થઇ ગયાં છીએ. (૫૯). જેમ ચિંતામણિના સ્પર્શથી લોખંડનું સોનું થઇ જાય અને જેમ જંબુનદીમાં પડીને માટી સોનું બની જાય, જેમ માનસ સરોવરે જઇને કાગડો હંસ બની જાય તેમ તારાં દર્શનથી અમે બધા પાપી પુનિત થઇ ગયા છીએ. (૬૦-૬૧). ગંગા પાપ હરી લે છે, ચંદ્ર તાપ હરી લે છે અને કલ્પતરુ ગરીબાઇ હરી લે છે પરંતુ શ્રીગુરુનું દર્શન તો પાપ, તાપ અને દૈન્ય ત્રણે એકદમ હરી લે છે. (૬૨). એ દરેકમાં એક એક ગુણ રહેલો છે જ્યારે તારાં ચરણમાં તો બધા જ ગુણો રહેલા છે. મારાં પાપ, તાપ ને ગરીબાઇ બધું જ જતું રહ્યું છે. (૬૩). શ્રીસદ્‌ગુરુ ચારે પુરુષાર્થોને આપનારા છે. સર્વ શાસ્ત્રના આ સિદ્ધાંતનો મેં આજે અનુભવ કર્યો છે. (૬૪). આવું બોલીને એ કર્ણાટક (કન્નડ) ભાષામાં મધુરા રાગથી ગુરુની કથા ગાવા લાગ્યો. (૬૫).

ગીત-૧

ત્રિભુવનમાં શોભતા યતિશ્રેષ્ઠને મેં આજે જોયો. એ તો ભકતના સદ્‌ભાગ્યનો ઉદય કરનાર સૂર્ય-સવિતા- છે. પૃથ્વી ઉપર એ પોતાના ભકતોનું રક્ષણ કરનાર છે. આ શ્રીનૃસિંહસરસ્વતી જન્મમરણની પરંપરાને હરનાર છે એવી (એની) કીર્તિ (ચારે દિશામાં) ગાજે છે...(૧).

જેનાં ચરણકમળની સુગંધે દેવો પણ દોડે છે, જેને યાદ કરતાંની સાથે પાપ હરી લે છે તેવો યતિવર મેં આજે નજરોનજર જોયો. એ સુખ આપનાર વિરાજી રહ્યો છે...(૨).

ભકતને માટે એ ગરીબોનો બેલી, ભકતની મનોકામના પૂરી કરનાર, સદ્ગુર, સગુણ બ્રહ્મનું પ્રત્યક્ષ મૂર્તિમંત સ્વરૂપ અને જેના શ્રેષ્ઠ હાથ દંડ તથા કમંડળથી શોભે છે...(૩).

જેના ચરણસ્પર્શને કારણે આ ગાણગાપુર પૃથ્વી ઉપર કૈલાસ સમાન થયું છે અને ભકતપ્રિય નરહરિ જ્યાં વસી રહ્યો છે એનું વર્ણન કરતાં વાણી પણ લાજી મરે છે...(૪).

ગીત-૨

હે સ્વામી સદ્‌ગુરુ ! આપનો જય હો ! આપનો જય હો ! હું આપને વારંવાર વંદન કરું છું. જગતનો ઉદ્ધાર કરવા માટે તેં આ માનવરૂપમાં અવતાર ધારણ કર્યો છે.

હે કૃપાના ભંડાર ! તારી કીર્તિનું ગાન કરતાં પાર આવે એમ નથી. તમે દયા કરીને, મારા દોષ ભૂલી જઈને તારા આ બાળકનો ઉદ્ધાર કર.... (૧).

હે સચ્ચિદાનંદપૂર્ણ ! તું આ વિશ્વમાં સઘળે વ્યાપીને એનાથી પણ ઉપર વધ્યો છે. હે ત્રિમૂર્તિ ! આપનો જય હો ! હું તમને નમન કરું છું. તું મારી મદદે જલદી જલદી દોડ....(૨).

તારી માયાને ઓળંગવાનું ખૂબ મુશ્કેલ છે. એ તારી ઉક્તિ સાચે જ પ્રમાણરૂપ છે. એનાથી હું ઘેરાયો છું. તારા વિના બીજું કોઇ શરણ નથી....(૩).

તારું તારક એવું નામ હું ભજું છું. હે પ્રભુ ! તું એવી કૃપા કર જેથી માયાનો કિલ્લો ભેદી શકાય. હું તને ફરી ફરીને પગે લાગું છું. (૪).

હે નૃસિંહસરસ્વતી ! તારી ભક્તિનું સુખ મને આપ તેમજ તે હેતુ માટે તારો સંગ આપ. તું હવે દોડ. આ જન્મ એળે જાય એમ છે...(૫).

આમ સુભકત એવા સાયંદેવે કર્ણાટકી (કન્નડ) ભાષામાં પ્રેમપૂર્વક ગાયેલાં ગુરુગુણગાનનો આ સાર કહ્યો. (૬૬). આ રીતે પ્રેમ લક્ષણા ભક્તિયુકત એણે સ્તવન કર્યું. એનાથી સંતોષ પામીને શ્રીગુરુએ એને આશ્વાસન આપ્યું. (૬૭). બધાં કુટુંબીજનોને પ્રેમભાવથી પોતાની સંમુખ બેસાડીને માતાના જેવા વાત્સલ્યથી સુખ દુ:ખની પૂછપરછ કરી. (૬૮).

જેમ 'મા' બાળક ઉપર સ્નેહભાવ રાખે તેમ બધા પર શ્રીગુરુએ પ્રેમભાવ દર્શાવ્યો. એ દિવસ ધન્ય થઇ ગયો. (૬૯). ભકત વત્સલ શ્રીગુરુએ પ્રસન્ન મુખથી બધાને વ્યક્તિગત રીતે આદરપૂર્વક અલગ અલગ ક્ષેમ કુશળ અંગેના સમાચાર પૂછ્યા. (૭૦).

બધા ઉપર વિશેષ પ્રકારનું વહાલ દર્શાવીને ઘરની બધી વાતો તથા યોગક્ષેમ અંગે બધી વાતો ખૂબ પ્રેમથી પૂછી.③ (૭૧). સાયંદેવે બધા જ કુશળ સમાચાર પ્રેમપૂર્વક કહી સંભળાવ્યા અને પછી બન્ને પુત્રોને આનંદપૂર્વક ગુરુનાં ચરણકમળમાં મૂકયા. (૭૨). બે પુત્રો પૈકી મોટા પુત્ર નાગનાથના માથા ઉપર પ્રેમપૂર્વક હાથ મૂકીને કરુણાસાગર શ્રીગુરુ બોલ્યા કે હે સાયંદેવ ! તારો આ મોટો પુત્ર- ખરેખર મારો ભકત થશે અને એ પૂર્ણ આયુષ્ય ભોગવશે. (૭૩-૭૪). એના દ્વારા જરૂરથી વંશની વૃદ્ધિ પણ થશે અને વંશમાં લક્ષ્મીનો અખંડ વાસ રહેશે. (૭૫). હવે પછી તારે મ્લેચ્છની સેવા કરવાની નથી. હવે તું મ્લેચ્છની નોકરી કરશે તો એ તને નુકસાનકારક નીવડશે. (૭૬). તારી પતિવ્રતા સ્ત્રી પણ સદ્‌ભાગી છે. એને ચાર પુત્રો થશે અને બધા સુખમાં રહેશે. (૭૭). સૌથી મોટો પુત્ર મારો સેવક થશે અને મારી કૃપાથી ચારે દિશામાં એની કીર્તિ ફેલાશે. માટે તું મ્લેચ્છની નોકરી છોડી દઇને અહીં મારી સેવામાં અખંડ ભજનમાં રહેજે.④ (૭૮-૭૯).

આવું કહ્યા પછી ફરી પાછું બોલ્યા કે તું બધાની સાથે સંગમમાં વિધિપૂર્વક સ્નાન કરીને, અહીં જલદીથી આવ. (૮૦). આ સાંભળીને બ્રાહ્મણ સ્ત્રી-પુત્ર સાથે સંગમે ગયો અને સ્નાન કરીને અને અશ્વત્થની પૂજા કરીને મઠમાં આવ્યો. (૮૧).

તે દિવસે ગામના બધા જ લોકો અનંતવ્રત કરીને ત્યાં આવીને ભાવભક્તિથી શ્રીગુરુની પૂજા કરીને વંદન કરતા હતા. (૮૨). શ્રીગુરુએ સાયંદેવને કહ્યું કે આજે અનંતવ્રત છે અને તેથી લોકો બીજાં બધાં કામ પડતાં મૂકીને અનંતની પૂજા કરે છે તો તું પણ એની પૂજા કર. એ સાંભળીને બ્રાહ્મણ બોલ્યો કે હે પ્રભુ ! મારો અનંત તો તું જ છે અને તારાં ચરણની સેવા એ વ્રત જ છે. (૮૩-૮૪).

શ્રીગુરુએ વળી પાછું કહ્યું કે પહેલાંના સમયમાં કૌણ્ડિણ્ય ઋષિએ બધી કામના સિદ્ધ કરનારું આ અનંતવ્રત કર્યું હતું. (૮૫).

ત્યાં સાયંદેવે ફરીથી નમન કરીને પૂછ્યું કે હે ગુરુરાય! પહેલાંના સમયમાં ઋષિએ આ વ્રત કેવી રીતે કર્યું હતું (તે મને કહો). (૮૬). આ અનંતવ્રત કરવાથી શું પુણ્ય મળે છે? હે વિભુ ! કૃપા કરીને આ બધી વાત મને સવિસ્તર કહો. (૮૭). એનાં આવાં વચન સાંભળીને, પ્રસન્ન થઈને શ્રીગુરુરાય જે બોલ્યા એ વાત હવે પછીના અધ્યાયમાં આવશે જે સાંભળવાથી બધાં પાપો ટળી જશે. (૮૮). અલખે નિરંજનને કહ્યું કે હે બાળ ! તું ધીરજ ગુમાવીશ નહીં. આગળ ઉપર રસની હેલી છે અને કાળ ચોકકસ નાસી જશે. (૮૯). શ્રીગુરુની લીલાનો પાર નથી પરંતુ એ બધી લીલાને કોણ જાણી શકે એમ છે? નખથી મેરુપર્વત ખોદવા સમાન આ **રંગ** એનું કથન કરી રહ્યો છે. (૯૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુભક્તિપ્રકારકથન'** નામનો **છન્નુમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૬

(૧) દોહરા ૮ થી ૧૨ વારંવાર વાંચવા જેવા અને અંતરમાં ઉતારવા જેવા છે. 'યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી' પ્રમાણે ગુરુમાં દૃઢ ભક્તિ હોવી એ જ ઇચ્છવા યોગ્ય વસ્તુ છે. આ ગુરુ રીઝે કેવી રીતે? શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા ખિલવવાથી આ થઇ શકે. આને માટે પોતાના પ્રયત્નો, પૂર્વનાં પુણ્યો અને પ્રભુની કૃપા ત્રણેય

જોઇએ. એક જ ગુરુના નજીકના ભકતોના જીવનનો વિકાસ જુદો જુદો હોય છે તેનું આ જ કારણ છે. 'નાતે ગોતે સબ સ્વારથકે નિ:સ્વારથ ગુરુ રાના' એ ઉકિત અનુસાર ખુદ દેવો પણ આપતાં પહેલાં કશું માગે છે, મેળવે છે. એક ગુરુદેવ જ લીધા વગર આપ, આપ કરે છે. આત્મકૃપા, ગુરુકૃપા અને પ્રભુકૃપા ત્રણેય જોઇએ.

(૨) દોહરા ૨૯ થી ૩૪ ખૂબ સૂચક છે. 'ગુરુ'ને મારા કહેવાનું સહેલું છે પરંતુ ગુરુ શિષ્યને 'મારો' કહે એ ખૂબ મહત્ત્વનું છે. "હરતાં ફરતાં રંગનું ચિંતન, તન-મન-ધન સહુ રંગ સમર્પણ" એવું પૂ.પ્રેમ અવધૂતજી માટે થયેલું વર્ણન એમની ગુરુ પ્રત્યેની એકનિષ્ઠા સૂચવે છે. શ્રદ્ધા જન્માવવી સહેલી છે પણ નિષ્ઠા જન્માવવી ખૂબ કપરી છે. સતત ગુરુના વિચારે જ જીવન રંગી દેવું અને અંત:કરણમાં ગુરુ સિવાય બીજાને બેસવા નહીં દેવું એવી સ્થિતિ થાય તો ભવસાગર તરી જવાય.

કન્યા ગંગા અભણ હતી, ગરીબ હતી અને માછી જેવી ઊતરતી ન્યાતની હતી. પરંતુ મારાથી ગુરુના સ્થાનનું ખવાય નહીં, કાંઇ લેવાય નહીં એવી તેણે દિલથી કરેલી ઉચ્ચ ભાવનાએ ગુરુમહારાજને ભકતાધીન કર્યા અને પૂ.શ્રી એને ત્યાં રંગજયંતીના દિવસે ગયા. આ જોઇને પણ ભણેલો, સુખી અને ઊંચી જ્ઞાતિનો ભકત ગુરુને જીવન સમર્પણ ન કરી શકે તો શું સમજવું? ગુરુને નિમિત્ત બનાવીને રળવું એટલે પછી જીવનમાં રડવું અને ગુરુના નિમિત્તે વાપરવું, આપવું એટલે ભવસાગરને તરવું. ગુરુ ભકતોને ભગવાન સન્મતિ આપે એવી પ્રાર્થના.

(૩) દોહરા ૬૮ થી ૭૧ સાચા સંતની જીવનરીતિ પર પ્રકાશ પાડે છે. ભગવાનને અને સંતને ભકત કેટલો વહાલો છે અને એમનામાં કેવો વિવેક છે તે શીખવે છે. જગતને અને સગાંસંબંધીને છોડીને જંગલમાં જનાર નિ:સ્પૃહી સંત પણ કેવા પ્રેમથી સમાચાર પૂછે છે? જેમ માતા બાળક ઉપર નિ:સ્વાર્થ પ્રેમ કરે છે તેવો જ નિર્વ્યાજ પ્રેમ સંતો ભકતો પર કરે છે. સંત પોતાનું અપમાન સહી લે પરંતુ ભકતનું અપમાન સહી લેતા નથી. આવા કોઇ સંત મળી જાય અને તે આપણને 'પોતાનો' ગણી લે તો બસ ! પછી બીજું જોઇએ જ શું?

(૪) સાયંદેવના પૌત્રનો પૌત્ર તે જ શ્રીગુરુચરિત્ર ગ્રંથનો રચયિતા. સાયંદેવના પુત્ર નાગનાથ. નાગનાથના પુત્ર દેવરાવ. આ દેવરાવના પુત્ર ગંગાધર અને ગંગાધરના પુત્ર સરસ્વતી. આમ સરસ્વતી એ સાયંદેવના પૌત્રના પૌત્ર થાય. આ ગુરુચરિત્રને આધારે, જરૂરી ફેરફારો સાથે શ્રીગુરુલીલામૃતનો કર્મકાંડ રચાયો.

●

અધ્યાય : ૯૭

આ અધ્યાયનું નામ **'અનંતવ્રતાખ્યાન'** છે. આ અધ્યાયમાં **૧૭૫** દોહરા છે.

શ્રીગુરુએ સાયંદેવને કહ્યું કે અનંતનું ઉત્તમ વ્રત પાંડુપુત્ર યુધિષ્ઠિરે કર્યું હતું અને એ વ્રત પ્રભાવે એણે ગુમાવેલું રાજ્ય પાછું મેળવ્યું હતું. આ સાંભળીને સાયંદેવે એ કથા વિસ્તારથી કહેવા વિનંતી કરી એટલે શ્રીગુરુએ કૌરવોએ કપટથી જુગારમાં કેવી રીતે રાજ્ય લીધું તે વાત કરી અને જંગલમાં ભટકતા ફરતા પાંડુપુત્રોને વધુ દુ:ખી કરવા દુર્યોધને દુર્વાસાને ભિક્ષા માટે મોકલ્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે કેવી રીતે લાજ રાખી તે કથા કહી સંભળાવી. (૧-૩૦).

પોતાનું ગયેલું રાજ્ય પાછું મળે એ માટે શું કરવું? એવું પૂછતાં ભગવાન શ્રીકૃષ્ણે અનંતવ્રતની સંપૂર્ણ સમજ આપી અને પછી એ વ્રત વિધિપૂર્વક કરવા જણાવ્યું. (૩૧-૪૨).

યુધિષ્ઠિરે આ વ્રત કરવાની વિધિ પૂછતાં ભગવાને બધી વિધિ જણાવી. આ વ્રત કોણે કર્યું હતું અને આ વ્રત ક્યારે કરવું એવું પૂછતાં ભગવાન શ્રીકૃષ્ણે ભાદરવા સુદ ચૌદસના રોજ આ વ્રત કરવાની વાત જણાવી અને પહેલાના સમયમાં કૌણ્ડિણ્યે કરેલા વ્રતની વાત કહી સંભળાવી. (૪૩-૪૬).

સત્યયુગમાં સુમંતુ નામે વિપ્ર હતો અને તેની દીક્ષા નામની પત્ની હતી. એને સુશીલા નામની પુત્રી હતી. સુશીલા નાની હતી ત્યારે જ માતા દીક્ષા મૃત્યુ પામી. સુમંતુએ એને ઉછેરીને મોટી કરી. સુમંતુએ બીજી વાર લગ્ન કર્યાં પણ તે પત્ની ખરાબ અને કર્કશ સ્વભાવની હતી. પુત્રી મોટી થતાં એને કૌણ્ડિણ્ય ઋષિ સાથે પરણાવી. સાવકી માતાના ત્રાસથી દીકરી જમાઇ જુદું ઝૂંપડું બાંધીને રહ્યા. પછી ભાદરવા સુદ તેરસના રોજ કૌણ્ડિણ્ય ઋષિ સુશીલા સાથે બીજે સ્થળે જવા નીકળ્યા. કર્કશા પત્નીને કારણે સુમંતુ દીકરી જમાઇને ખાસ કાંઇ આપી શક્યા નહીં. (૪૭-૭૩).

રસ્તે જતાં સુશીલાએ કેટલીક સ્ત્રીઓને અનંતવ્રત કરતાં જોઇ પોતે પણ અનંતનો દોરો બાંધ્યો અને એના પ્રભાવે ઋષિને એશ્વર્ય રાજ્ય મળ્યું પરંતુ અભિમાનમાં ઋષિએ એ અનંતનો દોરો અગ્નિમાં નાખી દીધો. પરંતુ છેવટે પોતાની ભૂલ સમજાતાં અનંતની શોધમાં નીકળી, સાચા અનંતને પામી, એની પૂજા કરી સુખી થયા. (૭૪-૧૭૫).

શ્રીગુરુએ કહ્યું કે હે ભકત ! પહેલાં ઘણા બધાએ આ અનંતવ્રત કર્યું હતું. હવે હું જે કહું છું તે તું ધ્યાન આપીને સાંભળ. (૧). આ ઉત્તમ વ્રત પાંડુપુત્ર યુધિષ્ઠિરે કર્યું હતું અને એ વ્રતના પ્રભાવે એને ગુમાવેલું રાજ્ય પાછું મળ્યું હતું. (૨). શ્રીગુરુનું એ વચન સાંભળીને એ બ્રાહ્મણ મસ્તક નમાવીને બોલ્યો કે એ યુધિષ્ઠિર કોણ હતા? અને ગુમાવેલું રાજ્ય એને કેવી રીતે પાછું મળ્યું? (૩).

શ્રીગુરુએ કહ્યું કે કૌરવોએ જુગારમાં કપટ કરીને પાંડુપુત્રોનું બધું રાજ્ય હરી લીધું, પડાવી લીધું. (૪). ભાઇઓ અને પત્ની (દ્રૌપદી)ની સાથે ધર્મરાજ યુધિષ્ઠિર વનમાં ગયા અને રાજ્યથી ભ્રષ્ટ થયા પછી બાર વરસ સુધી જંગલમાં ભટકતા રહ્યા. (૫). ઘોર જંગલમાં ભાઇઓ સાથે દુ:ખી થતા હતા એટલે ચિંતાથી વ્યાકુળ થયેલા ચિત્તે ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. (૬). રાજ્ય હરી લીધા પછી પણ કૌરવો એમને જંપીને રહેવા દેતા ન હતા અને જંગલમાં પણ પાંડવોને વિવિધ રીતે મુશ્કેલી ઊભી કરીને હેરાનગતિ કરતા હતા. (૭). એમનું સત્ત્વહરણ કરવા માટે એમણે દુર્વાસા ઋષિને મોકલ્યા ત્યારે ભકતસખા ભગવાન શ્રીકૃષ્ણે તરત જ ત્યાં જઇને એમનું રક્ષણ કર્યું હતું.① (૮). પાંડવોએ ત્યાં વિવિધ પ્રકારનાં વ્રત અને તીર્થો કર્યાં હતાં. તેમ છતાં વનમાં જંગલી પશુઓની સાથે રહીને એમણે અપાર કષ્ટો સહન કર્યાં. (૯). એમનાં આ દુ:ખો જાણીને ભકતવત્સલ શ્રીહરિ દુ:ખી થયેલા પાંડવોની પાસે જાતે દોડી ગયા. (૧૦).

ભગવાન શ્રીકૃષ્ણને આવતા જોઇને ધર્મરાજ યુધિષ્ઠિર પ્રેમથી સામે દોડીને શ્રીહરિને માનપૂર્વક તેડવા ગયા. (૧૧). એમની ચરણરજને પોતાના વાળથી સાફ કરી એ સગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણને આનંદિત હૃદયે પૂજવા લાગ્યા. (૧૨). શ્રીહરિને ગંધ, અક્ષત, ફૂલ વગેરેથી પૂજીને શ્રીકૃષ્ણનાં દર્શનથી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. (૧૩). ભક્તિથી પૂજન કરીને યુધિષ્ઠિરે સ્તુતિ કરતાં કહ્યું કે, હે હૃષીકેશ ! હું આપને પ્રણામ કરું છું. આપનો જય હો ! જય હો ! હું આપને વારે વારે પગે લાગું છું. (૧૪). હે નારાયણ ! હે લક્ષ્મીપતિ ! હે ભકતવત્સલ નાથ ! આપનો જય હો ! હે શેષનાગ ઉપર શયન કરનાર તાત ! હે ભવતારક ! હું તમને પ્રણામ કરું છું. (૧૫). તું પરં જ્યોતિ પરમાત્મા છે. તું ખરેખર ત્રિમૂર્તિ છે. તું જ આ વિશ્વનું સર્જન કરે છે, પાલન કરે છે અને એનો સંહાર પણ કરે છે. (૧૬). આ વિશ્વનું ખરેખર જીવન તું જ છે. તું જ સમગ્ર વિશ્વમાં ઓતપ્રોત થયેલો છે. અહીં સ્થૂળ, સૂક્ષ્મ, ઘાસ અને લાકડાંમાં એમ બધામાં તું જ વ્યાપી રહ્યો છે. (૧૭). હે હૃષીકેશ ! તું ત્રિગુણાત્મક છે. હું તારાં ચરણોમાં વંદન કરું છું. તું રજોગુણથી વિશ્વને ઉત્પન્ન કરીને એનો તમોગુણથી સંહાર કરે છે. (૧૮). દુષ્ટોને શિક્ષા કરવા અને સંતોનું રક્ષણ કરવા માટે તું સત્ત્વગુણથી અવતાર ધારણ કરે છે એમ બધાં શાસ્ત્રો કહે છે. (૧૯). આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે તેં અહીં અવતાર લીધો છે તો પછી ભારરૂપ બનેલા અને મૃતપ્રાય એવા અમોને હે પ્રભુ ! તેં શું કામ બચાવ્યા? (૨૦).

પાંડવો તો મારા પ્રાણ છે એમ બધે કહેતા હો છો તો પછી અમારી અવગણના કરીને અમને જંગલમાં કેમ રખડાવો છો? (૨૧). જો અમારા ઉપર તારી દયા હોય જ તો પછી અમને આવું દુ:ખ રહે જ કેમ? તો પછી અમારી ઉપેક્ષા કરીને અમને વનમાં શું કામ ભટકાવો છો? (૨૨). તું જ મને કહે કે તારા વિના હું આ દુ:ખ કોને જઇને કહું? જો તું જ અમારી અવગણના કરશે તો પછી અમારે જીવીને પણ શું કરવાનું? (૨૩). ભીમસેને પણ ત્યાં આવીને ચરણ પકડીને કહ્યું કે હે પ્રભુ ! હે દયાના સાગર ! તું ભકતોને કેમ ભૂલી જાય છે? (૨૪). શ્રીકૃષ્ણનાં ચરણમાં માથું મૂકીને અર્જુન બોલ્યો કે હે મુરારિ ! હે કરુણાના સાગર ! તેં અમારાથી કેમ મોં ફેરવી લીધું છે? (૨૫).

હે કૃષ્ણ ! અમારા ઉપર જો તમારી ખરેખર કૃપાદૃષ્ટિ હોય જ તો પછી આવા વનવાસ વગેરેનાં આકરાં કષ્ટ અમારે શાનાં ભોગવવાનાં હોય? (૨૬). અર્જુન તો મને પ્રાણપ્યારો છે એવું તારું બિરુદ છે. તો એ બિરુદને સાચું

પાડી અમારાં આ દુ:ખ દૂર કરો. અમને શા માટે અથડાવી મારે છે? (૨૭). નકુલ, સહદેવ અને દ્રૌપદી પણ ત્યાં આવ્યાં અને ભક્તિભાવથી વંદન કરીને કહેવા લાગ્યાં કે તું અમારો પક્ષ લેનારો છે તો પણ તું અમને ઘોર જંગલ (માં ભટકવાનું) આપે છે અને દુશ્મનો રાજ્ય કરે છે. હે હરિ ! હવે શું કરવું તે તું જ કહે. (૨૮-૨૯). તારા જેવું સમર્થ છત્ર હોવા છતાં અમારા કરમમાં આ દુ:ખ જ સહન કરવાનાં રહ્યાં ! તું અમારો ખરેખર સાચો હિતચિંતક હોય તો તું કોઇ એવો જોરદાર ઉપાય અમલમાં મૂક કે જેથી હે કૃષ્ણ કૃપાળુ ! અમને અમારું રાજ્ય ફરી મળે. આ સાંભળીને દ્રવી ઊઠેલા હૃદયવાળા શ્રીહરિ તરત જ બોલ્યા.② (૩૦-૩૧).

શ્રીકૃષ્ણ બોલ્યા કે જેનાથી તમને તમારા રાજ્યની જલદીથી પ્રાપ્તિ થાય એવું એક વ્રત હું તમને કહું છું તે તમે સાંભળો. (૩૨). અનંત નામનું સૌથી ઉત્તમ એવું એ વ્રત છે જેનું આચરણ કરવાથી રાજ્યની પ્રાપ્તિ એકદમ થાય છે. (૩૩). આ બધામાં વ્યાપીને રહેલો અનંત હું જ છું અને અનંત વ્રત એ ખરેખર મારું જ વ્રત છે જે રાજ્યની પ્રાપ્તિ કરાવનારું છે. (૩૪).

કલા, કાષ્ઠ, મૂહુર્ત, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, અયન, વર્ષ, યુગ અને કલ્પ વગેરેમાં ચેતન અને જડ સહિત બધામાં હું નારાયણ જ વ્યાપી રહ્યો છું. દુષ્ટોને મારવા માટે અને સંતોનું રક્ષણ કરવા માટે હું યદુકુળમાં જન્મ્યો છું. (૩૫-૩૬). હે યુધિષ્ઠિર ! એ વાસુદેવરૂપ હું જ અનંત છું એમાં તું શંકા કરીશ નહીં. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ મારી ઉત્તમ ત્રિમૂર્તિ છે. (૩૭). (બાર) રાશિ, (નવ) ગ્રહો અને ચૌદભુવનો એ બધું હું જ છું. બાર આદિત્ય અને આઠ વસુ એ મારાથી જુદા નથી. (૩૮). અગિયાર રુદ્રો, સાત સમુદ્રો, સાત પાતાળ, પર્વતો અને બધા લોક પણ હું જ છું. (૩૯). વેલી, ઝાડી, ઘાસ, વૃક્ષ, નક્ષત્ર, આકાશ, દિશા અને ઉપદિશા એ બધું હું જ છું અને હું અજન્મા હોવા છતાં બધે વ્યાપીને રહ્યો છું. (૪૦). હું ચોક્કસપણે વિશ્વાત્મા છું જ. મારા વિના બીજું કાંઇ કોઇ સ્થળે છે જ નહિ. હું અજન્મા અને અવિકારી હોવા છતાં અણુ-મેરુમાં વ્યાપીને એની ઉપર વિસ્તરીને વધ્યો છું. (૪૧). માટે તું મને સનાતનરૂપે અનંત તરીકે જ ઓળખ. હે યુધિષ્ઠિર ! મારું આ વ્રત કરીને મારી વિધિપૂર્વક પૂજા કર. (૪૨). ભગવાન શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા કે હે પ્રભુ ! મને એ વ્રતની વિધિ કહો અને એ અંગેનાં દાન તથા અર્ચન વિશે પણ કહો. (૪૩). આ વ્રત ક્યારે કરવું? આ વ્રત કોણે કર્યું એ બધું મને કહો. શ્રીકૃષ્ણ બોલ્યા કે ધન્ય છે તને. તું આ બધું જ સાંભળ. (૪૪).

ભાદરવા સુદ ચૌદસની મધ્યાહ્ને આ અનંતના વ્રતની શ્રદ્ધાપૂર્વક આરાધના કરવી. (૪૫). તું પણ દૃઢ નિશ્ચયથી આ વ્રત કર જેથી તું તારું રાજ્ય જલદી જલદી મેળવીશ. આ વ્રત પહેલાં એક ઋષિએ આચર્યું હતું તે વાત હે સદ્ધર ! તું સાંભળ. (૪૬).

પહેલાંના સમયમાં સત્યયુગમાં સુમંતુ નામે એક બ્રાહ્મણ હતો. વસિષ્ઠ ગોત્રમાં જન્મેલો અને ધર્મને જાણનારો એ મહામુનિ હતો. (૪૭). એની પત્ની દીક્ષા સતી હતી અને ભૃગુ ગોત્રમાં જન્મી હતી. સુશીલા નામની એને એક સુંદર લક્ષણોથી યુકત પુત્રી હતી. (૪૮). સુમંતુની આ પત્ની દીક્ષા પતિવ્રતા, સાધ્વી અને સતી સ્ત્રી હતી. પ્રારબ્ધવશાત્ એ ટૂંક સમયમાં જ મૃત્યુ પામી. (૪૯). પછી મા વગરની સુશીલા પિતાના ઘરમાં ઊછરીને મોટી થઇ. આંગણામાં રંગોળીથી ભાત ભાતના સાથિયા પૂરતી હતી. (૫૦). રંગ-બેરંગી તોરણોથી એ ઘરને શણગારતી

હતી અને દરરોજ ઘરને વાળી ઝૂડીને સાફ કરી પાણી છાંટતી હતી. (૫૧). પંચરંગી રંગોળીથી સાથિયામાં શંખ, કમળ વગેરે આકૃતિઓ રચીને દેવને વંદન વગેરે કરીને અહીં પૂજન કરતી હતી. (૫૨). પત્ની વિનાનો વિધુર સુમંતુ ગૃહસ્થ તરીકેની ક્રિયા કરી શકતો હતો નહિ. અગ્નિ નારાયણની પૂજા થઇ શકે એ હેતુથી એણે બીજું લગ્ન કર્યું. (૫૩).

નસીબજોગે-કમનસીબે-બીજી વારની પત્ની કજિયાખોર મળી. ખરાબ સ્વભાવની એ ઘરમાં કાયમ કલહ-કંકાસ કરતી હતી. (૫૪). પતિ અને પુત્રીથી દુશ્મની કરીને એ પોતાની મરજી મુજબ જીવતી હતી. પોતાને મનફાવે તેમ વર્તીને પતિને પરેશાન કરતી હતી. (૫૫). દીકરી લગ્નને લાયક થઇ એટલે સુમંતે વિચાર્યું કે હવે હું આ કન્યાને કોની સાથે પરણાવું? કન્યાદાન કરવાનો સમય વીતી જાય છે. (૫૬). નસીબજોગે-સદ્‌નસીબે-વિદ્યાભ્યાસ પૂરો કરીને વિદ્યામાં પારંગત એવા કૌણ્ડિણ્ય ઋષિ ત્યાં આવ્યા. એમને લગ્ન અંગેની વિનંતી કરતાં એમણે એ વિનંતી સ્વીકારી. (૫૭). એમની સાથે કન્યાનું પ્રેમથી વિધિપૂર્વક લગ્ન કરાવ્યું અને જમાઇને અષાઢ તથા શ્રાવણ માસ ઘરે જ રાખ્યા. (૫૮).

સાવકી માતા દરરોજ દીકરી સાથે ઝઘડો કરતી હતી એટલે જમાઇએ સસરાને કહ્યું કે અમે બીજે જુદી કુટિર બાંધીને રહીએ. એનાથી બન્નેને સુખ-શાંતિ થશે. આ સાંભળીને અતિશય દુ:ખ સાથે સુમંતુએ કહ્યું કે આ મારી પત્ની નથી પણ ગયા જનમની દુશ્મન છે. આવી પાપિણીની સાથે મેં કયાં લગ્ન કર્યાં? એને કારણે દીકરી અને જમાઇનો વિયોગ થશે. (૫૯-૬૧). જેના ઘરમાં શાંત અને સમજુ પત્ની નથી તે ઘર ઘર નથી પણ જંગલ જ છે. હે ત્રિપુરારિ ! હું નાદાન આ ભવસાગરમાં ડૂબી રહ્યો છું. (૬૨). આ કજિયાખોર સ્ત્રી, કર્મતપને યોગ્ય નથી. એ મારું સાંભળતી જ નથી. જમાઇ-દીકરી જશે એટલે અલ્પ સુખ હતું તેય જશે. (૬૩).

આ રીતે ત્યાં સુમંતુ અતિશય ચિંતા કરતો હતો. એને સમજાવીને કૌણ્ડિણ્યે કહ્યું કે આપ તો સુજ્ઞ છો. શાસ્ત્ર કહે છે કે બે તપસ્વીઓએ કદી સાથે રહેવું નહીં કારણ કે સાથે રહેવાથી બંનેના યોગને નુકસાન જ થાય છે. (૬૪-૬૫). હું થોડે દૂર બીજે આશ્રમ બાંધીને રહી તપશ્ચર્યા કરીશ જેથી રોજ દર્શનનો લાભ પણ મળશે. (૬૬).

સુમંતુએ કહ્યું કે હજી બીજા બાર દિવસ રહી જાઓ અને પછી સર્વ સિદ્ધિ આપનારી (ભાદરવા સુદ) તેરસના રોજ અહીંથી જજો. (૬૭). આ સાંભળીને કૌણ્ડિણ્ય ઋષિ બાર દિવસ રહ્યા અને તેરસના રોજ પત્ની સાથે મંગલ મુહૂર્તમાં પ્રયાણ આદર્યું. (૬૮). સુમંતુએ કજિયાખોર સ્ત્રીને કહ્યું કે આ દીકરી પતિની સાથે જાય છે તો ભાથાંપાથેય તરીકે થોડા દાળ-ચોખા તો આપ. (૬૯). આ સાંભળીને કજિયાખોર સ્ત્રીએ ઘરમાં જઇને બારણે પથ્થર મૂકી દઇને અને આગળો મારી દઇને કહ્યું કે હું એને દાળ ચોખાનો એક દાણો પણ નહીં આપું. (૭૦). આવું બોલીને એ બારણું ઝાલીને બેઠી. સુમંતુ માથું પછાડવા લાગ્યો. એને માથું પછાડતાં રોકીને દીકરીએ કહ્યું કે પિતાજી ! હું તો આમ ખાલી હાથે મારે રસ્તે જતી રહીશ. (૭૧). હે બાપુજી ! એ ભલે મને કશું જ નહીં આપે. તમે એની ચિંતા કરશો નહીં. એમ બોલીને પિતાને પગે પડીને એ પતિ સાથે તરત જ ચાલી જવા તૈયાર થઇ. (૭૨). પછી ઋષિ રસોડામાં ગયા તો ઘઉંના કુશકા (ફોતરાં) પડ્યા હતા. પુત્રીને થોડા કુશકા આપીને વિદાય કરી. (૭૩).

બંને જણા રથમાં બેસીને ત્યાંથી ચાલી નીકળ્યાં અને ભર બપોરે નદીકિનારે આવી પહોંચ્યાં. (૭૪). દૈનિક કર્મ કરવા માટે કૌણ્ડિણ્ય ઋષિ ત્યાં નદીકિનારે બેઠા. સુશીલાએ કેટલીક સ્ત્રીઓને ત્યાં સમૂહમાં બેઠેલી જોઇ એટલે એ ત્યાં ગઇ. (૭૫).

એ બધી સ્ત્રીઓએ લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં હતાં અને (ભાદરવા સુદ) ચૌદસ હોવાથી અનંતનું વ્રત કરતી હતી. (૭૬). દરેક સ્ત્રી પોતપોતાના જળ ભરેલા કલશનું પૂજન કરતી હતી. એ જોઇને સુશીલાએ ધીમા અવાજે બધાંને પૂછ્યું કે તમે બધાં અહીં ભેગાં થઇને પ્રેમપૂર્વક શાનું વ્રત કરો છો? સ્ત્રીઓએ કહ્યું કે હે સુંદરી ! અમે ઉત્તમ એવું અનંતનું વ્રત કરીએ છીએ. (૭૭-૭૮). હે બહેન ! તું સાંભળ. આ વ્રત મનની બધી ઇચ્છા પૂરી કરનારું છે. એટલે સુશીલાએ કહ્યું કે મને આ વ્રત કરવાની બધી વિધિ કહો. (૭૯).

સ્ત્રીઓએ કહ્યું કે તું બેસીને સાવધાન થઇને સાંભળ. ભાદરવા મહિનાની સુદ પક્ષની ચૌદસે આ શ્રેષ્ઠ એવું અનંતવ્રત પ્રેમપૂર્વક કરવું. આ વ્રત બધી ઇચ્છા પૂરી કરનારું છે. એમાં તું શંકા કુશંકા કરીશ નહીં. ચૌદ ગાંઠવાળો ઊનનો લાલ દોરો લેવો. પછી વિધિપૂર્વક સ્નાન કરીને તરત જ લાલ વસ્ત્ર પ્રેમથી પહેરી લેવું. પછી કુંકુમનો ચાંલ્લો કરી જળથી ભરેલા બે કલશ લેવા. (૮૦-૮૩). પછી એ કલશમાં પાંચ પ્રકારનાં પાન મૂકી એ કલશને બાજઠ પર મૂકી એમાં શક્તિ અનુસાર રત્ન વગેરે મૂકી તેની પૂજા કરવી. (૮૪). જળથી ભરેલા એ કલશ પર પૂર્ણપાત્ર મૂકી, એને નવાં વસ્ત્રથી ઢાંકીને એના ઉપર આઠ પાંખડીવાળું કમળ કાઢીને એની વિધિપૂર્વક પૂજા કરવી. (૮૫). કલશની આગળ પંચરંગી રંગોળીથી કમળ, સ્વસ્તિક વગેરેની આકૃતિ કાઢીને એ સ્થળને સુશોભિત કરવું. (૮૬). પછી એ પૂર્ણપાત્ર ઉપર દર્ભના બનાવેલા શેષ (અનંત) અને શેષ પત્ની (અનંતી) મૂકીને એની યથોપચાર પૂજા કરવી અને ધ્યાન વગેરેથી પૂજા સંપૂર્ણ કરવી. (૮૭). પછી ત્યાં શેષનાગ ઉપર શયન કરનાર અનંત ભગવાનનું ધ્યાન ધરવું. એ અનંત ભગવાન સર્વ પાપો હરી લેનાર છે અને પરાત્પર એવા એક માત્ર વિભુ છે. (૮૮). એમના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ છે અને એ ઘનશ્યામ વર્ણના છે અને લાલાશ પડતા પીળા રંગની-પિંગલ-આંખવાળા છે તથા ચાર હાથવાળા છે. (૮૯). આ રીતે સર્વવ્યાપી અનંતનું પ્રેમપૂર્વક ધ્યાન ધરીને નવું સૂત્ર અર્પીને એની વિધિપૂર્વક પૂજા કરવી. (૯૦).

પોતાના અધિકાર અનુસાર 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એવા બાર અક્ષરના મંત્રથી અથવા પુરુષ સૂક્તથી અથવા વિષ્ણુ સૂક્તથી એની વિધિપૂર્વક પૂજા કરવી. (૯૧). પછી આ રીતે વિધિપૂર્વક પૂજા કરી, જમણા હાથે એ નવો દોરો મંત્રથી અભિમંત્રિત કરીને બાંધવો અને જૂનો દોરો કાઢી નાંખવો. (૯૨). પછી બ્રાહ્મણને વિધિપૂર્વક પાશેર જેટલા ઘઉં, અનારસા (માલપૂઆ જેવું મિષ્ટાન્ન) અને ખીરનું ભોજન આપી અંતે ફળ સહિત દક્ષિણા આપવી. ત્યાર પછી પોતાના આપ્તજન સાથે ભોજન કરવું. આવું ચૌદ વર્ષ કર્યા પછી આનંદપૂર્વક ઉદ્યાપન કરવું. (૯૩-૯૪). બ્રાહ્મણને પ્રેમપૂર્વક ચૌદ કળશો આપવા અને શાસ્ત્રમાં જણાવ્યા મુજબ બધા બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણા આપવી. (૯૫). આનાથી ચારે પુરુષાર્થ ચોક્કસ સિદ્ધ થાય છે. આજે અનંતચતુર્દશી છે તો હે બહેન ! તું પણ અનંતને ભક્તિપૂર્વક પૂજીને આ વ્રત કર. એવું કહીને બધી સ્ત્રીઓએ પ્રેમથી સૂત્ર કરવા માટે એક એક દોરો આપ્યો. (૯૬-૯૭).

સુશીલાએ પણ કહ્યા મુજબ પેલી સ્ત્રીઓ સાથે ભક્તિભાવથી પૂજન કરીને અનંતવ્રત આચર્યું. (૯૮). એણે બ્રાહ્મણને વાયનના દાન તરીકે પેલા ઘઉંના કુશકામાંથી અડધો અડધ કુશકા આનંદથી આપી દીધા અને પછી એમની પ્રેમપૂર્વક રજા લઇને ચૌદ ગાંઠવાળો અનંતનો દોરો હાથમાં બાંધીને, બધી સ્ત્રીઓને પગે લાગીને ત્યાંથી ચાલી નીકળી અને જેવી રથ પાસે આવી ત્યાં તો કૌણ્ડિણ્ય પણ પોતાનું નિત્યકર્મ પતાવીને બેઠા જ હતા. બન્ને જણાં રથમાં બેસીને વેગથી આગળ ચાલી નીકળ્યાં. આગળ જતાં રસ્તામાં એમણે અમરાવતી નામની એક શણગારેલી નગરી જોઇ. (૯૯-૧૦૨).

એ નગરીના નગરજનો સામે ચાલીને આવીને મુનિને પ્રાર્થના કરવા લાગ્યા કે હે તપોનિધિ ! આપનું સ્વાગત છે. આપ હવે અહીં જ મુકામ કરો. (૧૦૩). પછી નગરજનો એ બન્નેને પ્રેમપૂર્વક નગરમાં લઇ ગયા અને શ્રીમદ્ અનંતની કૃપાથી સર્વ પ્રકારના ઐશ્વર્યને પામ્યા. (૧૦૪). ત્યાં જ થોડો સમય કૌણ્ડિણ્ય ઋષિ સુખમાં રહ્યા. એવામાં એક દિવસ પત્નીના હાથ ઉપરના અનંતના દોરા ઉપર એમની નજર પડી. (૧૦૫). ઋષિએ પૂછ્યું કે હે પ્રિયે ! તેં હાથમાં આ શું બાંધ્યું છે? આ લાલ દોરાથી મારા પર વશીકરણનો પ્રયોગ તો નથી કર્યો ને? (૧૦૬).

સુશીલાએ કહ્યું કે હે સ્વામી ! આ અનંતનો દોરો છે જેની કૃપાથી આ બધું ઐશ્વર્ય મળ્યું છે એ શંકા વિનાની વાત છે. (૧૦૭). જે દિવસથી મેં આ વ્રત કર્યું છે તે દિવસથી પ્રભુ અનંત પ્રસન્ન થયા છે અને આપણને આ ઐશ્વર્ય મળ્યું છે. (૧૦૮). એનાં આવાં વચનો સાંભળીને ઋષિ ત્યાં ક્રોધે ભરાયા અને એના હાથે બાંધેલો અનંતનો દોરો બળપૂર્વક તોડીને અગ્નિમાં ફેંકી દીધો અને બોલ્યા કે આ વળી અનંત ક્યાંનો આવ્યો? આ તો આજ સુધી મેં જે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી તેના ફળ સ્વરૂપે આ ઐશ્વર્ય મળ્યું છે. (૧૦૯-૧૧૦). આમાં મને કોઇ શંકા જ નથી. આ દોરો તો તેં દુષ્ટાએ મને વશ કરવા માટે બાંધ્યો હતો. તો પછી મને ક્રોધ કેમ ન ચઢે?③ (૧૧૧). જો મેં એને આ અગ્નિમાં ફેંકી દીધો. તું એને ત્યાં તપ કરવા દે. આ સાંભળીને અરેરે ! અરેરે ! એમ બોલતી બોલતી સતી દોડી. (૧૧૨). અરેરે ! હે પતિદેવ ! આ અનંતને તમે નકામો અગ્નિમાં ફેંકી દીધો. એમ કહીને અગ્નિમાંથી એ દોરો મહેનતપૂર્વક લઇને દૂધમાં મૂકી દીધો. (૧૧૩).

અનંતનો ત્યાગ કરવાથી ઋષિનું ઐશ્વર્ય નાશ પામ્યું અને તે જ ક્ષણે દારિદ્રય આવી ગયું અને ઋષિ રંક થઇ ગયા. (૧૧૪). ગાયરૂપી ધન, વસ્ત્ર અને અલંકારો ચોરો ચોરી ગયા. મિત્રો પણ દુશ્મન થઇ ગયા અને ઋષિશ્રેષ્ઠ બિચારા-બાપડા બની ગયા. (૧૧૫). અનંતના કોપે કરીને ઘર પણ તરત જ બળી ગયું અને બધું જ ખાખ થઇ ગયું. ઋષિ તો ચોધાર આંસુએ રડવા લાગ્યા. (૧૧૬). પશ્ચાત્તાપયુકત હૃદયે કહેવા લાગ્યા કે ખરેખર ! મારા ઉપર અનંત કોપ્યો છે. મેં અભિમાનમાં અંધ બનીને અગ્નિમાં નકામો દોરો ફેંકી દીધો. (૧૧૭). હવે હું ત્યારે જ ખાઇશ કે જ્યારે એ શ્રીપતિ શ્રીમદ્ અનંત પ્રસન્ન થઇને મને દર્શન આપે. એ સિવાય હું અન્ન નહીં લઉં. (૧૧૮).

'અનંત ! અનંત !' એમ પોકારો કરતાં કરતાં એ વનમાં ચાલી નીકળ્યા. રસ્તામાં ફળ અને ફૂલથી શોભિત આંબો જોયો. પરંતુ કીડી, મંકોડા કે પક્ષી કોઇ એને અડતું ન હતું. કૌણ્ડિણ્યે આંબાને પૂછ્યું કે હે આંબા ! તેં ક્યાંય પણ અનંતને જોયો છે? (૧૧૯-૧૨૦). આંબો બોલ્યો કે હે પ્રિય બ્રાહ્મણ ! મેં અનંતને જોયો નથી. પરંતુ તું એને જુએ તો મારી કરમ કથની કહેજે. (૧૨૧). આગળ જતાં ઘાસવાળી જગ્યામાં વાછરડા સહિત એક ગાયને

ફરતી જોઇ પરંતુ એ દુ:ખી જણાતી હતી અને એના મુખમાં સહેજ પણ ઘાસ જતું ન હતું. (૧૨૨). કૌણ્ડિણ્યે એને પૂછ્યું કે હે ગોમાતા ! તેં જો જંગલમાં ફરતાં અનંતને જોયો હોય તો મને કૃપા કરીને કહે. (૧૨૩). ગાયે કહ્યું કે મેં તો કયાંય પણ અનંતને જોયો નથી પરંતુ જો તને અનંતનાં દર્શન થાય તો મારી દશાનું વર્ણન કરજે. (૧૨૪). આગળ જતાં ગાયની જેમ એક આખલાને જોયો. એટલે એને પૂછ્યું કે હે વૃષભશ્રેષ્ઠ ! તેં કોઇ જગ્યાએ અનંતને જોયો છે કે? (૧૨૫). આખલાએ-સાંઢે- કહ્યું કે મેં તો જોયો નથી પણ તું કદાચ જુએ તો મારી આ દુ:ખી સ્થિતિ વિશે એને કહેજે. (૧૨૬). આગળ જતાં બે સરોવર જોયાં જેનાં પાણી એકબીજામાં ભળી જતાં હતાં અને એમ બન્ને સરોવરો શોભતાં હતાં. (૧૨૭). એમાં કુમુદ (સફેદ કમળ) અને ઉત્પલ (રાત્રે ખીલતું કમળ) ખીલ્યાં હતાં અને એનું જળ પણ સ્વાદમાં અમૃત સમાન હતું. તો પણ એ જળને હંસ કે બીજા કોઇ પક્ષી સ્પર્શ કરતાં ન હતાં. (૧૨૮). એને જોઇને કૌણ્ડિણ્યે આશાભેર પૂછ્યું કે તમે કયાંય પણ અનંતને જોયો છે? જોયો હોય તો મને કૃપા કરીને કહો. (૧૨૯). સરોવરોએ કહ્યું કે હે બ્રાહ્મણ ! અમે તો અનંતને કયાંય પણ જોયો નથી પરંતુ તું એને જુએ તો એને અમારી દશા વિશે તરત જ બધું કહેજે. (૧૩૦). આગળ જતાં ગધેડાને અને હાથીને જોયા. એને અનંત વિશે પૂછ્યું તો એ બેઉએ પણ કશું કહ્યું નહીં. (૧૩૧).

અંતરમાં ખૂબ જ નિરાશ થઇ જવાથી બ્રાહ્મણે વિચાર્યું કે હવે હું મારા પ્રાણ ત્યજી દઉં અને અનંત ! હે અનંત ! એમ બોલતાં બોલતાં એ ધરતી પર મૂર્છિત થઇને પડ્યો. (૧૩૨). ત્યાં ઘરડા બ્રાહ્મણના વેષમાં આવીને અનંતે કહ્યું કે હે ઋષિશ્રેષ્ઠ ! ઊઠો. હે ભકતરાજ ! ઊઠો. (૧૩૩).પછી પૂછ્યું કે તારે અનંતનાં દર્શન કરવાં છે ને ! તો ચાલ ઊઠ. હું તને દર્શન કરાવું. એમ કહીને એનો હાથ ઝાલીને એને પ્રેમપૂર્વક ઉઠાડ્યો. (૧૩૪). એને પ્રેમથી ઉઠાડીને જંગલમાં લઇ ગયો ત્યાં કૌણ્ડિણ્યે એક અલૌકિક નગર જોયું. (૧૩૫).

એ નગરમાં દાખલ થઇને રત્નના સિંહાસન ઉપર બેસીને એ ઘરડા બ્રાહ્મણ ત્યાં પોતાના મૂળ સ્વરૂપે, અનંતરૂપે પ્રગટ્યા. (૧૩૬). એ રૂપ જોઇને કૌણ્ડિણ્યે એનાં ચરણ પર મસ્તક મૂકી દીધું અને એ ધીર મુનિએ બે હાથ જોડીને આદરપૂર્વક સ્તુતિ કરી. (૧૩૭). હે સચ્ચિદાનંદ ! હે ગોવિંદ ! હે રમેશ ! હું આપને નમન કરું છું. કેવળ તમારાં દર્શનથી જ મારાં બધાં પાપ અને કલેશ દૂર થઇ ગયાં છે. (૧૩૮). જેના સ્મરણમાત્રથી બધાં પાપો ટળી જાય છે એવા બ્રહ્મા,વિષ્ણુ અને શંકર તું જ છે. હે સર્વવ્યાપી અનંત ! હું તારે શરણે આવ્યો છું. (૧૩૯). શ્રીવત્સના ચિહ્નથી શોભતા હે નાથ ! હે નારાયણ ! હું આપને નમન કરું છું. હે વૈકુંઠના અધિપતિ ! અને હે લક્ષ્મીપતિ ! હું આપના શરણે આવ્યો છું. (૧૪૦). હે અનંત બ્રહ્માંડોના સ્વામી ! હું અધમાધમ પાપી છું. હે પરમાત્મા ! આ રાંક તારા શરણે આવ્યો છે તો તું એને ક્ષમા કરી દેજે. (૧૪૧). હું બીજા કોઇ દેવને જાણતો નથી. મેં આપનાં આ ચરણ પકડ્યાં છે. હે શરણાગતવત્સલ પ્રભો ! કૃપા કરીને મારો ઉદ્ધાર કર. (૧૪૨). હું તારા ચરણકમળમાં ભમરાની જેમ લીન થયો છું. મારો જન્મ આજે સફળ થઇ ગયો છે. મારું જીવવું ધન્ય થઇ ગયું છે. કારણ કે ગરીબનું પોષણ કરનાર એવો તું મને મળ્યો છે. (૧૪૩).

મુનિનું એવું સ્તવન સાંભળીને અનંતભગવાન પ્રસન્ન થયા અને ભકતચિંતામણિ એવા એણે એમને આનંદપૂર્વક ત્રણ વરદાન આપ્યાં. (૧૪૪). હે યુધિષ્ઠિર ! શ્રી હરિએ એને ધર્મ પ્રાપ્તિ, દારિદ્રયનો નાશ અને

કાયમમાટેનો વૈકુંઠવાસ આપ્યો. (૧૪૫).

કૌણ્ડિણ્યે અનંત ભગવાનને કહ્યું કે મેં રસ્તામાં એક કૌતુક જોયું. એક આંબો અમૃતફળે-કેરીથી લચી પડ્યો હતો પરંતુ પક્ષી પણ તેનો સ્પર્શ કરતાં ન હતાં. એવું બીજું આશ્ચર્યકારક એ હતું કે એક દુ:ખી અને કમનસીબ ગાયને વાછરડા સહિત જોઈ. જેના મુખમાં ઘાસની એક સળી પણ જતી ન હતી. વળી મેં નિર્મળ જળનાં ત્યાં બે સરોવરો જોયાં. એ બન્નેનાં પાણી એક બીજામાં ભળ્યાં હતાં તો પણ કોઈ પ્રાણી એ જળનો સ્પર્શ કરતું ન હતું. આગળ જતાં મેં એક આખલો જોયો. જે જોતાં જ નવાઇ લાગી. (૧૪૬-૧૪૯). એના મુખમાં ઘાસનો એક કોળિયો પણ જતો ન હતો. વળી આગળ ઉપર મેં એક મદોન્મત્ત હાથીને જોયો. (૧૫૦). આગળ જતાં મેં એક ગધેડાને ફરતાં જોયો અને પછી છેલ્લે એક ખખડી ગયેલ ઘરડા બ્રાહ્મણને જોયો. (૧૫૧). આ બધાની આવી પરિસ્થિતિ કેમ હતી તે વિષે હે નાથ ! હું કાંઇ જાણતો નથી. હે જગન્નાથ ! તું મને એ પરિસ્થિતિ વિષે કહે. એમ કહીને એમનાં ચરણ પકડ્યાં. (૧૫૨).

એ ભક્તનાં વચન સાંભળીને કૃપાના ભંડાર એવા અનંત બોલ્યા કે હે કૌણ્ડિણ્ય ! તેં જે આંબો જોયો હતો તે ગયા જન્મમાં વેદશાસ્ત્રનો જાણકાર એવો અભિમાની બ્રાહ્મણ હતો. અભિમાનને લીધે એણે ન તો શિષ્યને જરા સરખી વિદ્યા આપી કે કોઇને જરા સરખું દાન આપ્યું. (૧૫૩-૧૫૪). એ પાપને કારણે એ વૃક્ષ થયો પરંતુ એનાં ફળ કોઇ લેતું ન હતું. ગયા જન્મમાં બ્રાહ્મણને નકામી ભૂમિ દાનમાં આપી દેવાના પાપને કારણે એ ગાય થઇ હતી. તેં ઘાસ ન ખાઇ શકે એવો જે આખલો જોયો હતો તે ગયા જન્મે ખૂબ શ્રીમંત માણસ હતો પરંતુ એણે એક કોડી (એક પૈસો) પણ દાનમાં ખર્ચી ન હતી તેથી આમ અધમરૂપ આખલો બનીને અન્નનો એક દાણો પણ ખાઇ શકતો ન હતો. (૧૫૫-૧૫૭). જે બે સરોવરો જોયાં તે ગયા જન્મે બે બહેનો હતી. તેઓ અંદરોઅંદર એક બીજાને દાન આપતી હતી. તેથી તેઓ આવી ગતિને પામ્યાં એ વાતને તું નિશ્ચિતરૂપે જાણજે. (૧૫૮). પૂર્વજન્મમાં જે ક્રોધી હતો તે ગધેડો થયો હતો અને અભિમાનથી અંધ થયેલો હાથી બન્યો હતો. તારું મન નિર્મળ થવાથી હે બ્રાહ્મણ ! હું ઘરડા બ્રાહ્મણરૂપે તારી પાસે આવ્યો હતો.ઈ (૧૫૯). તેં જેને જેને દુ:ખી જોયાં હતાં તે બધાંને મેં દુ:ખમાંથી મુક્ત કરી દીધાં છે. તું આ લોકમાં ઐશ્વર્ય ભોગવીને અંતે સદ્‌ગતિ પામીશ. (૧૬૦). તું પુનર્વસુ નક્ષત્ર થઇને નક્ષત્રમાળામાં વાસ કરીશ એવું વરદાન અનંતે પ્રેમપૂર્વક કૌણ્ડિણ્ય-ઋષિને આપ્યું. (૧૬૧).

આવું વરદાન પામીને અહીં સર્વોત્તમ એવું સુખ ભોગવીને આ વ્રતના પ્રભાવે કૌણ્ડિણ્ય સ્વર્ગમાં ગયો. (૧૬૨). આમ શ્રીકૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠિરને અનંતવ્રતની કથા કહી. એ પ્રમાણે વ્રત આચરીને, દુશ્મનનો નાશ કરીને એણે ગુમાવેલું રાજ્ય પાછું મેળવ્યું. (૧૬૩). પછી તો વ્રતોમાં ઉત્તમ એવું આ વ્રત અનેક ઋષિઓએ કર્યું. આ વ્રત જે કોઇ ભક્તિપૂર્વક કરશે તે બધા પુરુષાર્થ પામશે. (૧૬૪).

હે સાયંદેવ ! તારો સૌથી મોટો પુત્ર જે નાગનાથ છે તેને આ સુખ આપનારું અનંતવ્રત કરવાનું કહેજે. (૧૬૫). આ અનંતપુણ્યને આપનારું વ્રત કૌણ્ડિણ્ય ઋષિએ આચર્યું હતું. તું પણ કૌણ્ડિણ્ય ગોત્રમાં જન્મેલો છે તેથી પ્રેમપૂર્વક એ વ્રત કર. (૧૬૬). હે સાયંદેવ ! મારી આજ્ઞાનુસાર આ ઉત્તમ વ્રત તું દર વર્ષે કર જેથી ચોક્કસ સુખી થઇશ. (૧૬૭).

શ્રીગુરુની આજ્ઞાથી સાયંદેવે પ્રેમપૂર્વક આ વ્રત કર્યું અને વિવિધ પ્રકારના ઉપચારોથી ત્યાં શ્રીગુરુની પૂજા કરી. (૧૬૮). ગીત-સંગીતથી એણે ત્યાં ભાવપૂર્વક આરતી કરી. એનો ભાવ જોઇને શ્રીગુરુરાય એના પર ખૂબ પ્રસન્ન થયા. (૧૬૯). પછી એને ઘરે જવાની આજ્ઞા કરી તેથી ગુરુને વંદન કરીને રાજી થતો થતો સાયંદેવ પોતાના કુટુંબ સાથે પોતાના ગામે ગયો. (૧૭૦). પત્ની અને પુત્રોને પોતાને ઘરે મૂકી આવીને એ પાછો શ્રીગુરુની સેવામાં આવી ગયો અને અનન્ય ભાવે એમના શરણમાં રહ્યો. (૧૭૧).

શ્રીગુરુની પાસે રહીને આમ નિરંતર સેવા કરતા તારા પૂર્વજ ઉપર શ્રીગુરુ તરત જ રીઝ્યા હતા. (૧૭૨). હે નિરંજન ! તારા કુળમાં આમ પરંપરાગત રીતે શ્રીગુરુ ભક્તિનો આ ખજાનો ચાલી આવ્યો છે. તું એને બીજે ક્યાં શોધે છે? (૧૭૩). જેને મોક્ષ હાથવગો (કરતલ) હોય એવા ગુરુભકતને શાની ખોટ હોય? આગળ ઉપર શ્રીગુરુએ તંતુક નામના ભકતને તાર્યો હતો. (૧૭૪). એ સાંભળતાં જ નિરંજન બોલ્યો કે હે અલખ ! મને એ બધી કથા કહો. આગળ ઉપર એ કથાનો અપૂર્વ **રંગ** સાંભળતાં ભગવાન શંકર પ્રસન્ન થશે. (૧૭૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અનંતવ્રતાખ્યાન'** નામનો **સત્તાણુમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૭

(૧) પાંડવો વનમાં હતા ત્યારે એમને હેરાન પરેશાન કરવા કૌરવો અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ કરતા. એક વાર એમની યોજના મુજબ દુર્વાસા એમના દશ હજાર શિષ્યોના સમુદાય સાથે પાંડવો જંગલમાં રહેતા હતા ત્યાં ભિક્ષાર્થે ગયા. પરંતુ બધાંએ જમી લીધા પછી ઘરમાં કશું જમવાનું બાકી ન હોય એવા સમયે જ ગયા. દુર્વાસાને ભિક્ષા ના મળે તો પાંડવોને શાપ આપે એવા બદઇરાદાવાળી કૌરવોની યોજના હતી. દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. દ્વારકાથી દોડીને પ્રભુ હાજર થયા અને દ્રૌપદીના અક્ષયપાત્રમાં ચોંટેલા ભાજીના એક પાનના આહાર માત્રથી દુર્વાસા સહિત શિષ્ય સમુદાયને ક્ષુધાની તૃપ્તિ કરાવીને ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોનું રક્ષણ કર્યું.

(૨) ભગવાન શ્રીકૃષ્ણની ફોઇના દીકરા એ પાંડવો સાથેનું ભગવાન શ્રીકૃષ્ણનું સગપણ તદુપરાંત અર્જુન તેમનો બનેવી અને મિત્ર તેમજ યુધિષ્ઠિર વગેરે તેમના ભકતો પણ ખરા. ભગવાનને ભારોભાર લાગણી હોવા છતાં તે પાંડવોને દુ:ખ ભોગવવા જ દે છે. કર્મના સિદ્ધાંતની આડે આવતા નથી. એમ છતાં એમના દુ:ખને હળવું કરવા

અનંતવ્રત કરવાનું જણાવે છે. ભગવાન કૃષ્ણનું જીવન જ અનેક આપત્તિથી ભરેલું છે. ભગવાન પણ સંકટોનો સામનો કરે છે. સંકટોને સહેવાથી જ વ્યક્તિ સંત બને છે. ભગવાનની મદદ હોય પછી બીજા બધાને તો પહોંચી વળાય એવો અંતરનો ભાવ છે. મોટા માણસો દુ:ખ સહન કરીને સંસારીજનને જીવન જીવવાની, દુ:ખ સહન કરવાની પ્રેરણા આપે છે અને તેથી જ મહાન વ્યક્તિનાં જીવન ચરિત્રો વાંચવાં જોઇએ.

(૩) જ્યારે માણસના ગ્રહ વાંકા હોય ત્યારે એ સીધો ચાલે છે. પણ જ્યારે ગ્રહ સીધા હોય છે ત્યારે માણસ વાંકો ચાલે છે એ કથનાનુસાર કૌણ્ડિણ્ય ઋષિ જેવી વ્યક્તિ પણ કેવું વિચારે છે? ઋષિની બુદ્ધિ કેવી છે? શું બોલે છે? (૧) 'અનંત કયાંનો વળી !' આ અનંત તે વળી કોણ? (૨) "કર્યું ઉગ્ર તપ જેહ, આજ સુધી મેં, તે થકી મળ્યું ઐશ્વર્ય એહ !" અભિમાનથી છલોછલ ભરેલું વાકય અને (૩) "બાંધ્યો દોરો દુષ્ટ, કરવા વશ તેં આ મને !" એટલે સત્કાર્યને જોવાની વિપરીત દૃષ્ટિ. વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ કહેવત અનુસાર માણસની વિચારવાની ઢબ જ કઢંગી થઇ જાય છે. એટલે શ્રીગુરુલીલામૃતના પહેલા દોહરામાં જ પૂ.શ્રી શ્રીગણપતિને પ્રાર્થના કરે છે કે:

'આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ.'

'દયા ધરમકા મૂલ હૈ પાપમૂલ અભિમાન,
તુલસી દયા ન છોડિયો જબ લગ ઘટમેં પ્રાણ '

એ ઉકિત પ્રમાણે અભિમાન આવે એટલે માણસ જાતે જ પોતાના પતનનો રસ્તો તૈયાર કરતો હોય છે. ગુરુ મહારાજ આપણને આવું અભિમાન ન આવવા દે એવી પ્રાર્થના.

(૪) જે બ્રાહ્મણ અભિમાની બનીને શિષ્યને વિદ્યા શિખવતો નથી તે ખોટું કરે છે. જે બ્રાહ્મણને દાનમાં બિનઉપયોગી-નકામી વસ્તુ આપે છે તે ખોટું કરે છે. પૈસાદાર વ્યક્તિ પોતાના ધનનો સદુપયોગ ન કરે તો તે ખોટું કરે છે. કરકસરી થજો પણ કંજૂસ ના થજો. અરે ! કંજૂસ થજો પણ કૃપણ ના થજો. દાન પાત્ર વ્યક્તિને, જેને ખરેખર જરૂર છે તેને થવું જોઇએ. દુ:ખિયાની આંતરડી ઠરે એવું દાન થવું જોઇએ. એક બીજાને અંદરોઅંદર દાન કરવાની પ્રવૃત્તિ એ સાચા અર્થમાં દાન નથી અને છેલ્લે જે ક્રોધી છે અને અભિમાનમાં આંધળો થયો છે તે પણ ખોટું કરે છે. સામાન્યત: સુખના અને સત્તાના દિવસોમાં જીવનના વ્યવહારમાં અભિમાનપણું આવે છે. સંતની કે ગુરુની કૃપા થાય તો જ એ વ્યક્તિ વિનયી બને, નમ્ર બને.

દોહરા ૩૫ની સમજ :

કાષ્ઠ = ૧૮ નિમિષ		૧૮ નિમિષ = ૧ કાષ્ઠ
કળા = ૩૦ કાષ્ઠ	*	૩૦ કાષ્ઠ = ૧ કળા (૫૪૦ નિમિષ)
ક્ષણ = ૩૦ કળા		૩૦ કળા = ૧ ક્ષણ (૧૬૨૦૦ નિમિષ)
મુહૂર્ત = ૧૨ ક્ષણ		૧૨ ક્ષણ = ૧ મુહૂર્ત (૧,૯૪,૪૦૦ નિમિષ)

●

અધ્યાય : ૯૮

આ અધ્યાયનું નામ **'તંતુકાય શ્રીશૈલયાત્રા દર્શન'** છે. આ અધ્યાયમાં **૧૨૨** દોહરા છે.

અલખે કહ્યું કે શ્રીગુરુનો વણકર જ્ઞાતિનો તંતુક નામે એક સેવક હતો. પોતાના ઘરકામથી પરવારીને ત્રીજે પહોરે ગુરુ પાસે આવી, તેમને ભાવપૂર્વક પ્રણામ કરી, પ્રેમથી આંગણું વાળીઝૂડીને સાફ કરી, તેના પર પ્રેમથી પાણી છાંટી, દૂરથી પગે લાગીને જતો રહેતો હતો. (૧-૩).

કેટલોક સમય પસાર થતાં શિવરાત્રિ આવી. સગાંવહાલાં અને ગામના લોકો શ્રીશૈલની યાત્રા માટે જતા હતા એટલે એમણે તંતુકને યાત્રાએ આવવા જણાવ્યું તો એણે કહ્યું કે મારા ગુરુ પોતે જ મલ્લિકાર્જુન છે એટલે મારે ગુરુને છોડીને ક્યાંય જવું નથી. (૪-૭).

એની વાત સાંભળીને એને મૂરખ માનીને લોકો યાત્રાએ ગયાં. શિવરાત્રિના દિવસે શ્રીગુરુએ તંતુકને પૂછ્યું કે તું શ્રીશૈલ કેમ નથી ગયો? તંતુકે કહ્યું કે મારાં તો બધાં જ તીર્થો શ્રીગુરુનાં ચરણમાં છે. આ સાંભળીને શ્રીગુરુએ તંથથતુકને કહ્યું કે આંખ મીંચીને મારી પાદુકા પકડ. પાદુકા પકડતાં જ ક્ષણવારમાં એને શ્રીશૈલ પર્વત પર લઇ ગયા. (૮-૨૨).

શ્રીગુરુએ તંતુકને મુંડન કરાવડાવી શ્રીશૈલનાં દર્શને મોકલ્યો તો ત્યાં શિવલિંગમાં તેણે શ્રીગુરુનાં દર્શન કર્યા અને બધાને લિંગને બદલે શ્રીગુરુને પૂજતા જોયા. ગામના લોકોએ એને જોયો એટલે ટોણો માર્યો કે તું લપાતો છુપાતો યાત્રાએ આવ્યો લાગે છે. (૨૩-૩૯).

પછી શ્રીગુરુએ એને આ સ્થાનનું માહાત્મ્ય સમજાવતી વિમર્ષણ નામના રાજાની કથા કહી સંભળાવી. (૪૦-૧૦૩).

તંતુકે કહ્યું કે શ્રીશૈલના મલ્લિકાર્જુન, ગાણગાપુરના કલ્લેશ્વર કે સંગમના સંગમેશ પણ તું જ છે. પછી એને પાદુકા પકડાવી શ્રીગુરુ એને સંગમ પર લાવ્યા. એને મુંડનવાળો જોઇને ગામના લોકોને આશ્ચર્ય થયું. એણે યાત્રાની વાત કરી તો કોઇએ માન્યું નહીં પરંતુ યાત્રાએ ગયેલા ગામના લોકોએ જ્યારે તંતુક શ્રીશૈલ પર્વત પર આવ્યો હતો એ વાત કરી ત્યારે બધાને શ્રીગુરુની અનુપમ લીલાની જાણ થઇ. (૧૦૪-૧૨૨).

અલખે કહ્યું કે શ્રીગુરુનો તંતુક નામે વણકર જ્ઞાતિનો એક સેવક હતો. (૧). પોતાના ઘરકામથી પરવારીને એ ત્રીજા પહોરમાં આવીને દરરોજ શ્રીગુરુનાં ચરણમાં ભાવપૂર્વક પ્રણામ કરતો હતો. (૨). શ્રીગુરુના આશ્રમનું આંગણું વાળીઝૂડીને સાફ કરી એ પ્રેમથી પાણી છાંટતો અને પછી દૂરથી વંદન કરતો. આમ કેટલોક સમય પસાર થઇ ગયો. (૩). એવામાં શિવરાત્રિ આવી એટલે બધાં સગાંસંબંધી શ્રીશૈલની યાત્રાએ જવા આનંદ અને ઉમળકા સાથે નીકળ્યાં. (૪). બધાએ તંતુકને પણ પ્રેમપૂર્વક જોડાવવા જણાવ્યું ત્યારે એણે કહ્યું કે આ શરીરને શું કામ નકામું કષ્ટ આપો છો? (૫).

મૂઢબુદ્ધિવાળા આ લોકો નકામા શ્રીશૈલ પર્વત પર જાય છે. શ્રીગુરુનું સ્થાન પણ શ્રીશૈલ જ છે ને ! એ વગરનાં બધાં તીરથ નકામાં છે. (૬). શ્રીગુરુ સ્વયં મલ્લિકાર્જુન છે એમાં મને તો લેશમાત્ર શંકા નથી. મેં તો મારી જાત ગુરુચરણમાં સમર્પિત કરી દીધી છે એટલે મારે હવે બીજે ક્યાંય જવું નથી. (૭). એની વાત સાંભળીને અને એને મૂરખ માનીને લોકો એની મશ્કરી કરતા કરતા શ્રીશૈલ પર ગયા. (૮). ગામના બીજા લોકો પણ શ્રીશૈલ પર જવા નીકળ્યા. તંતુકે તો રોજના નિયમ મુજબ આવીને શ્રીગુરુ ચરણમાં પ્રણામ કર્યા. (૯).

શ્રીગુરુએ કહ્યું કે તું તારાં સગાંસંબંધી સાથે શ્રીશૈલ નથી ગયો? તંતુકે કહ્યું કે હે નાથ ! મારાં તો બધાં તીર્થો અહીં જ છે. (૧૦). તારાં ચરણોમાં જ મારાં બધાં તીર્થો છે અને વિવિધ પ્રકારની જાત્રાનાં ક્ષેત્રો છે. આ મૂરખ લોકો નાહકના પથ્થર જોવા દોડે છે.① (૧૧). આમ કહીને શ્રીગુરુનાં ચરણમાં રોજની જેમ ભાવથી નમન કરીને એ સુભકત તંતુક પોતાના ઘરે ગયો. (૧૨).

મહાવદ ચૌદસના રોજ શિવરાત્રિના વ્રતનો દિવસ હોવાથી, ઉપવાસ કરીને ગુરુ પ્રત્યેની લગનીવાળો એ ભકત સંગમે ગયો. (૧૩). સંગમમાં સ્નાન કરીને એ શ્રીગુરુની પાસે આવ્યો અને દંડવત્ પ્રણામ કરીને શ્રીગુરુની સન્મુખ હાથ જોડીને એ ઊભો રહ્યો. (૧૪). શ્રીગુરુએ કહ્યું કે અલ્યા તંતુક ! ગામના બધા લોકો શ્રીશૈલ પર ગયા અને તું એકલો જ ભગવાન શંકરનાં દર્શન વગરનો રહ્યો? (૧૫). તેં શૈલ પર્વત જોયો છે કે નથી જોયો તે મને કહે. એણે કહ્યું કે હું તો તમારાં આ ચરણ સિવાય બીજું કશું જ જાણતો નથી. (૧૬). મારી બધી જાત્રા તારાં ચરણમાં છે અને બધાં તીર્થો અહીં જ છે. એનાં વચન સાંભળીને અને એનું હૃદય ઓળખીને શ્રીગુરુ બોલ્યા કે જો હું તને શ્રીશૈલનાં દર્શન કરાવું. તું તારી આંખો મીંચી દઇને મારી પાદુકા દૃઢ હાથથી પકડ.② (૧૭-૧૮). આવું કહીને એને પ્રેમથી પાસે બોલાવીને એને પોતાની પાદુકા પકડાવી અને ક્ષણવારમાં તો શ્રીશૈલ પર્વત પર પાતાલગંગાને કિનારે લાવીને કહ્યું કે હવે તારી આંખ ઉઘાડ અને હે ધીરજવાન ! તું આ શ્રીશૈલનાં દર્શન કર. (૧૯-૨૦).

એક ક્ષણ પૂરતું ઊંઘી જવા જેવુ થઇને ફરી પાછાં જગાડતાં તંતુકે આંખ ખોલીને જોયું તો સામે જ પર્વતની ટોચ હતી. (૨૧). આશ્ચર્યમાં ગરકાવ થઇ જઇને એણે કહ્યું કે હું આ જે જોઉં છું તે સ્વપ્ન છે કે સત્ય છે ! એટલે શ્રીગુરુએ કહ્યું કે તું કેમ ભ્રાંતની માફક જુએ છે? (૨૨). તું હવે જલદીથી માથાના વાળ ઉતરાવીને, ત્યાં મંદિરમાં મલ્લિકાર્જુનનું દર્શન કરવા જા. (૨૩). શ્રીગુરુની આજ્ઞાથી એ મુંડન કરાવવા ગયો. ત્યાં એના સગાંસંબંધીઓએ એને જોયો અને એણે પણ સગાંસંબંધીઓને જોયાં. (૨૪). એને જોઇને લોકો પૂછવા લાગ્યા કે અમારો સાથ કાં ના કર્યો? અમારી પાછળ પાછળ આવ્યો એ તારો કેવો ધર્મ છે? (૨૫).

તંતુકે કહ્યું કે હું તો આજે બપોરે જ સંગમથી નીકળીને શ્રીગુરુ સાથે ઘડીવારમાં અહીં આવી પહોંચ્યો છું. (૨૬). કેટલાકે કહ્યું કે આવું તે કંઇ બનતું હશે ! એ તો જૂઠું બોલે છે. તો વળી કોઇકે કહ્યું કે એ તો આપણી પાછળ પાછળ લપાતો-છુપાતો આવ્યો હશે. (૨૭). તંતુકે જીભાજોડી ના કરી. ક્ષૌરકર્મથી પરવારીને એ પ્રેમપૂર્વક પૂજા કરવા માટે પુષ્પ, ચંદન વગેરે લઇને જેવો ભાવપૂર્વક મંદિરમાં ગયો તો ત્યાં એણે ગુરુ સિવાય બીજો કોઇ દેવ જોયો જ નહીં. (૨૮-૨૯). શિવલિંગને સ્થાને શ્રીગુરુને જોઇને અને બધાને શ્રીગુરુની પૂજા કરતા જોઇને તથા શ્રીગુરુને બધાની પૂજા સ્વીકારતા જોઇને એ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. (૩૦). આવું જોઇને એણે

અંતરમાં નિશ્ચય કર્યો કે ખરેખર શ્રીગુરુ સ્વયં ભગવાન શંકર જ છે. ભક્તિભાવથી શ્રીગુરુની પૂજા કરી અને ઉમળકાથી પ્રસાદ લઈને રાજી થતો થતો એ તંતુક શ્રીગુરુ પાસે આવ્યો. એને જોઈને શ્રીગુરુ બોલ્યા કે કેમ હવે તને સંતોષ થયો ને? (૩૧-૩૨). હવે મારી સાથે પાછા આવવું છે કે આજે અહીં જ રહેવું છે? તંતુકે કહ્યું કે હે ગુરુદેવ ! આજે મેં નવાઇ પામી જવાય એવું જોયું. (૩૩).

મંદિરમાં મને ક્યાંય પણ શિવલિંગ તો દેખાયું જ નહિ. એ લિંગને સ્થાને બધા જ તમારી પૂજા કરતા હતા ! (૩૪). આ તો મેં મારી સગી આંખે જોયું એટલે હે સ્વામી ! મને આશ્ચર્ય થયું. અમારી પાસે રહેતા તને છોડીને બીજે ક્યાં અથડાવા જાઉં? (૩૫). પોતાની પાસે હાથવગો રહેલો ખજાનો છોડીને લોકો શું કામ કષ્ટ વેઠીને આટલે બધે દૂર આવતા હશે? મને તો એનું કારણ જ સમજાતું નથી. (૩૬). તું સાચે જ સાક્ષાત્ ભગવાન જ છે પરંતુ માણસના જેવો દેખાય છે. દુષ્ટ દૃષ્ટિવાળા તારો મહિમા ક્યાંયે સમજી શકતા નથી. (૩૭). મનુષ્યના સ્વરૂપમાં તારું છુપાયેલું આ સાચું રૂપ તો કોઇ વીરલા જ જાણી શકે એમ છે. બીજા બધા તો નાહકના પથ્થરો પૂજી પૂજીને અથડાઇ મરે છે. (૩૮). આ મૂઢ લોકો તારો મહિમા ન જાણતા હોવાથી તને છોડીને શ્રીશૈલ પર શું કામ આવતા હશે?③ (૩૯).

શ્રીગુરુ બોલ્યા કે આ ઇશ્વર બધે સ્થળે સમાન રીતે રહેલો છે તો પણ આ સ્થાનનું માહાત્મ્ય સવિશેષ છે. (૪૦).

તંતુકે કહ્યું કે હે શ્રીગુરુ ! તું પૂર્ણ બ્રહ્મ છે. તું મને આ સ્થાનનું વિશિષ્ટ માહાત્મ્ય કૃપા કરીને કહે. (૪૧). શ્રીગુરુએ કહ્યું કે સ્કંદપુરાણમાં આ કથા આવે છે. હે ભકત ! હું તને સવિસ્તર કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. (૪૨).

મહાવદ ચૌદસ ને શિવરાત્રિના રોજ આ શ્રીશૈલનો અપાર મહિમા છે. હું તને એક દૃષ્ટાંત કહું તે તું સાંભળ. (૪૩). પહેલાંના સમયમાં કિરાત દેશમાં વિમર્ષણ નામનો એક પરાક્રમી રાજા હતો અને તેણે બધા શત્રુઓને જીતી લીધા હતા. (૪૪). એ બુદ્ધિમાન રાજા શિકારનો ખૂબ જ શોખીન હતો. એ શૂરવીર, રાજનીતિ જાણનારો અને ઇશ્વરનો ભકત પણ હતો. પરંતુ પારકી સ્ત્રીને જોતાં જ તેનું મન ચકડોળે ચઢી જતું. આ લેવાય કે ન લેવાય તેમજ આ ખવાય કે ન ખવાય એનો એને વિવેક ન હતો. (૪૫-૪૬).

એ સ્ત્રીલંપટ હોવા છતાં પણ ઇશ્વરભકત હતો અને હંમેશાં ભક્તિપૂર્વક કડક નિયમથી શિવની નિત્ય પૂજા કરતો હતો. (૪૭). ખાસ તો શિવરાત્રિના દિવસે એ ગીત, વાદ્ય, નૃત્ય વગેરેથી અને ભક્તિથી હંમેશાં શિવને પ્રસન્ન કરતો હતો. (૪૮). બહારથી દુરાચારી જણાતો હતો પરંતુ અંતરમાં શિવ ઉપર કાયમ અખંડ ભક્તિ રાખતો હતો અને એમાં કપટનો અંશ ન હતો. (૪૯).

એની કુમુદ્વતી નામે સુશીલ અને પતિવ્રતા રાણી હતી. એ જ્ઞાનવાન હંમેશાં મનમાં વિચારતી કે મારો આ પતિ પારકી સ્ત્રીમાં રચ્યોપચ્યો રહેનારો હોવા છતાં શિવભકત કેવી રીતે છે? આ વિચારથી એ મનમાં હંમેશાં મૂંઝાયા કરતી હતી. (૫૦-૫૧). એક દિવસ હિંમત કરીને પતિને વિનયથી પૂછ્યું કે હે પ્રાણનાથ ! મારા મનમાં એક મોટી શંકા થયા કરે છે. (૫૨). મારી આવી દુર્બુદ્ધિને ક્ષમા આપીને તમે મને વિસ્તારથી કહો કે તમે બધું ખાવ

છો, લંપટ છો અને છેક જ દુરાચારી છો તો પણ તમારા મનમાં શિવજી પ્રત્યે સદ્‌ભક્તિ કેવી રીતે ઊપજી? હે સ્વામી ! મારા ઉપર ક્રોધ ના કરશો. મારી આ શંકાનું નિવારણ કરો. (૫૩-૫૪).

રાજા બોલ્યો કે તેં આજે આ પૂછ્યું તે સારું કર્યું. મને ગત જન્મોની યાદદાસ્ત તાજી થઇ. જો હું તને મારા પૂર્વજન્મની વાત કહું. (૫૫). કર્મયોગે કરીને હું ગયા જન્મે એક ભરવાડનો કૂતરો હતો. ત્યાં એક વાર શિવરાત્રિનો દિવસ આવ્યો. (૫૬). એ ગામમાં શિવજીનું એક મંદિર હતું. શિવજીની પૂજા કરવા માટે ગામના બધા લોકો ગયા તો તેની સાથે હું પણ ભૂખ્યા પેટે ગયો. (૫૭). મંદિરમાં લોકો ગીત-વાદ્યથી ભગવાન શંકરની પૂજા કરતા હતા અને પછી આરતી ઉતારીને ભાવપૂર્વક પ્રદક્ષિણા કરતા હતા. (૫૮). આ કૌતુક જોવા માટે હું મુખ્ય દ્વારમાં ગયો. મને અંદર દાખલ થયેલો જોઇને લોકો મારી પાછળ દોડ્યા. (૫૯). કૂતરો ! કૂતરો ! મારો ! મારી નાંખો ! એમ ક્રોધથી બૂમો પાડતા પાડતા મને મારવા દોડ્યા. હું પણ સાવધ થઇ ગયો. (૬૦).

મૃત્યુની બીકથી ભાગ્યો તો લોકો પણ એટલી જ ઝડપથી દોડ્યા અને ચારે બાજુથી ઘેરી લઇને મને મારવા માટે બારણા પાસે ઊભા રહ્યા. (૬૧). કેટલાક તો મારી પાછળ જ દોડ્યા અને એ રીતે તો હું પણ ઘણું ઘણું દોડ્યો. તો પણ બહાર જતા રહેવા માટે મને નાનો સરખો રસ્તો પણ ના મળ્યો. (૬૨). ચક્રની માફક હું મંદિરની અંદર વારે વારે ગોળ ફર્યા કરતો હતો. તો પણ મને બહાર જવાનો રસ્તો ક્યાંયે મળ્યો નહીં. (૬૩). વળી મંદિરમાં સંતાવાનું પણ કોઇ સ્થાન મળ્યું નહિ. ભગવાન શંકરની પ્રદક્ષિણા કરીને હું ફરી પાછો મંદિરના દ્વારે આવ્યો. (૬૪). લોકો પણ મને મારી નાખવા માટે ક્રોધથી બૂમો પાડતા પાડતા મારી પાછળ દોડતા હતા અને હું પણ નાસતો ફરતો હતો. (૬૫).

કંઇક બચેલું ખાવા મળે તો સારું એવી ઇચ્છાથી હું મંદિરનાં અંતર્ગૃહમાં શિવલિંગ પાસે ગયો. (૬૬). ત્રણવાર પ્રદક્ષિણા કરી હું અંદર પેઠો અને ત્યાં સંતાઇ રહીને મેં શિવપૂજાનાં દર્શન કર્યાં. (૬૭). ક્રોધે ભરાયેલા લોકોએ ત્યાં આવીને બહાર જવાનો બારણાનો રસ્તો રોકીને મને શસ્ત્રોથી મારી નાખ્યો અને બહાર ફેંકી દીધો. (૬૮). અનાયાસે મને ભગવાન શંકરની પ્રદક્ષિણા કરવાનું ફળ મળ્યું અને શિવપૂજાનાં દર્શન કર્યાં તેથી આ જન્મે અહીં રાજા થયો. (૬૯). મને ખાવા માટે એક ટુકડો પણ મળ્યો નહીં તેથી ભૂખ્યા પેટે મેં મારા પ્રાણ છોડ્યા. આમ કૂતરાની યોનિમાં મને આ મહાન પુણ્ય મળ્યું. (૭૦).

મંદિરની અંદર દેદીપ્યમાન તેજે ઝળહળતી દીપમાળા જોઇ અને પછી શિવના દ્વારમાં પ્રાણ ત્યજ્યા તે પુણ્યબળે આ જન્મે હું રાજા થયો. (૭૧). હે પ્રિયે ! એ પુણ્યપ્રભાવે હું જ્ઞાનવાન પણ થયો. હવે હું તને મારા દુરાચારનું કારણ કહું છું તે તું સાંભળ. (૭૨). કૂતરાની પ્રકૃતિ અનુસાર આ ખવાય અને આ નહિ ખવાય એવો વિવેક રહ્યો નહિ અને પૂર્વના એ સંસ્કારવશ જ સ્ત્રી-લોલુપતા પણ આવી. (૭૩). પતિનાં એવાં વચનો સાંભળીને રાણી બોલી કે હે સ્વામી ! આપે આપના પૂર્વજન્મની વાત વિગતે કહી. (૭૪). આપ બધું જ જાણો છો અને પરમ શિવભકત પણ છો તો તમે મારા ઉપર કૃપા કરીને મારા પૂર્વજન્મ વિશે મને કહો. (૭૫).

એમ કહીને રાણી પગે પડી એટલે રાજા બોલ્યો કે તું સાભળ. તું પૂર્વ જન્મમાં કપોતી (કબુતરી) હતી. (૭૬). કોક દિવસ પેટ ભરવા માટે તું ખાવાનું શોધવા જંગલમાં ગઇ. ત્યાં માંસનો ટુકડો મળ્યો તે ટુકડો ચાંચમાં લઇને આકાશમાં ઊડતી ઊડતી જતી હતી ત્યાં એક સમડી તને મારવા માટે ઝડપભેર દોડી. (૭૭-૭૮). તારી પાસેથી માંસનો ટુકડો લઇ લેવા માટે એ સમડી તૈયાર થઇ એટલે તું પણ તારા પ્રાણ બચાવવા માટે ઝડપથી દોડી અને ભયભીત થયેલી તું વિશાળ જંગલમાં પેઠી અને ત્યાં તું શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના શિવાલયે આવી. (૭૯-૮૦).

ત્યાં પણ સમડીને પાછળ પાછળ આવતી જોઇને મંદિરની પ્રદક્ષિણા કરી કરીને તું પણ થાકી ગઇ હતી. (૮૧). તારા પ્રાણ કંઠે જ આવી જવાના કારણે - અતિશય થાકી જવાના કારણે- તું મંદિરના શિખર પર બેઠી ત્યાં જ માંસનો ટૂકડો લેવા માટે સમડીએ તને મારી નાખી. (૮૨). સમડી માંસનો ટુકડો લઇ ગઇ અને આ બાજુ તું મૃત્યુ પામી. શિવમંદિરની પ્રદક્ષિણાના પુણ્યના પ્રભાવે તું શ્રેષ્ઠ સ્વભાવવાળી રાણી થઇ. (૮૩). આ સાંભળીને રાણી બોલી કે આપ તો પરમ શિવભકત છો. હવેથી હું આપની આજ્ઞા અનુસાર વિશ્વપિતા શંકરનું પૂજન કરીશ. (૮૪). હે રાજા ! હવે પછીના જન્મે હું કયાં જન્મીશ અને આપ પણ કયાં જન્મ લેશો તે બધું મને કૃપા કરીને કહો. (૮૫).

રાજા બોલ્યો કે હે સુંદરી ! તું સાંભળ. હવે પછીનો મારો જન્મ સિંધુદેશમાં રાજાના કુળમાં થશે અને તું પણ સંજયદેશના રાજાના ઘરે કુંવરી તરીકે જન્મીશ અને ત્યાં પણ તું મારી જ પત્ની થઇશ. (૮૬-૮૭). પછીના ત્રીજા જન્મે હું સૌરાષ્ટ્રમાં રાજા થઇશ અને તું પણ કલિંગદેશમાં જન્મીને મને પરણીશ. (૮૮). ચોથા જન્મે હું ગાંધાર દેશનો રાજા અને તું મગધ દેશના રાજાના કુળમાં જન્મીને મારી પત્ની થઇશ. (૮૯). હે પ્રિયે ! પાંચમા જન્મે હું અવંતિ- ઉજ્જૈન-દેશનો રાજા થઇશ અને તું દશાર્ણ રાજાને ત્યાં જન્મીને મારી સાથે લગ્ન કરીશ. (૯૦). છઠ્ઠા જન્મે હું અનંતનામનો રાજા થઇશ અને તું યયાતિવંશમાં જન્મીને મારી પત્ની બનીશ. (૯૧). સાતમે જન્મે હું પાંડ્યદેશનો રાજા થઇશ અને તે વખતે હું કામદેવ સમાન રૂપાળો અને દેખાવડો થઇશ તે વખતે મારું નામ પદ્મવર્ણ હશે અને હું જ્ઞાની હોઇશ તેમજ સૂર્યસમાન ખરેખર તેજસ્વી પણ હોઇશ. (૯૨-૯૩). તું પણ વિદર્ભકુળમાં જન્મીશ. તેજમાં હે સુંદર મુખવાળી ! તું સોનાની મૂર્તિ સમાન હોઇશ અને લાવણ્યની લતિકા જેવી હશે. (૯૪). હે સુંદર દાંતવાળી ! એ સમયે તારું નામ સુમતિ હશે અને જે રીતે દમયંતી સ્વયંવરમાં ફરીને નળરાજાને વરમાળા પહેરાવીને તેને વરી હતી તે જ રીતે હું ત્યાં તને પરણીશ. (૯૫).

પછી ત્યાં લાંબો સમય રાજય કરીશ અને વેદ શાસ્ત્રમાં પારંગત થઇને ચારે દિશામાં વિજય મેળવીને યજ્ઞો કરીશ એનો તું વિશ્વાસ રાખજે. (૯૬). દેવ અને બ્રાહ્મણોના અર્ચન-પૂજનમાં હંમેશાં રચ્યા-પચ્યા રહીને અને દાન-ધર્મ પરાયણ થઇને ઘડપણમાં પુત્રને રાજય સોંપી દઇને પ્રેમથી સંન્યસ્ત લઇને અગત્સ્ય પાસે જઇને બ્રહ્મજ્ઞાન દ્વારા સ્વાત્મનો અનુભવ કરીને મરણ સમયે તારી સાથે ચોક્કસ મુકિત પામીશ. વાસનાઓથી મુકત થઇ જવાથી,

જ્યાં જઇને પછી પાછું જન્મવાનું-આવવાનું બનતું નથી ત્યાં જઇશ. (૯૭-૯૯). શંકરનાં દર્શન-અર્ચનનું આવું માહાત્મ્ય છે તે તું જાણ. આવું કહીને રાજા રાણીને લઇને શ્રીશૈલ પર ગયો. (૧૦૦).

શ્રીગુરુએ તંતુકને આ પ્રમાણે સ્થાનનું માહાત્મ્ય કહી સંભળાવ્યું અને કહ્યું કે સાત જન્મ સુધી એ રાણીની સાથે જ પરણીને એ રાજા તરીકે જીવ્યો અને અંતે બન્ને જણાં મુક્તિ પામ્યાં એ વાત શંકારહિત છે. હવે તને ગુરુએ ઉપદેશ કર્યો છે એટલે તું જા અને ભગવાન શંકરની પૂજા કર. (૧૦૧-૧૦૨). વળી ગાણગાપુરમાં જે કલ્લેશ્વર ભગવાન છે તેને મલ્લિકાર્જુન સમાન માન. એનું સ્થિર મનથી પૂજન કર. (૧૦૩). સંગમ ઉપર આવેલા સંગમેશ ભગવાન પણ ખરેખર મલ્લિકાર્જુન છે એમ માનીને એની સદા પૂજા કરવી. આ વાતમાં શંકા કરીશ નહીં. (૧૦૪).

તંતુકે કહ્યું કે હે પ્રભુ ! તું આવું કેમ બોલે છે? હું મલ્લિકાર્જુનની પૂજા કરવા ગયો ત્યારે શિવલિંગને સ્થાને તું જ હતો. (૧૦૫). તું સઘળા સ્થળે વ્યાપેલો છે અને બધાં સૂત્રોને ધારણ કરનારો છે. પછી મને કલ્લેશ્વર ને સંગમેશ પૂજવા કેમ કહે છે? (૧૦૬). ત્યાં હસીને શ્રીગુરુ બોલ્યા કે ચાલ, પહેલાંની જેમ આંખો મીંચીને તું મારી પાદુકા પકડ. એમાં નાહકની વાર ન કરીશ. (૧૦૭). એવું કહીને પોતાની પાદુકા પકડાવીને એને ક્ષણવારમાં જ હસતા હસતા સંગમસ્થાને લઇ આવ્યા. (૧૦૮). આ બન્યું તે પહેલાં ગામના લોકોએ ત્યાં ગુરુને ન જોતાં અંદરોઅંદર એકે કહ્યું કે હમણાં તો એ અહીંયાં જ હતા. ત્યારે બીજાએ કહ્યું કે અહીં તો શ્રીગુરુ છે જ નહીં. આમ વિરહથી વ્યાકુળ થઇને બધા પૂછવા લાગ્યા કે ભગવાન કયાં જતા રહ્યા? (૧૦૯-૧૧૦).

આવું બોલીને ગામલોકો ગામમાં ગયા એટલામાં શ્રીગુરુ સંગમે આવી પહોંચ્યા. એમણે બધાને બોલાવી લાવવા માટે તંતુકને ત્યાં-ગામમાં-મોકલ્યો. (૧૧૧). એકદમ ઝડપભેર તંતુક દોડતો ગયો અને બ્રાહ્મણોને મળીને એણે શ્રીગુરુની આજ્ઞાનું પ્રેમપૂર્વક નિવેદન કર્યું. (૧૧૨). એને જોઇને લોકોએ પૂછ્યું કે તેં આમ મુંડન કેમ કરાવ્યું છે? એટલે તંતુકે શૈલયાત્રાની સઘળી વાત કહી સંભળાવી. બધાને પ્રસાદ, પૂજાનાં પુષ્પો વગેરે પ્રેમપૂર્વક બતાવ્યાં. એ જોઇને લોકો અંદરોઅંદર કહેવા લાગ્યા કે આવું તો બને જ કેવી રીતે? (૧૧૩-૧૧૪). બપોરે તો એ ઘરે હતો. પછી યાત્રાએ ગયો કયારે? એકે કહ્યું કે એ તો જૂઠું બોલે છે ત્યારે બીજાએ કહ્યું કે ના ભાઇ ના, એ સાચું જ કહે છે. (૧૧૫). એ જે એમ કહે છે કે હું શ્રીગુરુ સાથે શ્રીશૈલ પર્વત ગયો હતો તે તદ્દન સાચી વાત છે અને ક્ષણવારમાં હું પર્વતથી અહીં આવ્યો એમાં પણ લેશમાત્ર જૂઠાણું નથી. (૧૧૬).

તંતુકે કહ્યું કે શ્રીગુરુ સંગમ પર બેઠા છે અને તમને બધાને તેડી લાવવા અહીંયાં મને મોકલ્યો છે. શ્રીગુરુ આજે સંગમ પર જ રહેશે. (૧૧૭). કેટલાકે કહ્યું કે આ તદ્દન સત્ય જ કહે છે અને જે મૂરખ હતા તે કહેવા લાગ્યા કે આ તો બધું જૂઠાણું છે. બધાએ તંતુકે કહેલા એ સમાચાર શ્રીગુરુના શિષ્યોને કહ્યા. (૧૧૮). આ બધું જાણીને શિષ્યો સંગમ ઉપર ગયા અને શિવરાત્રિ હોવાને લીધે શ્રીગુરુનું પ્રેમપૂર્વક પૂજન કર્યું. (૧૧૯).

આ વાતને જે જૂઠી માનશે તે ચોક્કસ નરકમાં જશે. પંદર દિવસ પછી બધા યાત્રિકો પોતપોતાના ઘરે આવ્યા. (૧૨૦). એમને પૂછી જોતાં લોકોને ખાતરી થઇ. એ જાણીને બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા અને પ્રેમથી ગુરુનો યશ ગાવા લાગ્યા. (૧૨૧). હે સુજ્ઞ શિષ્ય ! શ્રીગુરુની લીલા આવી અનુપમ છે, એ લીલાને ભક્તિભાવથી સાંભળવાથી સંસારના અજ્ઞાનને કોણ તરી ન જાય? (૧૨૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'તંતુકાય શ્રીશૈલયાત્રા દર્શન'** નામનો **અઠ્ઠાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૮

(૧) તંતુક વણકર જાતિનો અને શ્રમજીવી છે. ભણેલો નહીં હોય પણ ગણેલો તો હશે જ. ગુરુ પ્રત્યેનો એનો ભાવ દૃઢ છે અને ઊંચી સમજવાળો છે. આ ભાવ જ પામવાનો છે. 'ગુરુચરણરજ મેરો તીરથ' એવું ગાવું સહેલું છે પરંતુ એ પ્રમાણેનો જીવનવ્યવહાર ગોઠવવો સહેલો નથી. જો ગુરુમાં દેવભાવ જાગી જાય તો પછી ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવી દે. ટૂંકમાં 'સેવક સચ્ચિદાનંદ થાય' એવું પૂ.પ્રેમ અવધૂતજીનું કહેવું સમજી શકાય.

(૨) ત્રીજા દોહરામાં તંતુક વણકર હોવાથી શ્રીગુરુને દૂરથી વંદન કરે છે, પાસે જતો નથી કે ગુરુને સ્પર્શ કરતો નથી. પરંતુ એનો દૃઢ સાત્ત્વિક ભાવ જોઇને શ્રીગુરુ એને પાદુકા પકડવાનું કહે છે. ઊંચ-નીચના ભેદ ગુરુમાં-સંતમાં હોતા નથી. ઘણીવાર સમાજને ધ્યાનમાં રાખીને બહારથી ભેદભાવ વાળો વ્યવહાર રાખે છે. એમ તો આંખ, નાક, કાન, પગ, હાથ વગેરે અંગો આપણા શરીરનાં જ હોવા છતાં દેવપૂજનની ક્રિયા જમણા હાથે કરીએ છીએ અને ડાબા હાથને વર્જ્ય ગણીએ છીએ. પરંતુ એનો અર્થ એ નથી કે ડાબો હાથ નકામો છે. પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ માછણ કન્યા ગંગાના ઘરે પોતાના જન્મ દિવસે-રંગજયંતી પર- ગયા હતા એ પ્રસંગ યાદ આવી જાય છે. અહીં તંતુકનો ભાવ પણ કેવો ઊંચો હશે !

(૩) દોહરા ૩૭, ૩૮ અને ૩૯ સમજવા જેવા છે. 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' એમ બોલવું એ એક વાત છે અને જીવતા ગુરુને સાક્ષાત્ 'પરબ્રહ્મ' સમજીને જીવવું એ બીજી વાત છે. આ માટે સરળતા, પ્રેમ, શુભદૃષ્ટિ, સન્મતિ જોઇએ. બધાને આ મળતું નથી. દોષથી ભરેલી દૃષ્ટિવાળા અથવા મૂઢજનો ગુરુને સાચા સ્વરૂપે ઓળખી શકતા નથી. ગુરુદેવ સાક્ષાત્ ભગવાન છે એમ કહે ખરા પણ શ્રીગુરુનાં દર્શન કરીને નીકળતાં જ જો બિલાડી આડી ઉતરે તો એને અપશુકન ગણી, એ પાછો વળી જાય. ગુરુદર્શન કરતાં પણ બિલાડીદર્શન વધુ અસરકારક !?

●

અધ્યાય : ૯૯

આ અધ્યાયનું નામ **'કુષ્ઠિવિપ્રોદ્ધરણ'** છે. આ અધ્યાયમાં **૧૨૫** દોહરા છે.

નિરંજને શ્રીઅલખનું યશોગાન કરીને શ્રીગુરુની પછીની લીલાનું વર્ણન કરવા કહ્યું. (૧-૪).

અલખે કહ્યું કે શ્રીગુરુની અપાર લીલાનું વર્ણન કોણ કરી શકે એમ છે? તેમ છતાં એકવાર જે બન્યું તે હું તને કહું છું. નંદિ નામે એક બ્રાહ્મણ હતો અને તેના આખા શરીરે કોઢ વ્યાપી ગયો હતો. તુળજાપુરમાં આવીને એ ધીરજપૂર્વક દેવીની આરાધના કરતો હતો. ત્રણ વર્ષના ઉપવાસ કરીને એ અનન્ય ભાવથી માતાની અર્ચના કરતો હતો. મા તુળજાએ એને સ્વપ્નમાં જઇને કહ્યું કે તું ચંદલા માતાના સ્થાનમાં જા અને ચંદલા માતાની આરાધના કર. ત્યાં આવીને સાત મહિના સુધી એણે ઉપવાસ કર્યા અને પુરશ્ચરણ કર્યાં. ત્યાં મા ચંદલાએ એને ગાણગાપુર જવાની આજ્ઞા કરી અને કહ્યું કે ત્યાં તારું કામ સિદ્ધ થશે. (૫-૧૦).

માતાએ એને ગાણગાપુરમાં શ્રીનૃસિંહસરસ્વતી પાસે જવા કહ્યું અને કહ્યું કે એ સંન્યાસી જ તારો ઉદ્ધાર કરશે. તું દેવી થઇને મને મનુષ્ય પાસે કેમ મોકલે છે? આ પ્રકારે હઠ કરીને નંદિએ એની તપશ્ચર્યા ઉગ્ર બનાવી એટલે દેવી એના અને મંદિરના સેવકોને સ્વપ્નમાં આવ્યાં અને સેવકોને કહ્યું કે એને મંદિરની બહાર કાઢો. (૧૧-૨૦).

મંદિરના સેવકોની વાત સ્વીકારીને એ નંદિ વિપ્ર નાછૂટકે ગાણગાપુર આવ્યો. શ્રીગુરુ સંગમસ્થાનેથી મઠમાં આવ્યા એટલે સેવકોએ કોઢવાળા નંદિની વાત કરી. શ્રીગુરુએ કહ્યું કે એ શંકાશીલ છે. એને બોલાવો. એના આવતાં બરોબર જ શ્રીગુરુએ તેને કહ્યું : દેવને છોડીને મનુષ્ય પાસે કેમ આવ્યો? નંદિએ વિચાર કર્યો કે જેણે મારા મનની વાત જાણી તે ખરે જ દેવ છે. તેથી પોતાની કરમ કથની કહી સંભળાવી એટલે શ્રીગુરુએ સોમનાથ નામના સેવકને સંગમ ઉપર લઇ જઇ નંદિને સ્નાન કરાવવા કહ્યું. શ્રીગુરુની આજ્ઞા અનુસાર સ્નાન કરીને મઠમાં આવતાં એનો કોઢ દૂર થઇ ગયો હતો પરંતુ એણે કરેલી શંકાને કારણે નાનું ચાંદુ રહી ગયું હતું. શ્રીગુરુએ નંદિને કહ્યું કે તું નવાં નવાં કાવ્યો રચીને મારી સ્તુતિ કર એટલે આટલું ચાઠું પણ જતું રહેશે. મંદબુદ્ધિના એક અક્ષર પણ ન જાણનાર નંદિએ શ્રીગુરુની કૃપાથી કાવ્યો રચ્યાં અને કોઢથી મુકત થયો. શ્રીગુરુએ એને કવીશ્વરનું બિરુદ આપ્યું. શ્રીગુરુએ આવી ઘણી દિવ્ય લીલાઓ કરી. (૨૧-૧૨૫).

નિરંજન ફરી પાછો બોલ્યો કે હે ગુરુ ! મેં ઉત્તમ ચરિત્ર સાંભળ્યું. આપનાં વચનો ધન્યવાદને પાત્ર છે. તેં મને પરબ્રહ્મનાં દર્શન કરાવ્યાં છે. (૧). દેવોને પણ દુર્લભ એવું આ અમૃતપાન મને મળ્યું પછી દુ:ખ ક્યાંથી રહે? મને મનવાંછિત મળી ગયું છે. (૨). મારો ઉદ્ધાર કરનાર તું મને આવી મળ્યો છે એટલે મારું દૈન્ય તે જ ક્ષણે જતું રહ્યું અને આ ચરિત્રનાં શ્રવણથી મારું અંત:કરણ ખૂબ જ પ્રસન્ન થયું છે. (૩). શ્રીગુરુ સંગમ પર રહ્યા પછી શું બન્યું તે હે નાથ ! મને સવિસ્તર કહો. એમ કહીને નિરંજને અલખનાં ચરણ પકડ્યાં. (૪).

અલખ બોલ્યા કે હે બાળક ! બીજે દિવસે શું બન્યું તે તું સાંભળ. શ્રીગુરુની લીલાનો તો પાર નથી. એનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૫). નંદિ નામનો એક બ્રાહ્મણ હતો અને એના આખા શરીરે કોઢ વ્યાપી ગયો હતો. તુળજાપુરમાં આવીને એ ધૈર્યવાન બ્રાહ્મણ દેવીની પૂજા કરતો હતો. (૬). ત્રણ વર્ષના ઉપવાસ કરીને એ અનન્ય ભાવથી દેવીની આરાધના-પૂજા કરતો હતો. (૭). ત્યાં દેવીએ એને સ્વપ્નમાં કહ્યું કે હે બ્રાહ્મણ ! જ્યાં મા પરમેશ્વરી ચંદલા બિરાજે છે ત્યાં તું જા. મા જગદંબાની આજ્ઞાથી એ બ્રાહ્મણ ચંદલા માતાના સ્થાનમાં ગયો. (૮). એની બુદ્ધિ ક્ષીણ થઇ હતી. અહીં પણ ઉપવાસ કરીને એણે સાત માસ સુધી દુ:ખ વેઠીને પુરશ્ચરણ કર્યું. (૯). ત્યાં ચંદલા દેવીએ એને સ્વપ્નમાં કહ્યું કે તું મારી આજ્ઞા માનીને ગાણગાપુર જા. ત્યાં તારું કામ થઇ જશે. (૧૦). ત્યાં ત્રિમૂર્તિ સ્વરૂપ શ્રીનૃસિંહસરસ્વતી સંન્યાસીના વેષે વસે છે. એ તારો જરૂર ઉદ્ધાર કરશે. (૧૧).

સ્વપ્નમાંથી જાગીને બ્રાહ્મણ બોલ્યો કે આમ જ હતું તો મને પહેલેથી કેમ ના કહ્યું? અને શા માટે છ મહિના મને નાહકનો દુ:ખી કર્યો? (૧૨). હું મા જગદંબાની આજ્ઞાથી તારી પાસે આવ્યો હતો. તને શક્તિશાળી જાણીને હું દીન તારી પાસે શ્રદ્ધાપૂર્વક આવ્યો હતો. (૧૩). હવે મેં તારું દેવપણું જાણ્યું. તું દેવ થઇને મને મનુષ્ય પાસે મોકલે છે? અરેરે ! સાચે જ પ્રારબ્ધ જ બળવાન છે. (૧૪). જો તું જગતની માતા જ હોય તો પછી મને મનુષ્ય પાસે મોકલતાં તને કેમ લાજ આવતી નથી? ખરેખર ! આજે મારું પ્રારબ્ધ જ રૂઠ્યું છે. (૧૫). આજે મેં તારી દૈવી શક્તિ જાણી. સાત માસ મને દુ:ખી કરીને હવે તું શરણે આવેલાને ત્યજી દે છે? (૧૬). જો તેં પહેલેથી જ આમ કહી દીધું હોત તો હું નાહકનો દુ:ખ વેઠત જ નહીં ને ! હે મા ! તેં મારી બધી આશા પર પાણી ફેરવી દીધું. આવું બોલી, દુ:ખી થઇને રડવા લાગ્યો. (૧૭). આમ એ અનેક રીતે ત્યાં દુ:ખ વ્યકત કરવા લાગ્યો અને બોલ્યો કે હવે હું આગળ કરતાં પણ વધુ કષ્ટદાયી પુરશ્ચરણ ફરીથી કરીશ. (૧૮). એમ છતાં જો મને આરોગ્યની પ્રાપ્તિ નહીં થાય તો હું મારા પ્રાણ ત્યજી દઈશ. આમ દુ:ખી થઇને- નિરાશ થઇને એણે અન્ન જળનો ત્યાગ કર્યો. (૧૯). દેવીએ એને ફરી પાછું સ્વપ્નમાં પહેલાંની જેમ જ કહ્યું અને સેવકોને પણ સ્વપ્નમાં કહ્યું કે આને કાન પકડીને બહાર કાઢો. (૨૦).

ભકતોએ એને સ્વપ્નની વાત કરી અને કહ્યું કે તું 'મા'ની આજ્ઞા માનીને હવે અહીંથી જલદીથી જતો રહે. (૨૧). જો તું જાતે નહીં જાય તો પછી અમે તને બળજબરીથી કાઢી મૂકશું. એ સાંભળીને બ્રાહ્મણે તરત જ પારણાં કર્યાં.① (૨૨). અંબિકા'મા' (ચંદલા)ને ભાવથી પૂજીને અને વંદન કરીને નંદિ બ્રાહ્મણ ત્યાંથી તરત જ જતો રહ્યો. (૨૩). ગાણગાપુરમાં આવીને મઠમાં જઇને પૂછ્યું કે યતીશ્વર કયાં ગયા છે? સેવકોએ કહ્યું કે એ તો સંગમ પર ગયા છે. (૨૪). ગઇ કાલે ત્યાં શિવરાત્રિનો ઉપવાસ હતો એટલે હવે પારણાં કરવા માટે શ્રીગુરુ અહીં સત્વરે આવતા જ હશે. (૨૫).

એટલામાં તો સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ એવા શ્રીગુરુ ત્યાં આવી પહોંચ્યા. ગામના લોકોએ એ (કોઢીલા) બ્રાહ્મણને કહ્યું કે થોડો દૂર ઊભો રહે. (૨૬). એ બ્રાહ્મણ થોડો દૂર ઊભો રહ્યો. શ્રીગુરુ મઠમાં દાખલ થયા એટલે સેવકોએ કહ્યું કે હે ગુરુવર ! કોઇ બ્રાહ્મણ દર્શનાર્થે અહીં આવ્યો છે. (૨૭). હે દેવ ! એના આખા શરીરે સફેદ કોઢ વ્યાપી ગયો છે. આપનાં દર્શનાર્થે એ આવ્યો છે. માટે આપ તાત્કાલિક આજ્ઞા આપો. (૨૮). શ્રીગુરુ બોલ્યા કે

મને બધી વાતની ખબર છે. એ સંશયથી ઘેરાયેલો છે- શંકાશીલ થઇને આવ્યો છે. તમે એને અહીં બોલાવો એટલે બધી સ્પષ્ટતા થશે. (૨૯). એકદમ ઝડપથી દોડીને શિષ્યો એ બ્રાહ્મણને સાથે લઇ આવ્યા. શ્રીગુરુનાં દર્શન થતાં એણે દૂરથી જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૩૦).

એ નંદિ બ્રાહ્મણ પ્રેમથી ડગલે ડગલે દંડવત્ પ્રણામ કરતો કરતો શ્રીગુરુ પાસે આનંદપૂર્વક આવ્યો. (૩૧). શ્રીગુરુએ એને પૂછ્યું કે અરે ! દેવની પાસે જઇને પછી તું અહીંયાં શું કામ આવ્યો છે? હું તો સામાન્ય મનુષ્ય છું. (૩૨). નંદિને થયું કે મારા અંતરની વાત આ જાણી ગયા એટલે એ સાક્ષાત્ પરમાત્મા જ છે. હૃદયમાં આવો દૃઢ નિશ્ચય કરીને એણે પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.② (૩૩). સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને માફી માગી અને કહ્યું કે હે સ્વામી ! હું તમોગુણને વશ મોહાંધ હતો. પરંતુ આજે તારાં દર્શનથી પવિત્ર થયો છું. તું તો કેવળ પરબ્રહ્મ જ છે પરંતુ કપટી એવો હું મંદબુદ્ધિને કારણે અને અજ્ઞાનને કારણે તને ઓળખી શકયો નથી. (૩૪-૩૫).

આજનો દિવસ મારે માટે પરમ આનંદનો દિવસ છે. તારાં દર્શનથી હું મૂઢ પાવન થયો છું. હે દેવ ! હવે કૃપાદૃષ્ટિ કરો. (૩૬). પાપકર્મ કરનારો, પાપમાંથી જન્મેલો પાપી આત્મા એવો હું, હે કૃપાસાગર ! દૈવયોગે હું આજે આપના શરણે આવ્યો છું. (૩૭). હે ભકતજનોનું આશ્રયસ્થાન અને શરણે આવેલાનું રક્ષણ કરનાર ! હે નૃસિંહસરસ્વતી ! બધા લોકો તારી ખ્યાતિને ગાય છે. (૩૮). આ પરમપદના દર્શનથી મારાં દુષ્કર્મનો નાશ થઇ ગયો અને મારા બધા મનોરથો ફળીભૂત થયા એ તારી કૃપાનું જ ફળ છે. (૩૯). મનુષ્યનો અવતાર ધારણ કરીને તું ભકતજન માટે કામધેનુ સમાન છે. કળિમાં તારનાર એવો તું ત્રિમૂર્તિરૂપ છે. તારી લીલાનો પાર કોણ પામી શકે? (૪૦).

જેમ સગર રાજાના પુત્રોનો ઉદ્ધાર કરવા ગંગા નદી પૃથ્વી પર આવી તેમ ભકતોનો ઉદ્ધાર કરવા માટે તું અવતર્યો છે. (૪૧). જારકર્મ કરવાથી અહલ્યા શિલા-પથ્થર થઇ તો પણ ભગવાન રામના ચરણસ્પર્શથી ફરી પાછી દિવ્ય દેહવાળી થઇ ગઇ. (૪૨). હે નાથ ! એ જ રીતે હું પણ તારાં દર્શનથી પવિત્ર થઇ ગયો છું. પછી હવે દુ:ખ રહે જ કયાંથી? મને સાક્ષાત્ ત્રિમૂર્તિ મળી છે. (૪૩). વ્રતસ્નાત થયા પછી ભાર્યા સાથે લગ્ન કર્યું ત્યારથી આખા શરીરે બધે કોઢ વ્યાપી ગયો. એટલે પત્ની પણ પિતાના ઘરે જતી રહી. (૪૪). હે ગુરુજી ! માતા પિતા પણ એમ કહે કે અલ્યા ! દૂર જા. એટલે ઘર છોડીને આમ સદાનો દુ:ખી થઇને ભટકયા કરું છું. (૪૫).

જગદંબા પાસે ગયો અને ઘણા ઉપવાસો કર્યા. એણે કહ્યું કે તું અહીંથી જા. અહીં તારા પાપનું નિવારણ નહિ થાય. (૪૬). મારું કહ્યું માનીને તું ચંદલેશ્વરી પાસે જા. ત્યાં તારા રોગની નિવૃત્તિ થશે એવું અંબિકા'મા'એ કહ્યું. (૪૭). એ પ્રમાણે ત્યાં જઇને પણ પણ અસહ્ય કષ્ટો વેઠ્યાં. ત્યાં એણે અહીં આવવાની આજ્ઞા કરી. હે કૃપાનિધિ ! હવે મારો ઉદ્ધાર કર. (૪૮). મારું નસીબ જ ફૂટેલું એટલે દેવીએ મને બળજબરીથી અહીં ધકેલવાની સ્વપ્નમાં આજ્ઞા કરી. (૪૯). જયાં દેવો જ થાકી જાય ત્યાં પછી મનુષ્યની તો વાત જ શી ! મારી કયાં સુધી ફજેતી થવાની છે? હું આપને સમર્પિત થયો છું. (૫૦).

હે પ્રભુ ! હું કોઢવાળો એવો અપશુકનિયાળ અને પાપી છું કે કોઇ મારું મોં જોવા રાજી નથી. આના કરતાં તો મરવું સારું. (૫૧). હે નાથ ! મારા આ (કોઢનો) પાપનો નાશ થશે કે નહિ એ જલદી કહી દો એવી

પ્રાર્થના છે. મને ખોટી આશા બંધાવીશ નહિ. (૫૨). મને હવે જીવવાની કોઇ ઇચ્છા જ નથી. તારી સમક્ષ જ મારા પ્રાણ ત્યજી દઇશ. હું રાંક તારા શરણે આવ્યો છું. તારી ઇચ્છા મારે શિરોમાન્ય છે. (૫૩). એનાં આવાં કરુણ વચન સાંભળીને હસીને શ્રીગુરુદેવે સોમનાથને કહ્યું કે તું આને તરત જ સંગમ પર લઇ જા. (૫૪). સંગમ તીર્થમાં સંકલ્પ મૂકીને એને સ્નાન કરાવ અને પછી એની પાસે વિધિપૂર્વક અશ્વત્થની પૂજા કરાવ. (૫૫).

એણે પહેરેલાં બધાં વસ્ત્રો દૂર ફેંકાવી દઇને, એને નવું વસ્ત્ર પહેરાવીને હે બાહોશ (સેવક) ! તું એને જલદી અહીં લઇ આવ. (૫૬). સોમનાથ એને સંગમે લઇ ગયો અને ફકત સ્નાન કરવાથી એનું શરીર સરસ થઇ ગયું. (૫૭). કહ્યા પ્રમાણે અશ્વત્થની પ્રદક્ષિણા કરવાથી એ કોઢિયો સુંદર શરીરવાળો થઇ ગયો. (૫૮). નવું વસ્ત્ર પહેરીને એણે જૂનું વસ્ત્ર જ્યાં ફેંકયું ત્યાંની જમીન ખારી માટીવાળી થઇ ગઇ. બ્રાહ્મણને ખૂબ આનંદ થયો. (૫૯). એને લઇને સોમનાથે એને શ્રીગુરુનાં ચરણમાં સમર્પિત કર્યો. એનું એકદમ વિશુદ્ધ અંગ જોઇને લોકો તો આશ્ચર્યથી દંગ થઇ ગયા. (૬૦).

નંદિ બ્રાહ્મણ તો સંતોષ પામીને આનંદ ઉત્સાહમાં આવીને શ્રીગુરુનાં ચરણમાં આળોટવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હું તો ધન્ય ધન્ય થઇ ગયો. (૬૧). શ્રીગુરુએ પૂછ્યું કે તારી ઇચ્છા ફળી કે નહીં તે તું કહે. તું તારું આખું શરીર જો અને એનો સૂક્ષ્મ ભેદ પ્રગટ કર. (૬૨). બ્રાહ્મણે જોયું તો જાંઘ ઉપર એક નાનું શું ચાહું (ચાંદુ) રહી ગયું હતું. એ જોઇને એ ખૂબ દુ:ખી થઇ ગયો અને કહેવા લાગ્યો કે હે હૃષીકેશ ! તારી કૃપાદૃષ્ટિથી મારો બધો કોઢ જતો રહ્યો પરંતુ આટલું એક ચાહું કેમ રહી ગયું તેનું કારણ હું જાણતો નથી. હે ભકતોના કલ્પવૃક્ષ ! તું દયા કરીને એનું કારણ કહે. (૬૩-૬૪). એટલે શ્રીગુરુ બોલ્યા કે "આ મનુષ્ય મારું શું કલ્યાણ કરશે?" એવો તને જે સંશય થયો હતો તે સંશયનું આ ફળ માન. (૬૫). જો, હું તને એનો ઉપાય કહું તે તું સાંભળ. નવાં કાવ્ય રચીને તું મારી સ્તુતિ કર. એનાથી અહીં તારી શુદ્ધિ થશે. (૬૬).

નંદિ બોલ્યો કે હે સ્વામી ! હું તો મંદ અને હીન બુદ્ધિનો છું. મને તો લખતાં પણ આવડતું નથી તો પછી કાવ્ય રચવાની તો વાત જ કયાં રહી? (૬૭). હું કાવ્ય લખવાની પદ્ધતિ જાણતો નથી અને એની વ્યુત્પત્તિનું પણ જ્ઞાન નથી. હું તમારાં સ્તોત્ર શું ખાખ કરું? એવું બોલીને શ્રીગુરુનાં ચરણ ઝાલ્યા. (૬૮). શ્રીગુરુએ કહ્યું કે 'ઉઘાડ તારું મોં.' અને એણે જેવું મોં ખોલ્યું કે તરત જ શ્રીગુરુએ એની જીભ પર ભભૂતિ નાંખી અને ભભૂતિ નાંખતાની વારમાં જ એ બ્રાહ્મણ ત્યાં જ્ઞાની થઇ ગયો.③ (૬૯). શ્રીગુરુનાં ચરણમાં માથું મૂકીને એણે સ્તુતિ કરતાં કહ્યું કે હે સ્વામી ! હું મૂઢ છું અને મેં તારી બિલકુલ સેવા કરી નથી. (૭૦).

હું આ ભવસાગરમાં ડૂબ્યો છું અને માયાની જાળમાં સપડાયો છું. હું ઉદ્ધાર કરનારાં તારાં ચરણોને ભૂલી ગયો હતો અને તારું પણ વિસ્મરણ થઇ ગયું હતું. (૭૧). જયારે હું ઝાડ અને વનસ્પતિરૂપે સ્થાવર સ્થિતિમાં હતો અને પછી પરસેવામાંથી ઉત્પન્ન થનારા જીવરૂપે, ઇંડાંમાંથી જન્મતા જીવરૂપે અને પશુ વગેરેની યોનિમાં હતો ત્યારે તારાં ચરણકમળને ભૂલી ગયો હતો. (૭૨). મનુષ્ય યોનિમાં વ્યભિચારથી જન્મેલી હીન જાતિમાં અને શૂદ્ર વગેરે

જાતિમાં જન્મ્યો ત્યારે પણ મેં તારા તારક પદનું સ્મરણ કર્યું ન હતું. (૭૩). બધી જાતિમાં શ્રેષ્ઠ એવી બ્રાહ્મણ જાતિમાં જન્મીને પણ અજ્ઞાનતાને લીધે હે ગુરુ ! મેં તારા તારક પદોનું સેવન કર્યું નહિ એનું મને ભારે દુ:ખ છે. (૭૪).

ગર્ભવાસમાં પડેલાં એ દુ:ખોનું કોઇ રીતે વર્ણન થઇ શકે એમ નથી. માતાનું લોહી અને પિતાનું વીર્ય બન્ને ત્યાં ભેગાં થાય છે. (૭૫). પાંચમે દિવસે પરપોટા જેવો થયો, પંદર દિવસે પેશી જેવો થયો અને નરક સમાન એ કૂખમાં હું નિર્જીવ (જડ) થઇને પડી રહ્યો હતો. (૭૬). મહિનાને અંતે પિંડ બંધાયો, બે મહિને માથું વગેરે આવ્યાં. ત્રીજે મહિને બધાં અંગો આવ્યાં અને ચોથે મહિને નવ દ્વારો આવ્યાં. (૭૭). પાંચમે મહિને પાંચે ભૂતો ભેગાં થયાં અને પ્રાણ આવ્યો. ત્યારે પણ મને તારું સ્મરણ થયું નહીં. (૭૮). છઠ્ઠે મહિને ચામડી, રોમ, નખ અને શ્વાસ આવ્યા. તથા સાતમે મહિને બધી ઇંદ્રિયો આવી અને આઠમે મહિને ચૈતન્ય આવ્યું. (૭૯). આ રીતે માતાની કૂખમાં નવ મહિના નરકમાં રહ્યો. અરેરે ! આ કષ્ટને કોણ જાણી શક્યું છે? ત્યાં તારું સ્મરણ ક્યાંથી રહે? (૮૦).

મા ખારું અને ગરમ ખાય તેથી મને ત્યાં ઘણું દુ:ખ થતું અને એ વેદના તો કેવળ અસહ્ય હતી. આવી સ્થિતિમાં તારું સ્મરણ ક્યાંથી રહે? (૮૧). પાંજરામાં પુરાયેલાં પક્ષીની જેમ હું ત્યાં 'ઓર' થી વીંટળાયેલો હતો. ત્યાં તારાં ચરણ ન જોયા પછી તારું સ્મરણ કેવી રીતે થાય? (૮૨). માતાના ગર્ભમાં ત્યાં નવ મહિના દુ:ખમાં રહ્યો અને પછી યોનિદ્વારથી કીડાની માફક પડ્યો ત્યારે તારું સ્મરણ ક્યાંથી થાય? (૮૩). માનવીના પ્રારબ્ધમાં સો વરસનું આવરદા લખ્યું છે તેમાંથી અર્ધું તો રાત્રિએ ઊંઘમાં નાહકનું જતું રહ્યું. (૮૪). બાકીનું રહ્યું તે બાળપણમાં પરતંત્રતાને કારણે નકામું ગયું અને તેથી ત્યાં પણ તારું સ્મરણ કર્યું નહીં. (૮૫). પારણામાં મળ મૂત્રમાં જ્યાં ત્યાં પડી રહ્યો. બાળપણનાં એ દુ:ખનું કોણ વર્ણન કરે? (૮૬). એ સ્થિતિને કેવળ યાદ કરવાથી મારી છાતીમાં કમકમાં આવી જાય છે. પરાધીનતાનું જે દુ:ખ છે તે કેવળ અવર્ણનીય છે. (૮૭).

હું પથારીમાં મળ-મૂત્રાદિમાં પડી રહ્યો હોઇશ ત્યારે અજ્ઞાનતાને કારણે મારી પોતાની વિષ્ટા પણ ખાધી હશે. (૮૮). મને જ્યારે પેટમાં દુ:ખે અને એ દુ:ખને લીધે રડું ત્યારે મારું દુ:ખ જાણ્યા વિના જ મા મને લઇને ધવરાવવા લાગે. (૮૯). જ્યારે ભૂખ્યો થવાને લીધે રડું ત્યારે મા મોંમાં આંગળી નાખીને દવાઓ પાતી અને બાળાગોળી, લીમડો અને કડુ-કરિયાતું વગેરે મોંમાં બળજબરીથી ચગદી ઘાલતી. (૯૦-૯૧). મને ભૂખ લાગી છે એની ખબર ન પડવાથી ઝોળીમાં નાખીને મને ઊંઘાડવાની મહેનત કરતી. પણ મારું ખરું દુ:ખ તે જાણતી નહીં. (૯૨). 'અરેરે ! આ કયારનો કેમ રડ રડ કર્યા કરે છે?' એમ કહીને મોંમાં ભસ્મ નાખે અને અભિમંત્રિત રાખડી-દોરા-ધાગા બાંધતી પરંતુ એને મારી ભૂખની જાણકારી થતી નહીં. (૯૩).

ભૂલેચૂકે કોઇવાર વીંછી પણ કરડે તો કોઇને એની ખબર પડતી નહિ અને રડતો જોઇને હીંચકામાં નાખીને મને હીંચકા નાંખતા. (૯૪). 'અરે ! ભાઇ ! થોડો શાંત થા. રડ રડ ના કર.' એમ કહીને મને પંપાળે અને પછી ઝેરનું દુ:ખ જાણ્યા વિના મને દૂધ પાવાનો પ્રયત્ન કર્યા કરે. (૯૫). જો દુ:ખને લીધે દૂધ ન પીઉં તો મને ફરી પાછી વીંછીવાળી પથારીમાં નાંખે. આ દુ:ખનું ક્યાં વર્ણન કરું? (૯૬). માતા ખાટું-ખારું ખાય એટલે એનું ધાવણ

બગડે. એવું ધાવણ ધાવતાં શ્વાસની અને ઉધરસની પીડાકારક તકલીફ થતી. (૯૭). આ બધું જાણ્યા વગર દવાઓ પાયા કરે. જ્યારે આંખો આવે ત્યારે દૂષિત આંજણ આંજવાથી વધુ પીડાકારક બને. (૯૮). બાળપણમાં અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલાં અનેક દુ:ખો સહન કરવા પડતાં હતાં. ત્યાર પછી રમતગમતમાં આયુષ્ય નકામું વહી જતું. (૯૯).

યુવાનીમાં તો કામ-વૃત્તિથી અતિશય પીડાઇને જેમ પતંગિયું અગ્નિમાં પડીને બળી મરે તેમ હું પણ સ્ત્રીરૂપી દેવતામાં પડ્યો. (૧૦૦). જોગમાયા સ્ત્રીની ભમરોનાં બાણથી વીંધાઇને મૂર્ખામીમાં મેં વડીલોની નિંદા કરી અને મા-બાપને તરછોડી દીધાં. (૧૦૧). ભોગ ભોગવવાના તલસાટમાં 'આ થાય અને આ ન થાય' એવો વિવેક ભૂલીને અને કુળ તથા ચારિત્ર્ય ભૂલીને હું ખરાબ રસ્તે ચઢી ગયો. (૧૦૨). યૌવનના મદથી મત્ત બનીને બ્રાહ્મણ અને વૃદ્ધજનોની નિંદા કરી અને કોઇ પણ સ્થળે સંતને સેવ્યા નહીં તેમજ તારાં ચરણોનું સ્મરણ પણ કર્યું નહિ. (૧૦૩). માંસ ખાવાની લોલુપતામાં જેમ માછલી નાહકનો જીવ ગુમાવે છે તેમ હું પણ ઇંદ્રિયોને આધીન થઇને મૃત્યુના મુખમાં જઇ પડ્યો છું. (૧૦૪). મત્ત થઇને વિવિધ જાતિની સ્ત્રીઓને ભોગવી. પરધન પ્રયત્નપૂર્વક લઇ લીધું અને મહાન સંતોની પણ નિંદા કરી. (૧૦૫).

આમ મોહને લીધે મદાંધ બનીને સ્વસ્વરૂપનું અનુસંધાન ભૂલી ગયો અને કામાગ્નિમાં પતંગિયાંની માફક ભાન ભૂલીને જઇને પડ્યો. (૧૦૬). કામદેવનાં બાણથી વીંધાતાં, સંતોનાં વચન સાંભળ્યાં નહીં, તારાં ચરણોનું સ્મરણ થયું નહીં અને જોતજોતામાં ઘડપણ આવી ગયું. (૧૦૭). ઘડપણની પરાધીન અવસ્થામાં અરેરે ! પોતાની સ્ત્રી અને દીકરાઓ પણ તિરસ્કારપૂર્વક છોડી દે છે. શ્વાસ, ઉધરસ, કફ વગેરેથી અતિશય પીડા અનુભવું છું. (૧૦૮). માથાના વાળ ધોળા ધબ થઇ ગયા, ઇંદ્રિયો પણ નિર્બળ થઇ ગઇ, દાંત પડી ગયા, દેખાતું બંધ થયું અને બહેરાશ આવી ગઇ. (૧૦૯). દુશ્મન બનીને બધા રોગોએ મને મારી નાખવાના હેતુથી હુમલો કર્યો. હે પ્રભુ ! મેં તારી બિલકુલ સેવા કરી નથી. હે શિવસ્વરૂપ ગુરુ ! તું મારો ઉદ્ધાર કર. (૧૧૦).

હે નારાયણ ભગવાન ! જગતનો ઉદ્ધાર કરવા માટે જ તું અવતર્યો છે. હું તારા શરણે આવ્યો છું. તું મારી શઠતા જોઇશ નહીં. (૧૧૧). હે દેવ ! તેં મનુષ્યનું રૂપ લીધું છે પરંતુ તું વિશ્વનો ઉદ્ધારક છે. હે ગુરુદેવ ! તું ત્રણે ગુણોથી પર અને છતાં ત્રણે ગુણથી યુકત સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. (૧૧૨). જેમ ઘુવડ સૂર્યને જાણી શકતો નથી તેમ હે નાથ ! હું તને વિશ્વનિયંતા તરીકે જાણી શકતો નથી. આ અનાથ એવા બાળનો ઉદ્ધાર કર. (૧૧૩).

આ રીતે શ્રીગુરુની સ્તુતિ કરીને ચારે બાજુ બેઠેલા લોકોને જોઇને એ પ્રેમપૂર્વક બોલ્યો કે હે સર્વે જનો ! તમે બધા સાંભળો. મારા પાપનો તો પાર ન હતો પરંતુ પરબ્રહ્મ સ્વરૂપ શ્રીગુરુનાં દર્શન માત્રથી એ બધાં તરત જ નાસી ગયાં. (૧૧૪-૧૧૫). જેમ અગ્નિના સ્પર્શથી ઘાસનો ડુંગર ભસ્મ થઇ જાય તેમ શ્રીગુરુની કૃપા થતાંની વારમાં મારાં બધાં પાપોનો નાશ થઇ ગયો છે. (૧૧૬). 'ચરણં પવિત્રં' એવું શ્રુતિ (વેદ) કહે છે તે વાત સાચી છે, સો ટકા સાચી છે. શ્રીગુરુ સાક્ષાત્ ત્રિમૂર્તિ સ્વરૂપ છે. એમના સિવાય અહીં બીજો કયો દેવ છે? (૧૧૭). વિધાતાએ

લલાટમાં લખેલા લેખો ભલે પ્રતિકૂળ હોય તો પણ સદ્‌ગુરુના ચરણસ્પર્શથી સાચે જ આ રીતે એ કલ્યાણકારી થઇ જાય છે.[૪] (૧૧૮).

અહીં પાસે જ ખજાનો છે પછી લોકો શા માટે નાહકના ભટકયા કરે છે? ભકતો માટે કામધેનુ સમાન એવા શ્રીનૃસિંહસરસ્વતીને તરત જ ભજવાનું શરૂ કરી દો. (૧૧૯). એ આ લોકનાં અને પરલોકનાં બધાં જ સુખો તરત જ આપે છે. આ ખરેખર ! તદ્દન સાચું વચન છે. એમાં શંકા કરશો નહીં. (૧૨૦).

આ પ્રમાણે નંદિએ સ્તુતિ કરી તેથી શ્રીગુરુરાય પ્રસન્ન થયા અને કહ્યું કે હે ભકતો ! આ ખરેખર કવીશ્વર છે અને એને આજથી એ રીતે ઓળખજો. (૧૨૧). મેં એને આજથી કવીશ્વરનું બિરુદ આપ્યું છે. આ સાંભળીને આનંદિત થઇને નંદિએ ચરણમાં પ્રણામ કર્યા. (૧૨૨). આ રીતે શ્રીગુરુની સ્તુતિ કરવાથી થોડો રહી ગયેલો કોઢ પણ અદૃશ્ય થયો. પછી એ શ્રીગુરુ પાસે સદ્‌ભાવપૂર્વક સેવક બનીને રહ્યો. (૧૨૩).

આવો એક બીજો કવીશ્વર પણ ત્યાં આવ્યો હતો અને અનન્ય ટેક રાખીને ભકત થઇને રહ્યો હતો. (૧૨૪). આ સાંભળીને ઉત્તમ શિષ્યે પૂછ્યું કે એ બીજો કવીશ્વર તે કોણ? અલખ ગુરુ કહેવા લાગ્યા કે તે ધન્ય કરી દેનારું વર્ણન **રંગ** આગળ ઉપર કરશે. (૧૨૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**કુષ્ઠિવિપ્રોદ્ધરણ**' નામનો **નવાણુંમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૯૯

(૧) આપણે ઘણી વાર અણસમજ, ગેરસમજ અને અડધી પડધી સમજના કેદી બનતા હોવાથી ઈશ્વરના સંદેશા ઝીલવામાં અને સમજવામાં ભૂલથાપ ખાઇ જતા હોઇએ છીએ. બ્રાહ્મણની દેવી પ્રત્યેની સાચી ભકિત હોવાને કારણે એ ભકત ગાણગાપુર જાય એ માટે દેવીએ મંદિરના પૂજારીને પણ સ્વપ્નમાં આજ્ઞા કરી એ બ્રાહ્મણનું કલ્યાણ જ કર્યું. આપણામાં અને સંતમાં મહત્ત્વનો ફેર એ જ છે કે સંત આવી પડેલી પ્રતિકૂળ પરિસ્થિતિને સ્વીકારીને ચાલે છે, આપણે પ્રતિકૂળ પરિસ્થિતિને બદલવા માટે વ્યર્થ ધમપછાડા કરીએ છીએ. પરિસ્થિતિ બદલી શકાતી હોય તો બદલવા માટેનો પ્રયત્ન કરવો જોઇએ પરંતુ બદલી શકાય એમ ન હોય તો એને સ્વીકારીને એને અનુકૂળ થવામાં જ ડહાપણ છે, સાચી સમજ છે.

(૨) સાચા સંત સામા માણસના મનની વાત જાણી જાય છે. સામા માણસના મનના વિચારો જાણી એના સંતત્વની સાબિતી આપે છે. અહીં નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ નંદિના મનની વાત જાહેર કરે છે તેથી એને ખાતરી થાય છે કે પોતે સાચા સંતના શરણે આવ્યો છે. આપણા રંગ બાપજીએ પણ ઘણી વ્યક્તિના મનની વાત પ્રગટ કરીને, એની શંકાનું નિવારણ કરીને એમને ભકત બનાવી દીધા હતા.

(૩) નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ કેવા સિદ્ધ અને સમર્થ હતા તેની સાબિતી આપતો દોહરો છે. જે નંદિને લખતાં પણ નથી આવડતું એ નંદિનાં મોંમાં ભસ્મ નાંખીને એને જ્ઞાની બનાવી દીધો. જ્ઞાન વર્ગમાં ભણવાથી નથી આવતું. એ ગુરુકૃપાથી આવે છે. નંદિએ ત્યાર પછી કરેલી સ્તુતિ સમજવા જેવી છે.

(૪) શ્રીગુરુની કૃપાથી પ્રતિકૂળ પ્રારબ્ધ પણ અનુકૂળ થઇ જાય છે. વિધાતાના લેખમાં મેખ મારવાની સંતોને સત્તા છે. પરંતુ આવી સત્તા સાચા સંતમાં જ હોય છે અને તેઓ પણ એનો ઉપયોગ કોક વાર જ કરે છે. ભગવાન અને સંત પોતાના ભકતની હંમેશાં રખવાળી કરતા જ હોય છે.

●

અધ્યાય : ૧૦૦

આ અધ્યાયનું નામ **'કવીશ્વરોદ્ધરણ'** છે. આ અધ્યાયમાં ૪૦ દોહરા છે.

અલખે નિરંજનને અન્ય કવીશ્વરનું વર્ણન કરતાં કહ્યું કે શ્રીગુરુ ગાણગાપુરમાં હતા ત્યારે એમની કીર્તિ ચારે બાજુ ફેલાઇ હતી. એક વાર એક ભકત એમને કોઇ મહોત્સવ પર હિપ્પરગી ગામે લઇ ગયો. એ ગામમાં કલ્લેશ્વર નામનું શિવાલય હતું. ત્યાં નરહરિ નામનો એક બ્રાહ્મણભકત રોજ પાંચ કાવ્યો રચીને કલ્લેશ્વરને ભજતો હતો. કલ્લેશ્વર સિવાય એ કોઇને માનતો નહીં અને સદાશિવનું એકાગ્ર મને ભજન કરતો. (૧-૭).

બધા લોકો એને શ્રીગુરુ માટે કાવ્યો રચવાનું કહેતા ત્યારે એ કહેતો કે મેં મારી જીભ કલ્લેશ્વરને સમર્પી દીધી છે એટલે હું કોઇ મનુષ્યની સ્તુતિ કરતું કાવ્ય રચતો નથી. (૮-૯).

આમ કહીને એ કલ્લેશની પૂજા કરવા બેઠો ત્યાં તો એ ગાઢ નિદ્રામાં સરી પડ્યો અને સ્વપ્નમાં શ્રીગુરુને શિવલિંગ ઉપર બેઠેલા જોયા અને પોતે એમની પૂજા કરે છે એવું જોયું. શ્રીગુરુએ પૂછ્યું કે અલ્યા ! જે કાવ્યને યોગ્ય નથી એવા મનુષ્યની પૂજા કેમ કરે છે? સ્વપ્નમાં ષોડશોપચારે શ્રીગુરુની પૂજા કરતો હતો ત્યાં જ તે એકદમ જાગી ગયો અને એને ખાતરી થઇ કે શ્રીગુરુ એ સાચે જ ત્રિમૂર્તિનો અવતાર છે. (૧૦-૧૫).

ડગલે ડગલે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો નરહરિ શ્રીગુરુ પાસે ગયો અને સ્તવન કર્યું. શ્રીગુરુએ કહ્યું કે તું તો રોજ મારી મન ફાવે તેવી નિંદા કરે છે. આજે કયાંથી આ ભકિત પ્રગટી? નરહરિએ પોતાની ભૂલની માફી માગી અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની વિનંતી કરી. શ્રીગુરુએ એને પણ કવીશ્વરનું બિરુદ આપી એનો પોતાના શિષ્યગણમાં સમાવેશ કર્યો. (૧૬-૪૦).

અલખે નિરંજનને કહ્યું કે હે બાળ ! એ અન્ય કવીશ્વર કોણ હતો અને કયાંથી આવ્યો એ અંગે હું તને બધું સવિસ્તર કહું છું તે તું સાંભળ. (૧). શ્રીગુરુ જ્યારે ગાણગાપુરમાં રહ્યા હતા ત્યારે એમની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ હતી અને એમના ઘણા ભકતો થયા હતા. (૨). એક દિવસ કોઇક ભકત શ્રીગુરુને મોટા ઉત્સવ પ્રસંગે હિપ્પરગી નામના બીજા ગામમાં લઇ ગયો અને ત્યાં એણે અતિશય ભાવથી અને આનંદથી ગુરુનાં ચરણની વિધિપૂર્વક પૂજા કરી. (૩-૪). એ ગામમાં એક શિવાલય હતું અને એમાં કલ્લેશ્વર નામનું લિંગ હતું. આજુબાજુના ગામમાં એ લિંગ ખૂબ પ્રખ્યાત હતું. (૫).

ત્યાં નરહરિ નામનો એક બ્રાહ્મણ આવેલો અને તે રોજ પાંચ કાવ્યો રચીને કલ્લેશને ભજતો હતો. (૬). કલ્લેશ્વર સિવાય એ બીજા કોઇને માને નહીં અને એકાગ્ર મનથી સામ્બ સદાશિવને ભજતો હતો. (૭). બધા લોકો એને કહેતા કે તારું કવિત્વ આવું સરસ છે તો શ્રીગુરુના સુંદર ગુણોનું વર્ણન કરતું કાવ્ય પ્રેમપૂર્વક રચ. (૮). કવિ નરહરિ કહે કે દેવ તો ઘણા છે પણ મેં તો મારી જીભ આ કલ્લેશ્વરને સમર્પિત કરી છે એટલે હું કદાપિ મનુષ્યનું સ્તવન

તો નહીં જ કરું. (૯). આવું કહીને, એ જેવો કલ્લેશની પૂજા કરવા બેઠો કે તરત જ ગાઢ નિદ્રામાં સરી પડ્યો. (૧૦).

ગાઢ નિદ્રામાં એણે સ્વપ્ન જોયું તો એ દેવ મંદિરમાં શિવલિંગ ઉપર શ્રીગુરુ બેઠા હતા અને એ વિનમ્ર બનીને પૂજા કરતો હતો. (૧૧). એ ક્યાંયે શિવલિંગ જોતો ન હતો અને ગુરુને પૂજતો હતો એટલે શ્રીગુરુએ એને પૂછ્યું કે કાવ્ય માટે અયોગ્ય એવા મનુષ્યની પૂજા તું કેમ કરે છે? (૧૨). આમ છતાં એ તો શ્રીગુરુની ષોડશોપચારે પૂજા કરી રહ્યો હતો. એ શ્રીગુરુના શબ્દથી જાગ્યો અને જોઈને અચંબો પામી ગયો. (૧૩). આશ્ચર્ય પામીને મનમાં ને મનમાં બોલ્યો કે ભગવાન શંકર જ ખરેખર નૃસિંહસરસ્વતીરૂપે અવતર્યો છે. એને ધન્ય છે. એની આજે મેં અનન્ય ભાવે પૂજા કરી. (૧૪). શ્રીગુરુ ત્રિમૂર્તિનો જ અવતાર છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. એમનું દર્શન મારે કરવું છે એમ વિચારીને તે જ ક્ષણે ડગલે ડગલે દંડવત્ પ્રણામ કરતો તે શ્રીગુરુ પાસે પહોંચ્યો અને એમનાં ચરણમાં આળોટવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હું તો એકદમ અજ્ઞાની અને માયામાં ડૂબેલો છું, હું તારું રૂપ જાણી શકયો નથી. તું માયાપતિ ભગવાન શંકર છે એ નક્કી છે જે મેં નજરોનજર જોયું. (૧૫-૧૭). કપૂર જેવો શ્વેતવર્ણી તું સાક્ષાત્ કલ્લેશ છે અને સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. હે નાથ ! હું આપનાં ચરણમાં મારું મન એકાગ્ર કરીને શરણે આવ્યો છું. (૧૮). હે ભગવાન ! તું વિશ્વાધાર છે, વિશ્વેશ છે, શરણે આવેલાનું રક્ષણ કરનાર છે. હે સંત ! હું તારાં ચરણકમળના રસમાં ભ્રમરસમ લીન થઈ ગયો છું. (૧૯). પાસે જ ખજાનો હોય પછી કોણ જંગલમાં ભટકે? ઘેર કામધેનુ હોય પછી ગરીબાઈ રહે જ ક્યાંથી? (૨૦).

પહેલાંના સમયમાં ઋષિમુનિ હજાર વર્ષ તપશ્ચર્યા કરે તો પણ તેમને સ્વપ્નમાં પણ ખરેખર તમારું દર્શન થાય નહીં તે તું અનાયાસે અહીં હાજરાહજૂર થયો છે એ ખરેખર કલ્લેશ્વર રીઝ્યાનું જ પરિણામ છે. મારી બધી ઇચ્છા સફળ થઈ ગઈ છે. (૨૧-૨૨). તું સાચે જ કલ્લેશ્વર જ છે એ વિષે મારા મનમાં કોઈ શંકા નથી. હે ગુરુનાથ ! તું મારા પર કરુણા કર. એમ કહીને શ્રીગુરુનાં ચરણ પકડ્યાં. (૨૩).

શ્રીગુરુ બોલ્યા કે તું મન ફાવે તેમ મારી રોજ નિંદા કરતો હતો તો આજે તારા અંતરમાં આવી ઉત્તમ ભક્તિ ક્યાંથી પ્રગટી?① (૨૪).

ત્યાં એ કવિશ્રેષ્ઠ બોલ્યો કે હે નાથ ! અત્યાર સુધી હું અજ્ઞાનતાથી ઘેરાયલો હતો. આજે પ્રકાશનો પણ પ્રકાશ એવો સાક્ષાત્ તારલાનો મારા અંતરમાં ઉદય થયો અને આજ સુધી કલ્લેશ્વરની જે પૂજા કરી તેના પુણ્યે કરીને સાચે જ તારાં ચરણનાં દર્શન થયાં. (૨૫-૨૬). રોજની જેમ આજે કલ્લેશ્વરને પૂજતા મેં સ્વપ્નમાં શિવલિંગની જગ્યાએ તને જોયો. (૨૭). હે ગુરુનાથ ! મારા સદ્‌નસીબે મેં તારાં ચરણનાં સ્વપ્નમાં દર્શન કર્યાં અને અહીં સાક્ષાત્ તારું પ્રત્યક્ષ દર્શન થયું. (૨૮). તારા શિષ્યસમૂહમાં મારો સમાવેશ કર. આમ કહીને તરત જ ત્યાં મનોહર પદ્યની રચના કરીને શ્રીગુરુનાં ચરણની પૂજા કરી. (૨૯). શ્રીગુરુનું ષોડશોપચારથી પૂજન કરીને ભાવપૂર્વક માનસપૂજન કર્યું. (૩૦).

શ્રીગુરુએ બધાને કહ્યું કે આ કવિએ જે રીતે સ્વપ્નમાં મારી પૂજા કરી હતી તે જ રીતે અત્યારે એ મારી પૂજા કરી રહ્યો છે. (૩૧). એનો ભાવ એકદમ શુદ્ધ છે એટલે એ અંગે કોઈ શંકા કરશો નહિ. એમ કહીને પછી કવિને પાસે બોલાવીને પ્રસન્ન થઈને એને વરદાન આપ્યું. એ પણ ચરણમાં લીન થઈને બોલ્યો કે હે પ્રભુ ! મને પણ

આપના શિષ્યોમાં સામેલ કરો. (૩૨-૩૩). શ્રીગુરુ બોલ્યા કે આ કલ્લેશ ભગવાન શ્રેષ્ઠ છે અને મને પણ માન્ય છે. હું પણ ત્યાં જ વસું છું એટલે તું એ મહેશની ભક્તિપૂર્વક પૂજા કર. (૩૪). કવિએ કહ્યું કે મુશ્કેલીથી મળી શકે એવા મારી સામે પ્રત્યક્ષ ઊભેલા તને છોડીને શું કામ શિવલિંગની પૂજા કરું? તારા વિના બીજો કોઇ ત્રિનેત્રધારી શંકર નથી. (૩૫).

તું સાક્ષાત્ કલ્લેશ અને ત્રિમૂર્તિ છે. આ મનુષ્યનો વેષ તો તારી લીલામાત્ર છે. મારો આ નિશ્ચય હવે ડગે એમ નથી અને હું તને ભૂલેચૂકે પણ નહીં છોડું. (૩૬). આ રીતે પ્રાર્થના કરીને એ શિષ્ય થયો અને પછી ગાણગાપુરમાં આવીને કીર્તનભક્તિ દ્વારા શ્રીગુરુનાં ચરણની સેવા કરવા લાગ્યો. (૩૭). આ રીતે બે કવિશ્રેષ્ઠ ભકતો શ્રીગુરુ પાસે રહ્યા અને કવિત્વાદિથી ગુરુના ભજનમાં મગ્ન રહ્યા. (૩૮). શ્રીગુરુવર પ્રસન્ન થાય પછી કશું જ દુર્લભ રહેતું નથી. એના ઘરમાં સાક્ષાત્ કલ્પવૃક્ષ હોય છે એમાં તું શંકા કરીશ નહીં.[૨] (૩૯). હે **રંગ** ! શ્રીગુરુની કથા આ ભવસાગર તરી જવા માટે સહેલાઇથી મળે એવી છે. એ સાંભળીને નિરંજન જે બોલ્યો તે વાતનો વિસ્તાર આગળ ઉપર થશે. (૪૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કવીશ્વરોદ્ધરણ'** નામનો **સોમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૦

(૧) 'વિદ્વાનો અભિમાનથી ગ્રસાયેલા હોય છે.' એ વિદ્વાન શિક્ષિત છે, બુદ્ધિમાન છે એટલે ગમે તેનાં ચરણમાં માથું મૂકતો નથી પરંતુ એ બુદ્ધિતત્ત્વ કરતાં પણ કોઇ ઊંચુ પરમ તત્ત્વ પામી જનારને ઓળખવામાં એ થાપ ખાઇ જતો હોય છે. આવા સાત્ત્વિક બુદ્ધિશાળીને સાચા પંથે ચઢાવવા શ્રીગુરુ આવી લીલા કરતા હોય છે. ત્રિવિક્રમ ભારતીની જેમ નરહરિ પણ શ્રીગુરુની નિંદા કરતો હતો પણ પછી એ શ્રીગુરુએ આપેલા પરચાથી ભકત બની ગયો. આપણા પૂ. બાપજી અને મુ. પંડિતજી (શ્રી મણિશંકર શાસ્ત્રી)નો પણ આવો જ પ્રસંગ છે.

(૨) શ્રીગુરુ હૃદયથી પ્રસન્ન થાય પછી શિષ્ય માટે કોઇ વસ્તુ દુર્લભ નથી. 'આપ સમાન કરે શિષ્યનકો'નો અર્થ જ એ છે કે શ્રીગુરુ શિષ્યને પોતાના જેવો બનાવી દે છે. પરંતુ શ્રીગુરુ પ્રસન્ન થાય કેવી રીતે? જ્યારે શિષ્ય ગુરુની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દે, ગુરુને ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું એવો જીવન વ્યવહાર ગોઠવે ત્યારે શ્રીગુરુ પ્રસન્ન થાય. આપણે તો ગુરુએ કહ્યું હોય તેનાથી વિરુદ્ધ આચરણ કરીને પછી ગુરુ પ્રસન્ન થાય એવી ઇચ્છા રાખીએ છીએ. સ્વામી રામસુખદાસજીનાં બે વિધાનો યાદ રાખવા જેવાં છે.

૧. કોઇ પણ સંતના સિદ્ધાંતોનું પાલન કરવું એ એની સાચી સેવા છે.
૨. સંતોને પોતાના પ્રાણ કરતાં પણ સિદ્ધાંતો વધારે વહાલા હોય છે.

આપણે જો ગુરુ મહારાજને ખરેખર રાજી કરવા હોય તો એમના સિદ્ધાંતોનું પાલન કરવું. દા.ત. માગણ વૃત્તિનો ત્યાગ, ખુમારીપૂર્વકનું જીવન, પરસ્પર દેવદૃષ્ટિ કેળવવી વગેરે.

●

અધ્યાય : ૧૦૧

આ અધ્યાયનું નામ **'અષ્ટરૂપધારણ'** છે. આ અધ્યાયમાં **૫૦** દોહરા છે.

નિરંજને બે હાથ જોડીને અલખને આગળ ઉપરની લીલા વિસ્તારથી કહેવા વિનંતી કરી એટલે અલખે દિવ્યલીલાનું વર્ણન કરતાં કહ્યું કે શ્રીગુરુ જ્યારે ગાણગાપુરમાં હતા ત્યારે દિવાળીનો તહેવાર આવી રહ્યો હતો એટલે શ્રીગુરુના સાત શિષ્યો પોતપોતાના ગામે દિવાળી ઉપર પધારવા શ્રીગુરુને આમંત્રણ આપવા આવ્યા હતા. (૧-૬).

શ્રીગુરુએ કહ્યું કે બધાના ગામે એક સાથે કેવી રીતે આવી શકું? તમે બધા સર્વાનુમતિથી નક્કી કરો તે ગામે હું જઈશ. દરેક જણ પોતાના ગામે લઇ જવાની હઠ લઇને બેઠો એટલે શ્રીગુરુએ કહ્યું કે તમે તમારા ઘરે જાવ. હું તમારા ઘરે આવીશ. એમાં શંકા કરશો નહિ. શ્રીગુરુનાં આ વચનને ભકતો સમજી શકયા નહીં એટલે શ્રીગુરુએ દરેકને વ્યકિતગત રીતે બોલાવીને કાનમાં કહ્યું કે હું તારે ગામ આવીશ. હવે કોઇની સાથે વાત કર્યા વગર તું જતો રહે. (૭-૨૩).

શ્રીગુરુ મઠમાં આવ્યા એટલે ગાણગાપુરના ભકતોએ કહ્યું કે હે પ્રભુ ! દિવાળી ઉપર અમને છોડીને કયાં જશો? શ્રીગુરુએ કહ્યું કે હું અહીં જ રહીશ. ધનતેરશની સાંજે મંગલ સ્નાન કરી શ્રીગુરુએ એકી સાથે આઠ રૂપો લઇ એકરૂપથી મઠમાં રહીને શ્રીગુરુ બીજા સાત ગામોમાં દિવાળી કરવા ગયા. આઠે ગામમાં આઠ રૂપ લઇ ભિક્ષા કરી શ્રીગુરુ મઠમાં આવી ગયા. (૨૪-૨૯).

કાર્તિક માસની પૂનમે બધા ભકતો ગાણગાપુર ભેગા થયા ત્યારે દિવાળી પર શ્રીગુરુએ પધારીને કરાવેલા આનંદની વાત કરી ત્યારે બધાને શ્રીગુરુની લીલાની જાણ થઇ. (૩૦-૩૬).

શ્રીગુરુની કીર્તિ ચારે દિશામાં ફેલાવા માંડી અને બધે એમનો જયજયકાર થવા લાગ્યો. શ્રદ્ધાથી જોનારાને આજે પણ પરચા જોવા મળે છે. (૩૭-૫૦).

બે હાથ જોડીને ફરી પાછો નિરંજન બોલ્યો કે બન્ને કવીશ્વર ત્યાં રહ્યા પછી શું બન્યું તે બધું મને હે અલખ યોગીવર ! કૃપા કરીને કહો. અલખે કહ્યું કે હે બાળ નિરંજન ! તું એ બધી કથા વિસ્તારપૂર્વક સાંભળ. (૧-૨). એ ચરિત્ર એવું પવિત્ર છે કે જે શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી પાપી પણ ક્ષણમાત્રમાં જરૂરથી ખરેખર પાવન થઇ જાય છે એમ તું જાણ. (૩). જ્યારે શ્રીગુરુ ગાણગાપુરમાં હતા ત્યારે ત્યાં દિવાળીનો ઉત્તમ તહેવાર આવ્યો. (૪). શ્રીગુરુને તેડવા માટે જુદાં જુદાં ગામથી ભકતો આવ્યા. એમાં જે સાત અતિ પ્રિય શિષ્યો હતા તેમણે પ્રણામ કરીને કહ્યું કે હે પ્રભુ ! દિવાળી કરવા અમારા ઘરે (ગામ) પધારો. આ દરેકનું ગામ જુદું જુદું છે એમ જાણીને શ્રીગુરુરાય બોલ્યા કે તમે સમજુ છો. હું તમારા બધાના ઘરે એકી સાથે કેવી રીતે આવું? તમે અંદરોઅંદર વિચાર

કરીને જે સ્થાન નક્કી કરશો તે ઘરે હું ચોક્કસ જઇશ. એમાં શંકા કરશો નહિ. હું તો શિષ્યને આધીન છું તેથી તમે નક્કી કરીને એક ઘર જણાવો. (૫-૮).

એક જણ બોલ્યો કે ગુરુ મહારાજ તો મારા પ્રભુ છે. હું એમને મારા ઘરે લઇ જઇશ. એટલે બીજાએ કહ્યું કે કેમ ! ગુરુજી મારા નથી કે ! મારા ઘરે કેમ ન આવે? (૯). એમ 'હું' 'હું' કહીને અંદરોઅંદર ઝઘડવા લાગ્યા એટલે એમને રોકીને શ્રીગુરુએ કહ્યું કે નાહકનો ઝઘડો શું કામ કરો છો ! (૧૦). તમારા બધાનો હું ગુરુ છું એટલે કોઇ એક ઘરે જઇશ. એ સાંભળીને બધાએ હાથ જોડીને પ્રેમથી કહ્યું કે હે પ્રભુ ! તારી તો સમાન દૃષ્ટિ છે એટલે આ સમર્થ છે, શ્રીમંત છે અને આ નબળો-ગરીબ છે એવો ભેદ જોઇશ નહીં. તું તો બધાંને અભેદ દૃષ્ટિથી જોનારો છે. (૧૧-૧૨). તારે ઓછા-વત્તા કે શ્રીમંત-ગરીબ એવો ભેદ જ નથી. દુર્બળની ઉપેક્ષા કરતાં અમે ગંગામાં પડીને મરી જઇશું. (૧૩). ભકતવત્સલ ભગવાન કૃષ્ણે પ્રેમને વશ થઇને દુર્યોધનના મેવા છોડીને વિદુરની ભાજી ખાધી હતી. હે ગુરુજી ! તમે અમારા પ્રત્યે નારાજગી ના બતાવશો. અમે બધા તારા દાસ છીએ. આમ છતાં તમારી આજ્ઞા સ્વીકારીને એ આજ્ઞાને માથે ચઢાવીએ છીએ. (૧૪-૧૫).

એવું બોલીને બધાએ દંડવત્ પ્રણામ કર્યા અને પાછા નમ્ર થઇને કાકલૂદી કરતા બધા જ બોલ્યા કે હે ગુરુજી ! અમને તરછોડશો નહીં. (૧૬). શ્રીગુરુએ બધાને કહ્યું કે તમે બધા તમારા ઘરે જલદી જલદી પહોંચી જાવ. હું જરૂરથી આવીશ. આ મારી સાચી પ્રતિજ્ઞા છે એમાં તમે શંકા કરશો નહીં. (૧૭).

શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને સાતેય જણા ત્યાં બોલ્યા કે આ તો પ્રભુએ કહેવા ખાતર કહ્યું છે પણ કયાં આવશે એનો નિશ્ચય કેમ કરીને કરવો? (૧૮).

આ અજ્ઞાનીઓ મારી લીલા સમજી શકતા નથી એટલે દરેકને વ્યક્તિગત રીતે બોલાવીને કહું એમ વિચારીને શ્રીગુરુએ દરેકને અલગ અલગ રીતે પોતાની પાસે બોલાવીને એના કાનમાં કહ્યું કે હું તારા ઘરે ચોક્કસ આવીશ. પરંતુ આ વાતને ગુપ્ત રાખજે અને આ વાત કોઇને કરીશ નહીં. એમ કહીને એક એકને એકાંતમાં બોલાવીને કહીને હૃષીકેશ સમા શ્રીગુરુએ આનંદથી રવાના કર્યા અને એ સાતેય જણ સંતોષ પામીને પોતપોતાના ઘરે ગયા. (૧૯-૨૨). એકબીજાને કશું જ કહ્યા વિના સાતે ભકતો જતા રહ્યા. પછી સંગમ ઉપરથી શ્રીગુરુ પ્રેમપૂર્વક મઠમાં આવ્યા. (૨૩). આ બધી વાત સાંભળીને ગામના ભકતોએ વંદન કરીને કહ્યું કે હે પ્રભુ ! અમને છોડીને આપે કયાં જવા ધાર્યું છે? (૨૪).

શ્રીગુરુ બોલ્યા કે હે ભાવિક ભકતો ! ચિંતા કરશો નહીં. હું તમારી સાથે પણ અહીંયાં ચોક્કસ રહીશ. (૨૫). એમ કરતાં કરતાં ધનતેરશની રાત્રિ આવી. તે દિવસે મંગલ સ્નાન કર્યું અને ત્યાં મહાન આશ્ચર્યરૂપ ઘટના બની. (૨૬). જગન્નાટકી શ્રીગુરુએ એકી સાથે આઠ રૂપ ધર્યાં. એક રૂપથી મઠમાં રહીને સાતેય ભકતના ગામમાં ગયા. (૨૭). વિશ્વરૂપ બની વિશ્વમાં સઘળે વ્યાપી રહેનાર એ સાક્ષાત્ નારાયણની લીલાને કોણ સમજી શકે? આ સંખ્યાની-આઠ રૂપની-તો શી વિસાત? (૨૮). આઠે ગામમાં આઠ રૂપ લઇને ભિક્ષા લઇને કોઇ ન જાણે એ રીતે શ્રીગુરુ મઠમાં આવી પહોંચ્યા. (૨૯).

કાર્તિક મહિનાની પૂનમે ત્રિપુરોત્સવ કરવા માટે બધા ભકતજનો શ્રીગુરુ પાસે આવ્યા. (૩૦). બધાએ વંદન કરીને કહ્યું કે દશ દિવસ પછી પાછું ગુરુજીનું દર્શન થયું. દિવાળીમાં શ્રીગુરુ મારા ઘરે હતા એવું એક બીજાને કહેવા લાગ્યા. (૩૧). બીજાએ કહ્યું, તું જૂઠું શું કામ બોલે છે. શ્રીગુરુ તો (દિવાળી પર) મારા ઘરે હતા. જો પેલી છાટી છે તે મેં એમને આપી હતી. (૩૨). આ રીતે પરસ્પર વાત કરીને શ્રીગુરુ પાસેનાં વસ્ત્રો બતાવીને બધી વાત કરતાં કરતાં હરખથી અડધા અડધા થઇ જતા હતા. (૩૩). આ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. ત્યાં ગામના લોકો બોલ્યા કે દિવાળી પર તો ગુરુ અહીં જ હતા. (૩૪).

આ સાંભળીને આશ્ચર્ય પામીને બધા બોલ્યા કે આ શ્રીગુરુ સાચે જ ત્રિમૂર્તિ છે અને નારાયણનો અવતાર છે એમાં શંકાને સ્થાન નથી. (૩૫). આમ કહીને બધાએ વિવિધ પ્રકારના સ્તોત્રથી શ્રીગુરુનું સ્તવન કર્યું અને જયજયકારનો અખંડ ઘોષ કર્યો. (૩૬). હે વેદાત્મન્ ! હે ગુરુનાથ ! તારા મહિમાનો પાર કોણ પામી શકયું છે? હે હરિ ! તું વિશ્વવ્યાપક છે. હે નારાયણ ! તું આ જગતનો ઉદ્ધાર કરનાર છે. (૩૭). હે પરાત્પર ! તું એક હોવા છતાં કાર્યભેદે ત્રણ રૂપવાળો જણાય છે. એમ સ્તવન કરીને અનેક ભકતોએ આદરપૂર્વક પ્રેમથી દેદીપ્યમાન દીપમાળ પ્રગટાવી અને ભકિતપૂર્વક નિત્યનિયમ પ્રમાણે બ્રાહ્મણ ભોજન કરાવ્યું. (૩૮-૩૯).

શ્રીગુરુનો આવો મહિમા બધે ફેલાઇ ગયો. અહીં શ્રીગુરુ વિશ્વમાં પ્રખ્યાત થઇ ગયા. (૪૦). પાસે કલ્પવૃક્ષ પડ્યું હોવા છતાં એને ન જાણીને જે કોઇ અજ્ઞાનથી અંધ થઇને બધે ભટકતો ફરે છે તે માણસ દૈન્યનો ભાગીદાર બને છે. (૪૧). દૃઢ નિશ્ચય સાથે શ્રીગુરુને ચોક્કસ ભજો તો બધી ઇચ્છા પૂર્ણ થશે અને સાચે જ તરત જ કાર્યની સિદ્ધિ થશે. એવો તરત જ અનુભવ થયો છે. (૪૨). જેમ અમૃતથી ધરાયેલા માટે દૂધનું કોઇ મહત્ત્વ નથી તેમ નામસ્મરણના અમૃતથી તૃપ્ત થયેલાને જ્ઞાન પ્રાપ્તિનો પ્રયત્ન પણ બિનજરૂરી છે. હું નોબત ઠોકીને જોરથી કહું છું કે બધા અહીં શ્રીગુરુને ભજો.① (૪૩). વેદ, શાસ્ત્ર વગેરે બધા કહે છે કે શ્રીગુરુ બધે જ ત્રિમૂર્તિ છે. (૪૪). વેદ અને શાસ્ત્રનું પ્રમાણ છે કે ગુરુ સિવાય બીજો કોઇ દેવ નથી. ગુરુની નિંદા કરનાર અણસમજુ વ્યકિતે ડુક્કરની યોનિમાં જાય છે. (૪૫). મારું આ વચન એ કેવળ શેખચલ્લીની કલ્પના નથી. જો એને શાસ્ત્રનો આધાર હોય તો જ એનો સ્વીકાર કરજો. (૪૬). અસાર અને તરવામાં વિકટ એવા આ સંસારને તરી જવા માટે આ લોકમાં અને પરલોકમાં ગુરુભજન વિના બીજો કોઇ સુલભ ઉપાય નથી.② (૪૭). પાણી વિનાના આ સંસારરૂપી જંગલમાં મેં સહેલાઇથી પ્રાપ્ત થાય એવી કથામૃતરૂપ પરબ બેસાડી છે. બધા સુખપૂર્વક એ પીઓ. (૪૮). ત્રિમૂર્તિના અવતારરૂપી શ્રીનૃસિંહસરસ્વતી ત્રિનેત્રધારી શંકર છે. એ આજે પણ ગાણગાપુરમાં હાજરાહજૂર છે. (૪૯). જરૂર કેવળ શ્રદ્ધાની છે. સંત હશે તે પરચો જોશે. હે **રંગ** ! અરે ! અહીંયાં તર્કની કૂદાકૂદ તદ્દન નકામી-બિનજરૂરી છે. (૫૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અષ્ટરૂપધારણ'** નામનો **એકસોએકમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૧

(૧) આ દોહરો નામસ્મરણનું મહત્ત્વ સરસ રીતે સમજાવે છે. નામસ્મરણ એ બહુ મોટી વસ્તુ છે એ ભૂલી જઇને આપણે એવું ઊંધું સમજી બેઠા કે જે વેદ-ઉપનિષદ ન સમજી શકે તે બિચારો કરે પણ શું? તો એવા માટે 'રામ નામ' સારું છે. જ્ઞાનકાંડની વાતો સમજવાની આપણને વધારે ઇચ્છા થાય છે. જ્ઞાન કરતાં પણ નામસ્મરણ ચઢિયાતું છે. નામસ્મરણ એ અમૃત છે જ્યારે જ્ઞાન એ દૂધ સમાન છે. અમૃતથી ધરાયેલો દૂધ માગે ખરો કે? પરંતુ આપણને શ્રેયકર કરતાં પ્રેયકરમાં વધારે રસ છે એ આપણી કરુણતા છે.

(૨) 'ભજન એ સર્વ સામર્થ્યનું મૂળ છે' એવું પૂ.શ્રીએ કહ્યું છે અને એવાં તો અનેક વિધાનો ભજન માટે કર્યાં છે. આવું ભજન એ વિકટ સંસારને તરી જવા માટેનો સરળમાં સરળ ઉપાય છે. પરંતુ એ ભજન કેવું હોવું જોઇએ? આ ભવનો (ભ) અને જન્મમરણનો (જ) નાશ (ન) કરે એને ભજન કહેવાય. પૂ.શ્રીએ ભજનની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે :

સ્મરણં સ્વસ્વરૂપસ્ય હ્યખણ્ડૈકાત્મના તુ યત્ |
તદેકં ભજનં પ્રોક્તં જન્મમૃત્યુ જરાપહા ||

પોતાના સ્વસ્વરૂપનું અખંડરૂપથી સ્મરણ રહે અને જે જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાને હરી લે તેને જ ભજન કહેવાય.

આપણે આવી રીતનું ભજન કરીએ છીએ ખરા?

●

અધ્યાય : ૧૦૨

આ અધ્યાયનું નામ **'શૂદ્રધાન્યવિવર્ધન'** છે. આ અધ્યાયમાં **૭૦** દોહરા છે.

શ્રીગુરુની લીલાનું વર્ણન કરતાં અલખે કહ્યું કે ગાણગાપુરમાં એક શૂદ્ર શ્રીગુરુનો ભકત હતો. શ્રીગુરુ અનુષ્ઠાન માટે રોજ સંગમે જતા હતા. એ રસ્તામાં એ શૂદ્ર ખેડૂત પોતાની ખેતી કરતો હતો. શ્રીગુરુને આવતા જોઇને એ ખેડૂત એમને વંદન કરતો અને પાછો ખેતરમાં જતો. શ્રીગુરુ બપોરે મઠમાં પાછા ફરે ત્યારે ફરી પાછો ભાવપૂર્વક નમન કરતો. (૧-૫).

શ્રીગુરુ કશું પણ બોલ્યા વગર જતા રહેતા. આ રીતે ઘણો સમય પસાર થઇ ગયો. એક દિવસ શ્રીગુરુએ પૂછ્યું કે તું આમ કેમ વારે વારે વંદન કરે છે? શૂદ્રે કહ્યું કે ખેતરમાં મબલખ પાક પાકે એ હેતુથી વંદન કરું છું. શ્રીગુરુએ પૂછ્યું કે શું વાવ્યું છે? ખેડૂતે કહ્યું કે જુવાર વાવી છે. શૂદ્રના કહેવાથી શ્રીગુરુએ ખેતરમાં જઇને અમી દૃષ્ટિ નાખી અને પછી કહ્યું કે હું કહું તેમ કરવાનો હોય તો હું મારું મોં ખોલું ! શૂદ્રે કહ્યું કે તું કહેશે તેમ કરીશ એટલે શ્રીગુરુએ કહ્યું કે હું બપોરે સંગમથી પાછો આવું એ પહેલાં બધી જુવાર કાપી નાખ. (૬-૧૮).

શ્રીગુરુના કહેવાથી ખેતરના માલિક સાથે સમજૂતી કરી, ઘરના સ્ત્રી પુત્રનો વિરોધ હોવા છતાં પાક કાપી નાખ્યો. શ્રીગુરુએ કહ્યું કે મેં તો તને હસી મજાકમાં કહ્યું હતું. શૂદ્રે કહ્યું કે તેં મશ્કરીમાં કહ્યું પણ મેં ગંભીરપણે તારા કહ્યા પ્રમાણે કાપી નાખ્યું. (૧૯-૩૮).

બધાને એનું કાર્ય મૂર્ખામીભર્યું લાગ્યું. પરંતુ આઠ દિવસ પછી મૂળનક્ષત્રમાં સખત વાવાઝોડું થયું અને અકાળે ખૂબ વરસાદ થયો. બધાનો પાક નાશ પામ્યો જ્યારે શૂદ્રના ખેતરમાં કાપેલા મૂળમાંથી નવા અંકુરો ફૂટ્યા. એક એકમાંથી અગિયાર અંકુરો ફૂટ્યા. બધાના આનંદનો પાર ન હતો. (૩૯-૫૫).

શૂદ્ર અને એની પત્ની શ્રીગુરુનાં દર્શને આવ્યાં અને શ્રીગુરુનો જયઘોષ કર્યો. જો ગુરુમાં દૃઢ ભક્તિ હોય તો ત્યાં ગરીબાઇ રહે જ ક્યાંથી? (૫૬-૭૦).

અલખે કહ્યું કે હું તને ત્યાર પછી આગળ ઉપર જે બન્યું તે લીલાકથા વિસ્તારપૂર્વક કહું છું તે તું સાંભળ. શ્રીગુરુની લીલા ગાતાં મને અનહદ આનંદ થાય છે. (૧). શ્રીગુરુ ગાણગાપુરમાં રહ્યા ત્યારે શ્રીગુરુની બધે પ્રખ્યાતિ થઇ હતી. ત્યાં એક શૂદ્ર ખેડૂત શ્રીગુરુનો ઉત્તમ ભકત થઇ ગયો. (૨). શ્રીગુરુ દરરોજ અનુષ્ઠાન માટે સંગમ ઉપર જતા હતા. એ રસ્તે શૂદ્ર ખેડૂત શાંતિપૂર્વક ખેતી કરતો હતો. (૩). શ્રીગુરુને આવતા જોઇને એ તરત ભક્તિભાવથી દોડી જતો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પાછો ખેતરમાં જતો રહેતો. (૪). બપોરે શ્રીગુરુ મઠમાં પાછા ફરતા ત્યારે ફરી પાછો સદ્‌ભાવથી વંદન કરતો. આમ ને આમ ઘણા દિવસો પસાર થઇ ગયા. (૫).

બધું જ જાણનાર શ્રીગુરુ પણ કશું બોલ્યા વગર ચૂપચાપ જતા રહેતા. એમ કરતાં ઘણો સમય વહી ગયો અને શૂદ્ર પણ એકનિષ્ઠ ભક્તિથી આવીને શ્રીગુરુનાં ચરણકમળમાં હંમેશાં વંદન કરતો. (૬-૭). એક દિવસ આવીને એણે જેવું વંદન કર્યું એવું જ શ્રીગુરુએ પૂછ્યું કે અલ્યા ! તું રોજ આવીને આ વંદન કરવાનું કષ્ટ કેમ ઉઠાવે છે?① (૮). તારા મનની જે પણ ઇચ્છા હોય તે બધી તું મને ખુલ્લા દિલથી કહે. શૂદ્રે બે હાથ જોડીને કહ્યું કે ઘણો પાક પાકે એવી મારી ઇચ્છા છે. (૯). એટલે શ્રીગુરુએ પૂછ્યું કે ખેતરમાં શું વાવ્યું છે? શૂદ્રે કહ્યું કે હે ગુરુજી ! મેં ખેતરમાં જુવાર વાવી છે. (૧૦).

આપને રોજ વંદન કરું છું એ પુણ્યપ્રતાપે સરસ પાક થયો જણાય છે. આપની કૃપાથી એક મહિનાની અંદર તો સરસ રીતે પાક તૈયાર થઇ જશે. (૧૧). હે પ્રભુ ! તું ત્યાં ખેતરમાં આવીને તારી અમીદૃષ્ટિ ફેંક. હે ગુરુજી ! મને શૂદ્ર માનીને મારી અવગણના ના કરશો. (૧૨). તારી તો બધા પર એકસરખી દૃષ્ટિ છે. તારે મન તો ઊંચ અને નીચ બન્ને સરખા છે. આવાં વચન સાંભળીને ખેતર પર જઇને શ્રીગુરુ બોલ્યા કે જો ! તને મારામાં વિશ્વાસ હોય તો હે સુજ્ઞ ! તને એક વાત કહું. તું એ પ્રમાણે કરવાનો હોય તો જ હું કંઇ બોલું. (૧૩-૧૪). શૂદ્રે કહ્યું કે હે સ્વામી ! તારે જે કહેવું હોય તે કહે. ગુરુનું વચન હંમેશાં તારનારું હોય છે. તું જે કહે તે મારે મન લાખ રૂપિયાની વાત-પ્રમાણરૂપ- છે. આ સિવાય મારા હૃદયમાં બીજો કોઇ ભાવ નથી. (૧૫).

હે પ્રભુ ! તું બધું જ જાણે છે અને હે નાથ ! તું સર્વનો સાક્ષીરૂપ છે. આમ કહીને એણે પ્રણામ કર્યા એટલે જગત્પિતા બોલ્યા કે હું બપોરના સંગમથી પાછો ફરું તે પહેલાં તું આ પાક ભલે બરાબર પાક્યો નથી તો પણ કાપી નાંખ. (૧૬-૧૭). આવું કહીને શ્રીગુરુ સ્નાન માટે સંગમ પર ગયા અને ગુરુના કહેવા મુજબ શૂદ્રે પાક કાપવાનો દૃઢ નિશ્ચય કર્યો. (૧૮). તરત જ ગામમાં આવીને એણે જમીનના શેઠને કહ્યું કે ગયા વર્ષની માફક કર નક્કી કરીને એ પ્રમાણેનો મને કાગળ આપ. (૧૯). ખેતરના માલિકે કહ્યું કે આ વખતે તો ખેતરમાં પુષ્કળ પાક થયો જણાય છે એટલે પહેલેથી હું એ વિષે કશું નક્કી નહીં કરું. (૨૦).

ખેડૂતે વિનયપૂર્વક વિનંતી કરતાં કહ્યું કે ગયા વર્ષ કરતાં હું તમને બમણું અનાજ આપીશ. આ રીતે કર આપવાનું નક્કી કરીને શૂદ્રે અભયપત્ર લખાવી લીધું અને પછી તરત જ મજૂરોને બોલાવીને આનંદથી પાક કાપવાની તૈયારી કરી. (૨૧-૨૨). એને આમ પાક કાપતાં એનાં સ્ત્રી, પુત્રો અને ભાઇ-ભાંડુઓ રોકતાં હતાં. પરંતુ આ સદ્ભકત તો બધાંને પથ્થર મારીને નસાડી મૂકતો હતો. (૨૩). સ્ત્રીને અને પુત્રને પથ્થર મારીને ભગાડી દીધાં એટલે એ બધાં બીકના માર્યાં રાજદરબારમાં ગયાં અને ત્યાં જઇને હાકેમને કહ્યું કે અમારો અક્કલ વગરનો બાપ ! પિશાચની જેમ વર્તે છે અને જડ માણસની જેમ અમારું કશું જ સાંભળતો નથી. (૨૪-૨૫).

ખેતરમાં પુષ્કળ પાક થયો છે પરંતુ એ હજી તૈયાર થયો ન હોવા છતાં એને કાપી નાખે છે અને એને રોકવા જઇએ છીએ તો પથ્થર મારે છે. (૨૬). એક સંન્યાસીના કહેવાને લીધે એ મૂઢની જેમ નકામો પાક કાપી નાખે છે. તું કેમ એને રોકતો નથી? (૨૭). એક મહિના પછી બધી જુવાર તૈયાર થશે એટલે આખું વરસ શાંતિથી ખાશું એવું વિચારતાં હતાં પરંતુ એ એક આધાર પણ જતો રહ્યો. (૨૮). ખેતરનો માલિક બોલ્યો કે ગયા વર્ષ કરતાં એ મને બમણો કર આપવાનો છે પછી એ ભલેને ફાવે તેમ કરતો. (૨૯). એણે મને કરારપત્ર લખી આપ્યો છે પછી

મારે શી પંચાત? તો પણ શૂદ્રના પત્ની-પુત્રે કહ્યું કે હે માલિક ! તેમ છતાં તમે અમારા ગરીબનો વિચાર કરીને એને રોકીને જે સાચું છે તે કરો. આ સાંભળીને ખેતરના માલિકે દૂત મોકલ્યા. એટલે શૂદ્ર બોલ્યો કે ખેતરમાં કેમ આંટા ફેરા કરો છો? (૩૦-૩૧). તમને વિશ્વાસ ન આવતો હોય તો મારા ઘરમાં જેટલું અનાજ ભર્યું છે તે બધું તમને આપી દઉં. દૂતો પાછા ફર્યા અને જમીનદારને સઘળી વાત કરી. (૩૨).

શૂદ્રે કહ્યું કે તમે બીક કેમ રાખો છો? જો તમને વિશ્વાસ ન હોય તો હું તમારા આંગણામાં મારાં ઢોરો બાંધી દઉં. હું જે કાંઇ બોલ્યો છું તે પ્રમાણે કરીશ. (૩૩). મેં ગણોત પણ નક્કી કરીને દસ્તાવેજરૂપે લખી આપ્યો છે અને લખ્યા મુજબ બધું જ આપીશ. તમે મનમાં બિલકુલ ચિંતા કરશો નહીં. મારા પડખે તો ભગવાન શંકર સમાન શ્રીગુરુ છે. (૩૪). ખેતરના માલિકે કહ્યું કે તારા ઘરમાં અનાજ ભરેલું છે એ હું જાણું છું. પછી મારે શાની ચિંતા? એણે જે કરવું હોય તે ભલે કરે. (૩૫).

આખા ખેતરનો પાક કાપી નાંખીને, દાતરડું દૂર મૂકીને રસ્તામાં શ્રીગુરુની રાહ જોતો એ હિંમતબાજ ખેડૂત ઊભો હતો. (૩૬). જેવા શ્રીગુરુ ત્યાં આવ્યા કે તરત જ એણે કાપેલું ખેતર બતાવ્યું. એટલે શ્રીગુરુએ કહ્યું કે મેં તો તને મશ્કરીમાં કહ્યું હતું અને તેં તો સાચું માનીને આ ખેતર નાહકનું શું કામ કાપી નાખ્યું? શૂદ્રે કહ્યું કે મારે મન તો તારું વચન સંપૂર્ણપણે કામધેનુ સમાન છે.[૨] (૩૭-૩૮). શ્રીગુરુ બોલ્યા કે તારી જેવી ભાવના હશે તેવી ચોક્કસ સિદ્ધિ મળશે. તું હવે બીજી કોઇ ચિંતા કરીશ નહીં. (૩૯). આવું કહીને શ્રીગુરુ એકલા મઠમાં જતા રહ્યા અને ભકત શૂદ્ર પણ પોતાના ઘરે ગયો. (૪૦).

ત્યાં ગામના લોકોએ આવીને કહ્યું કે આવું મૂર્ખામીભર્યું પગલું શું કામ ભર્યું? અને અમારો તો મોંમાંનો કોળિયો ગયો. એમ કહીને શૂદ્રનાં સ્ત્રી તથા પુત્રો બધાં રોકકળ કરવા લાગ્યાં. (૪૧). એ બધાંને છાનાં રાખીને શૂદ્રે કહ્યું કે તમે બધાં ચિંતા કેમ કરો છો? તમે ધીરજ રાખો. બધું સારું થશે. તમે બધાં તમતમારે નિશ્ચિંત રહો. (૪૨). શ્રીગુરુનું વાકય કામધેનુ સમાન છે પરંતુ મૂઢ માણસ આ જાણતો નથી. ભગવાન એક એક કણના હજાર કણ આપશે. (૪૩). શ્રીગુરુ ખરેખર અનંતરૂપ છે અને એનું દાન પણ અનંત છે. મને ગળા સુધીની ખાતરી છે કે મને સ્વપ્ને પણ નુકસાન થવાનું નથી. (૪૪). એ સંન્યાસી નથી કે નથી મનુષ્ય પરંતુ એ તો સાક્ષાત્ શિવશંકર છે. મારું સદ્નસીબ જોઇને એણે પહેલેથી જ આવું કહી દીધું હતું. (૪૫).

જેના પર શ્રીગુરુની કૃપા હોય તેને ગરીબાઇનો ભય કયાંથી હોય? આ ગુરુરાયરૂપી અમૂલ્ય ખજાનો મને મળ્યો છે એ તમે જાણી લો. (૪૬). આ રીતે એ દૂરંદેશી શૂદ્રે પ્રસન્ન હૃદયથી સ્ત્રીને, પુત્રોને અને સગાં સંબંધીઓને સમજાવ્યાં. (૪૭). એટલે ત્યારે બધાં ચૂપ રહ્યાં. આમ ને આમ આઠ દિવસ વીતી ગયા. ત્યાં એકદમ વાવાઝોડું થયું અને પાકનો નાશ થયો. (૪૮). મૂળનક્ષત્રમાં કમોસમી ખૂબ વરસાદ થયો. ગામનાં બધાં ખેતરો રાતોરાત કોહી ગયાં. (૪૯). ગામમાં બધાના ખેતરનો પાક નાશ પામ્યો. પરંતુ શૂદ્રના ખેતરમાં કાપેલાં ડૂંડાંના મૂળમાં નવા અંકુરો ફૂટ્યા. (૫૦).

એક એક મૂળમાં અગિયાર અગિયાર અંકુરો ફૂટ્યા અને પરિણામે જુવારનો મબલખ પાક ઊતર્યો. (૫૧). એ ચમત્કાર જોઇને લોકો તો આશ્ચર્યચકિત થઇ ગયા અને શૂદ્રની સ્ત્રીના આનંદનો તો પાર રહ્યો નહીં. (૫૨).

ચારે કોરથી ખેતરની પૂજા કરીને અને એને ચારે બાજુથી એકીટસે જોઇને એ હરખઘેલી થઇ ગઇ. (૫૩). આવીને એ શૂદ્રને પગે પડી અને મધુર વાણી બોલી કે હે પ્રાણનાથ ! મારા દુષ્ટ આચારની હું માફી માગું છું. (૫૪). અજ્ઞાનતાને લીધે મેં તમને જેમ ફાવે તેમ કહ્યું અને શ્રીગુરુની નિંદા કરી તે અપરાધ ક્ષમા કરી દો. (૫૫).

પતિની માફી માગ્યા પછી પતિ સાથે ક્ષેત્રદેવતાની પૂજા કરીને એ શ્રીગુરુનાં દર્શને આવી. (૫૬). શૂદ્રે પોતાની સ્ત્રી સાથે શ્રીગુરુની ભાવપૂર્વક પૂજા કરી. શ્રીગુરુએ એને પૂછ્યું કે અરે ! આ શું કરે છે? આ તો નવાઇ પમાડે એવું છે. (૫૭). બન્ને જણાં બોલ્યાં કે હે ગુરુજી ! તમારો જય હો ! જય હો ! કામધેનુરૂપ તને ધન્ય છે. તું ખરેખર અમારું કુળદૈવત છે અને તું જ અજોડ એવો દેવરાજ ઇંદ્ર છે. (૫૮). તારી વાણી અમૃતસમાન છે, પગ ચિંતામણિરૂપ છે. અમારી ઇચ્છા સફળ થઇ. અમે તારા શરણે આવ્યા છીએ. (૫૯). તારી ભકતવત્સલની પ્રખ્યાતિ પામેલી બિરુદાવલીનો અમે જાતે અનુભવ કર્યો છે. એવું કહીને બન્ને જણાં પગમાં પડ્યાં. (૬૦).

શ્રીગુરુની આરતી કરીને શૂદ્રની સ્ત્રીએ પ્રસન્ન થઇને સ્તુતિ કરી. સંતુષ્ટ થયેલા શ્રીગુરુએ આશીર્વાદ આપતાં કહ્યું કે તારા ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસ હો. (૬૧). પછી શ્રીગુરુની રજા લઇને બંને જણાં પ્રેમથી ઘરે ગયાં. એક મહિનો પૂરો થતાં ખેતરમાં અતિશય ધાન્ય પાકયું. (૬૨). એ વર્ષે ગયા વર્ષ કરતાં સો ગણું અનાજ પાકયું. હાકેમને બોલાવીને શૂદ્ર તરત બોલ્યો કે આ અનાજમાં મબલખ વધારો થયો છે. હું તને એમાંથી અડધો અડધ આપીશ. મેં તને બમણું આપવાનું કબૂલ્યું હતું પણ આ તો સો ગણું પાકયું છે. (૬૩-૬૪). કોઇ પણ જાતનું અનુમાન કર્યા વગર તું અડધો ભાગ અનાજ લઇ લે. ખેતરના માલિકે કહ્યું કે લોભને વશ થઇને હું મારો ધર્મ નહિ છોડું.③ (૬૫).

તારા પર ખરેખર શ્રીગુરુની કૃપા છે અને તેથી તને આ લાભ થયો છે. તું એ બધું સુખેથી ઘરે લઇ જા અને મોજથી રહે. (૬૬). એનાં એવાં વચન સાંભળીને, એના નક્કી કરેલા ભાગનું અનાજ સુજ્ઞ શૂદ્રે આપી દીધું અને પછી બ્રાહ્મણો વગેરેને પણ અઢળક આપીને જે વધ્યું તે પોતે લીધું. (૬૭). આખું ઘર ધાન્યથી ભરાઇ ગયું. અપાર પાક થયો હતો. જો ગુરુમાં દૃઢભક્તિ હોય તો પછી ત્યાં ગરીબાઇ કયાંથી રહે? (૬૮). મનોવાંછિત બધું આપનારી આ ગુરુકથા જગતને તરી જવા માટેની સુલભ નાવ છે. એ સાંભળતાં ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસ રહે અને કયારેય પણ ગરીબાઇ પીડે નહીં.④ (૬૯). આ સાંભળીને સત્‌શિષ્ય નિરંજન શું બોલ્યો એનું અનુસંધાન આગળ ઉપર **શ્રીરંગ** પ્રેમથી કહેશે. (૭૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શૂદ્રધાન્યવિવર્ધન'** નામનો **એકસોબીજો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૨

(૧) મોટા ભાગના ભક્તિ કરનારા કાં તો કશું મેળવવાની ઇચ્છાવાળા-અર્થાર્થી હોય છે અથવા દુખિયારા- આર્ત હોય છે. અંતરાત્માના આનંદ માટે ભક્તિ કરનારા ઘણા ઓછા હોય છે. એટલે શ્રીગુરુ કે સંત સાથેનો આપણો વ્યવહાર વેપારી વ્યવહાર હોય છે. રોજ બબ્બે વાર નમન કરતા ખેડૂતને એટલે જ શ્રીગુરુએ પૂછ્યું હતું કે તું પગે લાગવાનું કષ્ટ કેમ ઉઠાવે છે? તારા મનમાં શાની ઇચ્છા છે? અને તરત જ ખેડૂત બોલી ઉઠ્યો કે વધુ પાક પાકે એવી ઇચ્છાથી વંદન કરવાનું કષ્ટ ઉઠાવું છું. કોઇ પણ વસ્તુની ઇચ્છા વિનાના થઇને કેવળ ગુરુ મહારાજને પ્રસન્ન કરવા ભક્તિ કરીએ તો પછી ભગવાન આપણા થઇ જાય છે.

(૨) આ દોહરામાં ભકતની કસોટી છે અને એ ભણેલો ન હોવા છતાં એમાંથી કેવી રીતે પસાર થાય છે તે સમજવા જેવું છે. પાક તૈયાર થયો ન હતો છતાં શ્રીગુરુના કહેવાથી ખેડૂતે પાક કાપી નાખ્યો. સંગમ ઉપરથી મઠમાં જતાં શ્રીગુરુને ખેડૂતે ખેતર બતાવીને કહ્યું કે આપના કહ્યા મુજબ મેં પાક કાપી નાખ્યો. તો શ્રીગુરુએ કહ્યું કે મેં તો તને હસી મજાકમાં- મશ્કરીમાં કાપવાનું કહ્યું હતું. મેં મશ્કરી કરી તે તું સાચું માની ગયો? છાતી બેસી જાય તેવી વાત છે. પરંતુ ખેડૂતે કહ્યું કે આપે મશ્કરીમાં કહ્યું કે ગંભીરતાથી કહ્યું એ મારે જોવાનું નથી. મારે તો તમે કહ્યું કે કાપી નાખ એટલે કાપી નાખવાનું. તારું વાકય કામધેનુ સમાન છે એવું હૃદયના સાચા ભાવથી ખેડૂતે કહ્યું ત્યારે શ્રીગુરુ બોલ્યા કે ભલે. તારી જેવી ભાવના હશે તેવી સિદ્ધિ થશે. આપણને પણ આપણા સદ્‌ગુરુનાં વચનમાં આવો ભાવ જાગે એવી પ્રાર્થના.

(૩) આ દોહરો બન્ને પક્ષકારની પ્રામાણિકતાની, સાચી ધાર્મિકવૃત્તિની પારાશીશી સમાન છે. મબલખ પાક પાક્યો તો ખેડૂત વચન પ્રમાણે અડધો અડધ આપવા તૈયાર છે, આગ્રહ કરે છે જ્યારે ખેતરનો માલિક ગયા વર્ષની ગણોતથી ફકત બમણું લેવા જ તૈયાર છે. વણહક્કનું લેવાથી ધર્મ ચૂકી જવાય છે. માલિકે કહ્યું કે લોભને કારણે હું ધર્મ ના છોડું. આ સમજવા જેવી વાત છે. જે આપણા હક્કનું નથી તે કેમ લેવાય? અરે ! કોઇ સ્વેચ્છાએ આપે તો પણ ના લેવાય- એવી વૃત્તિ કેળવવી એ જ સાચી ભક્તિ છે. દરેક વ્યક્તિ આવી વૃત્તિ કેળવીને જીવે તો મુક્તિ દૂર નથી.

(૪) શ્રીગુરુની કથાનું અનંત ફળ જણાવ્યું છે. ગુરુ કથા મનની બધી ઇચ્છા પૂરી કરનાર છે. આ સંસાર સાગરને તરી જવાની સહેલાઇથી મળે એવી નાવ છે. એ સાંભળતાં લક્ષ્મીનો અખંડ વાસ થાય છે અને દૈન્ય રહેતું નથી. આ ગુરુકથા સાંભળવી એટલે સમજવી અને સમજવી એટલે જીવનમાં આચરી બતાવવી. ગુરુમહારાજ પૈસાને અડ્યા નથી, તો એ વાત જાણીને આપણે બળજબરીથી પૈસા માગવા નહીં એવું કરીએ તો કથા સાંભળી કહેવાય. પછી પૈસા માગવા જ નહીં અને પછી તો આવી મળે તો પણ લેવા નહીં. ટૂંકમાં ગુરુકથા સાંભળવી એટલે આપણા જીવનને દૈવીગુણોથી ભરી દેવું. આપણી વચ્ચે જીવતા અને આપણા બનીને જીવતા પૂ.પ્રેમ અવધૂતજી આનું ઉત્તમ ઉદાહરણ છે. ●

અધ્યાય : ૧૦૩

આ અધ્યાયનું નામ **'ગાણગાપુરમાહાત્મ્યવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૦૮** દોહરા છે.

નિરંજને અલખ ગુરુના પગ પકડીને પૂછ્યું કે શ્રીગુરુ ગાણગાપુરમાં કેમ રહ્યા? પૃથ્વી ઉપર તો અસંખ્ય તીર્થો આવેલાં છે. આવાં પ્રખ્યાત તીર્થો છોડીને શ્રીગુરુ ગાણગાપુરમાં કેમ રહ્યા? મને આ સ્થાનનું માહાત્મ્ય વિસ્તારથી કહો. (૧-૪).

આ સ્થાનનું માહાત્મ્ય જણાવતાં અલખે કહ્યું કે એક વાર શ્રીગુરુએ બધા શિષ્યોને આસો વદ ચૌદસ-કાળીચૌદસ- ના રોજ કાશી, પ્રયાગ અને ગયા-એવી ત્રિસ્થલીનું સ્નાન કરવા જણાવ્યું. શિષ્યોએ યાત્રાએ જવાની તૈયારી કરવા માંડી એટલે શ્રીગુરુએ હસીને કહ્યું કે આ ગામની પાસે જ ત્રિસ્થલી છે.

શ્રીગુરુએ સંગમનું અને પ્રયાગ સમાન ષટ્કુલતીર્થનું મહત્ત્વ જણાવી ભીમાઅમરજા નદીની ઉત્પત્તિની કથા કહી સંભળાવી અને એના સ્નાનનું માહાત્મ્ય પણ જણાવ્યું. (૫-૩૩). મનોરથ તીર્થ, મહાતીર્થ વગેરેનું મહત્ત્વ સમજાવી મહાતીર્થ પાસેના નાગેશી નામના ગામની સત્ય વાત કહી. ભારદ્વાજ ગોત્રી એક બ્રાહ્મણે એમના ઈશ્વર અને પાંડુરંગ નામના બે ભાઇઓને એ ગામ આગળ જ કાશીના અને વિશ્વનાથનાં દર્શન કરાવ્યાં હતાં. કુંડમાંથી મણિકર્ણિકાનું દર્શન કરાવીને તેમાંથી વિશ્વનાથની મૂર્તિ પ્રગટ થઇ હતી. (૩૪-૬૧).

શ્રીગુરુએ પછી પાપવિનાશતીર્થ બતાવ્યું જ્યાં શ્રીગુરુની પૂર્વાશ્રમની બહેન રત્નાને ગયા જન્મનાં પાપની વાત કરી, પાપવિનાશતીર્થમાં સ્નાન કરાવી એને પાપમાંથી મુકત કરી. પછી કોટિતીર્થ, રુદ્રપાદતીર્થ, ચક્રતીર્થ, મન્મથતીર્થ વગેરે આઠ તીર્થનું માહાત્મ્ય શ્રીગુરુએ પ્રગટ કર્યું. (૬૨-૧૦૫).

અષ્ટતીર્થનું માહાત્મ્ય પ્રગટ કરીને શ્રીગુરુ પછી મઠમાં આવ્યા. ભકતોએ બ્રાહ્મણ ભોજન કરાવીને શ્રીગુરુનો જયજયકાર કર્યો. (૧૦૬-૧૦૮).

અલખના પગ પકડીને, બે હાથ જોડીને વિનયપૂર્વક અને ભક્તિપૂર્વક શિષ્ય નિરંજન પ્રશ્ન કરતાં બોલ્યો કે મનુષ્યરૂપે ત્રિમૂર્તિનો અવતાર એવા શ્રીગુરુ ગાણગાપુરમાં શા માટે રહ્યા? (૧-૨). આ પૃથ્વી ઉપર ઘણાં પ્રખ્યાત તીર્થો આવેલાં છે તો એ બધાં તીર્થો છોડીને શ્રીગુરુ આ સ્થળે કેમ રહ્યા? (૩). હે દેવ ! એ સ્થાનનું સઘળું માહાત્મ્ય મને વિસ્તારપૂર્વક કહો. એમ કહીને વળી પાછા અલખને પગે પડીને તરત જ ચરણ પકડી લીધાં. (૪). એનાં વચન સાંભળી દયાળુ અલખજી ત્યારે બોલ્યા કે હે સંતો ! આ બધું સવિસ્તર સાંભળો જે સાંભળવાથી કાળ પણ નાસી જાય છે. (૫).

એક વાર દિવાળીના તહેવારમાં કાળી ચૌદસના દિવસે શ્રીગુરુએ શિષ્યોને પ્રેમથી કહ્યું કે તમે બધા કાશી, પ્રયાગ અને ગયાની ત્રિસ્થલી યાત્રાએ સહકુટુંબ તરત જ ઉપડો. (૬-૭). શિષ્યોએ કહ્યું કે હે પ્રભુ!

આપની આજ્ઞા માથે ચઢાવીને અમે ભાથાંની સગવડ કરીને જેમ બને તેમ જલદીથી યાત્રાએ જઇએ છીએ. (૮). એ સાંભળીને હસીને શ્રીગુરુ બોલ્યા કે આ ગામની પાસે જ ત્રિસ્થલી આવેલી છે. પછી પાથેયની શી જરૂર છે? (૯). ચાલો, તમારી સાથે હું પણ આવું છું. એમ કહીને બધાની સાથે સંગમ સ્થાનમાં આવીને એ જગતપિતાએ સ્નાન કર્યું. (૧૦).

શ્રીગુરુએ કહ્યું કે પ્રયાગની જેમ આ સંગમનું માહાત્મ્ય પણ અપાર છે અને **ષટ્‌કુલતીર્થ**[૧]નું માહાત્મ્ય તો એનાથી પણ વિશેષ છે. (૧૧). ભીમા અને અમરજા નદીનો આ સંગમ એ ગંગા-યમુનાના સંગમથી પણ વિશેષ છે એ નિશ્ચિત વાત છે અને એ તીર્થોમાં રાજા છે. (૧૨). આ અમરજા નદી અહીં જ્યાં ઉત્તર દિશામાં વહે છે તેના પુણ્યનો પાર નથી. એનું પુણ્ય તો કાશી કરતાં પણ વધારે છે. (૧૩). એક એકથી ચઢિયાતાં એવાં આઠ તીર્થો અહીં આવેલાં છે. એનો પાવનતમ અને પ્રિયકર બધો મહિમા કોણ કહી શકે? (૧૪). શ્રીગુરુનાં એ વચન સાંભળીને ભક્તોએ શિશ ઝુકાવીને કહ્યું કે આ નદીની ઉત્પત્તિ કેવી રીતે થઇ? એને અમરજા કેમ કહે છે? (૧૫).

શ્રીગુરુ બોલ્યા કે તમે આ જે પૂછ્યું તે ખરેખર ઘણું સારું કર્યું. હું તમને પુરાણમાં વર્ણવેલી એ કથા સવિસ્તર કહું છું. (૧૬).

અહીં જાલંધર નામના રાક્ષસે પૃથ્વી જીતી લીધી અને પછી દેવોને હરાવીને એણે સ્વર્ગ પણ હરી લીધું. (૧૭). ત્યાં ભયંકર યુદ્ધ થયું અને ઘણા દેવો મરાયા. આ બધા સમાચાર ઇંદ્રે જઇને ભગવાન શંકરને આપ્યા. (૧૮). ઇંદ્ર બોલ્યો કે હે સાંબ સદાશિવ ! દેવો રણમાં મૃત્યુ પામીને પડ્યા છે. અમે તારે શરણે આવ્યા છીએ. તું હવે આનો કાંઇ ઉપાય કર. (૧૯). રાક્ષસો વીંધાતા પૃથ્વી પર પડે છે ત્યારે જેટલાં રક્તબિંદુઓ પૃથ્વી પર પડે છે એટલા રાક્ષસો તરત જ જન્મે છે. (૨૦).

ત્રણે ભુવન રાક્ષસોથી ઊભરાયું છે અને તેઓ કારમો કેર કરે છે. દેવો હારી ગયા છે. હે ભોળાનાથ ! તું કાંઇ કૃપા કર. (૨૧). દેવેંદ્રનાં આવાં વચન સાંભળીને ત્રિનેત્રધારી ક્રોધે ભરાઇને, રૌદ્રરૂપ ધારણ કરીને રાક્ષસોને હણવા નીકળ્યા. (૨૨). ઇંદ્રે કહ્યું કે હે ભોળાનાથ ! તું દૈત્યનો વધ કરે એ તો સારું છે. પરંતુ સાથે સાથે દેવોને જીવતા કરવાનો પણ કાંઇ ઉપાય કર. (૨૩). આ સાંભળીને ગૌર દેહધારી શંકરે રાજી થઇને દેવોને જીવતા કરવા માટે ઇંદ્રને અમૃતકુંભ આપ્યો. (૨૪). અમૃતકુંભ લઇને ઇંદ્રે દેવો પર જ્યારે અમૃતનું સિંચન કર્યું ત્યારે ઊંઘીને ઊઠેલાની માફક મૃત્યુ પામેલા બધા દેવો જીવતા થઇને ઊઠ્યા. (૨૫).

વધેલું અમૃત લઇને જ્યારે ઇંદ્ર આકાશમાર્ગે જતો હતો ત્યારે એ કુંભમાંથી થોડુંક અમૃત અહીંયાં પડ્યું. (૨૬). એ પડેલાં અમૃતનો જે પ્રવાહ વહ્યો તે જ આ અમરજા નદી. એ પૃથ્વી પરની ખરેખર સંજીવની છે અને ત્રણે પ્રકારનાં પાપને હરનારી છે. (૨૭). માટે જે કોઇ અહીં ભક્તિભાવથી સ્નાન કરે છે તેને કાળમૃત્યુ પણ નથી આવતું તો પછી અપમૃત્યુની તો વાત જ કયાં રહી? (૨૮). માણસ સો વર્ષના આયુષ્યવાળો થાય છે અને તે દુઃખ તેમજ રોગ વગરનો થાય છે. બ્રહ્મહત્યા વગેરે બધાં પાપો નિશ્ચિતરૂપથી નાસી જાય છે. (૨૯). આ અમરજા નદી જ્યાં આગળ ભીમરથી નદીને મળે છે એ ત્રિવેણી સંગમ ખરેખર પ્રયાગ સમાન છે. (૩૦).

અધ્યાય : ૧૦૩

મહા મહિનામાં, વૈશાખ (રાધ) મહિનામાં અને કાર્તિક મહિનામાં જે કોઇ અહીં સ્નાન કરે છે તે આ લોકમાં સુખ ભોગવીને મુક્તિ પામે છે. (૩૧). રોજ સ્નાન કરવાનું શકય ન બને તો ગ્રહણ, સંક્રાંતિ, પર્વ તથા અગિયારસના દિવસે સ્નાન કરે તો પણ એ પુણ્ય પામે છે. (૩૨). આવા સ્નાનના પુણ્યનો પણ પાર નથી. પરંતુ રોજ સ્નાન કરનારને તો અમાપ પુણ્ય મળે છે અને સાચે જ બધા દોષો હરી લે છે અને સો વર્ષનું આયુષ્ય આપનારું બને છે. (૩૩). સંગમનો આવો મહિમા છે અને બધાં તીર્થોમાં એ શ્રેષ્ઠ છે. આગળ અશ્વત્થની પાસે **મનોરથતીર્થ** આવેલું છે. (૩૪). આ તીર્થમાં માત્ર સ્નાન કરવાથી બધી મનોકામના સફળ થાય છે. જયાં કલ્પવૃક્ષ એવો અશ્વત્થ હોય ત્યાં શું સિદ્ધ ન થાય? બધું જ સિદ્ધ થાય. (૩૫).

એ અશ્વત્થ કલ્પવૃક્ષ જ છે એમાં જરા પણ શંકા કરીશ નહીં. મનમાં જે જે ઇચ્છા જાગે છે તે બધી જ ઇચ્છા સંતોષાય છે. (૩૬). અહીં અશ્વત્થની આગળ આવેલું એ મનોરથતીર્થ સર્વ લોકમાં બધી કામનાને નિશ્ચિતરૂપથી સિદ્ધ કરનારું છે. (૩૭). હું હંમેશ માટે અહીં વસુ છું. જે કોઇ મને ભક્તિભાવથી ભજશે તેને કલિમાં પણ આ દેહનાં દર્શન થશે. (૩૮). સૌ પ્રથમ અશ્વત્થની પૂજા કરી શિવાલયમાં જવું અને સંગમેશ સમક્ષ એકાગ્ર મનથી મંત્રજાપ કરવો. (૩૯). જેમ શ્રીશૈલ પર મલ્લિકાર્જુન છે તેમ અહીંયાં સંગમેશ છે. જે કોઇ એની ભાવપૂર્વક પ્રદક્ષિણા કરે છે તે બધા પુરુષાર્થને સિદ્ધ કરનાર નીવડે છે. (૪૦).

સૌ પ્રથમ નંદીકેશને વંદન કરીને પછી માતાજીને વંદન કરીને અને પછી પ્રદક્ષિણા કરી, જળાધારી સહિત નંદીને નમન કરીને, ફરી પાછા માતાજીને આવીને જળાધારી સુધી જઇ ફરી પાછી ત્રણ વાર સાંબ સદાશિવની પ્રદક્ષિણા કરવી. વૃષભ સ્થાને- પોઠિયા પાસે- આવીને જે શિવજીનાં દર્શન કરે છે તે વ્યક્તિ પાપથી મુકત બને છે. (૪૧-૪૩). ડાબા હાથથી વૃષભના વૃષણો પકડીને, એના શિંગડાં આગળ અંગૂઠો અને ટચલી આંગળી મૂકીને એની વચ્ચેથી જે પ્રેમથી શિવના દર્શન કરે છે તે ખરેખર ઇંદ્રની જેમ ધન ધાન્ય વગેરે પામે છે. (૪૪-૪૫). એના ઘરમાં અખંડ અને સ્થિરરૂપે લક્ષ્મી રહે છે અને સંગમેશના અર્ચનથી વંશવૃદ્ધિ પણ થાય છે. (૪૬).

એનાથી આગળ નાગેશી નામના ગામથી અર્ધા કોસ દૂર વારાણસી (કાશી)ના જેવું **મહાતીર્થ** આવેલું છે. (૪૭). એ તીર્થ વિશેની દંતકથા નહીં પણ એક સત્ય હકીકત તમને કહું છું. ભારદ્વાજ ગોત્રનો એક વિરકત બ્રાહ્મણ ભકત રહેતો હતો. (૪૮). એણે હંમેશ બધાંનો સંગ માટે છોડી દીધો હતો અને ઇશ્વરનો ભકત હતો. એ સાંબના અનુષ્ઠાનમાં રત રહેતો હતો અને પ્રેમથી ધ્યાન ધરતો હતો. (૪૯). એના પર પ્રસન્ન થઇને ભગવાન શંકર ત્યાં પ્રત્યક્ષ રૂપે પ્રગટ થયા. એ આનંદમાં એ બ્રાહ્મણ દેહનું ભાન ભૂલીને હંમેશાં ઉન્મત્ત અવસ્થામાં ફર્યા કરતો હતો. એની આવી વિચિત્ર સ્થિતિ જોઇને એને પિશાચ માનીને બધા લોકો એની નિંદા કરતા હતા. (૫૦-૫૧).

એને ઇશ્વર અને પાંડુરંગ નામના બે ભાઇઓ હતા. એ બન્ને અજ્ઞાની અને એકદમ કર્મઠ હતા. (૫૨). એ બંને ભાઇઓ પાથેય-ભાથું વગેરે બાંધીને પ્રેમપૂર્વક કાશીની યાત્રાએ જવા તૈયાર થયા. (૫૩). એમનો મોટો ભાઇ જે બ્રહ્મજ્ઞાની હતો તેને મૂરખ અને ગાંડો ગણીને તેની મશ્કરી કરવાના હેતુથી પૂછ્યું કે અલ્યા અક્કલના ઓથમીર ! કાશીયાત્રાએ આવવું છે? એટલે એણે કહ્યું કે કાશી તો આ રહી. બીજે શું કામ નકામું જવાનું? (૫૪-૫૫). કાશી વિશ્વનાથ તો મારી નજીક છે. ચાલો, તમને પણ દર્શન કરાવું. એ વાત સાંભળીને અચંબો પામીને બે ભાઇઓએ

કહ્યું કે ચાલ, દર્શન કરાવ. ક્યાં છે? (૫૬).

જો વિશ્વનાથ ભગવાન અહીં જ હોય તો પછી નાહક કાશીએ કોણ જાય? જો તું અહીં દર્શન કરાવીશ તો ત્યાં જવાની કોણ માથાકૂટ કરે? (૫૭). આ સાંભળીને એ (બ્રહ્મજ્ઞાની) બ્રાહ્મણે સ્નાન કરીને ભગવાન શંકરનું ધ્યાન ધર્યું ત્યાં જ સામ્બ સદાશિવ પ્રગટ થયા અને કહ્યું કે માગ, માગ. જે માગે તે આપું. (૫૮). બ્રાહ્મણ બોલ્યો કે અંતરમાં એવી ઇચ્છા છે કે અહીં દરરોજ કાશીનું અને વિશ્વેશનું પ્રયત્ન વગર દર્શન થાય. (૫૯). એમ કહીને ચરણમાં વંદન કર્યાં. ભગવાન શંકર પ્રસન્ન થયા અને ત્યાં નજરોનજર કાશી અને વિશ્વનાથનાં દર્શન કરાવ્યાં. (૬૦). કુંડમાં મણિકર્ણિકા બતાવી તેની વચ્ચેથી ત્યાં વિશ્વનાથની મૂર્તિ પ્રગટ થઇ. (૬૧). જ્યાં આગળ ભીમા નદી ઉત્તર દિશામાં વહે છે ત્યાં જ કાશી છે અને દરેક પળે કુંડમાંથી ગંગાજળ સમાન જળ વહ્યા કરે છે. (૬૨). જે ચિહ્નો કાશીનગરીમાં હતાં તે બધાં અહીં પણ પ્રગટ થયાં. ભીમાઅમરજા સંગમે કાશીક્ષેત્ર પ્રગટ થયું. (૬૩). આ જોઇને હર્ષથી પ્રફુલ્લિત થયેલા એ બન્ને ભાઇઓએ ત્યાં સ્નાન કર્યું અને એ પિશાચ તરીકે મનાતા તેને જ્ઞાની માનીને બધા જ માન આપવા લાગ્યા. (૬૪). એ બ્રહ્મજ્ઞાની ભાઇ બોલ્યો કે ભગવાન વિશ્વનાથે અહીં જ કાશી પ્રગટ કરી દીધી છે એટલે સ્નાન વગેરે બધું અહીં જ કરવું. બીજે ક્યાંય પણ જવાની જરૂર નથી. (૬૫).

હે ભાઇઓ ! મારું નામ ગોસ્વામી છે અને હું ભ્રાંત છું. તમે ભક્તિભાવથી ભગવાન શંકરની આરાધના કરો. (૬૬). એ બ્રાહ્મણે કહ્યું કે હે ભાઇઓ ! દર વર્ષે અહીં આવીને કાશીની વિધિપૂર્વક યાત્રા કરવી. (૬૭).

શ્રીગુરુનાં એ વચન સાંભળીને બધા શિષ્યોએ સ્નાન વગેરે કર્યું. પછી શંકર સ્વરૂપ શ્રીગુરુ ભક્તો સાથે આગળ ચાલ્યા. (૬૮). શ્રીગુરુએ કહ્યું કે આ કાશી તો પુણ્યની રાશિ-ઢગલો છે. એ સાક્ષાત્ વારાણસી છે. એમાં બિલકુલ શંકા કરશો નહીં. (૬૯). આગળ જતાં શ્રીગુરુએ **પાપવિનાશીતીર્થ** બતાવ્યું અને કહ્યું કે અહીં સ્નાન કરવાથી પળવારમાં પાપનો પર્વત પણ બળીને ભસ્મ થઇ જાય છે. (૭૦).

ત્યાં શ્રીગુરુની પૂર્વાશ્રમની બહેન રત્ના, શ્રીગુરુએ ઘણા સમય પહેલાં કહ્યું હતું તે પ્રમાણે, પતિએ ત્યજી દેવાથી ત્યાં આવી. (૭૧). શ્રીગુરુ બોલ્યા કે તું અહીં દર્શન કરવા માટે આવી છે તો તારા ચિત્તમાં કોઇ વાર પૂર્વ જન્મના પાપનું સ્મરણ થાય છે કે? (૭૨). એ સાંભળીને રત્નાએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હું તો મૂઢ અને અજ્ઞાની એવી સ્ત્રી છું. મને ક્યાંથી એવું જ્ઞાન થાય? (૭૩). તું જ્ઞાનનો દીવો છે, જગતનો આત્મા છે અને સર્વ-વ્યાપક છે એટલે તું બધું જાણતો હોય છે. તું કૃપા કરીને મને બધું કહે. (૭૪). શ્રીગુરુએ કહ્યું કે હવે તું તારી જાતે જ તારું પાપ પૂછે છે તો તેં બિલાડીનાં પાંચ બચ્ચાં માર્યાં હતાં એ વાત યાદ આવે છે કે? (૭૫). તારા ઘરનાં વાસણમાં બિલાડી વિયાઇ હતી. તેં અજાણતામાં એ બચ્ચાંવાળા વાસણમાં આંધણ મૂક્યું. એટલે એ પાંચેય બચ્ચાં બફાઇ મર્યાં. એટલે તને એની હત્યાનું પાપ લાગ્યું. વળી તને આ પહેલાં મેં એક વાત કરી હતી તેમાંથી કાંઇ યાદ છે કે? (૭૬-૭૭). જ્યાં શ્રીગુરુ આમ બોલ્યા ત્યાં જ રત્નાના શરીરે કોઢ ફૂટી નીકળ્યો. એટલે એ જોઇને તે મનમાં ખૂબ ગભરાઇ અને ગુરુનાં ચરણમાં પડી. (૭૮).

એણે વંદન કરીને આજીજીપૂર્વક કહ્યું કે હે ગુરુનાથ ! મારા પર કરુણા કર. હું તારા શરણે આવી છું. તું મારો તિરસ્કાર ન કરીશ. (૭૯). પાપનાં પોટલાં બાંધીને પછી લોકો જેમ કાશીમાં જાય છે તેમ પાપમાંથી છૂટવા

માટે હું તારાં દર્શને આવી છું. (૮૦).

શ્રીગુરુએ પૂછ્યું કે તેં જે મહાપાપો કર્યાં છે તે આ જન્મે જ ભોગવી લેવાં છે કે પછી આવતા જન્મે ભોગવવાં છે?ⓠ (૮૧).

રત્ના બોલી કે મેં ઘણા જન્મો દુ:ખમાં પસાર કર્યા છે. હવે હું ખરેખર કંટાળીને મુક્તિ પામવા માટે અહીં આવી છું. (૮૨). હું લખચોરાશીના ફેરાથી થાકી ગઇ છું. હે નાથ ! બધાં પાપો અહીં ભોગવી લઇને એ પાપમાંથી મુકત થવા માટે તારા શરણે આવી છું. (૮૩).

એનાં એ વચન સાંભળીને ત્યારે શ્રીગુરુ બોલ્યા કે તું અહીં આ પાપનાશતીર્થમાં રોજ સ્નાન કર. (૮૪). એનાથી સાત જન્મોનાં બધાં જ પાપોનો નાશ થશે પછી આ કોઢનો તો શો હિસાબ? પછી એનું જરા પણ કષ્ટ રહેશે નહીં. (૮૫). આવું પાવનકારી પાપવિનાશક તીર્થ છે. જ્યાં સાત જન્મોનાં પાપ પણ પલકવારમાં નાસી જાય છે. (૮૬).

તીર્થનું માહાત્મ્ય સમજીને રત્ના પ્રસન્ન થઇ અને તીર્થ પાસે ઝૂંપડી બાંધીને રહેવા લાગી. (૮૭). કેવળ સ્નાન કરવાથી જ એનો કોઢનો રોગ તરત જ નાશ પામ્યો. હે નિરંજન બાળ ! આવું આ અનુપમ તીર્થ છે એમ તું જાણ. (૮૮).

આગળ જતાં શ્રીગુરુએ **કોટિતીર્થ** બતાવ્યું જે સ્નાન કરવામાત્રથી બધાં પાપો હરી લે છે. (૮૯). જંબુદ્વીપમાં જે જે તીર્થો આવેલાં છે તે બધાં તીર્થો આ કોટિતીર્થમાં વસ્યાં છે એમ માન. (૯૦).

ગ્રહણ, પર્વ, સંક્રાંતિ અને પડવાના દિવસે અહીં વિધિપૂર્વક સ્નાન કરવાથી અપાર પુણ્ય મળે છે. (૯૧). વાછરડાવાળી અને અલંકારથી શણગારેલી કરોડ ગાયનું દાન કરવાથી માણસને જેટલું પુણ્ય મળે છે તેટલું પુણ્ય અહીં એક ગાયનું દાન કરવાથી મળે છે. (૯૨). અહીં એક એક વસ્તુનું દાન કરવાથી કરોડો વસ્તુનું દાન કર્યાનું ફળ મળે છે. આવું આ તીર્થનું માહાત્મ્ય છે. એમાં તું શંકા લાવીશ નહીં. (૯૩). એનાથી આગળ જતાં **રુદ્રપાદ** નામનું મંગલકારી તીર્થ આવે છે. શ્રીગુરુએ કહ્યું કે એ તીર્થની કીર્તિ ખરેખર ગયાતીર્થ જેટલી જ છે. (૯૪). ગયાતીર્થમાં જે જે કરવાનું કહ્યું છે તે બધું જ અહીં કરવું જેનાથી પલવારમાં કરોડો જન્મોનાં ભેગાં થયેલાં પાપો ટળી જાય છે. (૯૫). આગળ જતાં **ચક્રતીર્થ** આવ્યું છે જેની પાસે ભગવાન કૃષ્ણનું સ્થાન છે. એ સ્થાન અગણિત પુણ્યને આપનારું છે એમ તું ચોક્કસ જાણ. (૯૬). ત્યાં માત્ર સ્નાન કરવાથી મંદબુદ્ધિનો માનવી પણ જ્ઞાની થઇ જાય છે. હાડકાં ચક્રથી અંકિત થાય છે અને સાચેસાચ અહીં દ્વારકા તીર્થ કરતાં ચાર ગણું પુણ્ય મળે છે. શ્રીગુરુનું એવું વચન સાંભળીને બધાએ આનંદપૂર્વક સ્નાન કર્યું અને દાનો આપ્યાં. (૯૭-૯૮).

જેમ મહાબળેશ્વરમાં અતિ મનોહર ગોકર્ણ આવેલું છે તેમ આ ગામના પૂર્વ ભાગે અતિ સુંદર કલ્લેશ્વર આવેલું છે જેની પાસે **મન્મથતીર્થ** આવેલું છે. જે કોઇ ત્યાં સ્નાન કરીને શ્રદ્ધાપૂર્વક વિધિવત્ કલ્લેશની પૂજા કરે છે તે આઠે પ્રકારનાં ઐશ્વર્યોને પામે છે એમાં શંકાને સ્થાન નથી. ગૌરવર્ણી કલ્લેશ્વર ખરેખર અક્ષયફલ આપનાર છે. (૯૯-૧૦૧). શ્રાવણ મહિનામાં અને દિવાળીથી શરૂ કરીને કાર્તિક મહિના સુધી અખંડપણે અભિષેક કરવાથી બધા પુરુષાર્થો સિદ્ધ થાય છે અને અંતે મોક્ષ પણ પામે છે. શ્રીગુરુએ આ પ્રમાણે કહ્યું એટલે પ્રેમથી પ્રસન્ન

થઇને સમગ્ર શિષ્ય સમુદાય બોલ્યો કે આ બધાં તીર્થોની કોઇને જાણકારી ન હતી. હે સ્વામી ! એ માહાત્મ્ય પ્રગટ કરીને તેં ઘણી કૃપા કરી છે. (૧૦૨-૧૦૪).

પાસે તીર્થ હોય પછી દૂર જવાનું દુ:ખ કોણ ભોગવે? આવું બોલીને બધા શિષ્યોએ પ્રસન્નતાપૂર્વક સ્નાન અને દાન કર્યાં. (૧૦૫). આમ આઠે તીર્થોનું ત્યાં માહાત્મ્ય જણાવીને શ્રીગુરુ મઠમાં પધાર્યા અને બધાને આનંદ આનંદ થઇ ગયો.③ (૧૦૬). ભકતજનોએ પ્રેમપૂર્વક ત્યાં બ્રાહ્મણભોજન કરાવ્યું અને શ્રીગુરુનો જયજયકાર થઇ રહ્યો. આ સ્થાનનું આવું માહાત્મ્ય છે.④ (૧૦૭). આને કારણે શ્રીગુરુ ગાણગાપુરમાં રહ્યા હતા અને ત્યાં રહીને એમણે હે **રંગ** ! જે લીલા કરી તેનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૧૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગાણગાપુરમાહાત્મ્યવર્ણન'** નામનો **એકસોત્રીજો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૩

(૧) ષટ્કુલતીર્થ એટલે ત્રણ નદીના છ તટ-કિનારા સૂચવતું તીર્થ. ભીમાનદીના બે તટ, અમરજા નદીના બે તટ અને ત્રિવેણી સંગમના બે કિનારા મળીને છ (ષટ્) તટ (કુલ)નું તીર્થ સૂચવતું આ તીર્થ છે.

(મરાઠી ગુરુચરિત્રમાંથી)

(૨) શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીની કતુમ્, અકતુમ્ અને અન્યથા કતુમ્ એવી ઇશ્વરીય લીલાનું વર્ણન જાણ્યા પછી આ અધ્યાય આવે છે. પોતે આવા સમર્થ હોવા છતાં પોતાની બહેન રત્નાને એનું પાપ ભોગવવાનું સૂચવી એમાંથી મુક્તિ અપાવી. સદ્ગુરુ કે સમર્થ સંત તમારું દુ:ખ હળવું કરે, તમને દુ:ખ ભોગવતી વખતે હૂંફ આપે પરંતુ દુ:ખ ભોગવાવીને જ પાપનો ક્ષય કરાવે. જો આ વાત બરાબર સમજી લઇએ તો સાચા અર્થમાં સદ્ગુરુની ભક્તિ અને સેવા થઇ શકે.

(૩) ગાણગાપુરમાં આવેલાં અષ્ટ તીર્થો આ પ્રમાણે છે :

૧. ષટ્કુલતીર્થ ૨. મનોરથતીર્થ ૩. મહાતીર્થ ૪. પાપનાશતીર્થ ૫. કોટિતીર્થ ૬. રુદ્રપાદતીર્થ ૭. ચક્રતીર્થ ૮. મન્મથતીર્થ.

(૪) તીર્થોનું માહાત્મ્ય વર્ણવ્યા પછી સ્નાન કરવું, દાન કરવું અને બ્રહ્મભોજન કરાવવું એ વાતનો ઉલ્લેખ પણ સૂચક છે. પાત્ર વ્યક્તિને દાન આપવાથી કે ભોજન કરાવવાથી એના અંતરના આશીર્વાદ મળે છે. પોતાની સંપત્તિનો 'બહુજન હિતાય' અને 'બહુજન સુખાય' ઉપયોગ કરવો એ સાચો યજ્ઞ છે.

●



સાચું પારાયણ

(ચદરિયા ઝીનીરે ઝીની.....એ રાહ)

કર મન પારાયણ પારાયણ
બન નરમાંથી નારાયણ..... કર મન.

ગુરુ પરાયણ જે કરે તે જાણ પારાયણ સાચું,
વૃત્તિ જો સુધરે ના તારી જાણ બધું એ કાચું ...કર મન.

ગુરુલીલામૃતપાન કર્યેથી વિષયતણું વિષ જાયે,
રાગ, દ્વેષ ને કલેશ છૂટે ત્યાં અંતર નિર્મળ થાયે...કર મન.

કોક ગરીબનાં આંસુ લૂછો ભૂખ્યા જનને પૂછો,
રંગ ખુમારી હૃદયમાં રાખી, માગણવૃત્તિ મૂકા... કર મન.

દેવદૃષ્ટિથી સહુને ભાળો પ્રેમ પરસ્પર રાખો,
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, હિત બીજાનું તાકો... કર મન.

સત્કર્મોના બીજને પાજો રંગ-પ્રેમનું પાણી,
જીવનવન નંદનવન બનશે પાપીગણુની વાણી...કર મન.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ

શ્રીગુરુચરિત્ર (૨)

આ અજ્ઞાન કેવી રીતે દૂર થાય ? એનો નાશ કેવી રીતે થાય ? અજવાળું ફેલાયા વગર અંધારુ દૂર ન થઈ શકે તે જ રીતે જ્ઞાન પ્રાપ્તિ થયા વગર અજ્ઞાન દૂર થાય એ ત્રણેય કાળેય શક્ય નથી. એને માટે,

ગુરુમેવાભિગચ્છેત્ સ તદ્વિજ્ઞાનાર્થમત્ર હિ।
પ્રણિપાતેન સેવાભિઃ પ્રીણયેત્તમિતિ શ્રુતિઃ॥

સદ્‌ગુરુને ચરણે જવું, ભાવનાપૂર્વક તેમની સેવા કરવી, ગુણોની પ્રશંસા ગાવી વગેરે એની મેળે જ આવે છે. સદ્‌ગુરુ સેવાથી થયેલી તપશ્ચર્યા દ્વારા સંચિત પાપ સંસ્કારોનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ થઈ, એમની અમોઘ કૃપા, પ્રસન્નતા થાય છે. અને એક વાર ગુરુની કૃપા મળે એટલે જ્ઞાન પ્રાપ્તિ માટે કેટલો વખત લાગે ? અને જ્ઞાન પ્રાપ્તિ થઈ એટલે સર્વ દુઃખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે ? તેથી દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઈ જ સાધન નથી.

ન કરે સદ્‌ગુરુ-ભજન । ન થાય ભવવૃક્ષનું છેદન ।
ભલે કોટિ કોટિ સાધન । લાવ લઈ જાવ કર્યે ॥ (૪૭૧)

દૂર કરવા દુરિત । જેમ ગંગાજળ સમર્થ ।
તેમ ભવભયને ભસ્મ કરત। જાણો નક્કી ગુરુભક્તિ॥ (૪૭૩)

કરવા ભવનું નિર્દલન । ખાસ કરવું ગુરુભજન ।
એ જ શ્રેષ્ઠ છે સાધન। સદ્‌ભાગી જાણો ગુરુભક્ત ॥ ૪૮૦॥
(નાથ ભાગવત-અધ્યાય ૧૨)

પણ બુવાબાજીના આ પ્રચ્છન્ન ચાર્વાક યુગમાં સદ્‌ગુરુ મળવા સહેલ નથી અને ગમે તેવી પોતાને ગુરુ કહેવડાવનારી વ્યક્તિ માટે ગુરુભાવ જાગ્રત થતો નથી ! તો પછી સેવા કેવી રીતે થાય ? એવી શંકા ધરાવનારાઓ માટે જ ભગવાને દત્તાવતાર ધારણ કર્યો. લોકોના અજ્ઞાનના નાશ કરી, જ્ઞાનપ્રાપ્તિ કરી એમને સંસારના સંકટમાંથી ઉગારવા માટે જ આ અવતાર છે ! આ વિશિષ્ટતાને લીધે જ તેને ગુરુ અવતાર કહે છે. અને માટે જ એ દેવને ગુરુદેવ દત્ત તરીકે સંબોધે છે. બીજા અવતાર અમુક કાર્ય કરવા પૂરતા જ હોઈ, કાર્ય પૂરું થતાં સ્વધામ ગયા પણ અજ્ઞાન દૂર કરવાનુ કામ અનંત કાળ સુધી ચાલવાનું હોવાથી આ દત્તાવતારનો અંત શાસ્ત્રોમાં ક્યાંય વર્ણવ્યો નથી. માટે જ (ગુપ્ત કે પ્રગટરૂપે) આ અવિનાશી અવતાર મોહાસુરનો નાશ કરવા માટે, ધર્મ સંસ્થાપનનું કામ કરવા માટે એક યા બીજા રૂપે પૃથ્વી ઉપર સતત કાર્યરત રહે છે. શ્રીપાદ શ્રીવલ્લભ એ આ રીતના જ દત્તાવતાર છે. અને ઉપર કહ્યા મુજબ એમનો અત્યંત સુંદર, અવિનાશી અક્ષર દેહ એટલે જ શ્રી ગુરુચરિત્ર ગ્રંથ, એના સેવનથી એટલે કે દૃઢ અભ્યાસથી સ્વાભાવિક રીતે જ ખડતલ તપશ્ચર્યા થાય છે અને માનવીના પાપ-સંસ્કાર બળી જઈ ઈષ્ટ કાર્ય સિદ્ધ થાય છે. XXXXXXXX

આ રીતે એ શ્રીના અક્ષરદેહના નિતાંત સુંદર અંગોપાંગનું અખંડ ધ્યાન દૃઢ થવાથી એટલે જ વ્રતસ્થ બનીને ચિંતામણી સમાન આ પાવન ગ્રંથનું અનેકવાર પારાયણ કરવાથી પાઠકોના સૂક્ષ્મ શરીરની સાથે એમનો અંતરાત્મા પણ શ્રીગુરુની સાથે તે દિવ્ય વાતાવરણમાં સંચરવા લાગે છે અને ત્યાંના ઉચ્ચતમ આનંદમાં ડૂબી જઈ તદ્રૂપ, તદાકાર, તન્મય સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વયં બને છે. કોઈ સાંસારિક નવલકથા કે ડિટેક્ટિવ વાંચતી વખતે થોડા સમય માટે વાચકનું મન તલ્લીન થઈને આજુબાજુની પરિસ્થિતિને ભૂલી જાય છે એવો અનુભવ ઘણા ખરાને થયો હશે જ. તો પછી કુદરતી રીતે સુંદર અને સાત્ત્વિક વાતાવરણમાં અથવા ધૂપ-દીપ-ફૂલ-રંગોળી-લતામંડપ આદિથી સુશોભિત કરેલા દેવમંદિરમાં કે ઘરમાં એકાંત ઓરડીમાં બેસીને કરેલી સેંકડો વરસની વંશ પરંપરાગત શુદ્ધ તપશ્ચર્યાના આધ્યાત્મિક આકર્ષણના પ્રવાહથી **(by Spiritual dynamic force)** ભરેલા એવા, દરેક અક્ષરમાં ગૂઢ મંત્રશક્તિથી ભરપૂર એવા ગુરુચરિત્ર જેવા વેદસમાન ગ્રંથના શ્રદ્ધાયુક્ત પારાયણ-અનુષ્ઠાન દ્વારા કેવા દિવ્ય પરિણામ આવતાં હશે એનો ખ્યાલ અનુભવ વગરના, નકામી ચર્ચા કરનારા સંશયગ્રસ્તોને ક્યાંથી આવે ? એ દિવ્ય આનંદ, દિવ્ય અનુભવ, દિવ્ય પ્રભાવ, શાંતિ, સંતોષ, તન્મયતા આદિ મધુરતાનો તો 'જન્મ લઈએ એના કુળમાં ત્યારે માલુમ પડે'

રંગ અવધૂત

(કામતજીના 'શ્રી ગુરુચરિત્ર કથામૃત' ગ્રંથ અંગેના પત્ર માંથી...)
(અમર આદેશ)